નડીઆદની ત્રણ પરિષદોના

પ્રમુખોનાં ભાષણો.

છાપનાર—

ઈશ્વરલાલ કસનદાસ કાપડિયા.

જૈન વિજય પ્રી. પ્રેસ, ખપાટિયા ચકલા-સુરત.

પ્રકાશક—

હીરાભાઇ દાદાભાઈ દેશાઇ.

સંપાદક,

વિવેચક-લાઇરસ, નાંદોદ.

સંવત ૧૯૭૫. ઈ. સ. ૧૯૧૯.

કિંમત રૂા. ૦-૧૨-૦



ના. ઓ. વી. જે. પટેલ, પ્રમુખ ત્રીજી ગુજરાત રાજકીય પરિષદ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૮-૩૫ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय [illegible]

પ્રકાશકના બે બોલ.

આ પુસ્તક સંબંધે અમારે કાંઇ વિશેષ કહેવા જેવું છે નહીં છતાં સુચના રૂપે બે બોલ લખવાનું યોગ્ય લાગ્યાથી ખુલાસો કરવાનો એ છે કે કોઇ પ્રશ્ન કરશે કે આ ભાષણો તો તમામ વર્તમાન પત્રોમાં આવી ગયાં છે તો પછી પુસ્તકરૂપે પ્રગટ કરવાનું શું કારણ ? તેના જુવાબમાં જણાવવાનું કે વર્તમાન પત્રોમાં જે મહત્વનાં ભાષણો આવે છે તે લોકો વાંચીને પછી ફેંકી દે છે અને તેનો નાશ થાય છે. આ ભાષણો અમને તથા અન્ય વિદ્વાનોને તથા વર્તમાન પત્રોને ઘણાં મહત્વનાં જણાયાં છે અને એ બાબે કાંઇ શંકાને સ્થાન રહેતું નથી તેથીજ પુસ્તક રૂપે પ્રગટ થાય તો હંમેશને માટે જળવાઇ રહે અને ઘણા લોકો લાભ લે તેવા ઉદ્દેશથીજ આ પુસ્તક રૂપે પ્રગટ કરવાનું યોગ્ય ધાર્યું છે. હવે આનો નિર્ણય કરવાનું કામ અમારા વાંચક વર્ગને માથે રહે છે.

આવા મોંઘવારીના સમયમાં પણ 'વિવેચક'ના ગ્રાહકોને આ પુસ્તક ભેટ રૂપે મફત આપવામાં આવ્યું છે તેની કદર ગ્રાહકગણ કરશે એવી આશા છે.

પ્રકાશક.

૭૯૩૫
ગુજરાત વિદ્યાપીઠ
ગુજરાતી કોપીરાઇટ સંગ્રહ

ચોપડીના ગ્રાહક થનારનાં મુબારક નામ

૧૧	શેઠજી નસરવાનજી હોરમસજી	નાંદોદ
૧	પરી સાકરલાલ માણેકલાલ	,,
૧	રા. રા. ચંદુલાલ ચુનીલાલ	,,
૧	રા. રા. ચુનીલાલ માણેકલાલ	,,
૧	રા. રા. કેશવલાલ સોમાભાઇ	,,
૧	રા. રા. ગીરીશ ડી. શર્મા.	પાટરી
૧	રા. રા. શંભુભાઇ ભુલાભાઇ.	લાછરસ
૧	રા. રા. ભીખાભાઇ રણછોડભાઇ	,,
૧	રા. રા. મથુરભાઇ રામદાશ.	સીનોર
૧	એક વિદ્યાર્થી	ઝંણુંગ
૧	રા. રા. અંબાલાલ છગનલાલ દવે	સીસોદરા
૧	રા. રા. પ્રલ્હાદ છગનલાલ	પાણેથી
૧	રા. રા. ઉમેદસિંહ અભયસીંહ સુરતથી	કહેલી
૧	દેશાઇ બળદેવભાઇ પુરૂષોતમભાઇ	પાટડી
૧	રા. રા. મોતીલાલ મુળજીભાઇ	નાંદોદ
૧	રા. રા. ગંભીરસીંગ નારસીંગ બારોટ	સુરત



શ્રીમાન મકનજી જે. મહેતા. બી. એ. એલ. એલ. બી.

બાર–એટ–લૉ મુંબઈ.

ઉત્સર્ગ.

શ્રીમાન મકનજી જે. મ્હેતા, બી. એ. એલ. એલ. બી.

બાર–ઍટ–લૉ.

મુંબઇ.

આપની મારા પ્રત્યેની શુભ લાગણીની પવિત્ર યાદમાં આ મારા તરફની યાદગીરી તરીકે લઘુ ગ્રંથ માન સહિત આપને અર્પણ કરૂં છું.

હું છું, આપનો વિશ્વાસુ,

હીરાભાઇ દાદાભાઈ દેશાઈ,

સંપાદક 'વિવેચક' માસિક પત્ર.

નડીઆદની પરિષદો.

પ્રમુખોના ભાષણો.

બીજી ગુજરાત રાજકીય પરિષદની સ્વાગત કમીટીના ચેરમેન દેશાઈ ગોપાળદાસ વિહારીદાસનું ભાષણ.

બંધુઓ,

અમારા આમંત્રણને સ્વીકારી આ નાના ગામમાં આવતાં ખેડા જીલ્લા તરફથી સ્વાગત મંડળના પ્રમુખ તરીકે હું આપનો અંતઃકરણ પૂર્વક સત્કાર કરૂં છું. મુંબઇ અમદાવાદ સુરત ભરૂચ જેવાં મોટા નગરો જેવું આ ખેતીબંધી જીલ્લો આપનું વૈભવભર્યું આતિથ્ય કરી શકશે નહિ, છતાં એના સાદા અને સરળ જીવનના આપને થોડોક સમય પણ સહભાગી કરી હૃદયની સરળ ભાવનાથી એ આપનું આનંદ ભર્યું સન્માન કરશે, અને સાધનનો અભાવ પ્રેમથી પૂરો કરી પોતાને કૃતાર્થ માનશે અને અમારી આછી સામગ્રીને આપ ... ભલે વૈભવ ભરી ગણી સ્વીકારી લેશો.

આપણી પરિષદ અત્યારે એક રીતે અનુકુળ સમયે ભરાય છે. જે વ્યવસ્થિત રાજ્યના પરિણામે આપણા રાજ્યદ્વારિ હક સંભાળવા, આપણે તૈયાર થઇ રહ્યા છીએ, તે આપણા રાજ્ય અને મિત્ર રાજ્યોએ આદરેલા ધર્મયુદ્ધમાં અત્યારે ચારે તરફથી આપણી ફતેહના આનંદદાયી સમાચાર આપણને મળ્યા છે. ઇશ્વરકૃપાએ આપણા મિત્રરાજ્યો સંપૂર્ણ વિજયી થયાં છે અને આ લડાઇના પરિણામે અત્યંત દુઃખમાં આવી પડેલી આપણી અને બીજી પ્રજાઓ આ ખુવારીમાંથી મુક્ત થઇ એ માટે પ્રભુનો ઉપકાર માનવાનો છે.

આપણા દેશમાં સ્વરાજ્યની ઉચ્ચ ભાવનાએ જે વાતાવરણ પ્રકટ કર્યું છે અને તેને અંગે આખા દેશમાં જાગ્રતિ થઇ રહી છે તેને પરિણામે ગઇ સાલેજ આ પરિષદનો પંચમહાલમાં જન્મ થયો હતો. અને જે કાર્ય કોંગ્રેસે મોટા નગરોમાં અત્યાર સુધી કર્યું હતું તે કાર્યની પરંપરા ગામડામાં પણ વિસ્તારવાનો સંસ્થાનો ઉચ્ચ ઉદ્દેશ છે તેથી આ સસ્થાનો કાર્યક્રમ આપણી ગુજરાતી ભાષામાંજ રાખવામાં આવ્યો છે, હજુ આ સંસ્થા ઉછરતી છે એટલે એને અનુકૂળ અનુભવને આધારે એના અંગ ધીમે ધીમે ઘડાતા જશે અને પુખ્ત ઉમરે પહોંચતાં એ ગુજરાતની મહાન રાષ્ટ્રિય સંસ્થા બનશે એવી આપણે ઉમેદ રાખીયે છીએ. પણ તેવું શુભ પરિણામ લાવવા સારૂ આપણે લાગણીઓથી નહિ પણ બુદ્ધિથી પ્રેરાઇ-વિવેક જન્ય ડહાપણથી અને સત્ય તથા ન્યાય પુરઃસર સમાજનો સદ્ભાવ જાળવી નીયમીત રીતે સંયમશીલ થઇ કામ કરવું પડશે. આપણે સામાજીક સંસ્થાઓમાં પરસ્પરના અંગત વિરોધ મટાડવા પડશે. આત્મ નિરીક્ષણથી પોતાની યોગ્યાયોગ્યતાનો વિચાર આપણે

સદા હદમાં રહેવું પડશે. અને સમાજના કલ્યાણની તરફજ દ્રષ્ટિ રાખી ઉદ્દેશને હાની ન પહોંચે તેમ ઐકય સાધી ધીમે ધીમે પ્રયાણ કરવું પડશે. માત્ર ઉચ્ચ ઉદેશો–શુદ્ધ અને સરળ હૃદયે–વીચારીને ઉતાવળ કર્યા સિવાય કાર્ય કર્યા જઈશું તો ઇષ્ટ ફલ પ્રાપ્ત કરીશું એ વાત ઇશ્વરના નિયમને આધારે નિશ્ચિતજ છે.

સમસ્ત દેશના રાષ્ટ્ર બંધારણ ઉપર આપણા દેશના વિદ્વાન અને અનુભવી બંધુઓ વિચાર કરી રહ્યા છે અને તેમના નિઃસ્વાર્થ અને ભગીરથ પ્રયત્નના ફળે મોન્ટેગુ–ચેમ્સફર્ડ સુધારાની યોજના સરકારે લોક સમક્ષ યોગ્ય સુચનાઓ સારૂ પ્રકટ કરી છે. એનું અન્વેષણ કરી અનેક વિદ્વાન રાજદ્વારિ પુરૂષોએ પોતાના અભિપ્રાય દર્શાવ્યા છે, એટલે આપણે એના ઉપર વીગતવાર ભાગ્યેજ વીચારવાનું રહેશે. પણ એ યોજનામાં ખાસ કરીને બે ત્રણ વિષય ઉપર આપનુ ધ્યાન ખેંચવા જેવુ છે. જે યોજનાના પરિણામે ભવિષ્યમાં થનારા રાજ્ય બંધારણમાં આ સંસ્થાના ઉદ્દેશને અત્યંત અગત્યની છે અને ખેડુત પ્રજા જે આપણા દેશમાં લગભગ ૮૦ ટકા છે અને જેના ઉપર મુખ્યત્વે કરીને રાજ્યનો ભાર પડવાનો છે તેના ખાસ હીતના છે. જેવા કે (૧) ધારા સભાની ચુંટણીનો સીધો અને બહુ બોહોળા પ્રદેશનો પ્રશ્ન (૨) કોમવાર પ્રતિનિધીત્વનો પ્રશ્ન (૩) જમીન મહેસુલ અને જમીનને લગતા સવાલો. આ ઉપર આપનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું.

જ્યારે રાજા અને પ્રજા બન્ને તરફથી એક વાતનો સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવ્યો છે, કે રાજ્યના અધિકાર અને જુવાબદારી અધિકારી વર્ગના માથા ઉપરથી ઓછી કરી પ્રજાના ઉપર ક્રમે ક્રમે

મૂકવી જોઇએ અને આવીરીતે મૂકાયેલી જુવાબદારી અને સત્તા થોડાક ભણેલા માણસોનાજ હાથમાં નહિ રાખતાં જેના ઉપ[illegible] નો ભાર પડવાનો છે તેના હાથમાં સોંપવી જોઇએ. ત્યારે પહેલા પ્રશ્નનો માત્ર એકજ નિર્ણય થઇ શકે કે ધારાસભામાં પ્રતિનિધી ચુંટી મોકલવાનો હક્ક જેમ બને તેમ પ્રજાના બહોળા સમૂહને મળે તેવો રાખવો જોઇએ જેથી એ સત્તા અને જુવાબદારી જે ૮૦ ટકા કર ભરનાર છે તેમને વહન કરવાનો પ્રસગ મળે. હિંદુસ્તાનની ખેડુત પ્રજા વખતે સારૂ લખી વાંચી શકતી નહિ હોય છતાં એના વિચારની કેળવણી સાધારણ રીતે ઉંચા પ્રકારની છે. તેન ઠરેલ-પણા વિષે, બીજી કોઇ સત્તા [illegible] જુવાબદારી વહન કરનારી પ્રજાનાં કરતાં એકંદરે એ ઉત[illegible] [illegible]જ. તેમ[illegible] [illegible] અદર કોમ પરત્વેનો વિરોધ મટાડી એ [illegible] તરીકેજ રાજ્યસત્તાના પરિચયો દેશને ઉન્નતિના માર્ગ[illegible] [illegible]નો સરકારનો ઉદ્દેશ હોવાથી કોમવાર પ્રતિનિધિત્વનો સિદ્ધાંત આ [illegible] પ્રજાકીય જીવનની વીરૂદ્ધ હોઇ સ્વીકારી શકાય તેમ નથી એ વાત સ્પષ્ટ છે. કારણ કે કોમવાર પ્રતિનિધીત્વના સિદ્ધાતનો કોઇપણ રીતે કરવામાં આવતો સ્વીકાર હંમેશને માટે પ્રજાનુ બળ ભાંગી નાખી આખી પ્રજાને નુકશાન કરનાર છે. આ બને પ્રશ્ન નામદાર મોન્ટેગુ અને લોર્ડ ચેમ્સફર્ડ સાહેબે સુધારાની યોજનામાં બહુ સ્પષ્ટ રીતે હસ્તગત કર્યા છે અને કેવળ દેશ અને પ્રજાની ઉન્નતિના ઉપર લક્ષ રાખી નીડરપણે એનો ફડચો પણ તેમણે પ્ર[illegible] કર્યો છે. અને મારા અભિ-પ્રાય પ્રમાણે તેને આપણે આનંદની સાથે સ્વીકારી લેવો જોઇએ. આ બન્ને વિષય ઉપર વધુ વીચાર ચલાવી ઇલાકાવાર [illegible] યોજના ઉપર

કરવી તેનો રીપોર્ટ કરવા કમીટી નીમાઇ છે અને તેમના સમક્ષ આપણે અભિપ્રાય દર્શાવવાની જરૂર પડશે. એ પ્રશ્નના ઉપર [illegible]ની રાજકીય પ્રગતિનો ઘણોજ આધાર છે, માટે ભવિષ્યની દૃષ્ટિ રાખી રાગદ્વેષ રહિત બની આ૫ એના ઉપર ઠરેલપણે વિચાર ચલાવશો એવી મારી વિનંતી છે. મારી પોતાની દૃષ્ટિએ કર ભર-નાર તમામ પ્રજાનો રાજ્યનો ભાર વહન કરવાનો હક્ક સ્વીકારાય તેવી બ્હોળી ચુંટણીવાળી યોજના આપને માન્ય થશે. પરતુ આપણા ઇલાકાનો અનુભવ, કેળવણી ઇત્યાદિ જે યોગ્યતા છે તેના પ્રમાણમાં ધારાસભામાં પ્રતિનિધિઓની સંખ્યા વિશેષ હોવી જોઇએ અને તે સાથે વડી ધારાસભામા પણ આપણા પ્રતિનિધીની સખ્યા પ્રમાણમાં વધારે હોવી જોઇએ. એ બાબત કમીટીના ખાસ લક્ષ ઉપર લાવવા જેવી છે.

આર્થિક દૃષ્ટિએ વીચારતાં આપણા દેશની લગભગ આખી પ્રજાનુ જીવન ખેતીના ઉપર [illegible]ચાયેલું છે, ગમે તો સીધી રીતે કે આડકતરી રીતે વસ્તિનો ઘ[illegible]ટો ભાગ તેમાં રોકાયલો રહે છે, તેમજ તેની સ્થિતીના ઉપર [illegible] દેશના વેપારનું પ્રમાણ આધાર રાખે છે એ [illegible]ના મોટા પ્ર[illegible] માલ ખરીદનાર તેમજ માલ વેચનાર પણ ખેડુતજ છે [illegible]થી આપને ખબર પડશે કે તેની સ્થિ[illegible] કેટ[illegible]પણ, ની[illegible]ધારી શકાય અગર તેના ધંધાને યોગ્ય ઉત્તેજન આપી શકાય તો આપ[illegible] આખા દેશના વેપાર ઉદ્યોગને ઘણો મોટો ફાયદો થ[illegible]. મારા વિચાર પ્રમાણે બીજા સુધરેલા અને ઘણા આગળ પડેલા દેશો જેવી રીતે ખેતીનો ધંધો ઘણા સારા પાયા ઉપર અને નફાકારક સ્થિતીમાં મૂકવાથી બીજા ઉદ્યોગો તેમજ

વેપાર ઘણી મોટી ઝડપે વધારવામાં ફાવી શકયા છે. તેમ આપણે પણ કરી શકીએ. આપણા ખેડુત વર્ગે હાલની તેમની સ્થિતીના પ્રમાણમાં ઘણું કરેલું છે ને કર્યો જાય છે. આપણા મીલોના ઉદ્યોગની સ્થાપના તેમજ ખીલવણી અને નીભાવ તેમનેજ આભારી છે. વળિ જે થોડી ઘણી હાથની શાળો તેમજ બીજા જુના ઘર ઘથ્થુ ઉદ્યોગો હજી આપણા દેશમાં કાયમ રહેલા છે, તેનો નીભાવ પણ તેમના ઉપર આધાર રાખે છે ખેડુતની આબાદી વધારવામાં દેશનું હીત ઘણે મોટે ભાગે રહેલું હોવાથી તેને સંબંધ ધરાવતા પ્રશ્નો ઉભા, થવાના અને તે સવાલોનો નિર્ણય કરવાના ભવિષ્યમાં પ્રસંગો આવે તે વખતે ખેડુત વર્ગના પ્રતિનિધિઓ પૂરતા પ્રમાણમાં હોય તોજ લાભકારક પરિણામ આવવાનો સંભવ રહે છે, કારણ કે ભવિષ્યમાં જે જે કંઇ ખરડાઓ ધારાસભામાં આવશે તેમાં મોટો ધંધો ખેતીનો હોવાથી તેને લગતા પ્રશ્નો મોટી સંખ્યામાં આવવાનો સંભવ છે અને તે વખતે પણ તે ધંધાના પ્રતિનિધીઓની હાજરીની ખાસ જરૂર પડશે.

સરકારના હાથમાં કે પ્રજાને જવાબદાર પ્રધાનના હાથમાં જમીન મહેસુલનો વહીવટ સોંપવાથી ખેડુતની સ્થિતિ સુધરશે એ પ્રશ્નોનો એક ઉત્તર અત્યારથી ખેડુતની સ્થિતિમાંથીજ મળી આવશે. અત્યાર સુધીના વહીવટમાં ખેડુત અને ખેતીની શી સ્થિતિ થઇ છે તેનો ચિતાર સરકારના દસ્તાવેજો અને અત્રેના અમલદારોની કબુલતો ઉપરથી મારા મિત્ર મગનભાઇએ પોતાના સુપ્રસિદ્ધ પત્રોદ્વારા વર્તમાનપત્રમાં પ્રકટ કર્યા છે પણ એમની દલીલો વિષયે અત્યાર સુધી કાંઇ વિશેષ ચર્ચા જોવામાં આવી નથી. એમણે [illegible] મુદ્દા

એવા છે કે (૧) જમીનની માલકી જમીન ધારણ કરનાર લોકનીજ છે અને સરકારને રક્ષણને માટે જમીન મહેસુલ કર તરીકેજ ઉઘરાવવાનો હક છે. (૨) જમીન મહેસુલ અહિં એટલું બધું ભારે છે કે આખું વર્ષ મહેનત કર્યા છતાં ખેડુતના કુટુંબને પુરતું પોષણ થતું નથી. અને તેથી તેની જીવન ધાતુ દિન પ્રતિદીન નબળી પડતી જાય છે. (૩) આવી નબળી ધાતુના પરિણામે ખેડુતની વસ્તિ પ્રતિ વર્ષે ભાગતી જાય છે. (૪) ગમે તેવા રોગોના આ વસ્તિ ભોગ થઈ પડે છે. (૫) ખેતીની આવી સ્થિતીથી ખેતી ઉપરથી લોકની શ્રદ્ધા ઉઠી જતાં ખેતી હજુ પણ દરેક વર્ષે ઉતરતી સ્થિતીમાં આવતી જાય છે અને દેશમાં બીજા ધંધાનો અભાવ થતાં એંશી ટકા વસ્તિને આજીવિકાનું બીજું સાધન રહ્યું નથી. ખેડુત પ્રજાની આ સ્થિતિ અતિ ગભીર અ શોક ઉપજાવનારી છે. આ મુદ્દા વધારે વિચાર અને ચર્ચા કરવા યોગ્ય છે એમ આપ સર્વેને જણાશે.

ત્રણ ચાર વર્ષથી ઘણી મોંઘવારી ચાલી રહી છે અને બીજી તરફથી દુષ્કાળનું ભયંકર દુઃખ થયું છે; અને સરેરાશ દશ વર્ષમાં પાંચ વર્ષ પાકની આવી સ્થિતિ આવી જાય છે. બાકીનાં પાંચ વર્ષમાંથી ત્રણ વર્ષ મધ્યમ રહે છે અને બે વર્ષ ખેડુતને સારાં પડે છે. આવા સંજોગોમાં જમીન મહેસુલનો ભાર પ્રજાને વધારે પડે છે એ સત્ય હવે ધીરે ધીરે સ્વીકારાતું જાય છે. આ સાલ ચાલી રહેલા ભયંકર તાવના ઉપદ્રવથી ગરીબ પ્રજાનું મોત સાધારણ રીતે કૌવત આપનાર ખોરાકના અભાવે નબળી પડી ગયેલી જીવન ધાતુને મોટે ભાગે આભારી છે એમ દાક્તરોનું કહેવુ છે. ખેડુતની આ સ્થિતિનું દુઃખ માત્ર વખતોવખત મહેસુલ મુલતવી રાખવાથી કે તગાવી

આપી મદદ કરવાથી મટે તેમ નથી. તેમ તાત્કાળીક દુષ્કાળનું ટુંક ઉભું કરી થોડોક વખત જીવાડી રાખવાના પ્રયત્ન કરવાથી તેમની સ્થિતી સુધરી શકે તેમ નથી. એ સ્થિતીનું ખરું કારણ એમની અત્યંત ગરીબાઇ છે, અને એ ગરીબાઇએ આણી દીધેલી એમની દીનતાએ એમનું જીવન અળખામણું કરી નાંખ્યું છે. આ મૂળ દર્દ મટાડયા સિવાય ટુંકો વખત નભે તેવી રાહત આપી જીવતા રાખવાની આપણી દયા તો એમના દુઃખમાં વધારોજ કરે છે એ વાત જેમ બને તેમ સ્પષ્ટ કરી સમજાવવાની જરૂર છે.

પ્રજાના આ દુઃખના ખરા ઉપાય માટે પ્રજા પક્ષના આગેવાનોએ વારંવાર સૂચવ્યું છે કે જમીન મહેસુલ ઘણું ભારે હોવાથી તેને હલકું કરી નાખવું જોઇએ. અને એવી રીતે હલકું કરી નાંખેલું મહેસુલ હમેશને માટે કાયમ કરવું જોઇએ. આ બન્ને ઉપાય જો લેવાય તો પછીથી ખેતીની સ્થિતીનો ઉદ્ધાર કરવા માટે લોકમાં કેળવણીનો બહોળો પ્રચાર કરી જીલ્લાવાર ખેતીની શાળાઓ ખોલવાની અને ગુજરાતના મધ્ય ભાગમાં એક ખેતીની કોલેજ સ્થાપવાની ખાસ જરૂર સમજાશે. પ્રથમની આર્થિક સ્થિતી સુધારવાનાં બે કારણો જ્યાં સુધી સાધ્ય નહિ થાય ત્યાં સુધી લોકમાં ખેતીને માટે ઉત્સાહ આવશે નહિ. અને આ બન્ને ઉપાય યોજવા માટે પ્રજાના આગેવાનોએ પ્રયત્ન આદર્યો છે તેનો નીકાલ લાવવાની જોખમદારી પ્રજાએ લેવાનો સમય હવે નજીક આવ્યો છે. મહેસુલના પ્રશ્નમાં ઘણા વીચારવંત પુરૂષો તેમજ અધિકારીઓનો અભિપ્રાય એવો છે કે, જો મહેસુલ કાયમનું કરવામાં આવે તો દેશની ઉન્નતિ સારી રીતે થાય અને ખેડુત વર્ગ ઘણો સુખી થાય. પરંતુ ઘણાં કારણો

જે પાશ્ચાત્ય પદ્ધતિનાં અર્થ શાસ્ત્રો પણ સ્વીકારે છે તે કારણોને લીધે મહેસુલ કાયમનું થવાને બદલે ત્રીસ ત્રીસ વર્ષે વધતું જાય છે. જમીન મહેસુલ હલકું કરવાની સ્હામે રાજ્યના વહીવટ માટે જુવાબદાર મંડળોની સંભળાતી બે દલીલો એવી છે કે જમીન મહેસુલ લોક ખમી શકે તેથી વધુ ભારે નથી અને જો મહેસુલ ઘટાડીયે તો રાજ્ય ચલાવવાને જોઇતું ખર્ચ ક્યાંથી લાવવું ? તેઓના કહેવા પ્રમાણે ગુજરાતમાં ખેતીની એકંદર પેદાશના વીસથી પચ્ચીસ ટકા અથવા ચોખ્ખી ઉપજના ૫૦ ટકા જેટલું મહેસુલ વસુલ કરવામા આવે છે. આ ઉપરાંત ખેડુત બીજા બધા આડકતરાના કરનો બોજો બીજી પ્રજા સાથે સહન કરે છે આ મહેસુલના ભારને ઇનકમટેક્ષની સાથે સરખાવતાં ખેડુતના બોજાનો અન્યાય વધારે સ્પષ્ટ સમજાશે. એક હજારની ઉપજ આવે ત્યા સુધી વ્યાપારીને ઇનકમટેક્ષ આપવો પડતો નથી; અને રૂપીઆ ૧૦૦૦થી ૧૨૫૦ની ઉપજ ઉપર વીસ રૂપીઆ કર લેવાય છે એટલે સેંકડે બે ટકાથી પણ ઓછું પ્રમાણ આવે છે. રૈયતવારી જમાબંધીમાં બસેં પાંચસેની ઉપજવાળા ખાતેદાર ખેડુત તો ગણ્યા ગાંઠયાજ હોય છે. અને ખેડુતને એકંદરે સો કે પચાસની ઉપજ થાય તો પણ સેકડે વીસથી પચીસ ટકા જમીન મહેસુલ ભરવું પડે છે. આ બોજો ખેડુત ખમી શકે તેથી ભારે નથી એમ કહેવું એ અવશ્ય કઠોર ન્યાય ગણાશે લોક ખમી શકે તેથી જમીન મહેસુલ વધુ ભારે નથી એનો અર્થ જો એમ હોય કે જમીન મહેસુલ આપ્યા છતા લોકો બાર મહિના સુખેથી રહી શકે તેટલું ખેતીમાથી ખેડુત પેદા કરી શકે છે. અને ખરાબ વર્ષે માટે કુટુંબનું પોષણ થઇ શકે તેટલું તે બચાવી પણ શકે છે. જો સત્ય હોય તો

તે સામે વાંધો લઇ શકાય નહિ. અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે સત્ય તો જુદું જ છે. એટલે એ દલીલ વજનદાર નથી. આટલો કર કોઇ પણ સુધરેલા દેશમાં કોઈ પણ ઉદ્યોગ અથવા વ્યાપાર ઉપર નથી, તો આ દેશમાં હોવો ન જોઇએ, તે આપ સ્વીકારશો. રાજ્યનો નીભાવ ઘણે મોટે ભાગે ખેડુત વર્ગ ઉપરજ પડેલો છે અને મને આશા છે કે ભવિષ્યમાં થનારી ધારાસભાઓ આ અન્યાય દૂર કરવાને પૂરતી મહેનત કરશે. જે પાશ્ચાત્ય પદ્ધતીને અનુસરીને આ અન્યાય થવા પામ્યો છે, તેનો સિદ્ધાંત એવો છે કે દેશની આબાદીનાં કારણો જેવાં કે રેલ્વે, રસ્તા, પોસ્ટ, તાર, દેશ પરદેશ જોડે વધતા જતા વ્યાપાર ને તેથી મળતા સારા ભાવનાં કારણોને લેઇને ખેડુતને જે ઉત્તેજન મળે છે અને તેને પરિણામે વધારે કમાણી થાય છે, તે કમાણી ઉપર તેનો હક ન હોતાં રાજ્યોનો હોવો જોઇએ. કારણ કે કેવળ રાજ્યની પ્રવૃતીથીજ ઉપલાં સાધનો અસ્તિત્ત્વમાં આવે છે અને આવાં સાધનોના પરિણામે ઉપજની કીંમતમાં જે વધારો થાય છે તેના ઉપર રાજ્યનો હિસ્સો લેવાનો વ્યાજબી રીતે હક છે. બીજુ કારણ એમ જણાવવામાં આવે છે કે ત્રીશ વર્ષની પટાની પદ્ધતિનો કાયદો એવો છે કે દર ત્રીશ વર્ષે દેશની અગર ખેડુતની સ્થિતિના પ્રમાણમાં મહેસુલ કમી જાસ્તી કરી શકાય છે અને તેથી કરીને ખેડુતને અન્યાય ન થતાં ન્યાય થવાનો સંભવ વધારે રહે છે. ત્રીજું કારણ એવું જણાવે છે કે સરકાર મહેસુલ કાયમ કરશે તો તેનો લાભ ખેડુતને ન આપતાં જમીનદાર પોતે ખાઈ જશે અને રાજ્યના પ્રતાપે આળસુની પેઠે ઘેર બેસી રહેતા જમીનદારો બીના હકના સુખ ભોગવશે અને ખેડુ-

તની પાસે કનડગત કરી વધુને વધુ મહેસુલ લેશે. ઉપરનાં ત્રણુ કારણો વીરૂદ્ધ પક્ષવાળા મુખત્વે કરીને બતાવે છે. તેના જવાબમાં મારે જણાવું જોઇએ કે રાજ્યના સુખ શાંતીના કારણે તથા રેલ્વે, ટપાલ વીગેરેના તથા જમીનની કીંમત વધ્યાના કારણે જે કંઇ વધુ આવક ખેડુત ભોગવે છે તેવીજ અને તેથી પણુ વધારે પ્રમાણુમાં બીજા ધંધાવારીઓ પણુ ભોગવે છે તો તે સંબધી કરમાં ખાસ વધારો સર્વત્ર પ્રમાણુમા હોવો જોઇએ. એટલે કે હાલની પદ્ધતી પ્રમાણે જે એકંદર નીપજના વીશથી પચીસ ટકા લેવાય છે તે ઘટાડીને તે પ્રમાણે કાયમ કરવું જોઇએ અગરતો હાલની જમીન મહેસુલ પદ્ધતી રદ કરી કેવળ ચોખ્ખી આવક ઉપર ઇનકમટેક્ષ નાખવો જોઇએ. આ ધોરણુને અનુસરવાથી હાલની કંટાળા ભરેલી પદ્ધતી જે ખેડુતોને ફળદાયક ન હોતા આખા દેશને હાનીકારક છે, તે દૂર થશે અને બીજા કારણુમા જણાવેલો ઉદ્દેશ સારી રીતે સચવાશે.

હવે ત્રીજા કારણુના જવાબમા જણાવવાની રજા લઉ છું કે આપણા પ્રાંતમાં ખેડુતજ જમીનનો માલીક હોવાથી તેનો અવકાશ રહેતો નથી. છતાં સરકાર જમીનદારોની સાથે અયોગ્ય પ્રમાણુમાં વધે નહિ તેવા કાયદા કરવાને પુર્ણ શકિતવાન છે અને જ્યાં જ્યાં એમને એવું માલુમ પડયુ છે ત્યા તેવા કાયદા પણુ ઘડેલા છે.

જમીન મહેસુલ કાયમનુ કરવા સ્હામે રૈયતવારો જમાબંધીમાં એવી તકરાર કરવામા આવે છે કે જમીનની ઉચ્ચામાં ઉચી કેળવણી થતા સુધી એની પેદાશનો અંદાજ જડી શકતો નથી જેથી મહેસુલ એકદમ કાયમનુ કરી નાખવાથી રાજ્યની ઉપજમાં અયોગ્ય હાની પહોચે છે; અને બીજી દલીલ એમ કરવામા આવે છે કે કાયમી

જમાબધી કરવાથી ભવિષ્યમાં સરકારનાં હાથ બાંધી નાંખવા એ અયોગ્ય છે. આમાની પહેલી દલીલ ગુજરાતને લાગુ નથી. એ જમીન પ્રથમથીજ ઉંચામાં ઉંચી જઇ શકે તેટલી કેળવણીએ પહોંચી ગએલી હતી અને સરવે સેન્ટલમેન્ટ દાખલ થયા પછી જ્યારે જ્યારે અનેક મોટી દલીલોને આધારે મહેસુલ ચઢાવવામાં આવ્યું, ત્યારે ત્યારે ઉલટી ખેતી બગડતી ચાલી છે. અને વસ્તી ભાગી જાય છે એટલે હવે આથી વધુ જમીનની શક્તિ ખીલી શકે તેમ નથી એનો કયારનુંય નિર્ણય થઇ ચુકયું છે. અને મુડી અને મહેનત વધારે રોકવાથી વધતી પેદાસ ઉપર કર વધારી શકાય નહિ એટલે લગભગ સો વર્ષનો સુધરેલો વહીવટ જમીનની પેદાશનો અંદાજ કાઢી ન શકયો તો ભવિષ્યમાં એની હદ અંકાશે એવી દલીલ ઉપર આધાર રાખવો યોગ્ય નથી. બીજી દલીલ પણ માનને પાત્ર જણાતી નથી. સરકારના વહીવટી હુકમથી વખતો વખત જમીન મહેસુલ વધારવાની સત્તાનો હમેશને માટે બંધ થવીજ જોઇએ. કારણ કે જો એમ ન થાય તો પ્રજાને ખેતી ઉપર ઉત્સાહ રહેશે નહિ. તેમજ જમીન અને ખેતીમાં મમત્વ આવી શકશે નહિ સરકારની વહીવટી સત્તા લઇ લેવાથી પ્રજાની દૃષ્ટિમા દેશકાલ તથા જમીનની પેદાશ બીજા બીજા કર ભરનારી પ્રજાને ન્યાય આપવા મહેસુલ વધારવાની આવશ્યકતા સ્પષ્ટ થાય તો કાયદો કરીને તે વધારવાની લોકની સત્તા સર્વોપરિ હોવાથી તે સત્તાના હાથ તો કંઇ બંધાતાજ નથી. આવી રીતે વીચારતાં જમીન મહેસુલને હલકુ કરી નાંખી તેને કાયમ કરવું જોઇએ.

એતો તદન ખુલ્લુંજ છે કે જ્યારે કોઇ પણ માણસ અમુક

ચીજ પોતાનીજ છે અને તેનાપર બીજા કોઇનો હક નથી એવું જાણે છે ત્યારે તે ચીજ ઉપર તે વધારે લક્ષ આપે છે, તેમ તેને વાપરવામાં બેદરકારી રાખતો નથી. આ ન્યાયે જોતાં જો ખેડુતની દૃષ્ટિએ એમ આવે કે જમીન ઉપર તેની સ્વતંત્ર માલીકી છે અને તેને માટે સરકારને હવે કોઇ પણ જાતનું વધારે મહેસુલ ભરવાનું નથી. તો પછી તે જમીનમાં મહેનત વધારે કરી મુડી વધારે રોકી કેળવશે અને વધુ પાક લેશે. આથી કરીને જમીન સુધરેથી જે નીપજમાં વધારો થશે તેથી એકંદર દેશને તેમ રાજ્યને પણ ફાયદો થશે. વ્યાપાર આયાત તેમ નીકાશ વધસે. નવા હુન્નર ઉદ્યોગ સહેલાઇથી દાખલ થશે. આડકતરી રીતે સરકારને જકાત ઇનકમટેક્ષ વીગેરે ઘણું વધશે અને એસેસમેન્ટ વધારવાથી સરકારની ઉપજમાં જે ફાયદો થાય તેના કરતાં સરકારની ઉપજ ઘણા મોટા પ્રમાણમાં વધશે. તેમ ખેડુત વર્ગ સારૂં ઘર તથા ખોરાક ભોગવવા પામશે. સરકારની આવકનું દ્વાર કાયમનું બંધ કરવાથી કંઇ લાભ નથી કેવળ હાની છે, એવી દલીલ કરવામાં આવે છે તેનો એકંદર ઉપજ વધેથી અવકાશ રહેશે નહિ. વળી ખેડુતની બુદ્ધિ સાહસ વીગેરેથી કરીને જે જમીન ફળદ્રુપ કરવામાં આવે છે, તે જમીન ઉપર કર વધારવો તે ખેડુતની બુદ્ધિ તથા જાત મહેનત ઉપર કર નાંખવા બરોબર છે. વીગેરે ટીકાઓનો અવકાશ રહેશે નહિ. ટુંકામા એટલું તો સ્પષ્ટજ છે કે રાજ્ય વહીવટ માટે જુવાબદાર વર્ગોએ ખેડુત વર્ગની સર્વ દેશી આબાદી કરવા પુરતી કાળજી રાખવી એ સવાલ સમાજના પ્રથમ હીતનું કાર્ય છે, એ વર્ગ નબળો પડી ગયો તો આ દેશની સબળતા બીજી રીતે સાધી શકાય તેવું નથી—શારી-

રના ભાગોમાં ઉદર અને બીજા અવયવોના જેવો સંબંધ છે તેવો સંબંધ ખેડુત વર્ગ અને બીજા વર્ગોને આ દેશમાં તો છેજ.

જમીન મહેસુલ ઘટાડીએ તો રાજ્ય ચલાવવાનું ખર્ચ ક્યાંથી લાવવું એ દલીલ રાજ્યની દૃષ્ટિએ વજનદાર છે. એવા પ્રસંગમાં હું આવેલો હોઇ આ દલીલ હું વધારે સારી રીતે સમજી શકું એમ માનું છું, અને અમલદાર વર્ગની આ દલીલવાળી દૃષ્ટિ એક રીતે ક્ષંતવ્ય છે એમ મારે કબુલ કરવું પડશે પણ આ દ્રષ્ટિમાં પ્રજાપક્ષની દૃષ્ટિ તદન વિસરી જવાય છે. પ્રજા પક્ષનું એમ કહેવું છે કે જો રાજ્ય ચલાવવાનું ખર્ચ પુરૂં પાડવા જતાં અમે સુખે રહી શકીએ નહિ કે પુરતું પોષણ પણ કરી શકીયે નહિ તો અમારે રાજ્યથી ફાયદો શો છે? જીવતા રહી આનંદમાં રહેવા માટેજ રાજ્યની વ્યવસ્થાનો પ્રજા સ્વીકાર કરે છે. પ્રજાના સુખને માટે રાજ્ય છે; રાજ્યના પોષણનેજ માટે પ્રજા નથી પ્રજાની આ દલીલ એટલી બધી વજનદાર છે કે રાજ્ય પક્ષે એનો યોગ્ય જવાબ આપવો મુશ્કેલ છે રાજયના પોષણના માટેજ પ્રજા નથી. પણ પ્રજાના અભ્યુદયને અર્થેજ રાજ્યની વ્યવસ્થા છે, એ રાજનીતિનું સૂત્ર રાજ્યપક્ષે કદી વિસરવા જેવું નથી. આ બન્ને પક્ષના વિરોધમાં અમલદાર પક્ષની દલીલનું જોર ઘણે ભાગે ઘટી જાય છે, અને પ્રજાનો અભ્યુદય સાધતાં જમીને મહેસુલ ઘટાડવું પડે તો તે ઘટાડવુંજ જોઇએ અને રાજ્યના ખર્ચની બીજી જોગવાઈ કરવી જોઇએ એવો મારો અભિપ્રાય થાય છે. પણ રાજ્ય કાર્યભારને અત્યારના જેટલો ખર્ચાળ રાખી પ્રજાના જીવનને હાની થતાં સુધી તે ધોરણનેજ ફેરવવાનો આગ્રહી સિદ્ધાન્તજ માન્ય થાય તેમ નથી. દેશની આર્થિક સ્થિતિ વીચારતાં એ તો

સ્પષ્ટજ છે કે, એ ધોરણ ફેરવવાની જુવાબદારી પ્રજાનો જુવાબદાર પ્રધાનજ લઇ શકશે. અને બીજા નહિ તો આ એકજ કારણથી જમીન મહેસુલ ખાતું પ્રજાને જવાબદાર પ્રધાનને સોંપવાની આવશ્યકતા છે. પ્રજાને જુવાબદારવાળા રાજ્યતંત્રમાં સરકારે તે રસ્તો લેવો એ રાજકાર્ય કૌશલ છે. બ્રીટીશ સરકારે હવે પછીના કાલમાં બેજ બાબત મૂખ્ય સાચવવાની છે. એક તો સૂલેહ, અને બીજું પ્રજાનો સંતોષ અને પ્રીતિ, વહીવટની કાબેલીયત (Efficiency) જાળવવાના સત્ય હેતુથી પણ અત્યાર સુધીની પદ્ધતિ બળથી જાળવી રાખવા જતાં—પ્રજાના અસંતોષ અને અવિશ્વાસને પરિણામે મને ભય છે કે સુલેહ અને કાબેલીયતને બન્નેને ધોકો પહોંચે એવી સ્થિતી પ્રાપ્ત થવાનો સંભવ ઉભો થાય એ વાત એ ડાહી, કાર્યકુશળ, ન્યાયી, ઉદાર રાજનીતિ જેને વહાલી છે એવી ઇંગ્રેજી પ્રજા ન સમજી શકે એમ હું માનતો નથી.

જીલ્લાના વસુલાતી વહીવટમાં અમલદાર વર્ગ અને પ્રજા વચ્ચેનો સંબંધ રાજ્યના સુરતબાને અણુછાજતો છે. રાજય સત્તાને લોકે સન્માન આપવું જોઇએ એ યથાસ્થિત છે કારણ કે એ સત્તા પ્રજાનું પાલણ કરી તેનો અભ્યુદય કરવા માટે પ્રેરાયલી રહે છે. પણ આ સન્માન પ્રજાના હૃદયમાંથી સ્વેચ્છાએ પ્રકટ થતું હોવું જોઇએ તોજ તે રાજયબળને પોષક બને છે, તેને બદલે એ અમલદાર વર્ગે એ સન્માન મેળવવાનો પોતાનો હકજ માની પ્રજાને હેરાન કરી શકે એવી સત્તા પોતાના હાથમાં હોવાથી એના દુર ઉપયોગની બીક બનાવી અને કેટલી વખત એનો અમલ પણ કરી પ્રજા પાસેથી પરાણે એવું સન્માન મેળવવા પ્રયત્નો કરે છે. બધાએ અમલ-

દાર આવી હલકી પ્રતિના હોતા નથી પણ એટલો મોટો ભાગ આવા અસ્તુલ વિચાર અને આચારવાળો છે કે જેથી પ્રજામાં એમને માટે સન્માનને બદલે તિરસ્કારજ ઉત્પન્ન થાય તો તેમાં નવાઇ નથી. જયાં કોઇ અમલદાર પ્રજાના ખરા સેવક તરીકે એના અભ્યુદયના વિચારમાંજ પ્રેરાઇ સરકારનો ધર્મ બજાવનો હોય છે, ત્યાં પ્રજા તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી અંતઃકરણથી એને દેવના જેટલું સન્માન આપે છે. પણ દીલગીરીની વાત તો એવી છે કે એક તરફથી સત્તાના ભુલ ભરેલા વિચાર અને બીજી તરફથી જાગ્રત થયેલું પ્રજાનું સ્વમાન એમ બન્નેનું આસ્ફાલન થતાં અમલદારને પોતાની ભુલ થયેલ સ્પષ્ટ સમજાય છતાં, વહીવટની ઝીણી બાબતોમાં પણ પોતાની ભુલ સુધારી પ્રજાનું મન પોતે રંજન કરી શકતા નથી. અને એવા અમલદારનું એવું અયોગ્ય વર્તન વારંવાર જોતાં તેની અસર સરકારની ન્યાયદ્રષ્ટિ ઉપરની પ્રજાની શ્રદ્ધાને શીથિલ કરે છે અને છેવટે પરિણામે એ આવે છે કે પરસ્પર અવિશ્વાસની દ્રષ્ટિથી વ્યવહાર ચાલે છે. પ્રજાની આ માનસીક સ્થિતી પ્રજાને જવાબદાર પ્રધાનના હાથમાં રાજય કારભાર સોંપવામાં ન આવે ત્યાં સુધી સુધરવી મુશ્કેલ છે અને જયાં સુધી આ સ્થિતી સુધરે નહિ ત્યા સુધી દેશની ઉન્નતિ થઇ શકે નહિ

આપને સર્વને માલુમ છે કે આપણો પ્રાંત દર ત્રીજે કે ચોથે વર્ષે દુષ્કાળના પંજામાં સપડાય છે, અને પરિણામે આપણા પ્રાંતના વ્યાપાર ઉદ્યોગ મંદ પડી જાય છે. રોગ, તોફાન વીગેરે ઉપદ્રવો થાય છે. આ સર્વની શાંતિની ખાતર આપણા પ્રાંતમાં નહેરોનાં બાંધકામ ઘણા બહોળા પ્રમાણમાં હાથ ધરવાની આવશ્યકતા છે,

અને હું ભૂલતો ન હોઉં તો આવા બાંધકામની યોજનાઓ અને અડસટાઓ નામદાર સરકાર પાસે તૈયારજ છે. મુખ્યત્વે કરીને સાબરમતી, મહી, નર્મદા વીગેરે નદિઓની યોજનાઓ ઘડી કાઢેલી ઘણા વર્ષથી પડી રહી છે અને હજુ સુધી હાથ ધરવામાં આવી નથી તેથી ગુજરાતને અન્યાય થયો છે. જો એ યોજનાઓ અમલમાં આવી હોત તો તેની પાછળ થયેલા ખર્ચથી સો ઘણી આવક રૈયતના ઘરમાં આવી હતે, અને સરકારને પણ સારી ઉપજ થઇ હતે. તેમ કેટલાક દુષ્કાળથી આપણો દેશ બચી જઇ વ્યાપાર ઉદ્યોગ મંદ ન પડતાં અત્યારે ધમધોકાર ચાલતો આપણે જોઇ શકત. આપ સર્વ ભાઇઓને હું વીનંતી કરું છુ કે આ બાબત નામદાર સરકારના લક્ષ ઉપર લાવવાની હીલચાલ કરવાની જરૂર છે, તેમ ગુજરાતના ધારાસભામાં બિરાજતા પ્રતિનિધીઓનું આ બાબત દુર્લક્ષ ન થાય તે માટે તેમને પણ આપણે આજીજી કરવાની છે.

અમારા જીલ્લાના ઘણાં કારણોને લઇને ગુનાહનું પ્રમાણ વધતું જાય છે. પોલિસ બંદોબસ્તના બચાવમાં વખતો વખત જુદાં જુદાં કારણો બતાવવામા આવેલા છે, પરતુ ખરા કારણો શોધવાનો પ્રમાણિક પ્રયાસ થયો નથી. તપાસમાં એમ જણાય છે કે, ગુન્હા કરવાની ટેવ માટે આર્થિક સ્થિતિ જુવાબદાર છે તો તેમાં આશ્ચર્ય જેવું નથી. આટલા વર્ષથી ગુન્હાની ટેવ વધતી જાય છે તેજ બતાવી આપે છે કે સત્ય કારણો જાણી ને કારણો નાબુદ કરવા પ્રયત્ન થઇ શકયો નથી મને લાગે છે કે તુરતમાં તો ગુનાહ કરનારી જાતોમા કેળવણીના પ્રચારથી તથા ધાર્મિક તથા નીતિનું શિક્ષણ આપવાથી તેમજ નાના પ્રકારના ઉદ્યોગો શીખવવાથી ગુનાહ

અટકી શકે તેમ છે, તેમજ ગુનાહ અટકાવવા માટે જીલ્લાની વસ્તીના પ્રમાણમાં પોલીસનું બળ રાખવાથી પણ સ્થિતિ સુધરવાનો સંભવ રહે છે. આ જીલ્લામાં છેલ્લી લુંટફાટથી ભયંકર સ્થિતિ થઇ ગઇ હતી, તેને ચાંપતા ઉપાય લઇ દાબી દેઇ શાન્તિ સ્થાપવામાં પોલીસખાતાએ પુરતી ખંતથી કામ કર્યું છે તેને માન આપવાને આ પ્રસંગે મારે ચુક કરવી જોઇએ નહી.

ઢોરોને ચરવા માટેના છુટા ચરાનો ખેતી અને બીજો ઉપયોગ થવાથી લોકોને ઢોર ચરાવવાની ઘણી અગવડ પડે છે દાખલા તરીકે અમારી આંખ નીચેનોજ બનાવ જણાવું છું. નડિયાદમાં બોકડના નામથી જાણીતા રાનો ઘણા વર્ષથી ખેતી વીગેરેના ઉપયોગ માટે આપવામાં આવ્યાથી, ઢોરોને માટે ચરવા બીજું એકપણ સારૂ સ્થાન રહ્યું નથી. આ બાબત મુળથી તે અત્યાર સુધી લોકોએ સખત વાંધાની અરજો સર્વને કરેલી છે છતાં સ્થિતિ તેની તેજ રહેલી છે, ઢોરોના સંબંધમાં જણાવતાં એક વાત યાદ આવે છે તે એ કે સંચાની ડેરીનો ધંધો હાલ બહુ વધી પડ્યો છે. અને તેને પરિણામે ખેડુત લોકોને અગાઉ જે દુધ, છાશ વીનું પોતાને અને છોકરાંને પોષણ મળતું હતું તે પછીથી કમી થયું છે એમ ઘણાનું માનવું છે. અને તેવા માન્યતાથી ડેરીના વ્યાપારીને દુધ નહિ વેચવાની ભલામણો વખતોવખત કાન ઉપર આવે છે. આ બાબત પૂરતી રીતે તપાસ ચલાવી તેમાં સત્ય જણાય તો ખેડુતો અને બીજી સમાજના કૌશલ સારૂ કંઇ ઇલાજ લેવાની જરૂરિયાતનો પણ નિર્ણય કરવા એક કમીટી નીમવાની જરૂર જણાય છે. આ તપાસમાં ડેરી દાખલ થવાથી ખેડુતની બીજી આર્થિક સ્થિતીને શું અસર

થાય છે તે પણ આવી જવું જોઇએ. એગ્રીકલ્ચરીસ્ટ રીલીફ એક્ટ ગુજરાતમાં દાખલ કર્યા પછી તેની હાનીકારક અસર થઇ છે એ નિર્વિવાદ છે, જેથી તે કાઢી નાંખવાની ભલામણ કોન્ફરન્સે કરવી જોઇએ. મુખ્ય હાની એવી છે કે ગામડામાં જે શરાફો ધીરધાર કરતા હતા તે આ કાયદો લાગુ થવાથી બંધ કરી પોતાની મુડી શહેરોમાં લઇ ગયા છે.

આવી જાતના અને બીજા કારણોથી પણ લેન્ડ રેવન્યુ કોડમાં નવી ટેન્યુઅરની કલમો દાખલ કરેલી છે તે વેળા વિશેષ હાનીકારક છે. જેથી કાયદાનો એ સુધારો પણ જેમ બને તેમ તાકીદે રદ કરાવવા પ્રયાસ કરવા જોઇએ તાલુકાનાં મુખ્ય શહેર બાદ કરતાં જીલ્લામાં વ્યાપારી અને બીજા પ્રતિષ્ઠિત માણસોને નાનાં અમલદાર વર્ગ તરફથી અયોગ્ય કનડગત થવાનો સંભવ નાબુદ થાય તે સાથે એકંદરે સર્વ બાબતોમાં પ્રજાને પુરતો ન્યાય મળે તે હેતુથી ન્યાય અને વહીવટી અધિકાર જુદા પાડવા જોઇએ. એ વિષય ઘણા વર્ષથી ચર્ચાય છે છતાં હજી તેજ સ્થિતી ચાલુ રહી છે તે શોચનીય છે.

રાજ્ય પ્રકરણ ઉપર એના અંગોની તપાસણી કરતાં અધિકારી વર્ગના ઉપર ટીકા કરવાની જરૂર પડે છે ત્યારે સ્હેજ કેટલાક તરફથી એમ પ્રશ્ન થાય કે શું ત્યારે આ સ્થિતીમાં લોકનો વાંકજ નહિ હોય અને બધો વાંક સરકાર પક્ષેજ હશે? આ પ્રશ્ન કરનારની દૃષ્ટિમાંથી રાજ્યનો ધર્મ ક્ષણભર ખસી જાય છે. તેનું સ્મરણ કરાવવું એજ એનો ઉત્તર છે. લોક તો સહજ દોષવાનજ છે. જો લોકો દોષવાન ન હોય તો રાજ્યની સત્તા ઉભી કરી તેના દંડને આધીન થવાની વ્યકિતને જરૂર શી? પણ લોકોનો આ દોષ સમાજના અભ્યુદયમાં

જેમ બને તેમ ઓછો અંતરાયરૂપ થાય તેને માટેજ રાજ્યનો સ્વીકાર કરવામાં આવે છે, અને તેથીજ જ્યાં જ્યાં સમાજમાં દુઃખ જણાય ત્યાં રાજ્ય ધર્મની ખામીજ જોવામાં આવે, અને તેથીજ પ્રજાનું દુઃખ તે રાજાના દોષનુંજ પરિણામ છે એમ આપણા ધર્મ શાસ્ત્રોમાં મનાયલું છે. રાજ્ય ધર્મની આ દૃષ્ટિ આવતાં પ્રજાના દોષ ઉપરથી ક્રોધનો આવેશ ઉતરી જશે એવું મને સમજાય છે.

જગતનો એક સ્વભાવ છે કે બીજા જે કામ કરે તેમાં ઘણે ભાગે ભુલ બતાવી ટીકા કરવી. એ હેતુથી કામ કરવા ભેગા થયેલા પરસ્પરનાં કામોનાં પ્રસંગ આવે ટીકા કરે છે તેમાંથી કાર્ય બનતાં સુધી શુદ્ધ થાય છે પરંતુ જ્યાં પરસ્પરના હીતમાં તફાવત હોય છે ત્યારે તેવી ટીકાઓનું સ્વરૂપ અને ભાવ વિશ્વાસની ખામીને લીધે જુદા પ્રકારનાં હોય છે. મનુષ્ય સ્વભાવ આવો હોવાથી હાલની રાજ પદ્ધતિ અને તેના જુવાબદાર કાર્યવાહકો ઉપરની આપણી ટીકા યથાર્થ પણ હોય, અતિશયોક્તિવાળી પણ હોય અને આપણી વીકારી દૃષ્ટિને લીધે ખોટી પણ હોય તો તે અશકય નથી. તેમજ જેમ કેટલાક કાર્યોથી આપણે અસંતુષ્ટ હોઇએ તેવી રીતે એવાં પણ કાર્ય હોવાં જોઇએ કે જે માટે આપણે સંતોષની સાથે આભાર માનવાનો હોય. પ્રથમ આપણે ઘણે અંશે સંતુષ્ટજ હતા હાલ આપણી દૃષ્ટિ ફરી છે. અને રાજવહિવટમાં ખામીઓ જોતા થયા છીએ. તેની ટીકા કરતી વખતે જે લાભ મળ્યો છે તેનો ગુણ આપણા મનના ઉંડા ભાગમાં સંગ્રહી રાખેલો હોય છે તેને નજર સમીપ તારવી લાવવો. તેમજ કેટલીક ગેરસમજુતીઓ દૃષ્ટિ ભેદ અને સ્વભાવભેદને લીધે પણ થતી હોવી જોઇએ છતાં પણ આપણે ભુલવું જોઇએ નહિ

કે ઇંગ્રેજો પ્રથમ વેપાર કરવા અત્રે આવ્યા હતા અને વ્યાપારનીજ દૃષ્ટિથી તેઓએ પોતાનો સમાસ આ દેશમાં કર્યો અને ધીરેધીરે તેનો વિકાસ કરી જમીનોના અને છેવટે રાજ્યોના અધિપતી પણ થયા, બળવાના કારણથી તે આધિપત્ય ઇંગ્રેજ પ્રજાએ માથે લીધું, છતાં પણ તેમની વેપારથી લાભ મેળવવાની મૂળ કારણભૂત દૃષ્ટિ કુદરતી રીતે કાયમ રહેવી જોઇએ તે રહી છે તેમાં પણ આપણને નવાઈ લાગવી જોઇએ નહિ. નવાઈ લાગવા જેવું ખરૂં તો આપણું અજ્ઞાન હતું તે તેઓએ આપેલી વિદ્યાથી પ્રાપ્ત થયેલા જ્ઞાને કરી રહ્યું છે અને એમના દ્વારા એમની ભાષાનાં પુસ્તકો ઇતિહાસ વગેરેથી, જે પ્રાપ્ત થયેલા જ્ઞાનને લીધે આપણું ખરૂં હીત શું છે તે સમજતા થયા છીએ અને તેનો લાભ લેવા અત્યારે આપણે પ્રજા તરીકે રાજકીય હીતમાં એક મતના થઇ આપણે સુધરેલા દેશમાં સ્વીકારાયેલ પ્રજાના હક માંગીએ છીએ. એ હકો ક્રમે ક્રમે પૂર્ણ આપવાનો સ્વીકાર કરી, હાલ તુરત તે હકો પૈકી કેટલાક પરિચીત અને કેટલાક જવાબદારી સાથે આપવા દરખાસ્ત થઇ છે. આ દરખાસ્ત ઉપર મત આપવામા આપણે ઐક્ય સાચવી શકયા નથી અને તે ભેદ પડવાનો દોષ પરસ્પર આરોપાય છે. આ સ્થિતી ઇચ્છવા જેવી તો નથીજ પરંતુ ઇશ્વરને જરૂરની લાગી હશે તેથી ઉત્પન્ન કરી હશે અને તેમાથી તેની કૃપાથી લાભજ થશે એમ હું માનું છું. જે હક આપવા દરખાસ્ત થઇ છે તે ઉપરની ટીકાથી કે કમીજાસ્ત માગણીથી તેને પાછી ખેચવામાં કે મુલતવી રાખવામા આવે એ બનવું અશકય છે. ત્યાંના જોખમદાર રાજકારિ પુરૂષોએ અને પ્રજાએ પ્રમાણિકપણે અને ખરા મનથી એ હકો આપવાનુ

સ્વીકારેલું હોય તેમાંથી આપણું મન ખસી જશે એવી એવી શંકા કરવી એ—એ મહાન પ્રજાને માટો અન્યાય કરવા બરાબર છે. ભલે ત્યાં આપણા કેટલાક વિરોધીઓ સ્વાર્થ પરાયણ ટુંકી નજરના પુરૂષો ગમે તે પ્રપંચ કરે પણ હુ તો માનું છું કે પારલામેન્ટમાં થયેલી દરખાસ્તમાં આપણને લાભકારક સુધારા કરશે, પરંતુ તેમાં કમી તો કરશેજ નહિ, પ્રભુ ઈચ્છાએ જે પરિણામ આવે તેને ઉપકાર સાથે સ્વીકારી લેઇ ભૂતકાળની હરકતોને વિસરી જઇ વર્તમાનનો ઉપયોગ ભવિષ્યની ઉચ્ચ ભાવના રાખી કરવાનો છે. આપણે આપણા હૃદય ની અને મનની ઉત્તમ શકિતઓનો વિકાસ કરી લીધેલા કામમાં પૂર્ણ યશ પ્રાપ્ત કરવા તરફજ શ્રમને પરાકાષ્ટાએ પહોંચાડવાનું લક્ષ રાખવાનું છે અને તેમાં અંદર અંદર પડતા મતભેદ સહન કરતાં શિખવાનું છે. એટલુંજ નહિ પરતુ બીજાઓને પણ દેશ પ્રત્યે શુભ હેતુનું માન આપણે પોતા માટે માની લઇએ તેટલું તો આપતાં સર્વેએ ખાસ શિખવાનું છે. તોજ વિજય પ્રાપ્ત કરી શકાશે. પ્રભુ પણ તોજ સહાય થશે.

ભાઇઓ! મારે જે આ સમક્ષ નમ્ર સુચનાઓ રજુ કરવાની હતી તે કરી ચુકયો છુ. [illegible] સમાપ્તિ પુર્વે આપનો સમય રોકવા માટે ક્ષમા [illegible]ંગી [illegible] કે નાના માણસોને નાની વાતો પણ મોટી [illegible] તે [illegible] સુચનાઓ તરફ શાન્તિ અને ગૌરવથી વિચાર [illegible] પ્રમાણે નીરણય ઉપર આવશો. હુ [illegible] આખતનો વીકાસ ક્રમે ક્રમે થાય છે તેમ કોઇ કર્ય કરવામા [illegible] ક્ષય, હિંસા અને પૌરૂષ એ અવ શ્ય લક્ષમા રાખી કામનો આરંભ કરવાનો છે, જેથી તેમાંની દરેક

બાબતમાં તુરત ફળ પ્રાપ્ત થાય એવી ખોટી આશા હમે બાંધી બેઠા નથી, એટલે નિરાશ ન થતાં અમને અમારૂં નિર્દિષ્ટ દિશાઓમાં સુખ પ્રાપ્ત થાય એવા ઉપાયો યોગ્ય સમયે લેવા આપ નહીં ચુકો એવો પૂર્ણ ભરોંસો છે. અમારૂં ગામ નાનું છે પણ તેમાંના ઘણા નીવાસીઓએ જુદી જુદી દિશાઓમાં દેશ સેવા કરી છે એ આપને અજાણ્યું નથી. અમારી પાસે વૈભવ નથી છતાં હૃદયના સદ્‌ભાવથી એ ન્યુનતા પૂર્ણ કરી અને પુનઃ ઉલ્લાસથી આપનો સત્કાર કરી આપણી પરિષદ્‌ના પ્રમુખની ચુંટણી કરવા આપને વિનંતી કરૂં છું.

બીજી ગુજરાત રાજકીય પરિષદ્‌ના પ્રમુખ
ના૦ વીઠ્ઠલભાઇ ઝ. પટેલનું ભાષણ.

પ્રતિનિધિ બ્હેનો તથા બંધુઓ, અન્ય સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,

ગુજરાત રાજકીય પરિષદ્‌ના બીજા અધિવેશનનુ સુકાન મને સોંપી ગૂર્જર પ્રજાએ મારા પ્રત્યે જે વિશ્વાસ અને પ્રેમ દર્શાવ્યાં છે તેને માટે મારા હૃદયમાં ઉદ્‌ભવતી આભારવૃત્તિ હું યોગ્ય રીતે દર્શાવી શકતો નથી. જાહેર પ્રજાની અલ્પ સેવા કરતાં અત્યાર સુધી મને જે જે માન મળ્યાં છે, તે સર્વ કરતાં આજ ઘરને આંગણે મળેલું માન મને વધારે પ્રિય છે. વિજાપુર ખાતે મળેલી મુંબઇ પ્રાંતિક પરિષદ્‌ના પ્રમુખપદ કરતાં, પુનામાં મળેલી સ્થાનિક સ્વરાજ્ય પરિષદ્‌નાં સુકાનીપદ કરતાં, વડોદરા રાજ્યના પ્રજામંડળના નેતૃત્વ કરતાં,

અને છેવટ રાષ્ટ્રીય પરિષદના ખાસ અધિવેશનના સ્વાગત મંડળના અધ્યક્ષસ્થાન કરતાં પણ આ માનની કિમ્મત મને વધારે છે. પોતાની જન્મભૂમિમાં કોઇપણ મનુષ્ય આમ તરીકે પૂજાતો નથી. આવી લોકોક્તિ છતા આજ '**સ્વર્ગાદપિ ગરીયસી**' જન્મભૂમિએ એ વાક્યનો મને પ્રત્યક્ષ અનુભવ કરાવી ઉપલી કહેવત ખોટી પાડી છે એ આપની મારા પ્રત્યેની ઉદારવૃત્તિ, વિશ્વાસ અને પ્રેમની સચોટ સાબીતિ છે. આપની એ લાગણી માટે હુ ઘણોજ આભારી છુ, અને મારાથી બની શકે તેવી આપની સેવા કરવાનો ભાર ઉઠાવવા તૈયાર છું. મારા ભાંડુઓની સેવા બજાવવાનો આવો અલભ્ય લાભ મને મળ્યો છે એ હુ મારૂ અહોભાગ્ય સમજું છુ.

મિત્રરાજ્યોનો યુદ્ધમાં વિજય.

આજના મારા ભાષણની શરૂઆતમાજ એક અત્યત અગત્યની ઘટનાનો મારે ઉલ્લેખ કરવો જોઇએ ઇશ્વર કૃપાથી યુદ્ધમા આપણો વિજય થયો છે; દુનિયા હવે સલામત બની છે બળ ઉપર ન્યાયનો જય થયો છે. સ્વતત્રતાપર ચઢી આવેલ સામ્રાજ્ય વિખેરાયુ છે મોકળે મને હિન્દે સર્વોત્તમ મદદ કરી છે તેણે યુદ્ધમા પોતાનો ભાગ એવો સારી રીતે ભજવ્યો છે કે દુનિયાના એક મહાન્ રાજ્યમત્રી, નામદાર લૉઇડ જ્યોર્જ તે સંબંધે નીચે પ્રમાણેના ઉદ્ગારો કહાડ્યા છે.

'આ ઉછરતી પ્રજાઓ યુદ્ધમાં એવી હિમ્મતથી લડી છે અને તેમણે એવા મોકળા હાથે મદદ કરી છે કે સુલેહની શરતો અને ભવિષ્યની શાતિનુ નિર્માણ કરનાર મિત્રરાજ્યના નેતાઓના મંત્રમંડળમા સ્થાન મેળવવાનો તેમણે હક્ક પ્રાપ્ત કર્યો છે. એ પ્રજાઓના સંબધમા હું જે બોલું છુ તે હિન્દને પણ અક્ષરશઃ લાગુ પડે

છે, કારણ કે તેની મદદથી આપણે એવી મોટી ફતેહો મેળવી છે કે તેના વડે આપણા શત્રુઓના નાશનો આરંભ થયો હતો. સુલેહની શરતનો વિચાર કરતી વખતે, હિન્દની જરૂરીઆતો ભૂલાવી જોઇએ નહિ. ચાર વર્ષ સુધી આપણે આ પ્રજાઓનો ભાઇચારો અનુભવ્યો છે. પરંતુ આપણી ફરજનો આજે અંત આવવો જોઇએ નહિ.

હવેના ચાર વર્ષ દરમ્યાન બ્રિટન અને તેના સામ્રાજ્યના ભવિષ્યનું નિર્માણ થશે, અને તેથી આ સમયે હું સર્વને ગંભીરપણે વિનતી કરૂં છું કે જ્યા સુધી સામ્રાજ્ય સુરક્ષિત ન થાય ત્યાં સુધી આપણે આપણા અંતઃકલહો દૂર રાખવા જોઇએ. આપણે જાતિ જાતિ પ્રત્યેના ભેદોને દબાવી, જે ભૂમિને આપણે ચાહીએ છીએ અને જેણે જળ, સ્થળ, અને હવામાં, દુનિયાની સ્વતંત્રતાને જોખમમાં નાખનારા ભયનું નિવારણ કરવા જે જે પ્રયત્નો કર્યા છે તે ભૂમિને છેવટ પર્યંત વફાદારીથી વળગી રહેવુ જોઇએ.

વિશેષમાં આપણા કૃપાળુ શહેનશાહે નામદાર વાઇસરાયને નીચેનો સંદેશો મોકલી, હિન્દે યુદ્ધમાં કરેલી મદદની કદર કરી છેઃ-

"હંગામી સુલેહના દસ્તાવેજ ઉપર સહી થવાની સાથે આપણા છેવટના જર્મન શત્રુ ઉપર મિત્ર રાજ્યોનો કાયમનો વિજય થયો છે તેથી, હું આપ નામદારને, હિન્દુસ્થાનના દેશી રાજાઓને, તથા પ્રજાજનોને તેમની એકત્ર સહાયના બળથી મેળવાયલા વિજય માટે મુબારકબાદી આપું છું. જે યુદ્ધનો આવો આનંદદાયક અંત આવ્યો છે તેને માટે આપણે દરેકને અપૂર્વ ભોગ આપવો પડયો છે, હિન્દે તેમાં મનુષ્ય અને સાધનોની સહાય આપવામાં તેના વંશપરંપરાના ઉંચા અને ઉદાર ક્ષાત્રિયગુણોને શોભે તેવો ભાગ ભજવ્યો છે. મારા

પ્રતિ અને સામ્રાજ્ય પ્રતિની હિન્દની એકનિષ્ઠ ભક્તિ ઉપર મેં જે વિશ્વાસ રાખ્યો હતો તે તેણે સ્વકૃત્યોથી સત્ય ઠરાવ્યો છે અને તેણે પોતાની રાજ્યભક્તિ ઉપરની વિશ્વાસપાત્રતા સાબિત કરી બતાવી છે. સુખદુઃખમાં અને જયવિજયમાં સમાન ભાગ લેવાથી દૃઢ થયેલી બંધુપ્રેમની ગાંઠ, ભવિષ્યમાં જ્યારે ન્યાયનું સામ્રાજ્ય પ્રવર્તશે અને આપણા ગૃહકલહો શમી જશે જ્યારે આપણે એકતંત્ર થઈશું, અને શાંતિજનિત આબાદી આપણને ફરી પ્રાપ્ત થશે, ત્યારેજ ખરેખરી અનુભવાશે."

આપણા દેશની આ પ્રમાણે કદર કરવા માટે આપણે આપણા શાહેનશાહ અને મુખ્ય પ્રધાનના સર્વથા આભારી છીએ. પરંતુ હિંદની ખરી જરૂરીઆત તો એ છે કે, હિંદની પ્રજા, બ્રિટીશ સામ્રાજયના બીજા ભાગોની પ્રજાઓની સાથે હક, સ્વતંત્રતા અને પ્રતિષ્ઠામાં સમાનતા ભોગવતી હોવી જોઇએ, એ મુદ્દો સુલેહના વિચારક મંડળમાં કબુલ રખાવો જોઈએ.

હિંદની બીજી તાત્કાળિક જરૂરીઅત એ છે કે સુલેહના વિચારક મંડળમાં તેમજ શાહી પરિષદમાં હિંદની હકીકત, હિંદની વડી ધારાસભામાં લોકનિયુક્ત સભાસદો તરફથી ચુંટાયલા પ્રતિનિધિદ્વારા અથવા વધારે સારી વાત તો એ છે કે રાષ્ટ્રીય કોંગ્રેસ અને મુસ્લીમ લીગ તરફથી પસંદ થયલા પ્રતિનિધિદ્વારા રજુ થવી જોઇએ: અને હિંદ સંબંધી કોઇપણ પ્રશ્નનો ફડચો તેવા પ્રતિનિધિની સંમતિ વિના થવો જોઇએ નહિ. દરેક પ્રજાએ પોતાના રાજ્યતંત્રનું નિર્માણ પોતાની જાતેજ કરવાનું છે, અને દુનિયાના જુદા જુદા દેશોની પ્રજાના સંઘ (League of Nations) ની ભાવનાને મૂર્તસ્વરૂપ

આપવાનું છે, એ બે મુદ્દાઓ સુલેહના વિચારક મંડળની મંત્રણામાં પ્રાધાન્ય ભોગવશે એવો હિંદ વિશ્વાસ રાખે છે.

ઇશ્વિર આ સુલેહના વિચારક મંડળને દુનિયામાં હંમેશની શાંતિ જાળવવા લાયક યોજના ગઢી કહાડવા તરફ પ્રેરો એવી આપણે પ્રાર્થના કરીએ છીએ.

પરિષદ્‌ની ઉત્પત્તિ.

આ પરિષદ્ હજી એક વર્ષનું બાળક છે. એ બાળકને પોષી, ઉછેરી મોટું કરવાની જવાબદારી આપણે સર્વને માથે રહેલી છે. ગાંધીજી જેવા મહાન અને પવિત્ર પુરોહિતને હાથે જેના ગણેશ મંડાયા તેનાં ઉજવળ ભવિષ્યને માટે ચિન્તા કે શંકાનું કારણ રહેતું નથી. ગુજરાતમાં રાજકીય જાગ્રતિના વિધિ લેખ જ્યારે ગયે વર્ષે ગોધરામાં લખાયા ત્યારથીજ ગાંધીજી જેવા ધર્મ પિતાનું એ બાળક ઘણી નાની ઉમ્મરે પૂર્ણ વિકાસને પામશે એવી સર્વને ખાત્રી થઇ હતી.

પરિષદ્‌ની વિશિષ્ટતા.

અન્ય આગેવાનો કરતાં જે વિશિષ્ટતા ગાંધીજીમાં જોવામાં આવે છે તેમના આ બાળકમાં પણ જોવામાં આવે છે. આ પરિષદે પોતાના ઠરાવો વ્યવહારિક રીતે અમલમાં મુકાવવાને અને પોતાના આશયોપાર પાડવાને આખું વર્ષ અવિશ્રાંત કાર્ય કરવાને એક કાર્યવાહક મંડળ નીમ્યું હતું. એ મંડળે એ વર્ષ દરમ્યાન કેટલીક સભાઓ ભરી, મહુડાંનો કાયદો, ગોચર, ડેરીઓ તથા વેઠવારા ઇત્યાદિ વિષયો સંબંધી તપાસ ચલાવી રીપોર્ટ કરવાનું કામ હાથ ધર્યું હતું. ગામે ગામ પત્રકો મોકલાવી તેમણે કેટલીક વિગતો એકઠી કરી હતી. આ કામ ચાલુ હતું તે દરમ્યાન, ખેડા જીલ્લામાં મહેસુલનો પ્રશ્ન ઉપસ્થિત

થયો અને તેને અંગે સત્યાગ્રહની લડત શરૂ થઇ. એ ચળવળના પરિણામથી આપણે સર્વ જાણીતા છીએ. કાર્યવાહક મંડળના સર્વ સભ્યો એ કાર્યમાં રોકાવાથી તેમનુ કામ સ્વાભાવિક રીતે અધવચજ અટકી પડયું, અને પરિણામે જોઇતી ચળવળ કરવાનું તેમનાથી બની શકયું નહિ. આ વર્ષે જે મડળ નીમાશે તેના સભ્યોને અધુરૂં રહ્યું છે ત્યાંથી તે કાર્ય ઉપાડી લેવુ પડશે. હું આશા રાખું છું કે નવું નીમાનાર મડળ બીજી કોઇપણ બાબતને પોતાનાં કાર્યને આડે આવવા દેશે નહિ. ફેરવાયલા સંજોગોમાં અને નવા રાજકીય વાતાવરણમાં એ મંડળને માથે ગભીર જવાબદારીઓ આવી પડશે અને તે સર્વનો ભાર ઉપાડવા તેમને પોતાનાં સમય અને શકિતનો ભોગ આપવો પડશે.

આ પરિષદ્‌ની બીજી વિશેષતા એ છે કે એનું સર્વ કાર્ય માતૃભાષામાંજ ચાલે છે. દરેક બાબતમાં દરેક સ્થળે અને સંજોગોમાં મતૃભાષામાં કે રાષ્ટ્રભાષામાં જાતે બોલવાનો અને બીજાઓ પાસે બોલાવવાનો ગાંધીજીએ આગ્રહ રાખી એ પ્રશ્નને એક ગભીર સ્વરૂપ આપ્યું છે, વાઇસરોયે ભરેલી યુદ્ધ પરિષદમાં પણ પોતાનો એ આગ્રહ તેમણે છોડયો નહોતો. બીજાઓ માતૃભાષાના વિકાસ માટે માત્ર વાતોજ કરે છે પણ ગાંધીજી જાતે તે આચારમા મુકી બીજાઓ ઉપર સબળ દાખલો બેસાડે છે. એ પ્રશ્નને ખરૂં જોતાં તેમણે ધર્મનુ સ્વરૂપ આપ્યુ છે, અને તે દ્વારાજ શિક્ષણ આપવાનો આગ્રહ ધરી તેને વ્યવહાર રાજયનીતિના ક્ષેત્રમાં આણ્યો છે. આ પરિષદે એ મહા મંત્રની દિક્ષા તેમની પાસેથી લીધી છે અને પોતાનું કાર્ય માતૃભાષામાજ ચલાવવાનુ ઠરાવ્યું છે. એ પ્રથા લોકમત કેળવવાનો

એક રામબાણ ઉપાય છે, અને ભવિષ્યમાં પણ તે ચાલુ રાખવામાં આવે એવો હું આગ્રહ કરૂં છું.

એક વરસમાં બનેલા બનાવો.

ગોધરાના મુકામે ગયે વર્ષે આ પરિષદ્ છેલ્લી મળી તે પછી એક વરસના ટુંક અરસામાં દેશમાં ઘણી અગત્યની ઘટનાઓ બની ગઈ છે. વિશેષમાં દેશના રાજકીય વાતાવરણમાં એ ઘટનાઓથી અગત્યના ફેરફારો થવા પામ્યા છે. દેશની અત્યારની રાજકીય પરિસ્થિતિ યથાર્થ રીતે સમજવા અને આપણે માથે આવેલી અને ભવિષ્યમાં આવનારી જવાબદારીનું બરોબર માપ કહાડવા એ ઘટનાઓ ઉપર આપણે થોડો વિચાર ચલાવવો જોઇએ, પ્રથમ પરિષદ્ મળ્યા પછી તરતજ હિન્દી પ્રધાન મી૦ મોન્ટેગ્યુ હિન્દની સ્થિતિ જાતે અનુભવવા અને હિન્દીઓની માંગણીઓ અને ઇચ્છાઓની તપાસ કરવા અહીં પધાર્યા હતા. મી. મોન્ટેગ્યુને નેપથ્યમાં રાખી નોકરશાહીએ સૂત્રધાર બની હિન્દની પરિસ્થિતિ વિષે જે નાટક ભજવ્યું તે એઓ સાહેબે મુંગે મોંઢે જોયું. નોકરશાહીનાં છત્ર નીચે રહી તેમણે 'નિવેદન પત્રો' (represention્s) સ્વીકાર્યાં, નોકરશાહીએ મેળવ્યા તેટલા લોકોને મળ્યા અને આવ્યા તેવા ઇંગ્લંડ સીધાવી ગયા. જેણે હિન્દુસ્થાનના ગામો અને ગ્રામ્યજનો જોયા નથી તેણે હિન્દ દેશજ જોયો નથી એમ કહેવું પડે. મોન્ટેગ્યુ સાહેબે ન જોયાં ગામો કે ન જોયા ગ્રામ્યજનો એટલે એમને તેમની આંતરિક સ્થિતિ બરાબર રીતે કયાંથી સમજાય ?

એઓ હિન્દમાં હતા તેજ અરસામાં આપણી રાષ્ટ્રીય પરિષદ્ની ૩૨મી બેઠક વિદુષી બેઝંટ બાઇનાં અધ્યક્ષપણાં નીચે મળી હતી.

આ પરિષદ્‌માં હાજરી આપી હિન્દની નાડ તપાસવાનું, તેના હૃદયના ધબકારા સાંભળવાનું હિન્દી પ્રજાએ તે નામદાર શહેનશાહના પ્રતિનિધિને આમંત્રણ આપ્યું હતું. રોગીની સ્થિતિ તપાસી રોગની બરાબર ચિકિત્સા કરી ઔષધ અપાય તો સારૂં એવી પ્રજાની ઇચ્છા હતી. પણ એ ઇચ્છા પાર ન પડી. પ્રજાની જરૂરીઆતો યથાર્થ રીતે સમજવાની આ ઉત્તમ તક પણ તેમણે ગુમાવી. રોગની જાતે ચિકિત્સા કર્યા વિના માત્ર હકીકત ઉપરથીજ ઔષધ આપવાનું તેમને વધારે ઠીક લાગ્યું અને પરિણામે ઔષધ જોઇએ તેવું પથ્યકર નીવડયું નહિ. આ પરિષદ્‌માં વધારેમાં વધારે અગત્યનો ઠરાવ બાબુ સુરેન્દ્રનાથે રજુ કર્યો હતો અને તેમાં તેમણે હિન્દુસ્થાનને અમુક મુદતમાં સંપૂર્ણ સ્વરાજ્ય મળવુંજ જોઇએ એવી મતલબની એક કલમ રાજકીય સુધારાના ખરડામાં દાખલ કરી તે ખરડો બ્રિટિશ પાર્લામેન્ટે પસાર કરવો એવી મતલબની માંગણી કરી હતી.

'નિવેદન પત્રો' સ્વીકારવાના અને ખાનગી મુલાકાતો લેવાના કાર્યથી પરવારી મી. મોન્ટેગ્યુ ગુપચુપ અહીંથી ઇંગ્લંડ જવા ઉપડયા તે પછી તરતજ દિલ્હીમાં નામદાર વાઇસરોયે યુદ્ધ પરિષદ્ બોલાવી. વર્તમાન યુદ્ધની વધતી જતી જરૂરીઆતોને તથા આ બાજુ ઉભા થયેલા કહેવાતા ભયને પહોચી વળવાના ચાંપતા ઉપાયો લેવાનો વીચાર કરવા આ પરિષદ્ મળી હતી. આગળથી ગોઠવી રાખેલા કાર્યક્રમ પ્રમાણે એક બે કમિટીઓ સ્થાપી એ પરિષદે પોતાનું કામ પૂરૂં કર્યા પછી જૂદા જૂદા પ્રાંતોમાં એજ ઉદ્દેશો સિદ્ધ કરવા પ્રાંતિક પરિષદો મેળવવામાં આવી હતી. તેમાં દિલ્હી પરિષદ્‌ના નાટકનું પુનરાવર્તન કરવામાં પ્રાન્તિક નોકરશાહીએ કમાલ કરી.

મુંબાઇ ઇલાકાની મુદ્દ પરિષદ્‌માં જે અનિષ્ટ બનાવ બનવા પામ્યો હતો તે હજી તમારા સ્મૃતિપટ ઉપરથી ભુસાયો નહિજ હોય, એટલે તે વિષે વિવેચન કરવાની જરૂર નથી તેજ અરસામાં વિજાપુરમાં આપણા ઇલાકાની પ્રાંતિક પરિષદ્ મળી હતી તેમાં "સ્ત્રીઓને મળવા જોઇતા રાજકીય હકો" અને "દેશી સંસ્થાનોની પ્રજાનું નવા રાજકીય હકો" અને "દેશી સંસ્થાનોની પ્રજાનું નવા રાજકીય સુધારાના વિષયમાં સ્થળ"–એ વિષયો ખાસ કરીને ચર્ચવામાં આવ્યા હતા.

પરંતુ આ વર્ષનો સૌથી મહાન્ અને અગત્યનો બનાવ તો મી. મોંટેગ્યુ અને લોર્ડ ચેમ્સફર્ડે પ્રસિદ્ધ કરેલી હિન્દી રાજકીય સુધારાની યોજના, અને તેને પરિણામે મળેલી હિન્દી પરિષદની ખાસ બેઠકજ ગણાશે. આ પરિષદે બત્રીસ વર્ષ સુધી સરકારના કારોબાર અને રાજ્યબંધારણ ઉપર ટીકાઓ કરી અને દેશની રાજકીય જરૂરીઆતો સંબંધી માગણીઓ કરી, પરંતુ આ અધિવેશન સમયેજ આ પરિષદ્‌ને રાજકીય સુધારાની યોજનાની તુલના કરી તેનીપર પોતાનો અભિપ્રાય દર્શાવવાનું ન્યાયાધીશનું પદ પહેલવહેલુંજ પ્રાપ્ત થયું હતું. આ પરિષદે હિન્દી પ્રજાની જરૂરીઆતો સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી છે અને યોજનાને ઘટતો આવકાર આપી તેની ખુબીઓ સ્વીકારી, ખામીઓ દૂર કરાવવા યોગ્ય અને વ્યવહારૂ સૂચનાઓ કરી છે. એજ કામને માટે દેશના જુદા જુદા પ્રાન્તોમાં પ્રાંતિક પરિષદોની ખાસ બેઠકો મળી હતી, તેઓએ કરેલી સૂચનાઓનું મથન કરી રહસ્ય ખેંચી રાષ્ટ્રીય પરિષદે પોતાની દ્વારા તે બ્રિટિશ પ્રજા અને પાર્લામેન્ટના સમક્ષ રજુ કર્યું છે.

પરિષદ્દની ઉપયોગિતા.

સદ્‌ગૃહસ્થો, આવા સંયોગોમાં આપણી બીજી રાજકીય પરિષદ્‌ની ઉપયોગિતા વિષે સહજ પ્રશ્ન ઉદ્‌ભવે છે. એ પ્રશ્ન હું અત્યારે ઉપસ્થિત કરૂં છું એમ નથી; પરંતુ તેની ચર્ચા કેટલાક વખત થયા વર્તમાનપત્રોમાં પણ થઇ ગઇ હતી. વર્તમાન સમયની વિષમતા વિલક્ષણ છે અને પરિણામો ક્યાં અને કેવી રીતે આવી અટકશે તેનો નિર્ણય કરવાનું કોઇથી સાહસ વહોરી શકાય તેમ નથી. એક તરફ યુદ્ધજનિત પરિસ્થિતિને લીધે નિત્યના વપરાશની ચીજોના ભાવોમાં બેહદ વધારો થયો છે, અને તેના ભારમાં ગરીબ હિન્દીઓ કચડાઇ જાય છે. તેમાં વળી આ વર્ષે મેઘરાજા પણ આપણી સાથે રીસાયા છે અને વિકાળ રાક્ષસ સમો કારમો દુષ્કાળ આપણો કોળીઓ કરવા મોઢું ફાડી ખડો છે. આ દુઃખ જાણે ઓછું હોય તેમ વળી ઇન્ફ્લુએન્ઝા નામનો જીવલેણ રોગ દેશમાં ફાટી નીકળ્યો છે અને તેણે અત્યારસુધી સંખ્યાબંધ હિન્દીઓના પ્રાણ લીધા છે અને હજી લે છે. આ રોગે એવો કેર વર્તાવ્યો છે કે તે પ્લેગને પણ ભૂલાવે છે. લાખો માણસો દુનિઆ છોડી ચાલ્યા ગયા અને લાખો અનાથ અને નિરાધાર થઇ ગયા છે. આ ખેડા જીલ્લાની પ્રજાને તો સૌથી વધારે સહન કરવું પડે છે અને પડશે એ વાત હું ભુલી શકતો નથી. પાક નિષ્ફળ જવાથી ગયે વર્ષે ખેડા જીલ્લાની પ્રજાને સરકાર વિરૂદ્ધ સત્યાગ્રહની લડત ચલાવવી પડી હતી અને આ વર્ષે તેક ચોકખો દુષ્કાળ છે. આવા સંયોગોમાં રાજકીય પરિષદ અથવા બીજી કોઇપણ પરિષદ ભરવાનું મુલતવી રાખવાનો વિચાર કોઇને પણ થાય એ સ્વભાવિક છે; પરંતુ ગૃહસ્થો, આપણે આજે અનેક ઉપાધિઓથી

મસ્ત હોવા છતાં રાજકીય વાતાવરણમાં થયલા ભારે ખળભળાટ તરફ બેદરકાર રહીએ એ ડહાપણ ગણાય નહિ. આજકાલ આપણા દેશનું રાજકીય ભવિષ્ય ઘડાઇ રહ્યું છે અને તે ઘડવામાં અનેક કુશળ અને અકુશળ, સાધુ અને દુષ્ટ કારીગરો પોતાના પ્રયોગો અજમાવી રહ્યા છે; તે સમયે આપણે સંપૂર્ણ રીતે જાગ્રત રહેવાની જરૂર છે. પ્રવૃત્તિઓનું નિરિક્ષણ કરી આપણા દેશનું હિત શેમાં રહેલું છે તેનાપર નજર રાખવાની આપણી ફરજ છે. દુનિયા આજકાલ પરતંત્રતાની બેડીમાંથી મુક્ત થવા અથાગ શ્રમ કરી રહી છે, અને સ્વાતંત્ર્યના મહાન ભક્ત પ્રેસીડટ વિલ્સન તરફ સર્વની દ્રષ્ટિ વળેલી છે. દેશબંધુઓ, આવા વિશ્વમંથનના સમે તમે શું સમાધિસ્થ રહેવાનું પસંદ કરશો ?

બંધુઓ, આ વર્ષે ભયંકર દુષ્કાળ છે ખરો; પરંતુ ઘરમાં બેસી રહેવાથી દુષ્કાળનું નિવારણ કરી શકાય નહિ. એ મહત્વનો સવાલ પણ હાથ ધરી પ્રજાનાં દુ:ખનું બની શકે તેટલું નિવારણ કરવાનો પ્રયત્ન કરવો એ શું આ પરિષદ્‌ની ફરજ નથી? રાજકીય વિષયોમાં આગળ પડતો ભાગ લેનારા અને સામાન્ય જનતાના હિત અને અહિતની સાંકળો પરસ્પર ગુંથાયેલી છે એવું બતાવવાનો આ અમૂલ્ય અવસર પરિષદ્‌ના ચાલકોએ શા માટે ગુમાવવો જોઇએ ? નિરાધાર થઇ પડેલા ખેડુતો અને બીજા ગરીબ રંકજનોના ખરા મિત્રો આપણે છીએ કે સરકારના માબાપપણાનું અભિમાન ધરાવતારા અમલદારો છે એ દર્શાવી આપવાનો આ પ્રસંગ આપણે વ્યર્થ જવા દેવો જોઇએ નહિ. ખેડુતોના આપણ પ્રતિનિધિઓ નથી, ખેડુતોનું હિત આપણે જોતા નથી, એવા ક્ષુદ્ર આક્ષેપો આપણાપર

મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડ યોજનામાં પણ કરવામાં આવ્યા છે તે ખોટા પાડવા એ આપણું કર્તવ્ય છે.

બંધુઓ, ઇતિહાસ પ્રસિદ્ધ સમૃદ્ધ હિન્દ આજે કંગાળ બની ગયો છે કાચા સોનાનો ભંડાર મનાતી ગૂર્જરભૂમિના પુત્રોને આજ અન્ન વિના ટળવળવાનો વખત આવ્યો છે. દુષ્કાળ એ આપણા દેશનું એક સામાન્ય લક્ષણ થઇ પડયું છે. ૧૮૭૭, ૧૮૯૭ અને ૧૯૦૦ ના દુકાળો આપણા દેશમાં ઘણા ભયંકર ગણાયા હતા અને આપણામાંના ઘણાના સ્મરણમાંથી હજી તે ખસ્યા નથી. ૧૮૯૭ ના દુકાળમાં સંકટ નિવારણાર્થે સરકારને સાડાસાત કરોડ રૂપીઆનો ખર્ચ થયો હતો અને ૧૯૦૦ માં સાડાનવ કરોડ ખર્ચવા પડયા હતા; પરંતુ આ વર્ષના દુષ્કાળની ભયંકરતા કલ્પી પણ શકાતી નથી. સરકારને નાણાંની તંગી છે, તેમાં વળી આ વર્ષે મહેસુલ જતું કરવુ પડશે. વર્તમાન યુદ્ધને લીધે અપાર પૈસો આપણા દેશની બહાર ગયો છે. નિત્ય વપરાશની ચીજોના ભાવો તો દુષ્કાળના આરંભ પહેલાંજ વધી ચુકેલા છે. આ સઘળો વિચાર કરતાં આ 'પચોતેરીઓ' કેવો જીવલેણ નીવડશે તેનો ખ્યાલ આવતાં ગમે તેવા કઠોર માણસનુ પણ હૃદય કંપી ઉઠે. ગુજરાતનું દુઃખ તો અત્યારથીજ અસહ્ય થઇ પડયું છે. ઢોરોને માટે ઘાસચારો નથી અને લોકો પોતાનાં ઢોર મફત આપી દેવા પણ તૈયાર થયા છે. આપણા દેશનો મુખ્ય આધાર ખેતી ઉપર અને ખેતીનો આધાર ઢોર ઉપર છે. કસાઇવાડામાં આપણાં કેટલાંએ ઢોરો આ વર્ષે કપાશે અને તેથી થયેલા આપણા એ અમૂલ્ય ધનનો નાશ આપણને ભવિષ્યમાં આપત્તિરૂપ થઇ પડશે. જેટલી માણસો જીવાડવાની જરૂર છે. તેટલીજ ઢોરોને પણ જીવાડવાની જરૂર છે. હિન્દનાં બાળકોના

મુખમાંથી જેમ ઠગોએ દુધ ખેંચી લીધું છે તેમ તેનો મેટો ભાગ દુષ્કાળના સમયમાં કસાઇખાનાઓમાં પણ નષ્ટ થયો છે. જો આ વર્ષે આપણે ઢોરોનો નાશ થતો નહિ અટકાવીએ તો આપણને છતે વરસાદે ભવિષ્યમાં દુષ્કાળનું દુઃખ વેઠવાનો વારો આવશે.

આપણા દેશમાં દુષ્કાળો આટલા બધા દુઃસહ કેમ નીવડે છે? દુષ્કાળ પડતાંજ ખેડુતો એકદમ સાધન વિનાના શા માટે બની જાય છે? સરકારની સખ્તાઇ ભરેલી મહેસુલી પદ્ધતિનું આ પરિણામ છે કે હિન્દની આર્થિક સ્થિતિમાંજ એવો ફેરફાર થઇ ગયો છે? આ વિગેરે પ્રશ્નોની તપાસ કરી વિગતો એકઠી કરી ખરાં કારણો પ્રજા અને સરકાર સમક્ષ આપણે મુકવાં જોઇએ. લગ્ન મરણના પ્રસંગે કરવામાં આવતા અવિચારી ખર્ચને લીધે આ પરિણામ આવ્યું છે એ દલીલ વજુદ વિનાની છે શુભાશુભ પ્રસંગોએ મેકળે મને અને ઉલ્લાસથી ખર્ચ કરવાની શક્તિ પણ આપણામાં નથી રહી, એટલુંજ આ દલીલથી સિદ્ધ થાય છે.

આ ઉપરાંત આ પ્રસંગે સુધારાની યોજનાના સબંધમાં સ્વાયત અને પરાયત્ત વિષયોની વહેંચણી કરવા તથા ધારાસભાઓના બંધારણનો નિર્ણય કરવા નીમાયલી કમિટિઓની બેઠકો શરૂ થઇ ગઇ છે; અને તે કમિટિઓ તરફથી જાહેર સસ્થાઓ અને આગેવાનો પાસે અભિપ્રાયો માગવામાં આવશે આ પ્રસંગે લોકમત કેળવવાની તક આપણે ગુમાવવી જોઇએ નહિ. અને તે ગુજરાત રાજકીય પરિષદ દ્વારા ઉત્તમ રીતે થઇ શકે એમ હોવાથી મને આ પરિષદ મુલતવી ન રાખવાની જરૂર જણાઇ હતી રાજકીય સુધારાનો પ્રશ્ન હું સર્વ કરતાં વધારે અગત્યનો ગણું છું અને તેથી તે સબંધી

મારા વિચારો હું આપની સન્મુખ જરા લબાણથી મુકવાની રજા લઉં છું.

મુંબઈ ઇલાકા માટે સ્વાયત્ત અને પરાયત્ત ખાતાંઓ વિષે વિચાર.

પ્રાન્તિક સરકારે કેટલા વિષયે 'સ્વાયત્ત' (Reserved) અને કેટલા 'પરાયત્ત (Transferred) કરવા તેની યોગ્યા યોગ્યતાપર રીપોર્ટના ૨૩૮ મા ફકરામાં વિચાર કરવામાં આવ્યો છે. તેમાં એમ જણાવવામાં આવ્યુ છે કે:—

(૧) સ્થાનિક અનુભવ અને સામાજીક સેવાને લગતી બાબતો, જેમા હિન્દીઓ વિશેષ હિત ધરાવે છે ને ઉત્સાહવાળા છે.

(૨) જે વિષયોની વ્યવસ્થા કરવામાં મંત્રીઓ (ministers) નિષ્ફળ નીવડે તોપણ ભારે જોખમમા ઉતરવુ ન પડે અને જેમા ભુલો થાય તોપણ સુધરી શકે, અને

(૩) જે વિષયો હજુ વિકાસના ક્રમમાં છે તે વિષયો પરાયત્ત કરવા હરકત નથી.

આ નિયમને લક્ષમા રાખી ન્યાય અને સુલેહ શાંતિ જાળવનારા ખાતાંનો અંકુશ સ્વ.યત્ત વિષયોના વર્ગમાં રાખવો એવી દલીલ કરવામાં આવી છે.

(૪) બીજું જે વિષયો પ્રજાના મોટા ભાગના હિતને લગતા હોય અને જે મોટા વર્ગના પ્રતિનિધિઓ નવી ધારાસભામાં સારી રીતે આવી શકે તેમ ન હોય તે વર્ગના હિતને લગતા વિષયો 'સ્વાયત્ત' કોટિમાં રાખવા અને આના ઉદાહરણ તરીકે જમીન મહેસુલ અને ખેડુતોના હકને લગતી બાબતો ગણવામાં આવી છે.

મહેસુલી ખાતું.

મુંબઇ ઇલાકાના 'સ્વાયત્ત' અને 'પરાયત્ત' વિષયોના વર્ગીકરણ બાબત આપણે હાલ વિચાર કરવાનો છે. આ ઇલાકાનું મહેસુલી ખાતું રૈયતવારી છે એ વાતતો સર્વને જાણીતી છે. એટલે જમાબંધીનો કરાર પ્રત્યેક ખેતી કરનાર ખાતેદાર અને સરકાર વચ્ચેનો છે તેમાં મુખ્ય જમીનદાર સાથેનો કરાર નથી. બ્રિટિશ અમલના આરંભથી માંડીને આજ સુધીમાં બબ્બે અને ત્રણ ત્રણ વાર જમીન મહેસુલની આંકણી ફરી ફરીને થઇ ગઇ છે. એક વખત થયેલી આંકણી આ ઇલાકાના ઘણા ભાગોમાં ત્રીશ વર્ષ સુધી કાયમ રહે છે અને તે મુદતની અંદર જમીન મહેસુલ વધારવાનો સરકારને હક્ક નથી. નવી આંકણી કરતી વખતે જ્યાં સુધી દેશની આબાદી વધતી જાય નહિ—અને તેમ થવાનો આ લડાઇના અંત પછી વિશેષ સંભવ છે- ત્યાં સુધી ખેતીના પેદાશના જે ધોરણ ઉપર જમીન મહેસુલના આકારની મર્યાદા બંધાય છે તે ધોરણ પ્રમાણે ન્યાયની રીતે આકારનો ઘટાડો થવાનો સંભવ ઓછો છે. જે તાલુકામાં અથવા જીલ્લામાં તે ધોરણો પ્રમાણે જમીન મગદુરમાં અથવા પ્રતવારીમાં ઘટી ગયલી માલમ પડે ત્યા પ્રજાના મોટા ભાગના હિતનો વિચાર કરી જમીન મહેસુલના આકારની મર્યાદા ઉતારવામા આવે તો તેમાં પ્રજાના મોટા ભાગનું હિત તે મર્યાદા ઘટાડવામાજ ગણાય. ઇલાકાની ખુટતી ઉપજ તેવા પ્રસંગે બીજે રસ્તે વધારવી જોઇએ, અને એવા નિઃસત્વ ભાગને અણઘટતી રીત કચડી નાખવો જોઇએ નહિ.

ખેતીની જમીનની મહેસુલની ફરી ફરી આંકણી જેમ ત્રીશ ત્રીશ વર્ષે થાય છે તેમ બીન ખેતીની જમીનની આકણીહાલ પચાસ

વધે થાય છે. આમ હોવાને લીધે બીનખેતીને લગતી જમીનનો આકાર ઘટવાનો જરાપણ સંભવ નથી. ફરી આંકણી કરતી વખતે પણ તેને તાલુકાઓ અથવા જીલ્લાઓમાં બીનખેતીના જમીનની આંકણીનું તેજ ધોરણ ચાલુ રહેશે. બલ્કે ખેતીની જમીનની માફક અમુક જીલ્લામાં બીન ખેતીની જમીનની આંકણી એકજ વખતે અંત પામી ફરી અંકાવી જોઇએ આ સઘળી બાબતો પ્રજામતના અંકુશમાં વધારે સારી રીતે છોડાવાનો સંભવ છે. અને હાલ જેમ રૈયતના હિતનો વિચાર રૈયતને પુછયા વિના સરકાર 'મા બાપ' પોતાનીજ જોખમદારી ઉપર કરે છે તેમ નહિ થતાં રૈયતના પ્રતિનિધિદ્વારા થવાનો પ્રસંગ આવશે.

ખેતીવાડી અને જમીન મહેસુલના વિષયો પરસ્પર સંબંધ ધરાવનારા છે. એમના અનુભવીની જરૂર છે. પ્રથમ એ બે ખાતા ભેગા હતા રીપોર્ટમાં ખેતીવાડી પરાયત્ત કરવાનું જણાવ્યું છે, અને જમીન મહેસુલ સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. જમીન મહેસુલના વ્યાપક શબ્દમાં નીચેની બાબતો સમાઈ જાય છે. તેમાં (૧) જમીન મહેસુલની આકારણી અને વસુલાત (૨) મુલ્કી ખાતાના વહીવટની અને વ્યવસ્થાની બાબતો (૩) જમીન ઉપરના હક્કના નોંધણીઓ (૪) મુલ્કી બાબતની માપણીઓ (૫) વરિષ્ઠ અને કનિષ્ઠ ધારણ કરનારા પરસ્પરના હક્કના નિર્ણયો (૬) વરિષ્ઠ ધોરણ કરનારને સાથ વસુલ આપવાની મદદ (૭) સગીર અથવા કાયદાની દ્રષ્ટિમાં રક્ષણ કરવા યોગ્ય અસીલના મીલકતનો વહીવટ (૮) દેવામાં ડુબેલી અને જપ્તીમાં લેવાયલી મીલકતનો વહીવટ (૯) દુષ્કાળ સમયની વ્યવસ્થા (૧૦) જમીનની સુધારણા અથવા ખેડુતના સંકટ નિવારણના તકાવી

વિગેરે ઉપાયો (૧૧) મહેસુલ માફીથી આપેલી જમીનનો દુરૂપયોગ અટકાવવા અથવા પાછી લેવાના પ્રસંગો (૧૨) ભાઠાની જમીન અથવા ધોવાણમાં ગયલી જમીનનો આકાર ઠરાવવાના અથવા છુટ આપવાના નિયમો. (૧૩) સરકારી પડતર જમીનને ખેડવા આપવાના અને આબાદી કરવાના સઘળા ઉપાયો વિગેરે વિગેરે.

આ અંતર્ગત વિષયોનું જેઓ મનન કરે તેમને સહજ સમજાય એમ છે કે મહેસુલને સ્વાયત્ત રાખવાથી પ્રજાને રાજ્યવહીવટનું શિક્ષણ આપવાનો મુખ્ય માર્ગજ બંધ થઇ જાય છે મુંબાઇ ઇલાકામાં આ વિષયોના અભ્યાસકોનો કાંઇ લોપ થયો છે એમ નથી. આ વિષયમાં સરકારના પ્રવીણ અમલદારો સામે ટક્કર ઝીલી શકે તેવા અનુભવી ધારાસભાના સભાસદો—મર્હુમ સર ફીરોજશાહ મહેતા, ઝવેરીલાલ યાજ્ઞિક વિગેરે થઇ ગયા છે, અને હાલ પણ માનનીય પારેખ, ગોડબોલે વિગેરે વિદ્યમાન છે. વળી સ્થાનિક અનુભવની દલીલથી, અને ભૂલ થવાના સંભવ ઘણા ઓછા હોવાના કારણથી પણ જમીન મહેસુલ જેવા વિષય પ્રજામતના અંકુશમા મુકાવા જોઇએ.

મોન્ટેગ્યુ—ચેમ્સફર્ડ યોજનાના અભિપ્રાય પ્રમાણે જમીન મહેસુલનો વિષય પરાયત્ત વર્ગમાં ન રાખવાનું મુખ્ય કારણ એક એ બતાવવામાં આવે છે કે તે મોટા વર્ગના હિતનો સંબંધ જેમાં સમાયો છે તે વર્ગના બળવાન પ્રતિનિધિઓ ધારસભામા હાલ નથી. આના ઉત્તરમાં કહેવાનું કે હાલની ધારાસભામાં તેવું પ્રતિનિધિત્વ ખેડુત વર્ગના તરફનું નથી તો નવી ધારાસભામાં તે તત્વ દાખલ કરવાની યોજના સાથે સાથેજ પ્રજા પક્ષના હિમાયતીઓ કરે છે તે યોજના ઘડવાનું કામ એક કમિટીને સોંપાયુ છે. એટલે રૈયતના પ્રતિનિધિઓ

બહોળી સંખ્યાના મતાધિકારી તરફથી આવશે ત્યારે રૈયતનું હિત વધારે જળવાવાનો સંભવ છે. અને તેમ થાય તો જમીન મહેસુલ સ્વાયત્ત રાખવાની દલીલ પાયામાંથી ઉડી જાય છે. મારું અને મારા અભિપ્રાય સાથે મળતા સર્વ પ્રજાહિતચિન્તકોનું પણ એમજ કહેવું છે કે ખેડુત વર્ગના અથવા રૈયતના મતાધિકારીની સંખ્યા વધારવી, એટલુંજ નહિ પણ રૈયત તરફના સીધા પ્રતિનિધિઓ ધારાસભામાં જવા જોઇએ. સારાં નામો અથવા પ્રત્યક્ષ રીતે રૈયતનું પ્રતિનિધિ ધારાસભામાં આવે અને રૈક્ષ રીતનું પ્રતિનિધિત્વ ઓછું થાય અને મતાધિકારીની સંખ્યા વધે એટલુંજ નહિ પણ ધારાસભામાં રૈયતના પ્રતિનિધિઓની સંખ્યા પણ વધે તો પછી જમીન મહેસુલને સ્વાયત્ત વિષય રાખવાનું કાંઇ પણ કારણ હોઇ શકેજ નહિ.

વિશેષમાં મારું કહેવું તો એમ છે કે ખેડુત વર્ગના પ્રતિનિધિઓની સંખ્યા નવી ધારાસભામાં વધારે પ્રમાણમાં હોય કે ન હોય તો પણ જમીન મહેસુલની બાબતમાં સરકારની આજ સુધીની પદ્ધતિ જોતાં અને તે પદ્ધતિથી ખેડુત વર્ગની એકંદર સ્થિતિ ઉપર થયલી અસરનો વિચાર કરતાં એ ખાતુ મંત્રીઓને સ્વાધીન કરવા માંજ ખેડુતોનું ખરું હિત સમાયલું છે. મી૦ ચીમનલાલ સેતલવડ જે આ સવાલનો નિર્ણય કરવાને નીમાયલી કમીટીના એક સભ્ય છે, તેમણે તથા તેમની સાથે બીજા કેટલાક મુંબાઇના મોડરેટ આગેવાનોએ નામદાર વાઇસરાય અને મી. મોન્ટેગ્યુ રૂબરૂ રજુ કરેલા નિવેદન પત્રમાં, આ સંબંધમાં નીચે પ્રમાણેના વિચારો દર્શાવેલા છે:—

"ખેડુત વર્ગની પરંપરાથી ચાલતી આવેલી દેવાદાર સ્થિતિ સર્વને

જાણીતી છે, અને બ્રિટિશ રાજ્યના આરંભથીજ એ વિષય ચર્ચાસ્પદ થઇ પડયો છે. આ સ્થિતિના બે મુખ્ય કારણો છે એ શિક્ષિત વર્ગે વર્તમાન પત્રો તેમજ બીજી જાહેર સંસ્થાઓ દ્વારા પ્રસિદ્ધ કરેલું છે. (૧) જમીન મહેસુલની બાબતમાં સરકારની સખ્ત નીતિ; જેથી હિંદી સરકારને દુનિયાના સૌથી મહાન જમીનદારની માફક દર વર્ષે ત્રીશ કરોડ રૂપીઆનું ઉત્પન્ન થાય છે. (૨) ખેડુતોની અજ્ઞાનતા, જેને લીધે તેઓ લોભી અને હરામખોર શાહુકારોના શિકાર થઇ પડે છે.

હિંદુસ્તાનના સર્વ પ્રાન્તોની સ્થિતિ વિષે ક્રમવાર વિવેચન કરતા પહેલાં મુંબાઇ ઇલાકામાં આ દેવાદારપણાનો ઇતિહાસ આપણે તપાસીએ. ગયા સૈકાના છઠ્ઠા અને સાતમા દાયકાઓમાં શિક્ષિત વર્ગને હાથે ચાલતાં વર્તમાનપત્રોના સાહિત્ય અને અમલદારોના રિપોર્ટો ઉપરથી જણાશે કે, બીજા ઘણાં કારણોમાં મુખ્યત્વે કરીને સરકારની સખ્તાઇ ભરેલી મહેસુલી પદ્ધતિને લીધે દક્ષિણના ખેડુતો તદ્દન દેવાળીઆ અને સાધનહીન થઇ જવાની તૈયારીમાં છે એ વાત સરકારનાં ધ્યાનપર વારંવાર લાવવામાં આવી હતી. બીજી બાજુએથી ખેડુતોની આવી સ્થિતિનાં કારણો, લગ્ન, બીજા સામાજિક વ્યવહારોમાં અને ક્રિયાઓમાં કરવામાં આવતો અવિચારી ખર્ચ અને કરકસરનો અભાવ છે. બાકી જમીન મહેસુલ તો મરાઠા રાજ્યમાં લેવામાં આવતું તેના કરતાં ઘણું ઓછું છે એમ સરકારના મહેસુલી અમલદારો પ્રતિપાદન કરતાં. ખેડુતોની ફરીઆદ પર કે તેની સ્થિતિ સુધારવાને કરવામાં આવેલા પ્રયત્નપર સરકારે ધ્યાનજ આપ્યું નહોતું. આથી દાંતે આવી ગયેલા ખેડુતોએ ૧૮૭૪માં દક્ષિણમાં હુલ્લડ કર્યું. અને તેમને પૈસા ધીરનારા મારવાડીઓનાં નાક કાપી લઇને તેમણે

પોતાનો વૈરાગ્નિ શાંત પાડયો, ત્યારેજ આ વિષયની ગંભીરતા સંબંધી સરકારની આંખ ઉઘડી. તે વખતના મુંબાઈના ગવર્નર સર ફિલિપ વુડહાઉસે મહેસુલી પદ્ધતિની સખ્તાઈ ઓછી કરવા સંબંધી એક ઠરાવ બહાર પાડયો; પરંતુ સેક્રેટરીએટમાંની—હિન્દી આનંદી નોકરીના અમલદારોએ નોકરશાહીએ તેની વિરૂદ્ધ પોતાથી બનતું સર્વ કર્યું. આખરે એ ઠરાવની અમલ બજાવણી થઈજ નહિ. વિખ્યાત અર્થશાસ્ત્રી અને ખેતીના વિષયના ઉસ્તાદ અભ્યાસી સર જેમ્સ કેર્ડ જેવાના અધ્યક્ષ પણા નીચે દાક્ષણના ખેડુતોની દેવાદાર સ્થિતિની તપાસ કરવાને એક કમિશન નીમવામાં આવ્યું. અધ્યક્ષ અને એ કમિશનના સભ્યોના મોટા ભાગે મહેસુલની સખ્તાઈ ભરેલી પદ્ધતિ ઘણાજ કડક શબ્દોમા વખોડી કહાડી અને ખેડુતોની વધતી જતી દેવાદાર સ્થિતિ અને નાદારી. મુખ્ય કારણજ એ પદ્ધતિ છે એમ જાહેર કર્યું. મુંબઇ ઇલાકાના મહેસુલી અમલદારોએ, એ કમિશને દર્શાવેલા વિચારો વિરૂદ્ધ ઝુંબેશ ઉઠાવી ચાલતી આવેલી મહેસુલી પદ્ધતિનાં તતુડા ફુકવા માંડયાં. હિન્દી વર્તમાનપત્રો અને સાર્વજનિક સભાદ્વારા ખેડુતોને બચાવવા માટે કેટલાક પગલાં લેવા સરકારને વારંવાર વિનંતિ કરવામાં આવી તો પણ ખેડુતોનાં દુઃખ ઓછાં કરવાનો જરા પણ પ્રયત્ન થયો નહિ. સર ફિલિપ વુડહાઉસ, ગવર્નરના હોદ્દા ઉપરથી ફારેગ થયા હતા અને તેમની જગ્યાએ તે વખતે સર રીચાર્ડ ટેમ્પલ ગવર્નર થયા હતા. 'ડેકન રૈયત કમિશને' કરેલી ભલામણો, અને ખાસ કરીને સખ્તાઇ ભરેલી મહેસુલી પદ્ધતિના સંબંધમાં મુંબઇની સરકાર શું પગલાં લેવા ધારે છે તે સંબંધી હિન્દી સરકારના સવાલના જવાબમાં સર રીચાર્ડ ટેમ્પલે

એમ જણાવ્યું કે એ પદ્ધતિમાં ફેરફાર કરવાને કાંઇ પણ પગલાં લેવાની જરૂર નથી, કારણ કે સરકાર એ પદ્ધતિ સંતોષકારક અને કમિશને દર્શાવેલા દોષોથી મુકત છે એમ માને છે. હિન્દી વર્તમાન પત્રોએ અને સાર્વજનિક સભાએ ચાલુ રાખેલી ચળવળને લીધે હીંદી સરકારે એ વિષયમાં કાંઇપણ પગલાં લેવાની જરૂરીઆત જોઇ અને વડી ધારાસભાના મુંબાઇ તરફના પ્રતિનિધિ મી૦ હોપે, વડી ધારાસભામાં 'ડેકન એગ્રીકલ્ચરીસ્ટ રીલીફ બીલ' દાખલ કર્યું પરંતુ આ બીલમાં ખેડુતો અને શાહુકારોના સંબધનોજ વિચાર કરવામાં આવ્યો હતો, અને એ સંબંધ સુધારવા માટે એક બાજુએ શાહુકારોના હક્ક ઉપર કેટલાક અંકુશો મુકવામાં આવ્યા, અને બીજી તરફ ન્યાય ખાતાંના કેટલાક અધિકારો કારોબારી અમલદારોને આપવામાં આવ્યા, પરંતુ મહેસુલી પદ્ધતિની સખ્તાઇ ઓછી કરવા સરકાર અને ખેડુતો વચ્ચેના સબંધમાં ફેરફાર કરવાનો પ્રશ્ન તો બાજુએજ રાખવામાં આવ્યો. આ બીલ ધારાસભામાં રજુ કરતી વખતે કરેલા ભાષણમાં માનનીય મી૦ હોપે સખ્ત મહેસુલી પદ્ધતિને લીધેજ ખેડુતો દેવામાં ડુબ્યા છે એમ કબુલ કર્યું હતું. આને લીધે એ સંબંધમાં પણ કાંઇ પગલાં લેવામાં આવશે એવી આશા બાંધવામાં આવી હતી, પરંતુ લાંબા વખત સુધી કાંઇજ કરવામાં આવ્યું નહિ, અને ત્યાર પછી જે કંઇ કરવામાં આવ્યું તેપણ ઘણીજ શિથિલતાથી 'ડેકન એગ્રીકલ્ચરીસ્ટ રીલીફ એકટ'ને કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થયા પછી તેનું શું થયું ? એના વિરૂદ્ધ નોકરશાહીની ટીકા ચાલુજ રહી અને આખરે તેમને એ કાયદાની નિરૂપયોગિતા કબુલ કરવી પડી. બીજા કરોની પેઠે જમીન ઉપરના કરને પણ ધારાસભાની સંમતિ હોવી જોઇએ

ને ધારાસભા દ્વારાજ તે નિયમિત થવો જોઇએ એમ હીંદુસ્થાનના શિક્ષિત વર્ગે વારવાર જાહેર કર્યું છે. ૧૯૦૮ ના 'ડીસેન્ટ્રેલાઇઝેશન કમિશને' આ સિદ્ધાન્ત કબુલ રાખ્યો છે, અને તેને માટે મજબુત ભલામણુ કરી છે. પરન્તુ જે નોકરશાહીને હાથે ખેડુતોનું ભાગ્ય અંકિત થાય છે અને જેણુ સરકારને દુનિયાના એક મહાન જમીનદાર બનાવવાની નીતિ ધારણુ કરી છે તે આ દિશામાં સુચવવામા આવેલા સુધારા તરફ દુર્લક્ષ બતાવવામા મક્કમ રહી છે. નોકરશાહી ખેડુત સાથેનો પોતાનો વહીવટ, શાહુકારો અને દિવાની અદાલતોનો નીકાલ કરી, નિરંકુશ બનાવવાને જેટલી આતુર છે તેટલી એ સંબંધમાં પોતાનામાં–સરકારમાં સુધારા કરવાને આતુર નથી. આમ છતાં પણુ ખેડુતોના હિતના ખરા રક્ષક એ અગ્રેજ અમલદારોજ છે એમ કહેવામાં આવે છે. જમાબંધીની પદ્ધતિ વિષે હિન્દ અને સંસ્થાનો વચ્ચે જે ભેદ રાખવામાં આવ્યો છે ને દેખીતો છે, અને હિંદમાં સ્વીકારાયલું ધોરણુ ડહાપણુ વિરુદ્ધ છે એમ કહેવુંજ જોઇએ. ૧૭૯૩ ની સાલ પછી લાખો એકર જમીન, ઓસ્ટ્રેલીઆ, ટાસ્માનીઆ, કેનેડા વિગેરે દેશોમાં બ્રિટીશ તાજની હકુમત નીચે આવી છે. રાજા અથવા રાજ્ય તરફથી નીમાયલા અધિકારીઓએ ત્યાં જમીનની અમુક વેચાણુ કિમ્મત ઠરાવી તેના પ્રમાણુમાં સરકારની માલેકીનો હક જાળવવા પુરતુંજ નામનું મહેસુલ લેવાતું વધારે પસંદ કર્યું છે, અને પરિણુમે તેટલુજ મહેસુલ તેઓ ભર્યા કરે છે; પરતુ હિદુસ્થાનમાં અમુક અપવાદો સિવાય અમુક વંષોને અંતરે મહેસુલની ફરી ફરી આંકણી કરવામાં આવે છે અને તેને પરિણુામે સ્વાભાવિક રીતે ખેડુતો હેરાનગતિ,

ચિન્તા અને અસ્થિરતાનો ભોગ થઇ પડે છે. ૧૮૭૦-૭૫ સુધી વાઇસ્રિરાયની કારોબારી સભાના કાયદાના સભ્ય સર આર્થર હોબહાઉસે ૧૮૭૯માં નીચે પ્રમાણે ઉદ્દગાર કહાડયા હતા, એમાં કાંઇજ આશ્ચર્ય જેવું નથી:—

"આપણે આપણાં નાનામાં નાનાં અને નિર્બળમાં નિર્બળ સ્વજાતિથી વસાતાં સંસ્થાનો સાથે આવી રીતે વર્તવાની કદી પણ હિમ્મત ધરી નહોત"

ઉપલા ઉદ્દગાર કાપડ ઉપરની જકાતના સંબંધમાં કહાડવામાં આવ્યા હતા પરંતુ મહેસુલી વહીવટને પણ તે બરાબર લાગુ પડે છે."

ઉપરના ફકરામાં મી૦ સેતલવડ અને તેમના મિત્રોએ મુંબાઇ સરકારની મહેસુલી રાજ્યનીતિનો જુનો ઇતિહાસ કહ્યો. હવે આપણે મીન્ટો—મોરલીના સુધારા હિંદમાં દાખલ થયા ત્યાર પછીનો ઇતિહાસ તપાસીએ આ બાબતમાં મારી તો જાનમહીતી છે અને મારી ખાત્રી થઇ છે કે ઇલાકાના ખેડુતોની સ્થિતિ સુધારવાના ઉપાયો યોજવાની ભલામણો મુંબાઇની ધારાસભાના બીનસરકારી સભ્યોએ અનેકવાર કરેલી છે. ૧૯૧૦થી આજ સુધી ધારાસભામાં આ વિષય ઉપર ચાલેલી તકરારોનો વિચારપુર્વક અભ્યાસ કરનાર સહજ સમજી શકશે કે ખેડુતોનું હિત સાચવવા, તેમની સ્થિતિ સુધારવા કોણે વધારે કાળજી બતાવી છે? સરકારે કે બીનસરકારી સભાસદોએ? સરકારે નીમેલી કમિટીની ફરજ છે કે આ વિષય ઉપર તેમણે બારીકીથી તપાસ કરવી. આપણી પણ ફરજ છે કે વધારે નહિ તો ૧૯૧૦થી તે આજ સુધી ધારાસભામાં ચાલેલી આ વિષય ઉપરની તકરારોનો સંક્ષિપ્ત સાર કાઢી તે કમિટી સમક્ષ રજુ કરવો.

તેમ કરવાથી ખુલ્લે ખુલ્લું માલમ પડી આવશે કે સરકાર અને સરકારી અમલદારોએ છભાકાના ખેડુતોના હિતાર્થે કઇ કઇ યોજના ધારાસભા પાસે રજુ કરી અને બીનસરકારી સભાસદોએ તે સામે વાંધો લીધો, અગર તો બીનસરકારી સભાસદોએ કઇ કઈ યોજના રજુ કરી અને સરકારે તે સ્વીકારી કે નહીં? મારા જાત અનુભવ ઉપરથી હું તો કહેવાને તૈયાર છું કે જમીન મહેસુલનું ખાતું પરાયત્ત કરવામાં આવે તોજ ખેડુતોની સ્થિતિમાં ફેરફાર થવાનો સંભવ છે.

વળી એવી દલીલ લાવવામાં આવે કે જમીન મહેસુલ ખાતું ન્યાય અને સુલેહશાંતિના ખાતાં સાથે સંયુક્ત હોવાથી એ બન્ને ખાતાં એકજ વર્ગમાં જવાં જોઇએ. આ દલીલમાં કંઈજ વજન નથી. જમીન મહેસુલ અને કારોબારી ખાતાંથી ન્યાય ખાતાંને જુદું પાડવાની માગણીઓ પ્રજા પક્ષના અગ્રેસરો ઘણા લાંબા વખતથી કરતા આવ્યા છે. બન્નેને સંયુક્ત રાખવામાં ન્યાય ખાતાનું સ્વાતંત્ર્ય દબાય છે ને તેનો મોભો ઘટે છે, અને મહેસુલી અને કારોબારી ખાતાંને અણઘટતું પ્રાધાન્ય મળે છે. બન્ને ખાતાનાં વિષયો અને તેના અમલદારો પોત પોતાનાં કાર્યક્ષેત્રમાં સંપુર્ણ રીતે સ્વતંત્ર હોવા જોઇએ. વડોદરા રાજ્યમાં એ બે ખાતાંઓ પ્રથક છે તેથી જમીન મહેસુલનાં ખાતાંને અથવા ઉપજને કોઇ પણ પ્રકારનું જોખમ પહોંચ્યુ નથી.

ન્યાય ખાતું.

(૧) દિવાની અને (૨) ફોજદારી એવા ન્યાય ખાતાના બે વિભાગો છે. પ્રથમ વિભાગને 'સ્વાયત્ત' રાખવાની કાંઇપણ જરૂર

નથી, બલ્કે સુશિક્ષિત હિન્દીઓનું એ વિષયનું જ્ઞાન અને સૂક્ષ્મ વિવેકદૃષ્ટિ માટે સરકાર પણ ઘણો ઉંચો અભિપ્રાય ધરાવે છે, અને તેથી તેઓ એ ખાતામાં હિન્દી સનંદી અમલદારો કરતાં વધારે ઉપયોગી નીવડવાનો સંભવ છે. હાલ દિવાની ખાતું મહેસુલી ખાતા સાથે સંયુક્ત નથી અને કારોબારી અમલદારો બહાલી બરતરફી, વિગેરે બાબતોમાં તે ખાતાના અંકુશ નીચે છે એ ખાતું હાઇકોર્ટની દેખરેખ નીચે છે એટલે દિવાની શાખાના ન્યાયના સઘળા વિષયો 'પરાયત્ત' કરવામાં કોઇ જાતનો વાંધો નથી.

બીજા વિભાગનો ન્યાય (ફોજદારી વિષય) કારોબારી ખાતાં સાથે 'સ્વાયત્ત' રાખવાનું કારણુ નથી. જો જમીન મહેસુલ 'પરાયત્ત' થાય તો ફોજદારી ન્યાયનું ખાતુ 'પરાયત્ત' વર્ગમાં જવું જોઇએ. આ ખાતાનું કાર્ય, મામલતદાર, ડેપ્યુટી કલેકટર અને કલેકટર વિગેરે મહેસુલી અમલદારોને સોંપાયલું છે તો પછી ફોજદારી ન્યાયનું ખાતું સ્વાયત્ત શી રીત બનાવી શકાય? એકજ અમલદારને એવી રીતે બે પ્રકારના અંકુશમાં રાખવાથી પ્રજા તેમજ અમલદારનું અહિત થવાનો સંભવ છે.

સુલેહ શાન્તિ જાળવનારૂં ખાતું 'સ્વાયત્તજ' હોવું જોઇએ એમ ઠરાવી પાડી, ફોજદારી ન્યાયનું ખાતું તેની સાથે સંબન્ધ ધરાવતુ હોવાથી તેને પણ 'સ્વાયત્ત' રાખવું અને મહેસુલી અને ફોજદારી ખાતાં સંયુક્ત હોવાથી મહેસુલી ખાતું પણ 'સ્વાયત્ત' રાખવા સિવાય બીજો માર્ગ નથી, એવી દલીલ કરવી એ માત્ર તર્કજાળ છે અને તેમાં પ્રજા પક્ષના હીમાયતીઓએ ફસાવું જોઇએ નહિ.

ફોજદારી ન્યાય અને સુલેહ—અથવા માજીસ્ટ્રેટો અને પોલિસના અધિકારનાં કામોનું મૂળ ગુન્હામાં રહેલું છે; પરંતુ બન્નેનું કાર્યક્ષેત્ર તદ્દન અલગ છે. પ્રત્યક્ષ ફરીયાદ અથવા પોલિસના રીપોર્ટ સિવાય માજીસ્ટ્રેટને ન્યાય આપવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. સુલેહ જાળવવાનું કામ પોલિસનું છે. પ્રત્યક્ષ ફરીયાદ અથવા પોલિસ રીપોર્ટ ઉપરથી ગુન્હો થયો છે કે નહિ તેનો ન્યાયને ધોરણે માજીસ્ટ્રેટને નિર્ણય કરવાનો છે, અને તેમાં પોલિસ ખાતાંનો અથવા કારોબારી ખાતાંનો વાસ્તવિક સબંધ કાંઇજ નથી.

ગુન્હો સાબિત થયો છે કે નહિ તેનો નિર્ણય કરવા ઉપરાંત 'ક્રીમીનલ પ્રોસીજર કોડ' અથવા 'પોલિસ એક્ટ' પ્રમાણે ગુન્હાના અટકાવ માટે પગલાં લેવાં પડે છે અથવા તોફાનના પ્રસંગે પોલિસ ઉપર અધ્યક્ષપણું રાખવાનું હોય છે. પહેલા પ્રકારના કાર્ય ભાગનો સમાવેશ ન્યાય ખાતામાજ થવો જોઇએ, કારણ કે તેમાં આરોપીને અટકાવમાં રાખવો કે નહિ, અથવા જામીન લેવો કે નહિ તેનો નિર્ણય પુરવાના ધોરણે થાય છે. એટલે એનો સુલેહ શાંતિના ખાતાં સાથે સંબધ નથી, કારણ કે તેમ હોય તો તો પોલિસના હુકમથીજ તેનો નિર્ણય થઇ જાય.

પોલિસ એક્ટ પ્રમાણેનું ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ—કલેક્ટરનું અધ્યક્ષ પણું તોફાનનાજ પ્રસંગે હોય છે તેમાં પણ પોલિસખાતાના મુખ્ય અધિકારીની પોતાના ખાતા ઉપરની સત્તા ઉપર કોઇપણ પ્રકારનો અંકુશ મુકવામાં આવ્યો નથી. તોફાન અટકાવવા સખ્તાઇના ઉપાયો લેવા કે નહિ તેટલોજ પોતાના વિશાળ અનુભવના બળથી માજીસ્ટ્રેટને તો નિર્ણય કરવાનો હોય છે અને તે નિર્ણય કરવામાં માજીસ્ટ્રેટને

પ્રાધાન્ય આપવાનું કારણ એટલુંજ હોય છે કે, સુલેહ જાળવવાના અથવા તોફાન અટકાવવાના આવેશમાં પોલિસને હાથે નિરપરાધીઓ સપડાઈ ન જાય અથવા માર્યા ન જાય. આટલા પૂરતા માજીસ્ટ્રેટના અમલદારપણાના સંબંધને લીધે ફોજદારી ન્યાય અને પોલિસ બંને 'સ્વાયત્ત' વિષયોમાં દાખલ કરવા અને તેમાં જમીન મહેસુલને પણ ખેંચી જવું એ ઘણુંજ અણુઘટતું છે.

તોફાન પ્રસંગે ફોજદારી ન્યાયનું ખાતું 'પરાયત્ત' થવાને લીધે માજીસ્ટ્રેટો પોલીસને મદદ નહિ કરે એવી ભુલી દલીલ કેટલાકો લાવે છે, તેઓ નવા રાજ્યતંત્રની જવાબદારીનું સ્વરૂપ સમજ્યાજ નથી. એમ કહેવું જોઇએ. સત્તાની સાથે જવાબદારી જોડાયલીજ હોય છે અને પ્રજામત પ્રમાણે ચાલતા ઇલાકાના નવા રાજ્યતંત્રમાં તેવા સંકટના સમયે નબળાઇ દેખાડનાર માજીસ્ટ્રેટ ઠપકાને અથવા શિક્ષા ને પાત્ર થયા વિના રહેશે એમ માનવાને કાંઇજ કારણ નથી. ખોટા ભયની કલ્પના કરી 'સ્વાયત્ત' વિષયોની સંખ્યા વધારવાની હીમાયત કરનારા ખરી રીતે પ્રજાહિતના વિરોધીઓજ છે એમ કહેવું પડશે

મુંબાઈ ઇલાકા માટે સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર.

મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાની યોજના ઉપર જે અનેક ટીકાઓ અને અભિપ્રાયો વર્તમાનપત્રો દ્વારા પ્રસિદ્ધ થયાં છે, તેમાંના ઘણા એવી મતલબના છે કે "મિશ્ર જવાબદારીવાળું રાજ્યતંત્ર દુનિયાના કોઇપણ દેશમાં કોઇ પણ સમયે અજમાવવામાં આવ્યું નથી એટલે એવું તંત્ર હિંદમાં ફતેહમંદ નીવડશે એમ ખાત્રીપૂર્વક માની શકાય નહિ," જે મહાન રાજ્યદ્વારીઓએ આ યોજના ઘડી છે તેમનાં મન પણ આ વિષયે સદિગ્ધ છે એમ આ નવીન પ્રકારના અખત-

રાની ફ્રેંડ સબંધી રિપોર્ટમાં તેમણે કેટલાક સ્થળે દર્શાવેલા કેટલાંક વિચારો ઉપરથી જણાઇ આવે છે. જો વસ્તુ-સ્થિતિ આવી છે તો પછી એજ પ્રકારનો અખતરો સર્વ પ્રાંતોમાં અજમાવવો એ સલાહ ભરેલું ગણાય નહિ. કોઇપણ સ્થળે ન અજમાવાયલો અખતરો નિષ્ફળ નિવડવાનો સંભવ વિશેષ છે. અને પછી નિષ્ફળતાનો દોષ સરકાર અથવા નોકરશાહી હિન્દી પ્રજાની જવાબદાર રાજ્યતંત્ર માટેની નાલાયકી ઉપર ઢોળશે અને હિન્દી પ્રજા તરફ અખતરાની અયોગ્યતાને દોષ દેશે. પરિણામે રાજ્યકિય અસંતોષ કાયમનો કાયમ રહેશે: પરંતુ જો કેટલાક પ્રાન્તોમાં સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવામાં આવે અને બાકીનામાં યોજનામાં કલ્પેલું મિશ્ર જવાબદારીવાળું તંત્ર દાખલ કરવામાં આવે તો પછી પાછળથી ઉભય પક્ષને કાંઇ બોલવાનું જ રહે નહિ, અને એમાંથી કયા પ્રકારનું તંત્ર હિન્દને માટે વધારે ઇચ્છવાજોગ છે તે આપોઆપજ જણાઇ આવે. સુધારાની યોજનાનો વિચારપૂર્વક અભ્યાસ કર્યા પછી આગળ કહેલા એક બે પ્રાંતોમાં સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવુંજ જોઇએ એવા નિર્ણય ઉપર હું આવ્યો છું. ગયા જુલાઇ માસમાં યોજના સંબંધી મારા વિચારો મેં જાહેરમાં મુકયા ત્યારે પણ આજ અભિપ્રાય મે સ્પષ્ટપણે જણાવેલો છે. રાષ્ટ્રીય પરિષદની ખાસ બેઠક મળી એ સ્વાગત મંડળના અધ્યક્ષ તરીકે પણ મેં એજ કહ્યું છે. ત્યાર પછી સીમલામાં વડી ધારાસભાના બીન સરકારી સભ્યોની કમિટીના રિપોર્ટથી જુદા પડી મુંબાઇ ઇલાકાને તો સંપૂર્ણ જવાબદાર તંત્ર આપવુંજ જોઇએ એમ ચોખ્ખી રીતે મેં જાહેર કર્યું છે. અને થોડાજ દિવસ ઉપર યોજના સબંધી પ્રેસીડન્સી એસોસીએ-

શ્નનો અભિપ્રાય મુંબાઈ સરકારે માગેલો તેનાપર વિચાર ચલાવવા નીમાયલી કમિટીમાં પણ મેં એજ મત દર્શાવ્યો છે, એટલુંજ નહિ પરંતુ કમિટીના બીજા સભ્યો પણ મારી સાથે મળતા થયા છે વળી મુંબાઈની ધારાસભાના બીનસરકારી સભ્યોની કમિટીએ પણ થોડા દિવસની વાત ઉપર એવો ઠરાવ કર્યો છે કે મુબઈ ઇલાકામાં તો એકએક ખાતુ પરાયત્ત કરવું જોઇએ. આ ઇલાકાની પ્રજા કેળવણીમાં પ્રમાણમાં વધારે આગળ વધેલી છે પ્રાથમિક કેળવણી ફરજયાત કરવાનો કાયદો, એક બીનસરકારી સભ્યના ખરડા ઉપરથી હિંદમાં પ્રથમજ પસાર કરવાનું માન આ ઇલાકાને છે વળી આ ઇલાકો વ્યાપાર રોજગારમા પહેલે નંબરે છે એ સર્વને કબુલ કરવું પડશે. દુનિયાનાં મહાન બંદરોની સરખામણીમાં ઉતરી શકે એવું બંદર આ ઇલાકાની રાજ્યધાની છે. મુંબાઇનો વ્યાપાર આખી દુનિયા સાથે ચાલે છે અને ત્યાંના વ્યાપારીઓની કીર્તિ આખી દુનિયામાં પ્રસરેલી છે. રાજકીય વિષયોમાં પણ મુંબાઇ ઇલાકો એકકો છે એ વાત સરકારને પણ કબુલ કરવી પડે એવી છે. ત્યાંની પ્રાંતિક ધારાસભાના સરકારી અને બીન સરકારી સભ્યો હળીમળીને પ્રજા અને સરકાર બન્નેનું હિત લક્ષમાં લઇ કેવી દક્ષતાથી કામ બજાવે છે તેની ખાત્રી લોર્ડ વિલીંગડન પોતાના છ વરસના અનુભવ ઉપરથી આપી શકશે. નામદાર વાઇસરાય તથા મેંટેગ્યુ સાહેબ રાજ્ય સુધારા સમ્બન્ધી લોકમતથી પરિચિત થવા જ્યારે મુંબાઇ આવેલા ત્યારે, આપણા આગેવાનો સાથેની વાતચિત અને તેમણે કરેલી બીજી તપાસ વિગેરેથી, મુંબાઇના રાજકીય વાતાવરણના ઉન્નતના વિષે તેમને ખાત્રી થઇ હતી એમ કહેવાય છે. આ બધી હકીકત ઉપરથી

હું એમ માનું છું કે કયા વિષયો સરકાર હસ્તક રાખવા અને કયા મંત્રીઓને સ્વાધીન કરવા એનો નિર્ણય કરવા નીમાયલી કમિટી આ ઇલાકામાં ઘણાં ખરાં ખાતાં મંત્રીઓને સ્વાધીન કરવાની ભલામણ કરશે, પરંતુ સુધારાની યોજનાના ૨૩૮મા ફકરામાં કયાં ખાતાં મંત્રીઓને સ્વાધીન કરવા જેવા નથી તેનાં ઉદાહરણ તરીકે જમીન મહેસુલ, ન્યાય અને સુલેહ શાંતિ જાળવનારાં ખાતાં ગણાવવામાં આવ્યા છે, તેથી કદાચ મુંબાઇ ઇલાકામાં પણ આ ખાતાં મંત્રીઓને સ્વાધીન કરવાની ભલામણ કમિટી ન કરે એવો શક જાય છે. ઉપરોકત ફકરામાં મુંબાઇ ઇલાકાનો ખાસ ઉલ્લેખ કરેલો નથી, પરંતુ હિંદુસ્થાનના સઘળા પ્રાંતો વિષે એકંદર અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે. એટલે કોઇ એકાદ પ્રાંતની વિશિષ્ટ વસ્તુ સ્થિતિ લક્ષમા લઇ આ ખાતા સરકાર હસ્તક ન રાખવાની ભલામણ કરવામા કમિટીને કોઇપણ પ્રકારનો પ્રતિબંધ નથી. તેમજ એમ કરવામાં તા૦ ૨૦ મી ઑગસ્ટ ૧૯૧૭ ના ઢંઢેરાનું પણ ઉલ્લંઘન થતું નથી મહેસુલ, ન્યાય અને સુલેહ શાંતિના ખાતાં મંત્રીઓને સ્વાધીન કરવાની ભલામણ કરતાં પહેલાં કમિટી ગંભીર વિચાર કરશે અને એના સમર્થનમાં આપણી પાસે સંગીન કારણો માગશે, અને એજ કારણથી મારે આ બાબતમાં જરા લંબાણ વિવેચન કરવું પડયું છે.

સુલેહ શાંતિ જાળવનારૂં ખાતું.

જમાબંધી અને ન્યાય ખાતા શા માટે મંત્રીઓને સ્વાધીન કરવાં તે તો હું ઉપર કહી ગયો છું. હવે સુલેહ શાંતિ જાળવવાના ખાતા વિષે હું બોલવા માંગું છું. એ ખાતાનો મુખ્ય વિષય પોલિસ છે, અને તેનો ઉદ્દેશ ગુન્હા અટકાવવાનો તેમજ ગુન્હા પકડી ગુન્હે

ગારને ન્યાયની અદાલતમાં રજુ કરવાનો છે. બ્રિટિશ અમલના આરંભથીજ આ ખાતું સરકાર હસ્તક હોવા છતાં અને પ્રજાપોકારની દરકાર ન કરી તેના ઉપર વધારવામાં આવેલા ભારે ખર્ચ છતાં ગુન્હાઓ અટકયા કે ઓછા થયા નથી, શાંતિ જળવાય તેમાં જેટલું સરકારનું હિત સમાયલું છે. તેટલુંજ બલ્કે તેથી વધારે પ્રજાનું હિત સમાયલું છે. આ ખાતું મંત્રીઓને સોંપાય તો લોકહિતને લેશ માત્ર પણ નુકશાન થવાનો સંભવ નથી, બ્રિટિશ રાજ્યસત્તા વિરૂદ્ધ બળવો ઉઠે અગર હિન્દુસ્થાન બહાર તેના પર હુમલો થાય તો તે અટકાવવાને સરકાર પાસે સાધનો હોવા જોઇએ એ વાત આપણને કબુલ છે, પરંતુ લશ્કરી ખાતું એટલા માટેજ રાખવામાં આવ્યુ છે, અને એ ખાતું હિન્દી સરકારની હુકુમત નીચે છે. પોલિસ ખાતું માત્ર દેશની અંદરની સુલેહ શાંતિ જાળવવા માટે રાખવામાં આવ્યું છે, રાજ્યદ્રોહના ગુન્હા અટકાવવાનું તથા પકડવાનું કામ કરનારું છુપી પોલિસનું ખાતું જે પોલિસ ખાતાનો એક ભાગ છે તે તો સરકાર હસ્તક રહેવુંજ જોઇએ એવી દલીલ કદાચ વજનદાર ગણાય, પરંતુ લોકનિયુકત સભ્યોમાંથી નીમવામાં આવેલા મંત્રીઓ આવા ગુન્હાઓ અટકાવવા અને પકડાવવા સંબંધી બેદરકાર રહેશે એમ માનવાને કાંઇજ કારણ નથી. હિન્દમાં પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવાનો સદ્હેતુ તા. ૨૦ મી ઓગસ્ટના ઢંઢેરામાં જાહેર થયો ત્યારથી બ્રિટિશ અમલ વિરૂદ્ધ લાગણી ધરાવનાર જે જુજ વર્ગ હશે તેનું જોર પણ કમી થઇ ગયુ હોવું જોઇએ એમ મારૂ તો માનવું છે; અને મારી ખાત્રી છે કે તેવુ રાજ્યતંત્ર દાખલ કરવાની યોજના અમલમાં મુકવામાં

આવે કે તરતજ, તેવા વર્ગના માણસો, હિન્દમાં પ્રજાને સંપૂર્ણ રીતે જવાબદાર રાજ્યતંત્ર દાખલ થાય ત્યાં સુધી હિન્દુસ્થાનનું હિત બ્રિટિશ અમલ હિન્દુસ્થાનમાં રહે તેમાંજ રહેલું છે, એમ ખાત્રી પૂર્વક સમજતા અને માનતા થશે. આમ છતાં કમિટીને એમજ લાગે કે આ ખાતું આ ઇલાકામાં પણ મંત્રીઓને નજ સોંપવું તો ભલે પોલિસ ખાતાનો એટલો ભાગ જૂદો પાડી સરકારે તે. સ્વહસ્તક રાખવો, અને બાકીનું પોલિસ ખાતું મંત્રીઓને સ્વાધીન કરવું. જો છુપી પોલિસ સરકાર હસ્તક રહે તો પછી રાજ્યદ્વારી (Political) ખાતું પણ તેજ કારણોસર સરકાર હસ્તક રાખવાની દલીલ કરવામાં આવે તો તે ગેરવ્યાજબી ગણાય નહિ.

આ પ્રમાણે જો બધાં અગર ઘણાં ખરા ખાતા મંત્રીઓને સોંપવામાં આવે તો પછી કારોબારી સભાની (Executive Council) જરૂરજ રહે નહિ. આ ઇલાકા માટે એક ગવર્નર અને ત્રણ કે ચાર મંત્રીઓ બધો કારભાર ચલાવવાને બસ છે. જે જુજ ખાતા સરકાર હસ્તક રાખવાનાં હોય તેનો હવાલો ગવર્નર પાસે રાખી બાકીના તમામ ખાતાની વ્યવસ્થા મંત્રીઓ પાસે રહી શકે.

નોકરો ઉપર અંકુશ કોનો હોવો જોઇએ?

ઇલાકાના અમલદારોના વર્ગની નીમણુક અને નોકરીની શરતોને લગતી બાબત "સ્વાયત્ત" વર્ગમાં રિપોર્ટમાં મુકવામાં આવી છે. (જુઓ રિપોર્ટના પરિશિષ્ટ ૧ ના ઉદાહરણનું લીસ્ટ ૧ ની કલમ ૪).

જો ઇલાકાનું સ્વાશ્રયી રાજ્યતંત્ર મુંબાઇ ઇલાકા જેવા આગળ

અડતા પ્રાંતને સર્વ અથવા નિદાન મોટા ભાગમાં આપવાનું હોય તો અમલદાર વર્ગની ઉપરનો અંકુશ પ્રજાના હાથમાં અર્થાત્ પ્રધાનના હાથમાં મુકાવો જોઇએ, હિન્દી સનંદી નોકરી, અને ઇલાકાની સીવીલ સર્વીસનો અંકુશ પ્રધાનના હાથમાં જવામાં મુખ્ય વાંધા નીચે પ્રમાણે બતાવવામાં આવે છેઃ—

(૧) હિંદી સનંદી નોકરી હિન્દુસ્થાનના સમગ્ર મુલકને લગતી છે, અને તેના નોકરો, ભિન્ન ભિન્ન પ્રાંતોમા જૂદાં જૂદા ખાતામાં વહેચાઇ ગયલા છે.

(૨) એકજ પ્રાંતને લગતી તે બાબત નથી, અને તેથી પેરા ૨૧૨ મુજબ "સ્વાયત્ત" વર્ગમાં તે પડી જોઇએ.

(૩) સઘળા હિંદને લગતી નોકરીના હિતના પ્રશ્નો, અમુક પ્રાંત સાથે તે નોકરો જોડાયા હોય, તોપણુ હિંદુસ્થાનની સરકારના દેખરેખ નીચે જોઇએ, અને જરૂર પડે તો તે । સરકાર આડે આવી શકે. (જુઓ રિપોર્ટનો પેરો ૨૪૦).

(૪) પરાયત્ત વિષયોનુ નિરાકરણ કરનારા મંત્રીઓને પોતાના ખાતા સારૂ નિરાળી નોકર વર્ગની યોજના કરવામાં ઘણી અગવડ પડે અને તેવી યોજના કરવાની જવાબદારી તેમના ઉપર મુકવામાં આવશે તો તેઓ કદાચ નિષ્ફળ જશે. (પેરા ૨૫૮)

હવે આ દલીલોમાં કેટલું વજુદ છે તે આપણે વિચારી જોઇએ.

હિંદી સનંદી નોકરી જે સર્વોપરી સત્તા તરીકે મનાતી આવી છે તે નોકરી હિંદુસ્થાનના સમગ્ર દેશને લગતી ગણવામાં ખરું તાત્પર્ય નથી, તે નોકરીના અમલદારો જ્યારથી હિંદુસ્થાનમાં નીમવાના હોય છે ત્યારથી તેમનો સંબંધ અમુક સાથે મુકરર કરવામાં

આવે છે અને તેમનું સઘળું જીવન તે પ્રાંતમાંજ જાય છે. કોઇ જુજ પ્રસંગે નોકરોની તાણ હોય ત્યારે અથવા અમુક નોકર અમુક વિષયમાં ખાસ લાયકાત ધરાવતો હોય અને તેવા નોકરની અમુક પ્રાંતમાં ખોટ હોય ત્યારેજ બીજા પ્રાંતમાંથી નોકર લેવામાં આવે છે. આથી તે નોકરી "સમગ્ર હિંદુસ્થાન"ની છે એવું કહી મંત્રીઓના તાબામાં ન મુકવી એ દલીલ પાયા વિનાની છે.

આ સનંદી નોકરીના હક્ક—અર્થાત્ તેમની બહાલી બરતરફી બાબત-સમાન છતાં તેમનાં પ્રોમોશન વિગેરેનું ધોરણ તે તે પ્રાંતના નિયમાનુસાર હોય છે. આ નિયમોમાં ફેરફાર કરતાં પહેલાં ભલે હિંદુસ્થાનની સરકારને પૂછવાની અગત્ય રાખવામાં આવે, પરંતુ નિયમો ઘડાયા પછી નોકર વર્ગે તે તે પ્રાંતના પ્રજામતને અનુસાર રાજ્યતંત્રના મંત્રીને આધીન વર્તવોજ જોઇએ. હિંદુસ્થાનની સરકાર અન્યાયના પ્રસંગે અથવા નિયમોની અવગણના કરે તેવા પ્રસંગે અમુક મર્યાદામાં નોકરોની ફરીઆદ સાંભળે, પરંતુ તેટલા માત્રથી તેમને "પરાયત્ત" વર્ગમાં મુકવામાં વાંધો લાવી શકાય નહિ.

હિંદી સનદી નોકરીના અમલદારો ખરી રીતે જમીન મહેસુલ તથા સામાન્ય રાજવહીવટના ખાતા સાથે તથા ન્યાયના ખાતા સાથે મુખ્યત્વે કરી જોડાયલા હોય છે. હિંદુસ્થાનના રાજ્યતંત્રના પાર્લામેંટના સને ૧૯૧૫ના કાયદાના પરિશિષ્ટ ઉપર નજર નાંખતાં સ્પષ્ટ સમજાય તેમ છે કે આ સનંદી નોકરીનો અમુક જગ્યાઓ ઉપર હક્ક ઠરાવવામાં આવ્યો છે. તે પરિશિષ્ટમાં નહિ આવનારી જગ્યાઓ ઉપર તેમનો હક્ક નથી, છતાં આ સાથે જોડેલી તારીજ જે છેવટના સીવીલ લીસ્ટ ઉપરથી તારવવામાં આવી છે તે ઉપરથી સમજાશે કે

ઘણી ખાસ નવી જગ્યાઓ ઉપર તેઓ હક્ક કરી ચઢી બેઠા જણાય છે. નીચેની જગ્યાઓ હિંદી સનંદી નોકરીના અંગની હક્કની ગણુ-વામાં પાર્લામેંટના કાયદામાં આવી નથીઃ—

૧. પ્રાઇવેટ સેક્રેટરી-નામદાર ગવર્નરના.
૧. કાઠીઆવાડના પોલીટીકલ ખાતાના એજંટ સાહેબ.
૧. સુપરિન્ટેન્ડેન્ટ–સ્ટાંપ અને સ્ટેશનરી.
૧. લેન્ડરેકર્ડ ખાતાના મુખ્યાધિકારી.
૧. લેન્ડરેકર્ડના સુપરિન્ટેન્ડેન્ટ.
૧. ઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટના ચેરમેન.
૧. ડાયરેકટર ઓફ઼ ઇન્ડસ્ટ્રીઝ.
૧. જુનાગઢના એડમીનીસ્ટ્રેટર.
૧. પાલીતાણાના એડમીનીસ્ટ્રેટર.
૧. સીવીલ સપ્લાયના ડેપ્યુટી ડાયરેકટર.
૧. મુંબઈ શહેરના મ્યુનીસીપલ કમીશનર.
૩. અમદાવાદ, સુરત, અને હૈદ્રાબાદના મ્યુનીસીપલ કમીશનરો.
૧. બોર્ડ ઓફ઼ ટ્રેડનો ઉપરી અધિકારી.
૧. સાલસેટ ડેવલપમેંટ ઓફિસર.

૧૭.

સીવીલ લીસ્ટમાં જુલાઇ ૧૯૧૮માં ૧૭૩ સીવીલ સર્વંટોમાં ૧૨૪ કાયમની જગ્યાના ધારણ કરનારા છે. તેમા પાર્લામેંટના કાયદા

પ્રમાણે તેમના હકની જગ્યાઓ લગભગ ૧૦૭ જણાય છે, અને ઉપરની સત્તર જગ્યાઓ વધારાની તે નોકરોની થઇ પડી છે.

મારી કહેવાની મતલબ એવી નથી કે હિંદી સનંદી નોકરીના મેંબરોને આ નવી જગ્યાઓ મળવી જોઇએ. જ્યાં લાયકાત અને જવાબદારીનો પ્રશ્ન છે ત્યાં યોગ્ય નોકરનીજ કદર થવી જોઇએ. કદાચ નામદાર ગવર્નર સાહેબને સીવીલ સર્વિસ બહારનો પ્રાયવેટ સેક્રેટરી ભાગ્ગે ન મળે; કદાચ કાઠીઆવાડના એજંટ તરીકે પોલીટીકલ ખાતાના અનુભવીની ખોટ પડી ગઈ હોય એમ તકરારની ખાતર માની લઇ તે જગ્યા સીવીલ સર્વંટને હાથે જાય, પણ બાકીની ઘણી જગ્યાઓ ઇલાકાની નોકરીના અર્થાત પ્રોવીન્શીઅલ સીવીલ સર્વિસના નોકરો સારી રીતે ધારણ કરી શકે તેમ છે, બલ્કે કેટલીક જગ્યામાં તો દેશીની લાયકાત વધારેજ છે. છતાં આ જગ્યાઓ હક તરીકેની ગણી નોકરોને મંત્રીના તાબામાં મુકવામાં સનંદી નોકરો જુદા જુદા ખાતામાં વહેંચાયેલા છે તેથી તેમને "સ્વાયત્ત" વર્ગમાં સરકારે રાખવાની દલીલ રજુ કરવામાં આવે છે. જે ખાતું જેમને અર્થે નોકરીમાં દાખલ થવાના આરંભથીજ નિર્માણ થયું છે તે ખાતામાંજ તે નોકરોએ મોટી આશા રાખવી જોઇએ, પણ બીજા ખાતામાં તરાપ મારવાની શી જરૂર!

છેવટે જો મહેસુલ ખાતું, અને ન્યાય ખાતું (દિવાની અને ફોજદારી) મુંબાઇ ઇલાકામાં મંત્રીઓને સ્વાધીન કરવાનું કબુલ રખાય તો તે ખાતાના સઘળા નોકરોનો સર્વ અંકુશ તે તે મંત્રીઓ પાસેજ રહેવો જોઇએ. હિંદી સનંદી નોકરીના

સભ્યોના સંબંધમાં અને બહુ માન છે, પરંતુ સઘળા નવા રાજ્યતંત્રની શ્રેણીમાં વગર કચવાયેલા મનથી જોડાશે એવું માન લેવું એ મનુષ્ય સ્વભાવની અવગણના કરવા જેવું છે. તેમાં દેશી મંત્રીઓનો બધો નિર્ણય કરવાનો આધાર અને હકીકતની ભુમીકા જ્યારે આ સીવીલ સર્વંટોના હાથમાં હોય, અને તે નોકરો તે મંત્રીઓના અંકુશમાં ન હોય તો મંત્રીઓની પ્રસંગે સ્થિતિ કફોડી થયા વિના રહેજ નહિ. સ્વતંત્રતાના વાતાવરણમાંથી આવેલા ગવર્નરો પણ આ સીવીલ સર્વંટોના ડાબા જમણા હાથ-ણમાં આવી જાય છે, તો દેશી મંત્રીઓ કાંતો તેમની મતિને વેચાય અને શોભા માત્ર અધ્યક્ષ થાય, અથવા નિર્ણયની જવાબદારીમાં ફસાઇ પડે. આથી જો નોકર વર્ગને છેવટે સરકાર "સ્વાયત્ત" વિષય તરીકે રાખે તો પણ આ નોકરો જે જે મંત્રીના ખાતાના હોય તે તે મંત્રીના અભિપ્રાયને અનુસાર તે નોકરોનાં પ્રોમોશન વિગેરે થવાં જોઇએ, અને ગવર્નરની કારોબારી સભાથી પરભાર્યાં થવા જોઇએ નહિં.

મંત્રીઓ પોતાનાં ખાતાંને માટે નિરાળી નોકરોની સંસ્થા ઉભી કરે એવું પ્રજા પક્ષના હિમાયતીઓ કહેતા નથી, પરંતુ હાલની નોકરીઓ ઉપરનો અંકુશ મંત્રીઓને સોંપવો જોઇએ એ આપણો મુદ્દો છે. મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડના રિપોર્ટમાં નિરાળી નોકરના વર્ગની દલીલ ખોટી ઉભી કરવામાં આવી છે. તેનું ખરચ વધારવાનું પ્રજા પક્ષના હિમાયતીને ઇષ્ટજ નથી.

ઉપર પ્રમાણેના મારા વિચાર હોવાથી આ પરિષદને ભલામણ કરૂં છું કે આ વિષયની આપણે બને તેટલા વિસ્તારથી ચર્ચા કરવા

જોઇએ. અને છેવટે એક કમિટી નીમી આ અને તેને લગતા બીજા વિષયો સંબંધી આપણી ઇચ્છાઓ અને માંગણીઓ મજબુત કારણો સાથે, આ વિષયનું નિરાકરણ કરવા માટે નીમાયલી ખાસ કમિટી સમક્ષ, પરિષદ તરફથી નિવેદન થવી જોઇએ.

ધારાસભાનું બંધારણ.

હવે આપણે ધારાસભાના બધારણ વિષે વિચાર કરીએ. એ બાબતનો નિર્ણય ઘણા પ્રશ્નો ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે (૧) ધારાસભામાં સભ્યોની સંખ્યા કેટલી હોવી જોઇએ (૨) તેમાં લોકનિયુક્ત સભ્યોનું પ્રમાણ કેટલું હોવું જોઇએ (૩) સરકાર તરફથી નીમાયલા સભ્યોમાં અમલદાર કેટલા અને બીનઅમલદાર કેટલા (૪) લોકનિયુક્ત સભ્યોમાં મુસલમાનોનું પ્રમાણ કેટલું (૫) ખાસ પ્રતિનિધિત્વ કઇ કઇ સંસ્થાઓ અને કોમોને મળવું જોઇએ (૬) દરેક જીલ્લાવાર પ્રતિનિધિ ચુંટવાનો હક્ક આપવો કે બે અથવા વધારે જીલ્લાઓના સમુહ બનાવી તે દરેક સમુહને પ્રતિનિધિ મોકલવાનો હક્ક આપવો (૭) મતાધિકાર કોને આપવો અને મતાધિકારીઓની સંખ્યા કેટલી હોવી જોઇએ.

આ સવાલોનો વિચાર કરવામાં કેટલાક વિગતવાર આંકડાઓની ઘણી જ જરૂર છે જેટલા આંકડાઓ મને મળી શક્યા તેનું કોષ્ટક નીચે પ્રમાણે છે:—

જીલ્લાનું નામ.	વસ્તી કેટલા હજાર ?			લખી વાંચી જાણનાર કેટલા હજાર ?			જીલ્લાની તાલુકા બોર્ડ માટે મત આપનારાઓનીસંખ્યા	જીલ્લાની મ્યુનીસીપાલીટીઓ માટે મત આપનારાઓની સંખ્યા
	મુસલમાનો.	મુસલમાનો સીવાયના.	કુલ્લ.	મુસલમાનો.	મુસલમાનો સીવાયના.	કુલ્લ.		
અમદાવાદ	૯૨	૭૩૬	૮૨૮	૧૩	૯૧	૧૦૪	૮૫૬૯	૧૮૨૦૬
ખેડા	૬૩	૬૨૮	૬૯૨	૬	૫૧	૫૮	૧૦૧૫૦	૭૫૬૩
પંચમહાલ	૨૨	૩૦૦	૩૨૩	૩	૧૩	૧૬	૧૯૦૮	૨૮૨૨
સુરત	૫૫	૫૯૯	૬૫૪	૧૦	૮૨	૯૨	૧૦૯૨૭	૯૦૭૯
ભરૂચ	૬૮	૨૩૯	૩૦૭	૧૩	૩૫	૪૭	૧૨૧૫૮	૩૭૩૨
થાણા	૪૨	૮૪૦	૮૮૨	૬	૪૭	૫૩	૫૧૧૦	૬૭૨૬
કોલાબા	૨૮	૫૬૮	૫૯૪	૩	૨૬	૨૯	૫૯૬૧	૭૪૮૯
રત્નાગીરી	૮૫	૧૧૧૮	૧૨૦૪	૫	૪૭	૫૨	૬૯૫૯	૨૧૩૦
પુર્વ ખાનદેશ	૧૦૦	૯૩૫	૧૦૩૫	૪	૪૬	૫૦	૧૪૬૯૩	૧૧૯૩૮
પશ્ચીમખાનદે	૩૧	૫૪૯	૫૮૧	૩	૨૨	૨૪	૯૯૮૨	૫૭૮૫
નાસિક	૪૮	૮૫૭	૯૦૫	૪	૩૬	૩૯	૭૯૧૨	૫ ૮૩
અહમદનગર	૪૮	૮૯૭	૯૪૫	૪	૪૦	૪૪	૭૦૮૨	૩૧૮૫

જીલ્લાનું નામ.	વસ્તી કેટલા હજાર?			લખી વાંચી જાણનાર કેટલા હજાર?			જીલ્લાની તાલુકા બોર્ડ માટે મત આપનારાઓની સંખ્યા	જીલ્લાની મ્યુનીસીપાલીટીઓ માટે મત આપનારાઓની સંખ્યા.
	મુસલમાનો.	મુસલમાનો સીવાયના.	કુલ્લ.	મુસલમાનો	મુસલમાનો સીવાયના.	કુલ્લ		
પુના	૪૯	૧૦૨૩	૧૦૭૨	૬	૭૪	૮૧	૪૮૩૦	૧૩૦૫૨
સતારા	૩૭	૧૦૪૫	૧૦૮૧	૩	૩૬	૩૯	૭૨૪૫	૬૦૩૪
સોલાપુર	૫૫	૭૧૩	૭૬૮	૩	૩૩	૩૬	૩૮૨૫	૭૦૭૪
બીજાપુર	૧૦૧	૭૬૩	૮૬૩	૪	૩૭	૪૧	૫૧૪૧	૪૦૨૬
બેલગામ	૭૭	૮૬૭	૯૪૪	૪	૪૦	૪૪	૬૨૪૬	૪૧૧૦
ધારવાડ	૧૩૭	૮૮૯	૧૦૨૬	૮	૭૨	૭૯	૧૦૫૦૦	૮૮૨૮
કાનરા	૨૯	૪૦૨	૪૩૦	૪	૩૪	૩૮	૫૫૧	૨૪૧૬
સીંધના સાત જીલ્લા	૧૬૪૦	૮૭૩	૩૫૧૩	૩૮	૧૨૮	૧૬૬	૩૧૬૮૫	૧૭૦૧૯
મુંબઈ શહેર	૧૭૯	૮૦૦	૯૭૯	૨૯	૧૯૩	૨૨૨	....	૧૨૫૬૭
કુલ્લ......	૩૯૮૬	૧૫૬૩૭	૧૯૬૨૬	૧૧૧	૧૧૯૪	૧૩૬૫	૧૦૭૧૪૨	૧૫૩૬૬૪

૩૩૯૮૦૬

આ ઉપરાંત બીજા કેટલાક આંકડાઓ જાણવાની જરૂર છે જેવા કે (૧) દરેક જીલ્લાની કોમવાર વસ્તી અને મતાધિકારીઓની સંખ્યા (૨) હાલના મતાધિકાર સંબન્ધી નિયમોમાં અમુક ફેરફાર કરવાથી મતાધિકારીઓની સંખ્યા જીલ્લાવાર અને મુખ્ય કોમવાર કેટલી વધી શકે (૩) લોકલબોર્ડો અને મ્યુનીસીપાલીટીઓના મતાધિકારીઓમાં જીલ્લાવાર મુસલમાનોની સંખ્યા. આ વિગેરે હકીકત સરકારની મદદ સિવાય મળી શકે એમ નથી તેથી જેટલા આંકડાઓ ઉપલા કોષ્ટકમાં બતાવ્યા છે તે આંકડાઓ ઉપરજ આધાર રાખી હુ આ સવાલો ચર્ચું છું.

સુધારાની યોજનામાં એમ કહેવામાં આવ્યું છે કે હિન્દુસ્થાનમા જોઇએ તેટલી અને જોઇએ તેવી મતાધિકારીઓની સંખ્યા નથી, અને તે લાંબા વખત સુધી મેળવી શકે તેમ નથી, તેથી સુધારાઓ સંભાળ પુર્વક દાખલ કરવા જોઇએ. આ દલીલમા કેટલું વજન છે તે ઉપલા કોષ્ટક ઉપરથી જણાઇ આવશે મુંબાઇ ઇલાકામાં ૨૬ જીલ્લાઓમા કુલ્લે ૧,૭૧,૧૪૨ લોકલ બોડના મતાધિકારીઓ છે સને ૧૮૮૪ ની સાલમાં હાલનો લોકલ બોર્ડનો કાયદો દાખલ કરવામાં આવ્યો ત્યારથી એ સંખ્યા અગર એનો મોટો ભાગ મત આપવાનો હક્ક ધરાવે છે, અને ભોગવે છે મુંબાઇ ઇલાકાની મ્યુનિસિપાલિટીઓમાં એકદર મતધિકારીઓની સખ્યા ૧,૫૩,૬૬૪ છે, તેમાંની ઘણી ખરી મ્યુનિસિપાલિટીઓનુ બંધારણ પચાસ કે સાઠ વરસ ઉપર રચવામાં આવેલું હોવાથી તેટલી મુદતથી આટલી સંખ્યા અગર તેનો મોટો ભાગ મત આપવાનો હક્ક ભોગવે છે. આ પ્રમાણે લોકલ બોર્ડો અને મ્યુનીસીપાલીટીમાં એકંદર મત આપનારાઓની

સંખ્યા આ ઇલાકામાં ૩,૩૦,૮૦૬ છે અને વસ્તી ૧,૯૬,૦૦,૦૦૦ છે. તે હિસાબે મત આપનારાઓનુ પ્રમાણુ લગભગ પોણા બે ટકા સુધીનું થાય છે. વળી કેટલીક મ્યુનિસિપાલિટિઓ અને લોકલ બોર્ડોને ચુંટણીનો હક્ક હજી સુધી આપવામાં આવ્યો નથી. તે આપવામાં આવશે એટલે તે પ્રમાણમાં મતાધિકારીઓની સંખ્યા વધશે એટલુંજ નહી પણ મુસલમાનને આપવામાં આવેલી ખાસ ચુંટણીના સંબંધના મતાધિકારીઓની પણ આ હિસાબમાં ગણત્રી કરવામાં આવી નથી. જે સંખ્યા હાલ વર્ષો થયા લોકલ બોર્ડમાં અને મ્યુનિસિપાલિટિઓમાં અને બીજી ચુંટણીઓમાં મત આપનો હક્ક ભોગવે છે તેટલી સંખ્યા તો હવે ધારાસભાને માટે મત આપવાને લાયક નથી એમ કોઇ કહી શકશે નહિ. બીજા દેશોમાં જ્યારે પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવામાં આવેલાં ત્યારે તે દેશોમાં મતાધિકારીઓની સંખ્યા પ્રમાણમાં આટલી પણ નહોતી એ વાત જાણીતી છે, આપણા માનનીય પંડિત મદનમોહન માલવીયા સુધારાની યોજનાપર ટીકા કરતાં આ સંબંધમાં નીચે પ્રમાણે કહે છેઃ—

"મતાધિકારનો પ્રશ્ન ચર્ચતી વખતે આપણે યાદ રાખવું જોઇએ કે, મતાધિકાર લોકોની બને તેટલી મોટી સંખ્યાને આપવો એ ઇચ્છવા જોગ છે, તોપણ તેમ ન બની શકે તો તેને આપણે વ્યાજબી રીતે સુધારાના માર્ગમાં ગંભીર પ્રત્યવાય ગણી શકીએ નહિ કારણ કે જે દેશોમાં આજ ઘણા લાંબા સમયથી ચુંટણીની પદ્ધતિ દાખલ થઇ છે તે દેશોના મતાધિકારીઓની હાલની સંખ્યા જેટલી આપણા મતાધિકારીઓની સખ્યા આરંભમાં નજ હોઇ શકે. ઇંગ્લંડમાં મતાધિકારીઓની સખ્યામાં કેવો ધીમે ધીમે વધારો થયો છે

તે જણાવવું અત્રે અસ્થાને ન ગણાય. ૧૮૩૨ની સાલ સુધી આમની સભાના ઘણા સભ્યોની ચુંટણી એકદરે ૧૫૦૦૦ કરતા પણ ઓછા મતાધિકારીઓ દ્વારા થતી હતી. તેજ સમયે સ્કોટલંડ દેશની વસ્તી ૨૩,૯૦,૦૦૦ હતી. તોપણ મતાધિકારીઓની સખ્યા માત્ર ૩,૦૦૦ ની હતી. ૧૮૮૪માં મી૦ ગ્લેડસ્ટને કહ્યું હતું કે "રીફોર્મ બીલ" જે બ્રિટિશ સ્વાતંત્ર્યનો "મેગના ચાર્ટા" છે તેને લીધે ત્રણે દેશના મતાધિકારીઓની સંખ્યામાં ૬૦૦,૦૦૦નો વધારો થયો હતો. ૧૮૩૨ પછી બીજો સુધારો ૧૮૮૬ (?) માં કરવામાં આવ્યો તે વખતે સંયુક્ત રાજ્યમાં એકદર મતાધિકારીઓની સખ્યા વધીને ૧૩,૬૪,૦૦૦ સુધી પહોંચી હતી, અને ૧૮૬૭-૬૯ સુધી જે બીજા ખરડાઓ દાખલ કરવામાં આવ્યા તેથી તેની સખ્યા વધીને ૨૪,૪૮,૦૦૦ની થઇ હતી. ૧૮૮૪ સુધીમા તો આ આકડો લગભગ ૩૦,૦૦૦,૦૦ સુધી પહોચી ગયો. અને તેમાં ૧૮૮૫ ના કાયદાથી ૨૦,૦૦,૦૦૦ નો વધારો થયો, આ વધારો ૧૮૬૭માં થયલા વધારા કરતા બમણો અને ૧૮૩૨ મા થયલા વધારાના ચરગણા કરતાં પણ વધારે હતો. આ ટુંક ઇતિહાસ સુચક તેમજ ઉત્સાહપ્રેરક છે. યોગ્ય છુટથી મતાધિકાર આપવામાં આવે તો આપણે બધા સંયોગો ધ્યાનમાં લેતાં કોઇ પણ સમજુ માણસ વ્યાજબી ધારે એટલી મતાધિકારીઓની સંખ્યાથી આરંભ કરી શકીએ."

વળી યોજનાના કર્તાઓ પણ પોતાના રિપોર્ટના ૨૨૬ માં ફકરામાં કહે છે કે "જો કે મત આપનારાઓની સંખ્યા જેમ બને તેમ બહોળી હોવી જોઇએ, પરન્તુ તે શરૂઆ[illegible]લી બધી બહોળી ન હોવી જોઇએ કે તેને લીધે સઘળું તંત્ર ભાગી પડવાનો ભય

૫

રહે." આવા સંયોગોમાં મને તો એમ લાગે છે કે હાલ તરતને માટે જે સંખ્યા લોકલ બોર્ડ અને મ્યુનિસિપાલિટિઓમાં તેમજ બીજી ચુંટણીઓમાં હાલ મત આપે છે તે સંખ્યાને ધારાસભાને માટે સીધો મતાધિકાર આપવો તેમ છતાં સરકારે નીમેલી કમિટીની નજરમાં એમ આવે કે એ સંખ્યા વધારવી જોઇએ તો લોકલ-બોર્ડ અને મ્યુનિસિપાલિટિના કાયદામાં યોગ્ય સુધારો કરવામાં કાંઇ હરકત નથી.

મુંબાઈની ધારાસભા ૧૨૫ સભ્યોની બનેલી હોવી જોઇએ. કોન્ગ્રેસ લીગની યોજનામાં પણ એમ કહેલું છે કે આગળ વધેલા પ્રાન્તોમાં ધારા-સભા ઓછામાં ઓછા ૧૨૫ સભ્યોની હોવી જોઇએ. મી. મોન્ટેગ્યુ અને લોર્ડ ચેમ્સફર્ડની રૂબરૂ મુંબાઈ તરફથી જે જે આગેવાન સંસ્થાઓ અને ગૃહસ્થોએ સુધારાના સંબંધમાં જે લેખી દલીલો રજુ કરી છે તેમાં પણ મુંબાઈની ધારાસભા ૧૨૫ સભાસદોની હોવી જોઇએ એમ જણાવેલું છે. તે ૧૨૫માંથી સરકારના નીમેલા વધારેમાં વધારે ૧/૫ હોવા જોઇએ, અને તે પૈકી સરકારી અમલદારો ૧/૩ થી વધારે હોવા જોઇએ. હવે જો સરકાર પુરેપુરા ૧/૫ સભાસદો નીમ-વાના હક્કનો ઉપયોગ કરે તો ચુંટણીને માટે ૪/૫ એટલે ૧૦૦ જગ્યાઓ રહે અને તેની વહેંચણી નીચે પ્રમાણે થઇ શકે:—

(૧) કેટલીક જગ્યાઓ અમુક સંસ્થાઓ અને કોમો જેને ખાસ ચુંટણીનો હક્ક આપવામાં આવે તેને માટે. (૨) અમુક જગાઓ કોન્ગ્રેસ લીગના ઠરાવ પ્રમાણે મુસલમાનોને આપવીજ પડશે (૩) બાકી રહેલી જગ્યાઓમાંથી મુંબાઇ શહેરને માટે ખાસ અમુક જગ્યાઓ જુદી કાઢી બાકીની ઇલાકાના દરેક જીલ્લાને જુદી

જુદી અગર તો એક કે વધારે જીલ્લાઓના બનેલા દરેક સમુહને અમુક અગર તો કેટલીક જીલ્લાવાર અને કેટલીક જીલ્લાઓના સમુહવાર જગ્યાઓ આપવી જોઇએ. ખાસ જુદી ચુંટણીનો હક્ક નીચેની સંસ્થાઓને આપવો જોઇએઃ—

(૧) મુંબઈ યુનિવર્સિટિ. આ યુનિવર્સિટિ હાલ ધારાસભામાં એક સભાસદ મોકલે છે. ચુંટણીનો હક્ક યુનિવર્સિટિના ફેલોઝને આપવામાં આવેલો છે તે હક્ક હવે પછી એ યુનિવર્સિટિના દરેક ગ્રેજ્યુએટને આપવો જોઇએ, એટલુંજ નહિ પણ હાલ એક છે તેને બદલે બે સભાસદો મોકલવાનો હક્ક યુનિવર્સિટિને મળવો જોઇએ.

(૨) મુંબાઇ કોર્પોરેશનના ચુંટાયલા સભાસદોને એક.

(૩) ગુજરાતના સરદારો અને મોટા જમીનદારોને એક.

(૪) દક્ષિણના સરદારો અને મોટા જમીનદારોને એક.

હાલ ગુજરાતના સરદારો એક અને દક્ષિણના સરદારો એક સભાસદ ચુંટે છે. હવે પછી સરદારોના સાથે મોટા જમીનદારો કે જે અમુક મહેસુલ ભરતા હોય અથવા જેની પાસેની જમીનના મહેસુલી આંકણી તેટલી રકમની થઇ શકે એમ હોય તેમને પણ ચુંટણીનો હક્ક આપવો જોઇએ.

(૫) સિંધના જમીનદાર અને જાગીરદારને એક.

(૬) મુંબાઇની ચેમ્બર ઓફ કોમર્સને એક.

(૭) મુંબઇના હિન્દી વેપારી વર્ગને એક.

(૮) કરાંચી ચેમ્બર ઓફ કોમર્સને એક.

(૯) મુંબાઇના મીલ માલેકોની સંસ્થાને એક.

(૧૦) અમદાવાદના મીલ માલેકોની સંસ્થ ને એક.

કુલે ૧૧.

કાન્ગ્રેસ લીગની યોજનામાં એમ કહ્યું છે કે મુંબાઈની ધારાસભામાં ચુંટાએલા હિન્દી સભાસદોની સંખ્યાનો ૧/૩ ભાગ પુરતા મુસલમાન સભાસદો હોવા જોઈએ. એકંદર ઈલાકાની વસ્તી ૧,૯૬,૨૬૦૮૦ છે તેમાં મુસલમાનો ૩૯,૮૬૦૦૦ છે એટલે એકંદર વસ્તીના આશરે ૧/૫ ભાગ છે. મુસલમાનો લખી વાંચી જાણનારા ૧૭૨૦૦૦ છે જ્યારે ઈલાકામાં મુસલમાન સિવાયના બીજા વાંચી જાણનારાની સંખ્યા ૧૧,૭૪૦૦૦ છે એટલે મુસલમાન સેંકડે ૩ અને બીજાઓ સેંકડે સાત લખી વાંચી જાણે છે. આ આંકડાઓ પરથી ચોકખું માલમ પડે છે કે મુંબઈ ઈલાકના હિન્દુઓએ મુસલમાનો તરફ કોન્ગ્રેસ લીગના ઠરાવમાં ઘણી ઉદારતા અને સ્વાર્થત્યાગ દર્શાવ્યા છે ત્યાર પછી મળેલી કલકત્તાની કોન્ગ્રેસે તેમજ મુંબાઈની ખાસ કોન્ગ્રેસે એ ઠરાવ ફરી ફરીને કાયમ રાખ્યો છે, એટલે હવે મુસલમાન ભાઈઓની મરજી હોય તોજ આ ગોઠવણમાં ફેરફાર થઈ શકે છે તેમજ એ ઠરાવ પ્રમાણે ૧૦૦માંથી મુસલમાનોના કેટલા સભાસદો હોવા જોઈએ. ખાસ ચુંટણીના હક્કને માટે જે સંસ્થાઓના નામો ઉપર મેં જણાવ્યા છે તેમાંથી મુંબાઈની ચેમ્બર ઓફ કોમર્સના તરફથી એક, કરાચીની ચેમ્બરનો એક અને મારા ધારવા પ્રમાણે બીજી ગૌણ ચુંટણીમાં આવનાર બીજા એક કે બે એ રીતે ચાર અંગ્રેજોની જગાઓ બાદ કરતા બાકીની ૯૬ જગ્યાઓ હિન્દીઓને માટે રહે અને તેનો ૧/૩ ભાગ એટલે ૩૨ જગ્યાઓ મુસલમાનો માટે રહેવી જોઈએ. હવે એ ૩૨ જગ્યાઓની વહેંચણી બાબત બોલતાં મારે કહેવું જોઈએ કે જો વસ્તીના પ્રમાણમાં ગણીએ તો તેમાંથી ૨/૩

જગ્યાઓ સિંધના મુસલમાનોને મળવી જોઇએ કારણ સિંધની મુસલમાનોની વસ્તી ૨૬,૪૦,૦૦૦ છે, જ્યારે કુલ્લે મુસલમાન વસ્તી ૪૮,૮૬,૦૦૦ છે, પરંતુ વેપાર રોજગારમાં તેમજ કેળવણીમાં મુંબઇ ઇલાકાના બીજા ભાગોના મુસલમાનો કરતાં તે ઘણાજ પછાત છે. આવા સંયોગોમાં મારા અભિપ્રાય પ્રમાણે સિંધના મુસલમાનોને ૩૨માંથી ૧૨ જગ્યાઓ તો ઓછામાં ઓછી આપવીજ જોઇએ. મુંબાઇમાં વસતા મુસલમાનની સંખ્યા જો કે પ્રમાણમાં ઓછી છે પણ તેમની એકંદર આબાદી બીજા ભાગના મુસલમાનો કરતાં ઘણીજ વધારે છે. કેળવણીમાં પણ તેઓ આગળ પડતા છે. મતાધિકારીઓની સંખ્યા પણ તેમનામાં વધારે છે અને વધી શકે એમ છે. તેથી મુંબાઈ શહેરના મુસલમાનોને ૪ જગ્યાઓ આપવી જોઇએ બાકી રહેલી ૧૬ જગ્યાઓ બાકી રહેલા ત્રણ વિભાગોમાં દરેક વિભાગની યોગ્યતા પ્રમાણે વહેંચી દેવી જોઇએ સિંધમાં સાત જીલ્લાઓ છે તે પૈકી જે જીલ્લાઓને આ કામને માટે મોટા ગણવામાં આવે તે દરેકને બે મુસલમાન સભાસદ ચુંટવાનો અને બાકીના જીલ્લાઓમાંના દરેકને એક સભાસદ ચુંટવાનો હક્ક આપવો જોઇએ. અને ત્રણ વિભાગોમા મોટા જીલ્લાને એક અને બબ્બે નાના જીલ્લાઓના સમુહ કરી તેમાંના દરેક સમુહને એક મુસલમાન સભાસદ ચુટવાનો હક્ક આપવાની ગોઠવણ મળવી જોઇએ. મુંબાઈ શહેરના મુસલમાન મતાધિકારીઓનું એક પત્રક બનાવીને મતાધિકારીઓને સભાસદો ચુંટી કાઢવાનો હક્ક મળવો જોઇએ. મીન્ટો–મોર્લીની સુધારાની યોજનાની રૂએ મુસલમાન મતાધિકારીઓના સંબંધમાં જે કાનુનો ઘડી કઢાડવામા

આવ્યા છે તે કાનુનોમાં યોગ્ય ફેરફાર કરી તેમની સંખ્યા વધારવાની ગોઠવણુ કરવી પડશે.

સિંધમાં મુસલમાન સિવાય બીજી કોમોની વસતી ફકત ૮,૭૩,૦૦૦ ની છે તો તેમને ૪ જગ્યાઓ આપવામાં આવે તો તે ઓછી કહેવાય નહિ. એ ચાર સભાસદોની ચુંટણી સિંધના સાતે જીલ્લાની સમગ્ર મતાધિકારીઓએ કરવી અથવા મતાધિકારીઓના બે સમુહ કરી દરેક સમુહે બબ્બે સભાસદો ચુંટવા. ઉપર પ્રમાણે વ્હેંચણી કરવામાં આવે તો ફકત ૫૭ જગ્યાઓ બાકી રહે. આ સ્થળે મારે કહેવું જોઇએ કે મુસલમાન કોમને ૪૨ જગ્યાઓ આપવામાં આવે તો બીજી કોઇપણ જગ્યાને માટે તે કોમના કોઇપણ માણસને ઉમેદવારી કરવાનો હક્ક હોવો જોઇએ નહિ. તેમજ તેવી જગ્યાના મતાધિકારીઓમાં પણ આવવાનો હક્ક તેને રહેવા જોઇએ નહિ.

બાકી રહેલી ૫૭ જગ્યાઓમાંથી ૬ જગ્યાઓ મુસલમાન સિવાયના બીજા મુંબાઇના શહેરીઓને મળવી જોઇએ, અને તેમાંના જેમને મ્યુનિસિપાલીટીમાં મત આપવાનો અધિકાર છે અગર મળે તે તમામને એ ૬ જગ્યાઓને માટે સભાસદો ચુંટી કહાડવાનો સીધો હક્ક મળવો જોઇએ. વળી એમ સુચવવામાં આવ્યું છે કે ઇલાકામાં એક લાખ કરતાં વધારે વસ્તીવાળાં દરેક શહેરને એકેકો સભાસદ ચુંટી કહાડવાનો હક્ક આપવો જોઇએ. એવાં શહેર ફકત ચારે છે. અમદાવાદ, સુરત, પુના અને કરાંચી. જો તેવો હક્ક તેમને આપવામાં આવે તો જે મતાધિકારીઓ હાલ મ્યુનિસિપાલિટીમાં મત આપવાને લાયક ગણાય છે અગર હવે પછી લાયક ગણાય તેમને સીધા રીતે ધારાસભામાં ચુંટી કહાડવાનો હક્ક મળવો જોઇએ.

હવે ૫૧ જગ્યાઓ બાકી રહી. એ જગ્યાઓ ત્રણ વિભાગના ૧૯ જીલ્લાઓની મ્યુનિસિપાલીટીઓ અને લોકલ બોર્ડોનાહાલના અગર તો હવે પછી નક્કી કરવામાં આવે તે મતાધિકારીઓ વચ્ચે વ્હેંચાવી જોઇએ. તે વ્હેંચણીમાં જેમ બને તેમ લોકલ બોર્ડના મતાધિકારીઓને પ્રમાણમાં વિશેષ જગ્યાઓ મળે તેવી ગોઠવણ થવી જોઇએ, એક બે જીલ્લા એવા છે કે તેમાં બન્ને પ્રકારના મતાધિકારીઓ વચ્ચે એક એક સભાસદ ચુંટવાનો હક્ક આપવામાં આવે તો પણ ચાલે. વળી કેટલાક જીલ્લા એવા છે કે બબ્બે જીલ્લાની મ્યુનિસિપાલીટીઓના મતાધિકારીઓના સમુહને એક સભાસદ ચુંટી કાઢવાનો હક્ક આપવામાં આવે તો પણ બસ છે. કોઇપણ જીલ્લાની મ્યુનિસિપાલીટીના મતાધિકારીઓને એક કરતાં વધારે સભાસદ ચુંટવાનો હક્ક મળવો ન જોઇએ. આ પ્રમાણે વ્હેંચણી કરવામાં આવે તો કેટલાક મોટા જીલ્લાંઓના લોકલબોર્ડના મતાધિકારીઓને બબ્બે સભાસદો ચુંટવાનો હક્ક સહેલાઇથી આપી શકાય. વળી મને એમ પણ સુચવવામાં આવ્યું છે કે મ્યુનિસિપાલીટીઓ તથા લોકલબોર્ડોના મતાધિકારીઓમાં જુદી જુદી જગાઓ વ્હેંચી આપવી તેને બદલે બન્ને-પ્રકારના મતાધિકારીઓનું જીલ્લાવાર એકત્ર પત્રક બનાવી તેમને અમુક સભાસદો ચુંટી કહાડવાનો હક્ક આપવાની ગોઠવણ કરવી જોઇએ. આ પ્રશ્ન આ પરિષદે વિચારવા જેવો છે.

કોમવાર પ્રતિનિધિત્વ.

ગૃહસ્થો, દેશમાં કેટલાક લોકો એવી માગણીઓ કરવા લાગ્યા છે, જે દેશની પ્રગતિના ખરા માર્ગમાં અંતરાયરૂપ થઇ પડવાનો ભય રહે છે એવો મારો નમ્ર અભિપ્રાય છે. અગાઉની નાની

કોમોના હક્કનું ખાસ પ્રતિનિધિત્વથી રક્ષણ કરવાના હેતુથી નહિ, પરંતુ જુદી જુદી કોમોને માટે કોમવાર પ્રતિનિધિત્વનો હક્ક મેળવવાના હેતુથી જે પ્રયત્નો થવા લાગ્યા છે તે સબંધી હું આ અભિપ્રાય દર્શાવું છું. આ સબંધમાં મારા વિચારો તદ્દન સ્પષ્ટ છે. હિંદને એક સંયુક્ત, અભિન્ન અને અભેદ્ય રાષ્ટ્ર બનાવવાના આદર્શથી કોમવાર પ્રતિનિધિત્વ આપણને દૂર ઘસડી જાય છે એવો મારો મત છે. મુસલમાનોને લૉર્ડ મોર્લીની ઇચ્છા વિરૂદ્ધ કેવા વિચિત્ર સંયોગોમાં ખાસ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે તે તમે સઘળા જાણો છો પરંતુ જે કોમો જુદું પ્રતિનિધિત્વ માગે તેમને દરેકને તે આપીને ભવિષ્યમાં આપણી મુસ્કેલીઓમાં વધારો કરવો કે કેમ તેનો આપજ વિચાર કરી જુઓ. ધર્મ અને જાતિ સંબંધી મતભેદો રાજકીય વિષયોમાં અંતરાય રૂપ થઇ પડે એવા પ્રસંગ ભવિષ્યમાં આવશે. ધાર્મિક અને જાતિગત ભેદની અસરથી રાજકીય વાતાવરણ જેમ બને તેમ ઓછું દુષિત થવા દેવું એ ખરા દેશભક્તનું કર્તવ્ય છે. રાજકીય વિષયોમાં ઘણીવાર તડજોડથી કાર્ય સાધવું અને ક્યારે સ્વનિશ્ચયમાં દૃઢ રહેવું એનો વિચાર પણ રાજનીતિજ્ઞ પુરુષે કરવાનો છે. ધારાસભામાં, ગમે તે ધર્મ અથવા જાતિના ઉત્તમ યોગ્યતાવાળા સભાસદોનુંજ કામ છે. રાજકીય ઝગડાઓમાં ધર્મ અને જાતિના ભેદોને દાખલ થવા દઇ લોકોમાં રહેલા એ મતભેદની ભાવનાને અંકુશમાં રાખવાને બદલે તેના વિકાસને ઉત્તેજન આપવું એ રાષ્ટ્રૈક્યની ઉચ્ચ ભાવનાનાં મુળ છેદવા જેવું છે. સ્વરાજની આશા ફલીભુત થવાનો શુભ પ્રસંગ જ્યારે આવી લાગ્યો છે ત્યારે દેશમાં એકતાની ઘણીજ જરૂર છે. તેવે

પ્રસંગે પક્ષાપક્ષી ઉત્પન્ન થાય એવી માગણીઓ કરવી એ યોગ્ય નથી. આપણો દેશ ભિન્ન ભિન્ન ધર્મ અને જાતિનો સમુદાય હોવાથી સ્વરાજ્યને માટે નાલાયક છે એમ જે લોકો આજ સુધી કહેતા આવ્યા છે અને કહે છે તેજ હિન્દના હિતૈષીઓ, હિન્દમાં રાજકીય સુધારાઓ દાખલ થવાની ખાત્રી થયા પછી, જુદા જુદા ધર્મ અને જાતિવાળાઓને ખાસ જુદું પ્રતિનિધિત્વ માગવાની સલાહ આપે છે. એટલુંજ નહિ, પરંતુ તેને માટે ખાસ પ્રયત્ન કરી રહ્યા છે. દેશબંધુઓ, આ માયાજાળમાં ફસાતા નહિ. જેઓ એકવાર સ્વ-રાજ્યના દુશ્મન હતા તેમને હિન્દની ખાસ જાતિઓ માટે આજ વાત્સલ્યભાવ શી રીતે અને શા માટે છુટયો તેનો વિચાર કરવાનુ કામ તમનેજ સોંપું છું.

આપણા ગુજરાત પ્રાન્તમાં આ ભેદાભેદનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી એ ઘણાજ આનંદની વાત છે, એ ગુજરાતીઓની વ્યવહાર-કુશળતાની પ્રતીતિ છે. ગુજરાતમાં કણબીઓની ઘણી મોટી વસ્તી હોવા છતાં તે કોમનો મુંબાઇની ધારાસભામાં એક પણ પ્રતિનિધિ હાલ નથી. મ્યુનિસિપાલિટીઓ તરફથી મારા નામદાર મિત્ર પારેખ અને લોકલ બોર્ડો તરફથી મારા માનનીય મિત્ર હરિલાલ બિરાજે છે, છતા પણ કણબીઓને ખાસ પ્રતિનિધિત્વની માગણી કરવાનું યોગ્ય લાગ્યું નથી. દક્ષિણ કરતાં ગુજરાત પ્રાંતના હિન્દુઓમાં જાતિભેદ ઘણા મોટા પ્રમાણમા હોવા છતાં ગુજરાતમાં સામાજિક અને રાજકીય ઘટનાઓને પરસ્પર અંતરાયરૂપ ન થવાં દેવાની વિવેકબુદ્ધિ ગુજરાતીઓમાં છે એ જોઇ મને ઘણોજ સંતોષ થાય છે. દક્ષિણના લોકોએ આ બાબતમાં આપણો દાખલો લેવાની જરૂર

છે. સિંધવાસીઓનાં મન પણ હજી આ પ્રશ્નથી કલુષિત થયાં નથી એ જાણી આપ ઘણા ખુશી થશો. સિંધમાં એ પ્રશ્ન કદી પણ ઉપસ્થિત થવાનો નથી એવી મારા એક સિંધી મિત્રે મને થોડાજ દિવસ ઉપર ખાત્રી આપી છે. આ પ્રશ્ને દક્ષિણમાં કાંઇક ખળભળાટ મચાવ્યો છે, અને ડા. નાયર અને આપણા પરમ પુજ્ય મુરબ્બી ! લોર્ડ સિડનહામના પુણ્ય પ્રભાવે તે ખળભળાટે કંઇક ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હોય એમ લાગે છે. દક્ષિણની કેટલીક કોમોમાં ફેલાયલા આ અસંતોષનું કાંઇ કારણ તો હોવુંજ જોઇએ.

દક્ષિણના આગેવાનોએજ આ પ્રશ્નનનો સંતોષકારક નીવેડો લાવવો જોઇતો હતો. તેમણે અત્યાર સુધી તેમ કર્યું નથી એ હું તેમની ભુલ ગણું છું. લીંગાયત અને પછાત કોમોના આગેવાનો સાથે બ્રાહ્મણ કોમના આગેવાનોએ બાંધછોડ કરી હોત તો આ પ્રશ્ન આવું રૂપ પકડત નહિ. મતાધિકારનો નિર્ણય કરવા નીમાયલી કમિટી પોતાનાં કાર્યનો મુંબાઇમાં આરંભ કરે ત્યાર પહેલાં બન્ને પક્ષો કોઇપણ પ્રકારનાં સમાધાન ઉપર આવી જાય તો તેમાં તેમની શોભા છે. આપણા ઇલાકાના આ એકજ વિભાગમાં આ પ્રકારનો અસંતોષ છે અને તેનો જો નીવેડો આવી જાય તો આપણા ઇલાકાની નવી ધારાસભામાં બંધારણ વિરૂદ્ધ આપણાં દુશ્મનોને કાંઇ બોલવાનુંજ ન રહે. આ પ્રશ્ન મુખ્યતઃ દક્ષિણના લીંગાયત અને મરાઠાઓનો છે. દક્ષિણના એક સંભાવિત ગૃહસ્થે મને એવી સૂચના કરેલી કે દક્ષિણના જીલ્લાઓના બે સમુહ એવી રીતે પાડવા જોઇએ કે દરેક સમુહમાં લીંગાયત અગર મરાઠા અગર બન્ને કોમના મતાધિકારીઓ યોગ્ય પ્રમાણમાં આવી શકે, અને તેથી બન્ને કોમના

પ્રતિનિધિઓ યોગ્ય પ્રમાણમાં ચુંટાઇ શકે. તે ગૃહસ્થે દક્ષિણ વિભાગના છ જીલ્લાઓના નીચે પ્રમાણેના બે સમુહો સુચવ્યા હતા. (૧) ધારવાડ, બેલગામ અને બીજાપુર. (૨) કાનરા, રત્નાગીરી અને કોલાબા. પહેલા સમુહમાં હાલ તાલુકા બોર્ડના મતાધિકારીઓની સંખ્યા મુસલમાનો બાદ કરતાં લગભગ વીસથી એકવીસ હજારની છે, અને તેમાં લીંગાયત મતાધિકારીઓની સંખ્યા લગભગ ૧૩૦૦૦ હજારની છે. જ્યારે તેમાં બ્રાહ્મણોની સંખ્યા ચાર પાંચ હજારને સુમારે છે, અને મરાઠાની ૧૦૦૦ છે. હવે જો દરેક મતદારને એકજ મત આપવાનો અધિકાર હોય, અને એ સમુહને પાંચ સભાસદો ચુંટી કહાડવાના હોય, અને જો લીંગાયતોમાં માંહોમાંહે ફાટફુટ ન હોય તો તેઓ સ્હેલાઇથી પોતાના ત્રણ સભાસદો ચુંટી કાઢી શકે મરાઠાઓનો પ્રતિનિધિ એ સમુહમાંથી ચુંટવાનો સંભવ નથી એ વાત કબુલ કરવી જોઇએ. બીજા સમુહમાં સુમારે ૧૧,૦૦૦ મતાધિકારીઓ છે તેમાં ત્રણ હજાર ઉપરાંત મરાઠા અને લગભગ સાડા ચાર હજાર બ્રાહ્મણો છે. જો એ સમુહને ત્રણ સભાસદો ચુંટવાના હોય તો તેમાંથી ઓછામાં ઓછો એક તો મરાઠાનો પ્રતિનિધિ આવીજ શકે. આ પ્રમાણે સમુહ પાડવાથી બને કોમના પ્રતિનિધિઓ ધારાસભામાં આવી શકે એમ છે એટલુંજ નહિ પરંતુ બંને સમુહોમાં પછાત કોમોના મતાધિકારીઓની સંખ્યા એકંદરે એટલી મોટી છે કે કદાચ તેઓ ધારે તો વખતે એક પણ બ્રાહ્મણ ધારાસભામાં જવા પામે નહિ. આ સંબંધમાં મરાઠા વર્ગ તરફથી એમ કહેવામાં આવે કે લીંગાયતની તો આ પ્રમાણે યોગ્ય વ્યવસ્થા થઇ શકે, પરંતુ મરાઠાઓમાં જોઇએ તેટલું ઐક્ય, કેળવણી અને તુલના-

શક્તિ ન હોવાને લીધે અને પહેલા સમુહમાં જેટલું બળ લીગાય-તોનું છે તેટલુંજ બીજા સમુદમાં મુસલમાનોનું ન હોવાને લીધે, મરાઠા ઉમેદવારને સફલતા મળવી દુર્લભ છે. આનો જવાબ એવો આપી શકાય કે પશ્ચાત કોમને માટે એકાદ સમુહમાં એક ખાસ જગ્યા જુદી રાખી પછાત વર્ગના ઉમેદવારોમાંથી જેને સૌથી વધારે મત મળે તેને આપવી, પછી ગમે તો તેને બીજી કોમના ઉમેદવાર કરતાં ઓછા મત મળ્યા હોય. આ બાબતમાં સરકારે નીમેલી કમિટી તો તેને જે વ્યાજબી લાગશે તે કરશે પરંતુ દક્ષિણની મુખ્ય કોમોના આગેવાનોની આ સમયે પવિત્ર ફરજ છે કે તેમણે એકત્ર મળી આ અસંતોષનું કારણ દૂર કરવું જોઇએ.

ગ્રહસ્થો, આપણાં દેશમાં વસતા બીનસરકારી અગ્રેજો પોતાને ફાવતું આવે ત્યારે આ દેશના હિતૈષી હોવાનો દાવો કરે છે એ વાત હું હમણાજ કહી ગયો છું. કોમવાર પ્રતિનિધિત્વનો સિદ્ધાંત જે આજ સુધી એ લોકોને માન્ય નહોતો તે સિદ્ધાંતને એ લોકોએ હવે સુધારાની યોજના વિરૂદ્ધ શસ્ત્ર તરીકે વાપરવાનો પ્રયત્ન કરવા માંડયો છે એમાં મને કાંઇ આશ્ચર્ય લાગતુંજ નથી. તેઓ પોતાને માટે તે હક્ક માંગે છે એટલુંજ નહિ પણ પારસી વિગેરે બીજી કોમોને પણ તે હક્ક મળવો જોઇએ એવી ભલામણ કરે છે. કેટલાક પારસીઓએ તો માત્ર એટલીજ ઇચ્છા દર્શાવી છે કે જો બીજી કોમોને તેવો હક્ક આપવામાં આવે તો તેમની કોમને પણ તે મળવો જોઇએ. મુંબાઈ મ્યુનિસિપાલિટિના બંધારણમાં કોમવાર ચુંટણીનો હક્ક આપવામાં આવ્યો નથી છતાં અગ્રેજો અને પારસીઓ આજ કેટલાએ વર્ષો થયા ચુંટાય છે.

મુંબાઈના અને કરાંચીની વ્યાપારી ચેમ્બરને ધારાસભામાં પ્રતિનિધિ ચુંટવાનો હક્ક છે અને રહેશે. તેમજ મુંબાઇ શહેર તરફથી પણ એકાદ અંગ્રેજ જરૂર ચુંટાવાનો સંભવ છે. તે ઉપરાંત સરકાર તરફ પણ એક બે અંગ્રેજ નીમાય એમ ખાત્રીપુર્વક માનવાને હરકત નથી. તેમ છતાં પણ જો જરૂર જણાય તો તેમની મુંબાઇની ચેમ્બરને એક બદલે બે અંગ્રેજો ચુંટી કહાડવાનો હક્ક આપવાને પણ હરકત નથી, તો પછી તેમને ખાસ પ્રતિનિધિત્વ આપવાની જરૂર કયાં રહી.

મેં ઉપર જણાવ્યું છે કે પારસીઓ સારા પ્રમાણમાં મુંબાઇની મ્યુનિસિપાલીટીમાં ચુટણીથી આવી શકે છે. તેમના મતાધિકારીઓની સખ્યા પણ પ્રમાણમાં મોટી છે. મુબાઇના ૧૯૧૭–૧૮ના પત્રક પ્રમાણે મતાધિકારીઓની કુલ સંખ્યા ૧૨,૫૬૭ છે, તેમાં ૨,૯૩૨ મુસલમાન છે તે બાદ જતાં ૯,૬૩૫માંથી ૨,૯૬૧ પારસી છે, અને ૫,૦૬૭ હિન્દુઓ છે. હવે જો મુંબાઈ શહેરને ઉપર કહ્યા પ્રમાણે છ જગ્યાઓ આપવામાં આવે તો તેમાંથી ઓછામાં ઓછા બે પારસીઓ તો આવવાનો જરૂર સભવ છે. મુબાઇ શહેરને માટે મતાધિકારીઓની સંખ્યા અમદાવાદના કરતાં પણ ઓછી છે અને તેથી મતાધિકારીઓના ધોરણમાં ફેરફાર કરી એ સખ્યાને ઘણી વધારવાની જરૂર પડશે.

ધારાસભાના આટલા વર્ષના ઇતિહાસ ઉપરથી ચુંટણી દ્વારા કે સરકાર તરફથી નીમાઇને પણ આજ સુધીમાં આપણા અત્યંજ બાઇઓનો એક પણ પ્રતિનિધિ ધારાસભામાં આવ્યો હોય એમ જણાતું નથી. નવી યોજનામા મતાધિકાર પ્રાપ્ત થવાની યોગ્યતાનું

ધોરણ હાલના કરતાં વધારે હલકું રાખવામાં આવે તો તેની અસર એ વર્ગ સુધી પહોંચવાનો બિલકુલ સંભવ નથી. એ કોમના શિક્ષણ અને અન્ય પ્રગતી તરફ યોગ્ય સહાનુભુતી આપણે આજ સુધી દર્શાવી નથી, બલ્કે તેમાં કદાચ અંતરાયરૂપ પણ થયા હઈશું આ સર્વ વાત ધ્યાનમાં લેતાં, જો કોઇ પણ કોમને ખાસ ચુંટણીનો હક આપવાની આપણી ફરજ હોય તો તે આ કોમ પ્રત્યેજ છે, અને તેઓ તેવો હકક માગે તો તેમાં તેમનો જરાએ દોષ ગણાય નહિ.

કોમવાર પ્રતિનીધીત્વ વીરૂદ્ધ હું કેવા સખ્ત વિચારો ધરાવું છું તે તો તમે જાણો છો છતાં આ અત્યંજ ભાઇઓને હું ખાસ હકક આપવાની ભલામણ કરૂં છું એનું કારણ ખુલ્લુંજ છે. એ કોમના એક કે બે પ્રતિનિધિઓ કોઇપણ રસ્તે ધારાસભામાં આવવાજ જોઇએ એવો મારો નમ્ર અભિપ્રાય છે.

કોન્ગ્રેસ અને 'મોડરેટ' પરિષદ.

મુંબાઈમાં ખાસ કોન્ગ્રેસ કેવા સંજોગોમાં મળી તે આપણે જાણીએ છીએ. મી, મોન્ટેગ્યુ અને નામદાર વાઇસરોય હિંદમાં તપાસ ચલાવતા હતા તે દરમ્યાન ગયા ફેબરૂઆરી માસમાં દિલ્હી ખાતે "ઓલ ઇંડીઆ કોન્ગ્રેસ કમિટી" મળી હતી. તે કમિટીમાં બાબુ સુરેન્દ્રનાથ, સર દીનશા વાચ્છા, નામદાર શાસ્ત્રી અને નામદાર ચિન્તામણી પણ હાજર હતા. કમિટીએ એકમતે એવો ઠરાવ કર્યો કે સુધારાની યોજના બહાર પડે કે તરતજ ખાસ કોંગ્રેસ બોલાવી તે યોજના સંબંધી દેશનો અભિપ્રાય દર્શાવવો. યોજના જુલાઇની શરૂઆતમાં બહાર પડી. ખાસ કોન્ગ્રેસ બોલાવવાની તજવીજ મુંબાઇમાં થાય એટલામાં દેશના કેટલાક આગેવાનો એ યોજના સંબંધી

પોતાના અભિપ્રાયો બહાર પાડવા લાગ્યા. કેટલાક તરફથી એમ કહેવામાં આવ્યું કે યોજના નકામી છે, ફેંકી દેવા જેવી છે અને ઇંગ્લાંડમાં આપણા કેટલાક સ્નેહીઓએ તરતજ એવી પ્રેરણા કરીકે યોજના કબુલ રાખી તેમાં સુધારા વધારા સુચવવા એ ડહાપણ ભરેલું છે. આપણા બીજા કેટલાક આગેવાનો આ સુચના મુજબ, યોજનાનો સ્વીકાર કરી તેમાં થવા જોઇતા સુધારા સંબંધી પોતાના અભિપ્રાય દર્શાવવા લાગ્યા. તેમને એમ લાગ્યું કે કોંગ્રેસ આ યોજના વગર વિચારે તુચ્છકારી કાઢશે અને તેથી કોંગ્રેસથી અલગ રહેવાનો તેમણે ઠરાવ કર્યો. આ પ્રસંગે એકતા જાળવવની જરૂર હોવાથી, અલગ રહેવાનો ઠરાવ કરનારાઓને સમજાવવાના ગણા પ્રયત્નો કરવામાં આવ્યા. કેટલાક માની ગયા અને થોડાઓ જે એમજ સમજી બેઠેલા કે કોન્ગ્રેસ યોજનાને ફેંકી દેશે તેઓ પોતાના ઠરાવને વળગી રહ્યા. કોન્ગ્રેસ મળી તેના પસાર કરેલા ઠરાવો આપણી સ્મૃતિમાં તાજાજ છે. યોજનામાં યોગ્ય સુધારાવધારા કરવાનું તે ઠરાવોમાં સુચવવામાં આવ્યું તે સુધારાવધારામાં એકપણ એવી સુચના નથી કે જે અલગ રહેનારાઓએ પોતાના અભિપ્રાયોમાં જણાવી નહોતી. તેમ છતાં પોતાના કરેલા ઠરાવ મુજબ તેઓએ જુદી પરિષદ્ ભરી અને મારે દિલગીર સાથે કહેવું પડે છે કે જુદી પરિષદ ભરવાની જરૂર હતી એમ સિદ્ધ કરવા ખાતરજ જાણે એમણે પોતાના અભિપ્રાયોને બાજુ મુકી દીધા ન હોય એવા પ્રકારના ઠરાવો પસાર કર્યા. હવે આપણે એ ઠરાવો વિષે વિચાર કરીએ.

(૧) હિન્દી સનંદી નોકરીમાં દર વર્ષે લેવાતા ઉમેદવારોમાં તેત્રીશ ટકા જેટલા હિન્દીઓ લેવા એવી ભલામણ યોજનામાં કરી છે.

આ ભલામણનો અમલ થાય તો હિન્દીઓનું પ્રમાણ તે નોકરીમાં તેત્રીસ ટકા થવાને બીજાં પચીશથી ત્રીસ વરસ જોઇએ. કાંગ્રેસે આ ભલામણ નાપસંદ કરી ઠરાવ કર્યો છે કે નવા ઉમેદવારો પૈકી ઓછામાં ઓછા પચાસ ટકા હિંદીઓ લેવા જોઇએ વડી ધારાસભાના બીનસરકારી સભ્યોની કમિટી–જેના પ્રમુખ અને મોડરેટ પરિષદના પ્રમુખ એકજ=બાબુ સુરેન્દ્રનાથ હતા તેણે પણ એ પ્રમાણેનોજ ઠરાવ પસાર કર્યો છે, નામદાર શાસ્ત્રી અને બીજા મોડરેટ આગેવાનોએ યોજના ઉપર દર્શાવેલા પોતાના અભિપ્રાયોમાં પણ એજ પ્રમાણે કહ્યું છે, છતાં પરિષદમાં તે પ્રકારનો ઠરાવ કરવામાં આવ્યો નથી. પરિષદના પ્રમુખ સાહેબ યોજના બહાર પડયા પછી થોડે દિવસે કલકત્તામાં એક ભાષણ દરમ્યાન બોલ્યા હતા કે યોજના પ્રમાણે આપણને હિન્દી સનંદી નોકરીમાં, હિન્દીઓનું તેત્રીસ ટકા પ્રમાણ તરતજ મળી જવાનું અને દર વર્ષે તે પ્રમાણમાં દોઢ ટકો વધવાનો એટલે દશ વરસમાં અડધો અડધ હિન્દીઓ તે નોકરીમાં દાખલ થઇ જવાના. ખરી વાત તો એવી છે કે યોજના પ્રમાણે નવા ઉમેદવારોમાંજ અમુક પ્રાણમાં હિન્દી ઉમેદવારો લેવાના છે. યોજનાના અર્થની પ્રથમથીજ આવી સમજ બાબુ સુરેન્દ્રનાથની થયેલી તેથી તે અને તેમના મિત્રો તે યોજનાને સંતોષકારક જાહેર કરે એમાં કાંઇ નવાઇ નથી.

(૨) એક વાત તો જગજાહેર છે કે હિન્દુસ્થાનમાં નોકરશાહીને જે પગારો મળે છે તે બીજા દેશોની સરખામણીમાં ઘણાજ મોટા છે. આ દેશ પ્રમાણમાં ઘણોજ ગરીબ છે અને હાલના પગારનો બોજો ઓછો કરાવવાને આજ વર્ષો થયાં હિન્દના આગેવાનો અભિ-

રથ પ્રયત્નો કરી રહ્યા છે. તેમ છતાં યોજનામાં એવી ભલામણુ કરવામાં આવી છે કે કેટલાક નોકરોના પગાર હજી પણુ વધારવા જોઇએ. આ ભલામણુ સામે કોંગ્રેસે સિમલામાં મળેલી કમિટીએ, તેમજ ઘણા મોડરેટ આગેવાનોએ યોજના બહાર પડયા પછી પોકાર ઉઠાવ્યો છે, મોડરેટ પરિષદે આવા ગંભીર વિષય સંબંધી મૌન ધારણુ કરવામાંજ ડહાપણુ માન્યું છે.

(૩) કોન્ગ્રેસે એવો ઠરાવ કર્યો છે કે જે ખરડો પાર્લામેન્ટ પાસે રજુ કરવામાં આવે તે ખરડામાં હિન્દને પંદર વરસમાં જવાબદાર રાજ્યતંત્ર મળે એવી ખાત્રી આપનારી એક કલમ દાખલ કરવી જોઇએ. કલકત્તાની કોન્ગ્રેસે પણુ આ મતલબનો ઠરાવ પસાર કર્યો હતો, અને બાબુ બેનરજીએજ તે કોન્ગ્રેસ સમક્ષ રજુ કર્યો હતો. નામદાર ચિન્તામણી પણુ યોજના વિષેના પોતાના અભિપ્રાયમાં એમ કહી ગયા છે કે તમામ પ્રાન્તોમાં જવાબદાર રાજ્યતંત્ર દશ બાર વરસમાં અને આખા હિંદમાં બીજા તેટલાંજ વર્ષમાં મળવાની ખાત્રી આપવામાં આવે તો યોજનાના ટીકાકારો પૈકી ઘણાઓને સંતોષ થાય. મોડરેટ આગેવાનોના વ્યક્તિગત અભિપ્રાયો આવા હોવા છતાં પરિષદના ઠરાવોમાં તેનો ઇશારો પણુ કરવામાં આવ્યો નથી. શું તેઓ એમ માને છે કે પંદર વર્ષે પણુ હિન્દ સ્વરાજ્ય માટે લાયક નહિ બને? યોજના પ્રકટ થયા પહેલાંના તેઓનાં રાજકીય ભાષણોમાં તેઓએ વારંવાર સ્પષ્ટ રીતે કહ્યું છે કે હિંદના લોકો સ્વરાજ્યને માટે લાયક થઈ ચૂકયા છે.

(૪) રાજકીય સુધારાની યોજનામાં પુરૂષોના જેટલાંજ હક્કો સ્ત્રીઓને મળવા જોઇએ એવો કોન્ગ્રેસે ઠરાવ કર્યો છે, પણુ જાણે

કે કોન્ગ્રેસ ઉપરની રીસ મોડરેટોએ હિન્દના સ્ત્રી વર્ગ ઉપર કાઢી ન હોય તેમ સ્ત્રીઓના હક્ક સંબંધી પરિષદમાં ઠરાવ પસાર કરવાનો તો દુર રહ્યો પણ વિચાર સરખો પણ કર્યો હોય એમ લાગતું નથી વખતે તેઓ એમ માનતા હશે કે વિલાયતમાં તેવો હક્ક સ્ત્રીઓને લાંબી મુદત પછી હમણાંજ આપવામાં આવનાર છે તો આ દેશમાં હાલ તુરત તેમ કરવાનું સ્વપ્ન સરખું પણ આવવું જોઈએ નહિ. જો આ.વો તેમનો વિચાર હોય તો તેમને માટે આપણે દિલગીર છીએ. બીજા કેટલાક દેશોમાં આ હક્ક ઘણા વરસથી આપવામાં આવ્યો છે. હિન્દનો સ્ત્રી વર્ગ હવે જાગૃત થયો છે. અને આ સવાલનો નિર્ણય આ દેશમાં હવે કરવોજ પડશે એ નિ:સંશય છે.

(૫) મુંબાઇના નવ આગેવાન મોડરેટોએ એ યોજના સંબંધી પોતાનો અભિપ્રાય બહાર પાડયો. તેમાં "કાઉન્સીલ ઓફ સ્ટેટ" વિરૂદ્ધ જે સખ્ત ટીકા કરવામાં આવી હતી તેવી સખ્ત ટીકા અત્યાર સુધીમાં વાંચવામાં આવેલા બીજા કોઇપણ અભિપ્રાયમાં મેં જોઇ નથી. છતાં નવાઇ જેવી વાત છે કે "કાઉન્સીલ ઓફ સ્ટેટ નહિ રાખવી જોઇએ" એવી ભલામણ આ પરિષદે કરી નહિં અને તેને બદલે એ કાઉન્સીલના સભાસદોની અર્ધી સંખ્યા ચુંટાયલી હોવી જોઇએ એવો ઠરાવ કરવામાં આવ્યો છે. એ બધું તો ઠીક, પરંતુ જ્યારે એ કાઉન્સીલમાં અડધા ચુંટાયલા સભ્યો હોવા જોઇએ ત્યારે "ગ્રાંડ કમિટી" કે જે કાઢીજ નાંખવી જોઇએ, એવી સુચના નામદાર ચીંતામણીએ પોતાના અભિપ્રાયમાં કરી હતી, તેમાં કાંઇ નહિ તો "અડધા સભ્યો ચુંટાયલા જોઇએ" એવી ભલામણ તો પરિષદે કમમાં કમ કરવી જોઇતી હતી. એ તો દરેક માણસે કબુલ કરવુંજ

જોઇશે કે જો "કાઉન્સીલ ઓફ સ્ટેટ" માં ચુંટાયલા સભાસદોની સંખ્યા અડધી રાખવામાં આવે તો "આંડ કમિટીમાં" સભાસદોની ચુંટણીનું પ્રમાણ તેથી પણ વધારે હોવું જોઇએ. કોંગ્રેસે તો મોડરેટ આગેવાનોએ દર્શાવેલા મત પ્રમાણે "કાઉન્સીલ ઓફ સ્ટેટ અને ગ્રાંડ કમીટી રાખવી ન જોઇએ અને રાખવામાં આવે તો તેમના સભાસદોની અડધી સંખ્યા ચુંટાયલી હોવી જોઇએ" એવો ઠરાવ પસાર કર્યો છે.

(૬) પ્રીવીકાઉન્સીલ હોવીજ ન જોઇએ એવો ઠરાવ કોંગ્રેસે કર્યો છે; સીમલામાં મળેલી બીન સરકારી સભ્યોની કમીટીએ પણ તેવોજ ઠરાવ કર્યો છે. અને ના. શાસ્ત્રી તેમજ બીજા આગેવાન મોડરેટોએ તે કાઉન્સીલ ન હોવી જોઇએ એમ વખતો વખત ભાર દઇને જણાવ્યું છે. સુધારાની યોજના પ્રમાણે પ્રીવીકાઉન્સીલનું મુખ્ય કામ એ છે કે વાઇસરાય ગમે તે પ્રસંગે તેની સભા બોલાવી પોતાને વાજબી લાગે તે રાજકીય વિષયો સંબંધી સલાહ માગી શકે. તેના સભાસદો સરકાર તરફથી નીમાય અને એ નીમણુક જીંદગી પર્યંત ટકી રહે એટલુંજ નહિ પણ તેઓ "નામદાર" (ઓનરેબલ) પણ કહેવાય. મોટી મોટી સરકારી પદવીઓપરથી ફારક થયા બાદ આ પ્રીવીકાઉન્સીલના સભાસદો થઇ નામદાર બનવાની આશાથી કેટલાકના મોંઢામાં પાણી આવે એ સ્વભાવિક છે; પરંતુ ખરા મોડરેટોએ તો પોતાના અભિપ્રાયને વળગી રહી 'કાઉન્સીલ' નહિ રાખવાનોજ ઠરાવ પરિષદમાં પસાર કરવો જોઇતો હતો.

(૭) હિંદી સરકારમાં સ્વાયત્ત (Reserved) પરાયત્ત (Transferred) વિષયોનું ધોરણ દાખલ કરવું જોઇએ એવો ઠરાવ પરિષદે કર્યો છે ખરો, પરંતુ કયા વિષયો સ્વાયત્ત રાખવા તે નક્કી કરવાનું કામ સરકારે નીમેલી કમિટીને સોંપવાની ભલામણ કરી છે. આવીજ ભલામણ સીમલાવાળી કમિટીએ પણ કરી છે તે છતાં સરકારે નીમેલી કમીટીને આ કામ હજી સુધી સોંપવામાં આવ્યું નથી એ વાત જાણીતી છે. તેથી ઉલ્ટું કોંગ્રેસે કયા વિષયો પરાયત્ત રાખવા એ વિષે સ્પષ્ટ અભિપ્રાય દર્શાવ્યો છે. આગેવાન મોડરેટોએ પણ એ સવાલ ઉપર કોંગ્રેસને મળતીજ સુચના પોતાના અભિપ્રાયોમાં કરી છે, તેમ છતાં પરિષદ્ આ સવાલ જેમનો તેમ રહેવા દઇ તે કામ કમિટીને સોંપવાની ભલામણ કરે છે.

(૮) હિંદી સરકારના બજેટ ઉપર ધારાસભાઓનો કેટલો કાબુ હોવો જોઇએ તે સંબંધી મોડરેટ આગેવાનોએ અભિપ્રાય દર્શાવ્યા છે તેમજ સીમલાવાળી કમિટીએ અને કોંગ્રેસે પણ તેવીજ સુચનાઓ કરી છે પરંતુ એ પરિષદ્‌ને આ સવાલ પણ અગત્યનો લાગ્યો હોય એમ જણાતું નથી. વખતે તેમણે એમ માની લીધું હશે કે આ કામ પણ કમિટી કરશે.

(૯) આગેવાનોએ અત્યાર સુધીમાં જે અભિપ્રાયો જાહેરમાં મુકયા તેમાં તેમણે પોતાના અભિપ્રાય પ્રમાણે કેવા પ્રકારના અને કેટલા વિષયો પરાયત્ત કે સ્વાયત્ત રાખવા તે ચોખ્ખું જણાવી દીધું છે. વળી કોંગ્રેસે પણ તે અભિપ્રાયોને મળતોજ ઠરાવ એ સવાલ બાબત કર્યો છે તેમ છતાં પરિષદ્‌નો એ સંબંધી ઠરાવ તદ્દન મોળો છે. એનું કારણ વખતે એમ હશે કે આ સંબંધી કમિટી

હવે નીમાઈ ગઈ છે અને પરિષદ્‌ના આગેવાનો તે કમિટીના સભાસદો છે તેથી ચોક્કસ અભિપ્રાય આ સવાલ સંબંધી દર્શાવવાનું તેમણે સલાહભરેલું નહિ ગણ્યું હોય !

(૧૦) હિંદી ધારાસભામાં સભાસદોની બે તૃતિયાંશ જેટલી સંખ્યા ચુંટાયલી હોવી જોઈએ એવી ભલામણ યોજનાના કર્તાઓએ કરી છે. આ સંબંધી ઘણાખરા આગેવાન મોડરેટોએ પોતાનો અસંતોષ પ્રકટ કર્યો હતો અને ના૦ શાસ્ત્રી તો એટલે સુધી કહી ગયા હતા કે જ્યાં સેકન્ડ ચેમ્બર (બીજી ધારાસભા—કાઉન્સીલ ઓફ સ્ટેટ) હોય ત્યાં નીચેની ધારાસભા (Legislative assembly) તો સદંતર ચુંટાયલા સભાસદોનીજ હોવી જોઈએ. કોંગ્રેસે આ સભાસદોની ચાર પંચમાંશ જેટલી સંખ્યા ચુંટાયલી હોવી જોઈએ એવી માગણી કરી છે, ત્યારે પરિષદ્‌ને આ સવાલ માટે કંઈ પણ બોલવાનું વાજબી જણાયું નથી.

(૧૧) ના૦ ચીંતામણીએ પોતાના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે પોતાનું કામકાજ ચલાવવા માટેના કાનુનો ઘડવાની અને તેમાં વખતો વખત યોગ્ય લાગતો ફેરફાર કરવાની સત્તા ધારાસભાને મળવી જોઈએ. કોંગ્રેસે તે મુજબનો ઠરાવ કર્યો, ત્યારે પરીષદે યોજનાના કર્તાઓની ભલામણથીજ સંતોષ માની લીધો છે.

(૧૨) સુધારાની યોજનામાં ગવર્નરને એવી સત્તા આપવામાં આવી છે કે કારોબારી સભાનો સભાસદ ખાનગી ખરડા માટે અમુક પ્રકારનો વાંધો ઉઠાવે તો તે ખરડાપર ધારાસભા રૂબરૂ ચર્ચા કરવા દેવાની પણ તે ના પાડી શકે. આવી માગણી કોંગ્રેસે તેમજ સીમલાવાળી કમિટીએ પણ કરી છે, છતાં પરિષદ્‌ને એ સવાલ ઉપર

કાંઇ પણ બોલવાની જરૂર જણાતી નથી. ખુશીની વાત તો એ છે કે હિંદના હાલના રાજકીય બંધારણમાં પણ ગવર્નરને એવો અધિકાર આપવામાં આવ્યો નથી.

(૧૩) જે ખાતાં એક વખત 'પરાયત્ત' કરવામાં આવ્યા હોય તે પાછાં "સ્વાયત્ત" કરવાનો અધિકાર વાઇસરોયને આપવામાં આવ્યો છે. આવો અધિકાર વાઇસરોયને ન મળવો જોઇએ એમ કોંગ્રેસ તેમજ સીમલાવાળી કમિટી ભલામણ કરે છે; તેમજ ઘણા મોડરેટ આગેવાનોએ પણ વ્યક્તિ તરીકે એવાજ પ્રકારની માગણી કરી છે, છતાં પરિષદમાં મળતાં તેઓ પોતાના એ વ્યક્તિગત અભિપ્રાયોને ઉંચા મુકી દે છે અને યોજનાના કર્તાઓની ભલામણ જેમની તેમ રહેવા દે છે.

(૧૪) કાઉન્સીલ ઓફ સ્ટેટના સભાસદોની લાયકાત નક્કી કરવાની સત્તા યોજનામાં વાઇસરોયને આપવામાં આવી છે, તે બરોબર નથી એમ કોંગ્રેસે, સીમલાવાળી કમિટિએ અને કેટલાક મોડરેટ આગેવાનોએ કહ્યું છે છતાં પરિષદને તે વિષે કાંઇપણ કહેવાનું નથી.

(૧૫) "ફીસ્કલ ઓટોનોમી" ઉપરજ દેશના વેપાર રોજગારનો તેમજ ઉદ્યોગોનો આધાર છે. તે ન મળે તો બીજા રાજકીય સુધારાની કાંઇ કિમ્મત નથી. કોન્ગ્રેસે એવો ઠરાવ કર્યો છે કે સંસ્થાનોને આ સવાલના સંબંધમાં જેટલી સત્તા છે અથવા મળે તેટલીજ સત્તા હિન્દને પણ મળવી જોઇએ. પરિષદ બીતાં બીતાં એમ કહે છે કે મહારાજ્યના સામાન્ય હિતને માટે જે નિયમો સરખી રીતે અને વ્યાજબીપણે સર્વ ભાગોને લાગુ પાડવામાં આવે તેને અનુસરીને હિન્દને તેવી સત્તા આપવી જોઇએ. હું પરિષદના આગેવાનોને પુછું

ધું કે એ નિયમો કોણ ક્યારે અને કેવી રીતે ઘડશે? અને તે ઘડવામાં હિન્દની ધારાસભાઓને કેટલો અધિકાર હશે? એ તો જાણીતી વાત છે કે આ નિયમો, શાહી પરિષદ્ (Imperial Congerence) કે જેમાં સંસ્થાનો તરફથી પણ સભાસદો બેસશે, તે નક્કી કરશે. પરંતુ હિન્દના એક બે સભાસદોને તેમાં સ્થાન મળે તો પણ નગારામાં તુતીના અવાજ જેવું થશે, અને શાહી પરિષદ્ વધુ મતે જે કરશે તે હિન્દને કબુલ રાખવું પડશે.

(૧૬) લશ્કરમાં 'કમીશનના ઓદ્દાઓ' પચીસ ટકા હિન્દીઓને આપવા કોન્ગ્રેસે ભલામણ કરી છે. સિમલાની કમિટીએ પણ એવો જ ઠરાવ કર્યો છે ત્યારે પરિષદ્ તેમાંથી ૫ ટકા ઓછા કરી વીસ ટકાની ભલામણ કરે છે.

(૧૭) ઇન્ડીઆ ઓફીસનું તમામ ખર્ચ બ્રિટિશ ત્રીજોરીમાંથી આપવાનો કોન્ગ્રેસે ઠરાવ કર્યો છે ત્યારે પરિષદ્ કહે છે કે તેનું 'ઘણુંખરૂં' ખર્ચ બ્રિટિશ તીજોરીમાંથી આપવું જોઇએ.

(૧૮) સ્વહક્કના જાહેરનામા (Declaration of Rights) સંબંધી કોંગ્રેસ અને પરિષદના ઠરાવો તદન જુદાજ છે.

(૧૯) રોલેટ કમિટિના રિપોર્ટ સામે ના પસંદગી બતાવવાનો કોંગ્રેસે ઠરાવ કર્યો છે. પરિષદને એ રીપોર્ટ સંબંધી કાંઇ વાંધો હોય એમ જણાતું નથી.

યોજનામાં સુધારા કરવાની ઉપર મુજબની અને બીજી જે થોડી ઘણી ભલામણો પરિષદે કરી છે તે ભલામણો બાબુ સુરેન્દ્રનાથ અને બીજા મોડરેટોના પરિષદ્‌માં થયેલાં ભાષણો સાથે વાંચતાં એમ ચોખ્ખું જણાઇ આવે છે કે સુચવેલા સુધારા બાબત તેઓનો

આગ્રહ નથી. યોજના સારી છે, સંતોષકારક છે અને સુચવેલા સુધારા તેમાં થાય કે ન થાય તો પણ કાંઈ હરકત જેવું નથી. આ પ્રમાણેની તેમની મનોવૃત્તિઓ ઉઘાડી જણાઇ આવે છે. બાબુ સુરેન્દ્રનાથે પોતાનાં ભાષણમાં ખુલ્લે ખુલ્લું કહ્યું છે કે પરિષદે સુચવેલા સુધારાઓ મંજુર રાખવામાં આવે કે ન આવે તો પણ યોજના જેમની તેમ તેમને કબુલ છે. મને તો એમ લાગે છે કે પરિષદનું પ્રતિનિધિ મંડળ વિલાયત પહોંચશે ત્યાં સુધીમાં તો તેમની સુચનાઓ પણ કદાચ સુઇ જશે. જે મોડરેટો એવી મતલબના ઉદ્દગારો કાઢતા હતા કે યોજનામાં મુદ્દાના ફેરફારો નહિ થાય તો દેશમાં ઘણો અસંતોષ થશે તેઓ હવે કોણ જાણે શાથી ફરીને બેઠા ? જે ઠરાવો કોંગ્રેસે પસાર કર્યા છે તેમાં એક પણ એવો નથી કે જેને મળતી સુચના કોઇને કોઇ મોડરેટ આગેવાન તરફથી કરવામાં ન આવી હોય. કોન્ગ્રેસના ઠરાવો અને મોડરેટ આગેવાનોના અભિપ્રાયો તમે સરખાવશો તો તમને આ વાતની ખાત્રી થશે. વળી તે અભિપ્રાયો સાથે પરિષદના ઠરાવો સરખાવવાથી માલુમ પડી આવશે કે જેમ જેમ દિવસ જતા જાય છે તેમ તેમ વિચારોમાં કેટલોક ફરક પડતો જાય છે. ખાસ કરીને આ સંબંધી મુંબાઇના નવ આગેવાન મોડરેટો, સંયુક્ત પ્રાંતોના મોડરેટ આગેવાન નામદાર ચિંતામણી, મદ્રાસના નામદાર શાસ્ત્રી અને બાબુ સુરેન્દ્રનાથની 'નેશનલ લીબરલ લીગ' ના અભિપ્રાયો, તરફ હું તમારૂં ધ્યાન ખેંચું છું. એ અભિપ્રાયોનો મેં બરાબર અભ્યાસ કર્યો છે અને તમને પણ ભલામણ કરૂં છું કે કોન્ગ્રેસના અને પરિષદના ઠરાવો સાથે રાખી તે અભિપ્રાયો તમે વાંચશો. તમારી જરૂર ખાત્રી થશે

કે મોડરેટ આગેવાનોએ વખતો વખત જે અભિપ્રાયો દર્શાવ્યા છે તેના કરતાં કોન્ગ્રેસના ઠરાવો કોઇપણ રીતે આગળ પડતા નથી, પરંતુ પરિષદે તો તે સવ અભિપ્રાયો જાણે બાજુપર મુકયા ન હોય તે પ્રકારના ઠરાવો કર્યા છે. ના. ચિન્તામણીએ તો પોતાના અભિપ્રાયમાં એટલે સુધી જણાવ્યું છે કે પ્રાંતિક ધારાસભામાં ચુંટાયલા સભાસદોની સંખ્યા ૪/૫ હોઇ એ સભાના ૨/૩ સભાસદોએ કરેલા ઠરાવો સરકારને બંધનકારક હોવા જોઇએ. એટલુંજ નહિ પણ ધારાસભા (Legislative Counsil) અને સ્ટેટ કાઉન્સીલ' બન્નેએ મળીને પસાર કરેલા ઠરાવો હિન્દી સરકારને બંધનકારક હોવા જોઇએ. કોન્ગ્રેસે આટલે દરજ્જે જવાનું વ્યાજબી ગણ્યું નથી.

હું આજ સુધી એમ માનતો હતો કે મોડરેટોના વિચારોમાં અને કોન્ગ્રેસના ઠરાવોમાં ખરેખર કાંઇ મતભેદ નથી અને તેથી તેઓ તેમની મેળે વહેલા મોડા કોન્ગ્રેસમાં પાછા આવશે. આ મારી માન્યતા, આગેવાન મોડરેટોએ વખતો વખત દર્શાવેલા પોતાના અભિપ્રાયો ઉપરથી થઇ હતી. હવે તો વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ છે. કોન્ગ્રેસે સુધારાની યોજના ફેંકી દીધી નહિ અને મોડરેટોએ દર્શાવેલા અભિપ્રાયો પ્રમાણેજ એ યોજનામાં સુધારા વધારા કરવાની ભલામણો કરી. કોન્ગ્રેસનાં આ પગલાંથી અલગ રહેલા મોડરેટોની સ્થિતિ ગુંચવણ ભરેલી અને કફોડી થઇ પડી. અલગ થવામાં પોતે ભુલ કરી છે એમ સ્પષ્ટપણે કબુલ કર્યું હોત તો કોન્ગ્રેસમાં પાછા આવવાનો તેમને અવકાશ હતો. તે તેમણે ગુમાવ્યો છે. એમ કહેવાય છે. તેઓ દિલ્લી કોન્ગ્રેસમાં પાછા આવવા માંગે છે. તેઓ સારી પેઠે જાણે છે કે 'મુઠીભર' માણસો કોન્ગ્રેસથી દુર રહે તેથી

કોન્ગ્રેસ કાંઇ બંધ પડવાની નથી. સુર્યની સામે ગમે તેટલી ધુળ ઉરાડવામાં આવે છતાં સુર્ય ઝાંખો થતો નથી. એંગ્લો ઇન્ડીઅન પત્રોની છાયા નીચે ભલે તેમાંના કોઇ કોન્ગ્રેસની અવગણના કર્યા કરે હું 'મુઠ્ઠીભર' કહું છું તેનું કારણ એ છે કે કોન્ગ્રેસમાં જેમણે આગળ ભાગ લીધો હોય એવાઓની સંખ્યાં તેમનામાં માત્ર આંગળીના વેઢાપર ગણી શકાય. એટલાજ નીકળે. પરીષદના મુખ્ય ડેલીગેટોની યાદી છાપાઓમાં બહાર પડેલી જે ઉપરથી જણાશે કે તેમાં કોન્ગ્રેસની સાથે જેમને કોઇપણ પ્રકારનો સંબંધ આજ સુધી હતો નહિ તેવા ઘણા છે. આપણે એ 'મુઠ્ઠીભર' મોડરેટોને માટે દીલગીર છીએ. ખરે વખતે તેઓ ન્યારો પંથ લઇને બેઠા, દેશને જેટલું નુકસાન થવાનું હતું તેટલું થઈ ગયું. બાબુ સુરેન્દ્રનાથ અને તેમના મિત્રો પોતાનેજ ડાહ્યા માનતા હોય તો ભલે. લોકોએ તેમના કહ્યા પ્રમાણે ચાલવું જોઇએ એવી ઇચ્છા રાખવામાં તેઓ કાળના પ્રવાહની વિરૂદ્ધ જવા પ્રયત્ન કરે છે. આજકાલ યુદ્ધના કારણે દુનિઆમાં થતાં મોટા મોટા ફેરફારોથી તેમના વિચારોમાં થવો જોઇતો ફેરફાર ઉંધીજ દિશામાં થતો હોય એમ જણાય છે. ૧૯૧૩માં જો તેઓએ આવી માગણીઓ કરી હોત તો ચાલત.

ડેપ્યુટેશન.

આપણા દેશના લોકોના મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડ યોજના સંબંધી શા વિચારો છે, તેનાથી આપણને કેટલેક અંશે સંતોષ થયો છે, તેની વિરૂદ્ધ આપણે શું શું કહેવાનું છે. અને તેમાં શા શા ફેરફાર કરાવવા આપણે ઇચ્છીએ છીએ, તેનો ખ્યાલ બ્રિટિશ પ્રજાને આપવો એ અત્યંત જરૂરનું છે. હિંદના રાજકીય સુધારા વિષેનો ખરડો

બ્રીટીશ પાર્લામેન્ટે પસાર કરવાનો છે. અહીં બેઠા બેઠા કોન્ગ્રેસ ભરો પરિષદ્ ભરો અને ગમે તેટલાં ભાષણો આપો કે વર્તમાનપત્રોમાં લેખો લખો તોપણ આપણો એ અવાજ ઇંગ્લંડ પહોંચી શકતો નથી; કારણ કે તે પહોંચાડવાનાં સાધનો પણ આપણા અંકુશ નીચે નથી. આવા સંજોગોમાં કોન્ગ્રેસ તરફથી એક પ્રતિનિધિ મંડળ ઇંગ્લંડ મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો છે પરંતુ તે પ્રતિનિધિ મંડળને ઇંગ્લંડ જવાની પરવાનગી આપવામાં આવી નથી, અને તેના કારણ તરીકે યુદ્ધજનિત પરિસ્થિતિને આગળ કરવામાં આવી હતી, પણ તે બહાનું હવે ચાલી શકશે નહિ. બ્રિટીશ પ્રજા તે દેશમાં ઉપસ્થિત થતા અથવા કરવામાં આવતાં સંજોગોને અનુસરીને હીંદ અને હીંદીઓ સંબંધી વિચારો બાંધે છે. આપણા કેટલાક મિત્રો પણ ભ્રમણામાં પડયા હોય એમ લાગે છે. હિન્દના વિરોધીઓ પણ તે દેશમાં અનેક છે. લોર્ડ સિડનહામ તેઓનો સરદાર છે. એની મહાન પ્રપંચજાળમાં ઘણા સપડાયા છે અને હિન્દનું અહિત થાય એવો આપણને ભય ઉપજે છે. તેઓએ હિન્દ વિષે ઘણીજ અસત્ય વાતો ફેલાવી છે અને હિન્દ વિષેનો તેમનો મહાન અનુભવ આગળ કરી તે ઘણાઓ પાસે સત્ય મનાવવાનો પ્રયત્ન આદર્યો છે. હીંદી પ્રજાના પ્રતિનિધિઓ (?) સર સત્યેંદ્ર પ્રસન્નસિંહ અને માનનીય મી. ભુપેન્દ્રનાથ બાસુ અને બીજાઓએ ભાષણો કરી સુધારાની યોજના હિન્દના મોટા ભાગને માન્ય થશે એવી છાપ પાડી છે, અને હવે તો મોડરેટ પરિષદમાં થયેલાં ભાષણો અને તેમાં પસાર થયેલા ઠરાવો પણ બ્રિટિશ પ્રજાને આપણા વિરુદ્ધ દોરવવામાં શસ્ત્ર તરીકે શત્રુઓ વાપરશે. આપણે તો જાણીએ છીએ કે યોજના દેશમાં

એટલી બધી સંતોષકારક કે આશાજનક ગણાઇ નથી. આ યોજનાના સંબન્ધમાં છેવટનો ન્યાય આપનાર વર્તમાન પરિસ્થિતિમાં બ્રિટિશ પ્રજાજ છે અને તે હિન્દ વિષે સામાન્ય રીતે અજ્ઞાત છે. આથી હિન્દી પ્રજામત ત્યાં રજુ કરવાની ખાસ જરૂર છે; અને વિશેષ કરીને પરિષદ્ અને હીંદી લોકમતને કેટલું છેટું છે અને સુધારાની યોજના સંબંધી કોન્ગ્રેસે કરેલા ઠરાવો એજ હિંદની પ્રજાનો ખરો મત દર્શાવનાર છે એ વાત બ્રિટિશ પ્રજાને સચોટ સમજાવવાની ખાસ જરૂર છે. વળી હમણા રોલેટ કમિટીએ હિન્દ રક્ષક કાયદો કાયમ કરવાની ભલામણ કરી છે. હિન્દ રક્ષક કાયદો જો કાયમનો કરવામાં આવે તો તેને લીધે આપણા દેશને કેટલું સહન કરવું પડશે તેનો ખ્યાલ અત્યાર સુધીના આપણા અનુભવથી સહજ આવી શકે એમ છે. આ સઘળા કારણોને લીધે કોન્ગ્રેસ તરફથી દેશના પ્રખ્યાત આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ મોકલવાની જરૂર છે. કોન્ગ્રેસ તેમ માને છે. હિન્દી પ્રજા પણ તેમ માને છે. પરંતુ વિચિત્રતા એ છે કે નામદાર શહેનશાહની સરકાર તેમજ હિન્દી સરકાર તેમજ હીંદી પ્રધાન તેમ માનતા નથી. આવા પ્રજાકીય મહત્ત્વના પ્રશ્નમાં નામદાર શહેનશાહની સરકારને, હિન્દી સરકારને કે હિન્દી પ્રધાનને, આવી રીતે હિન્દના ભવિષ્ય વિરૂદ્ધનું વર્તન કરવાનો બિલકુલ હક્ક નથી. હિન્દી પ્રજાના શુદ્ધ અભિપ્રાયો ઇંગ્લંડ પહોંચતા શા માટે અટકાવવામાં આવે છે? શું હિન્દી પ્રધાન અને બ્રિટિશ પ્રધાન મંડળ પોતાનોજ કક્કો ખરો કરાવવા માંગે છે? અને તે આવા ઉપાયોથી? આજકાલ સ્વનિર્ણયની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ હિન્દને તો એ વાતો માત્ર સાંભળવાનીજ તેના

ઉપર આશા બાંધવાની નહિ. કોન્ગ્રેસના પ્રતિનિધિ મંડળને ઇંગ્લાંડ જતું અટકાવવામાં હિન્દી પ્રજાનો અત્યંત મહત્વનો હક લુંટાયો છે તેની સામે આપણે ઘણોજ સખ્ત વાંધો ઉઠાવવાની જરૂર છે. સદ્‌ગત દાદાભાઇ નવરોજીનો તો વિચાર એવો હતો કે હિન્દ તરફથી સતત્ ચળવળ ચલાવે એવું એક મંડળ લંડનમાં હમેશને માટે રાખવું જોઇએ. એમની એ અમુલ્ય સલાહ અત્યાર પહેલાં અમલમાં મુકી શકાઇ હોત તો આપણને આજ કાંઇ હરકત પડત નહિ.

આપણા રાજકીય સંગ્રામનો વિજય લંડનમાંજ મેળવી શકીશું, માટે ત્યાં આપણા દેશ તરફનું ખાસ મંડળ હમેશને માટે રાખવું પડશે. સ્વરાજ્ય દાખલ કરવાનો જે પ્રયોગ શરૂ થવાનો છે, તે પ્રયોગ બને તેટલો જલદી આગળ વધે તેને માટે બ્રિટિશ પ્રજા સમક્ષ આપણી સ્થિતિ ચાલુ રજુ કરનારા આપણા પ્રતિનિધિ મંડળ સિવાય કાર્ય સિદ્ધ થવું મુસ્કેલ છે.

૬૦ા કરોડ રૂપીયાનો ફાળો.

વર્તમાન યુદ્ધના ખરચ પેટે જે ૬૦ા કરોડ રૂપીઆનો ફાળો આપવાનો ઠરાવ ગઇ વડી ધારાસભામાં પસાર થયો છે તે વિરૂદ્ધ ચારે તરફ પોકાર થઇ રહ્યો છે. આપણા દેશની ગરીબી ધ્યાનમાં લેતાં અત્યાર સુધીમાં જે મદદ હિન્દે કરી છે તેજ હિન્દને ઘણી ભારે થઇ પડી છે તો પછી આ વધારાનો બોજો, અને તેપણ વળી આવા દુષ્કાળના ભયંકર સમયમાં આપણો દેશ શી રીતે ઉઠાવી શકશે ? આ નવી રકમ ઇંગ્લંડને અર્પણ કરવામાં હિન્દી સરકારે એવી સફાઇથી કામ લીધું છે કે જાણે હિન્દી પ્રજાએ એ રકમ રાજી-ખુશીથી આપી છે એવો દેખાવ કરી શકાય. હિન્દી સરકારના અમ-

લદાર વગેરે એ રકમ આપવાની સઘળી યોજના તૈયાર કરી પછી તે સંબંધી ઠરાવ પસાર કરવાનું વડી ધારાસભાના બીનસરકારી સભાસદોને સોંપવામાં આવ્યું. જો કોઇ પણ જાતની ગોઠવણ સિવાય એમને એમ આ યોજના બીનસરકારી સભાસદો આગળ રજુ કરવામાં આવી હોત તો તેનું શું પરિણામ આવત તે સરકાર જાણતીજ હોવી જોઇએ અને તેથીજ વખતે એ ઠરાવ રજુ કરતાં પહેલાં કેટલાક બીનસરકારી સભાસદોને ખાનગીમાં બોલાવવામાં આવ્યા હશે. દોઢ અબજ રૂપીઆનો ફાળો હિન્દે પ્રથમ આપ્યો ત્યારે આવી રીત પકડવાનું સરકારને વ્યાજબી જણાયું નહોતું. પરંતુ જ્યારે દેશ સત્વહીન બની ગયો અને વધારે ફાળો આપવાની તેની શક્તિ તદ્દન નષ્ટ થઈ ગઇ ત્યારે સરકારને પોતાને માથે જવાબદારી લેવાનું યોગ્ય ન લાગ્યું અને પાપનો પોટલો બીનસરકારી સભાસદોપર મુકવામાં આવ્યો. નોકરશાહીના આ પેચથી લોકનિયુક્ત સભ્યોની સ્થિતિ ઘણીજ કફોડી થઇ પડી. એક બાજુએ પોતાના ગરીબ દેશબંધુઓની નિરાધાર સ્થિતિનો વિચાર કરવાનો અને બીજી બાજુએ તેમની ઉપર આવી પડનારા રાજદ્રોહના આરોપનો વિચાર કરવાનો; આવા ધર્મસંકટ છતાં પણ કેટલાક પ્રજાકીય સભાસદોએ આવા પ્રકારની કાર્યપદ્ધતિ સામે, અને આપણા દેશપર આવી પડનાર અસહ્ય બોજા વિરૂદ્ધ સખ્ત પોકાર ઉઠાવ્યો. મારા માનનીય મિત્ર પંડિત મદનમોહન માલવીયે હિન્દની અશક્તિ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી સરકારે મુકેલા આરોપનો નિષેધ કર્યો વળી ચાલુ વિગ્રહ ઓછામાં ઓછાં બે વર્ષ તો ચાલશેજ એવી ગણત્રી ઉપર આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, તો હવે જ્યારે યુદ્ધનો અંત આવી

ગયો છે ત્યારે હિન્દની રાંકડી પ્રજા ઉપર લાદવામાં આવેલો આ બોજો કાઢી નાંખવાની સરકારે મહેરબાની કરવી જોઇએ.

સ્ત્રીઓના હક્ક.

આ સ્થળે આપણે સ્ત્રીઓના રાજકીય હક્ક સમ્બન્ધી પ્રશ્ન પણ વિચારવો જોઇએ. પુરૂષોને આપવામાં આવનાર સઘળા હક્કો સ્ત્રીઓને મળવા જોઇએ એવો ઠરાવ ખાસ કોન્ગ્રેસે પણ પસાર કર્યો છે. એ ઠરાવપર બે ગુજરાતી સ્ત્રીઓએ સ્વજાતિના હક્કોનું પ્રતિપાદન કરનારા ભાષણો કર્યાં હતા એ જાણી પ્રત્યેક ગુજરાતી મગરૂર થશે. આ ઠરાવ પસાર કરી હિન્દી પ્રજા સ્ત્રીઓના હક્કો તરફ બેદરકાર છે એવો આપણા પર મુકવામાં આવતો અપવાદ આપણે દૂર કર્યો છે. મુંબાઇની ધારાસભામાં મારા માનનીય મિત્ર દેસાઇએ મુંબાઈની મ્યુનિસિપાલીટીમાં સભાસદ થવાનો હક્ક સ્ત્રીઓને પણ આપવો એવો ઠરાવ આણ્યો હતો અને તે પસાર પણ થયો છે. મારો મત તો એવો છે કે તેમને એવો હક્ક માત્ર મુંબાઇમાંજ નહી પણ ઇલાકાના સર્વ ભાગોની મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડોમાં મળવો જોઇએ. શહેર સુધારણા આરોગ્ય, સ્વચ્છતા વિગેરે વિષયો સાથ પુરૂષો કરતાં સ્ત્રીઓનો સંબંધ વધારે સીધો હોય છે, અને જ્યારે તેઓ એ વિષયોમાં રસ લેતી થશે ત્યારે આપણી મ્યુનિસિપાલિટીઓનું અને લોકલ બોર્ડોનું કાર્ય ઘણુંજ સરળ થઈ જશે તેમજ આરોગ્ય અને સ્વચ્છતા માટે તેઓ ઘણા વ્યવહારૂ ઉપાયો અમલમાં આણી શકશે. માનનીય મી૦ દેસાઇનો ઉપલો ઠરાવ જો કે અપૂર્ણ છે તો પણ એ ઠરાવ ઉપર થયલાં ભાષણો અને વિવેચનો ઉપરથી, મુંબાઇ ઇલાકો કેટલો જલ્દીથી આગળ વધે છે એ સ્પષ્ટ

રીતે જણાઇ આવે છે અને મુંબાઇ ઇલાકાને સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર આપવામાં આવે તો તેની ફતેહ વિષે શંકાનું સ્થાન જરા પણ રહેતું નથી. આ પરિષદે પણ સ્ત્રીઓને મ્યુનિસિપાલીટી અને લોકલ બોર્ડોમાં સભાસદ થવાનો હક્ક મળવાનો ઠરાવ પસાર કરવો જોઇએ.

ગુજરાત રાજકીય પરિષદમાં ખાસ ગુજરાતને લગતા સવાલોની ચર્ચા થવી જોઇએ એમ કહેવામાં આવે તો તે ખરૂં છે અમદાવાદમાં ઉઠેલો મીલ મજુરોનો પ્રશ્ન, ખેડા જીલ્લામાં સત્યાગ્રહ અને મહુડાના કાયદાના પ્રશ્નો અને જમીન મહેસુલ તથા વેઠવારાનાં વિષયો તેમજ ગુજરાતની આર્થિક સ્થિતિ સંબન્ધી પ્રશ્નો વિષે મારે મારા વિચારો જણાવવા જોઇએ, પરંતુ હવે થોડાજ સમયમાં આપણા ઇલાકામાં અગત્યના રાજકીય ફેરફારો થવાના છે તેથી મેં તેમ કર્યું નથી. ઘણાખરા ખાતા હિન્દી મંત્રીઓને સ્વાધીન કરવામાં આવનાર છે. જમીન મહેસુલ, ન્યાય અને સુલેહશાંતિ જાળવનારાં ખાતાં આપણને મળશે કે નહિ તે વિષેજ માત્ર આપણને સંશય રહે છે. તો તે મેળવવાનો આ પ્રસંગે બની શકે તેટલો પ્રયત્ન કરવામાંજ ગુંથાઇએ તો તેમાંજ આપણું ડહાપણ ગણાય એમ હું સમજું છું. જે ખાતાં આપણને સ્વાધીન થવાનું નક્કી છે તે ખાતાં સંબન્ધી સરકારની આજ સુધીની રાજ્યનીતિ વખાણવાનું કે વખોડવાનું કામ આપણે હવે બંધ કરવું જોઇએ હવે તો આપણે એ ખાતાઓનો કેવી રીતે વહીવટ ચલાવવો કે જેથી એકંદર પ્રજાને સુખ થાય, તેનો વિચાર કરી આવતી સાલથી ઠરાવો પસાર કરવા પડશે.

આપણા ઇલાકામાં નવું રાજ્યતંત્ર દાખલ થયા પછી આપણી હાલની પ્રવૃત્તિઓ કેવું સ્વરૂપ લેશે તેનો પણ આપણે વિચાર કરવાનો છે. અત્યાર સુધી આપણને રાજ્યકારભારમાં નહિ જેવોજ ભાગ મળ્યો છે, અને સરકારનાં કાર્યોપર પ્રજાકીય દૃષ્ટિએ આપણે ટીકા કરતા આવ્યા છીએ. આવી ટીકા કરતાં આપણે આપણી જોખમદારી કેટલે દરજ્જે સમજીએ છીએ અને કેટલું સાવધાનપણું રાખ્યું છે, તે હિંદના રાજકીય ઇતિહાસમાં નોંધાયા વિના રહેશે નહિ. આજ સુધી આપણે બીન જોખમદાર ટીકાકારો કેટલાકની દૃષ્ટિએ જણાતા અને ગણાતા હતા; પરંતુ હવે આપણે પ્રજાને 'બીન-જોખમદાર' અમલદારોપર 'બીનજોખમદાર' ટીકા કરનારાઓ નહિ રહીએ આપણાજ દેશબંધુઓ હવે ભારે જવાબદારીના ઓદ્ધાઓપર આવશે અને તેઓ પોતાની ફરજો કુશળતાથી બજાવી, બીજાઓ—અંગ્રેજો જેટલાજ રાજકીય ધુરંધર છે એ બતાવી આપશે એમાં તો શંકાજ નથી, પરંતુ ભુલ કરવી એ મનુષ્ય પ્રકૃતિ છે અને તે પ્રમાણે તેઓ પણ ભુલ કરે એ સ્વાભાવિક છે. એટલે તે વખતે આપણી રાજકીય ચળવળ બે દિશામાં ચાલશે. એક તરફ કારોબારી કે જેના હાથમાં હજી ઘણી સત્તા રહેવાની છે તેનાં કાર્યોપર હાલની માફકજ ટીકા કરવાનું ચાલુ રાખવું પડશે તેમજ આપણા પોતાના દેશબંધુઓ કદાચ કારોબારી સરકારની સ્હેમાં દબાઇ ન જાય અથવા તેઓ ખોટા મારગે દોરવાઇ ન જાય તેને માટે પણ આપણે કાળજી રાખવી પડશે. તેમનાં કાર્યોપર પણ આપણે યોગ્ય ટીકા કરવી પડશે. આ પ્રકારનો મંથનકાળ આવી પહોચશે તે સમયે અમૃત મેળવતાં પહેલાં હલાહલ વિષ પણ મળવાનો સંભવ છે. એ મંથનકાળમાંથી

ક્ષેમકુશળ પસાર થઇ જાયએ એટલુંજ આપણે ઇચ્છવાનું છે. આ સમયનું એક ઉત્તમ પરિણામ એ આવશે કે ધારાસભાને જવાબદાર મંત્રીઓ ધારાસભા દ્વારા પ્રજાને જવાબદાર રહેવાથી, રાજ્યતંત્ર પ્રજામતનેજ અનુસરીને ચાલશે. પ્રજા પણ પોતાની વધતી જતી જવાબદારી, અને મહત્તા સમજતી થશે અને તેનામાં પ્રજાસત્તાક સિદ્ધાન્તો ફેલાશે. આથી આપણને જે મહાન લાભ થશે તેની કિમ્મત આંકી શકાતી નથી. આજની પરિષદમાં મેં ગુજરાત પ્રાન્તના અંગત વિષયોપર વિશેષ વિવેચન કરવાનું વ્યાજબી ન ધાર્યું હોય તો તે એજ ગણત્રી ઉપર કે આજ આપણું સંપૂર્ણ લક્ષ નવા રાજકીય સુધારા તરફ રોકાવાની જરૂર છે.

આપણા કેટલાક ભાઇબંધો આપણને એમ સમજાવવા માંગે છે કે આપણામાં કર્તૃત્વશકિતનો એટલો બધો અભાવ છે કે આપણે સ્વરાજ્યને માટે લાયક નથી. આ કર્તૃત્વશકિતનો અભાવ ગયાં ૧૫૦ કે ૨૦૦ વર્ષમાંજ થયો હોય તો કોણ જાણે? અને તેમ હોય તો એને માટે કોને ધન્યવાદ ઘટે છે! પરંતુ આવા મુર્ખાઇ ભર્યા આક્ષેપો વિષે જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરતો નથી. હાલના સમયમાં પણ સરકારના કારોબારી અમલદારોને મળી શકે એટલી સવડ અને સમય ન હોવા છતાં, પણ સ્વર્ગસ્થ ગોખલે, તેમના ગુરૂ સ્વ. રાનડે, સ્વ. સર ફીરોજશાહ મહેતા, હિન્દના દાદારૂપ મનાયલા સ્વ. દાદાભાઇ નવરોજી વિગેરે પુરૂષોએ હિન્દના રાજકીય અને આર્થિક પ્રશ્નોને જેટલા અને જેવી રીતે છણ્યા છે તેવા કયા કારોબારી અમલદારે છણ્યા છે? પર્વતશૃંગપર બેઠેલું શિયાળ તળેટીએ ઉભેલા સિંહને "અલ્યા તારાથા

શું રામ છે ?" એમ કહી શકે. હિન્દમાં કર્તૃત્વશકિત ધરાવનારી અનેક વ્યક્તિઓ થઇ છે અને હાલ પણ છે અને આપણી આ રાજકીય જાગૃતિ પણ એવા કર્તૃત્વશક્તિવાળા મહાન નરોને આભારી છે. ગુજરાતમાં અન્ય પ્રાંતો જેવી રાજકીય જાગૃતી નથી એવો આક્ષેપ મુકવામાં આવે છે. એ વાત ખરી છે કે આ ગૂર્જરભૂમિ કદાચ કેટલોક સમય નિંદ્રાધીન રહી હશે પરંતુ વ્યવહારકુશળ ગુજરાત યોગ્ય સમયેજ પાછું જાગૃત બની ગયું છે. કર્તૃત્વશકિતના અભાવનો અપવાદ હવે ગુજરાતને શિર આવી શકે એમ છેજ નહિ. આ પરિષદના કાર્યકારી મંડળ તથા ગુજરાત સભા તરફ ગયે વર્ષે જમીન મહેસુલ વેડવારા વિગેરેના સંબંધમાં કરવામાં આવેલી ચળવળ અને તેમાં તેમને મળેલી ફતેહ એ ગુજરાતની રાજકીય જાગૃતિનું અને કર્તૃત્વશક્તિનું એક ઉત્તમ ઉદાહરણ છે. ગુજરાત રાજકીય પરિષદ માત્ર ઠરાવો કરીને બેસી રહી નથી, પરંતુ તેણે પોતાના ઠરાવોને અમલમાં મુકાવવા પ્રયત્નો જારી રાખ્યા છે. આ બાબતમાં તો બીજા પ્રાંતોએ ગુજરાતનો દાખલો લેવો ઘટે છે. ખેડા જીલ્લામાં ચાલેલી સત્યાગ્રહની લડત વખતે આપણા ખેડુતોએ, આપણા વેપારીઓએ અને યુવાન સ્વયંસેવકોએ પણ જે મહાન કાર્ય બજાવ્યું હતું તે પછી ગુજરાતમાં કર્તૃત્વશક્તિનો અભાવ છે એમ કોણ કોઇ કહી શકે ? અમદાવાદના મીલમજુરોની હડતાળની આગેવાની એક ગુજરાતની બાઇએ લીધી હતી મુંબાઇના ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળના સભ્યોએ, કોન્ગ્રેસમાં પ્રતિનિધિ ન મોકલવાના થયલા જેહુકમી ઠરાવ વિરૂદ્ધ, જે હિમ્મતથી લડત ચલાવી પોતાના હક્ક અને સ્વાતંત્ર્યનું રક્ષણ કર્યું હતું તે ઉપરથી ગુજરાતની સ્ત્રીઓ પણ કેટલી જાગૃત છે તે જણાઇ આવે છે.

છેવટે હવે મારે એક બાબત વિષે બે શબ્દો બોલવાનીમ રજી છે. આપ જાણો છો કે હિંદમાં રાજકીય ફેરફારોનો વખત નજીક આવ્યો છે, તેજ કારણને લીધે સરકારની રાજ્યનીતિ સંબંધી મારે કેટલીક ટીકાઓ અને સુચનાઓ આવે પ્રસંગે કરવી જોઇએ તે મેં કરી નથી; પરંતુ દેશમાં ચાલતા ઇન્ફ્લ્યુએન્ઝા અને આવી પડેલા દુકાળ પ્રત્યેની રાજ્યનીતિ વિષે મારાથી ચુપ રહી શકાતું નથી.

કોણ જાણે આ બીમારીથી હિંદનાં કેટલાં માણસો મરી ગયાં હશે ? પ્લેગના મરણોનું આખા હિન્દનું અઠવાડીક પત્રક બહાર પડે છે તે પ્રમાણે આમાં હજી સુધી થયુ નથી. શહેરોમાં તો વખતે મરણની સંખ્યા મળી આવવી મુસ્કેલ ન પડે; પરંતુ હિંદના ગામોમાં થએલા મરણનો તો આશરેથી પણ ભરોસાદાર આંકડો મલવાનો સંભવ નથી. ખરેખર આ બીમારીથી હિંદમાં થયેલાં મરણની સંખ્યા આશરેથી પણ જાણવામાં આવે અને તે સંખ્યા આ દુનીયામાં ચાલતા મહાન યુદ્ધમાં થએલા મરણની સંખ્યા સાથે સરખાવવાનું મળે ત્યારેજ ખરો ખ્યાલ આવે ! શહેરોમાં દવાદારૂ વિગેરેની કેટલીક સગવડો હોવા છતાં કેટલા મોટા પ્રમાણમાં મરણો થયાં છે તો પછી બીચારા ગામડીઆઓ કે જેમને દવાદારૂ તો સુધ્ધ ગઇ પરંતુ ખાવાપીવા તથા ઓઢવા પાથરવાનાં પણ વલખાં અને વળી જેમાંના કેટલાક કુટુંબોમાં તો એવી સ્થિતિ આવી પડેલી કે કોઇ પાણી પાનાર પણ નહિ તેમની શું દશા થઇ હશે તેનો વિચાર કરતાં પણ કંપારી છુટે છે. આવા સમયમાં જ્યારે મુંબાઇ સરકારને પુછવામાં આવે છે કે ગામડીઆઓને આ બીમારીથી બચાવવા શું ખાસ પગલાં ભરવામાં આવ્યાં છે ? ત્યારે સવાલ


પુછનારનું લક્ષ લોકલ બોર્ડના કાયદાની કલમ ૩૦ તરફ સરકાર એંચે છે! આવો જવાબ આપવાનું સરકાર માબાપને છાજે કે નહિ એનો વિચાર કરવાનું કામ નામદાર લોર્ડ વીલીંગ્ડનનેજ હું સોંપું છું. શું આવે વખતે કાયદાની કલમ બતાવવાની? વળી કોણ નથી જાણતું કે ઇલાકાના લોકલ બોર્ડની પૈસા સંબંધી સ્થિતિ કેવી છે? આપણા ગવર્નર સાહેબે તે સ્થિતિમાં સુધારો કરવાના ઉપાયો યોજવા અને ૧૯૧૫ની સાલમાં કમિટી નીમેલી તે કમિટીએ કેટલીક અગત્યની સુચનાઓ કરેલી, પરંતુ સરકારને તે ભલામણો નાપસંદ પડી અને અત્યાર સુધી કાંઇ કરવામાં આવ્યું નથી. નામદાર ગવર્નર સાહેબના મનની વાત મનમાંજ રહી, અને તે તો હવે ચાલ્યા. હું જાણું છું કે લોકલ બોર્ડોને સારા પાયા ઉપર મુકવા તરફ તેમનું ઘણુજ લક્ષ હતું. ૧૯૧૫માં કમિટી નીમી તેનો રીપોર્ટ બે ત્રણ માસમાંજ તાકીદે મગાવી લીધો પછી વળી એક વરસ સુધી ખાસ મોટા પગારનો અમલદાર આ વિષયની તપાસ માટે રોક્યો. તેણે પણ પોતાનો રીપોર્ટ કર્યો ફરી એક કમિટી નીમી તેના રીપોર્ટ સંબંધી તો હજી આપણે કાંઇ જાણતાજ નથી. એટલામાં તો પોતે લોકલ બોર્ડોને જેમને તેમ મુકી, આવ્યા તેવા જાય છે અને સરકાર ઉપર પ્રમાણે કલમ બતાવે છે. હું કાંઇ આમાં ગવર્નર સાહેબને દોષ દેતો નથી. તેમણે તો તેમનાથી બને તેટલુ કર્યું હશે પણ લોકલ બોર્ડોની દશા એવી ને એવી એ શું કરે?

દુકાળની બાબતમાં તો કાયદાની કલમની બારી કાઢી ખસી શકાય તેમ નથી. નાનુ છોકરૂં પણ જાણે છે કે આ વરસ દેશને માટે કેવું ભયકર છે. કેટલીક જગાઓએ તો મેહુલના પહેલો

હક્કતો ડીસેમ્બરથી શરૂ થશે, તો પણ હજી દુકાળ જાહેર કરવામાં આવ્યો નથી અને એમ કહેવામાં આવે છે કે સરકારે એ સંબંધી કમીશનરોના રીપોર્ટ મંગાવ્યા છે તે આવ્યેથી જરૂર જણાયેથી દુકાળ જાહેર કરવામાં આવશે. મેહેસુલ મોકુફ રાખવાના હુકમો સરકારે બહાર પાડયા છે કે નહીં એવો સવાલ પુછવામાં આવ્યો ત્યારે જવાબ મળ્યો કે તે સંબંધી જીલ્લા અમલદારોના હજી રીપોર્ટ સરકારને મળ્યા નથી. ખેડુતોના જીવ તો પડીકે બંધાયા છે કે આ સાલ સરકાર મહેસુલનું શું કરશે? છતાં તેનો કાંઇ ખુલાસો મળતો નથી. ગઇ સાલ આ જીલ્લાના કેટલાક તાલુકામાં હક્કતો શરૂ થયા પછી લગભગ એક મહીને કેટલાક ગામોમાં મહેસુલ મુલતવી રાખવાના હુકમ નીકળેલા એજ પ્રમાણે આ સાલમાં પણ કરવાનું છે કે શું? હજી સુધી સરકારને એવી સ્થિતિ નથી જણાઇ કે કોઇ ગામમાં દુકાળીઆઓને મફત મદદ આપવાની જરૂર હોય? આ વાતનું તો જે થવાનું હશે તે થશે, પરંતુ ડીસેમ્બર પાસે આવ્યો ત્યારે તો ગરીબ બીચારા ખેડુતોને ખુલાસાવાર કહો કે સરકારધારો લેવાનો છે કે નહિ? મારા વિચાર પ્રમાણે આ પરિષદે આ પ્રશ્નો ચર્ચવા જોઇએ અને એક નાની કમિટી નીમી તે કમિટીને યોગ્ય અધિકારીઓને મળી મહેસુલના સંબંધમાં સરકારનો છેવટનો નીકાલ તાકીદે જાણી લાવવાનો અને તે ખેડુતોને જાહેર કરવાનો અધિકાર આપવો જોઇએ એટલુંજ નહિં પણ દુકાળના સંબંધમાં તે કમિટીને વખતો વખત જે વાજબી લાગે તે પગલાં ભરવાનો પણ અધિકાર આપવો જોઇએ. દુકાળ છે કે નહિં અને આપણાં દુ:ખ હાલના સમયમાં કેટલા ગંભીર પ્રકારનાં છે તેની ખાત્રી સરકારને

તો બધાની હશે ત્યારે થશે. પરંતુ તમો જાણીને ખુશી થશો કે મુંબાઇવાસી આપણા સખી બ્હેનો અને બંધુઓ કે જે આવા પ્રસંગોએ ગુર્જરગતની ગરીબ રૈયતના સામું જોતાં આવ્યાં છે તેઓ મુંબાઇમાં એક જાહેર સભા બોલાવી આપણાં દુઃખ નીવારણાર્થે યોગ્ય પગલાં લેવાનો વિચાર કરી રહ્યા છે.

બ્હેનો અને બંધુઓ, આ ગરવી ગુજરાતની રાજકીય પરિષદના પ્રમુખપદનું માન આપવા માટે હું આપનો એકવાર ફરીથી અંતઃકરણપુર્વક આભાર માનું છું, અને આશા રાખું છું કે ગુજરાતના ગૌરવને તેમાં પ્રેરાયલા ઉત્સાહ અને ઉમગને શોભાવે, ગુર્જરભુમિને દીપાવે એવી કાર્યદક્ષતાથી આ પરિષદનું કાર્ય સફળતાપૂર્વક પાર ઉતારવામાં આપ સર્વ મારા સાથે સહકાર્ય સાધશો.



બીજી ગુજરાત સંસાર સુધારા પરિષદ્‌ના સ્વાગત મંડલના પ્રમુખ

રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડયાનું ભાષણ.

પ્રિય બ્હેનો અને ભાઇઓ,

બીજી ગુજરાત સંસારસુધારા પરિષદ્‌ના સ્વાગત મંડલના પ્રમુખ તરીકે તે મંડલ તરફથી આપણી પ્રિય ગુર્જરભુમિની પ્રગતિનાં પ્રતિનિધિરૂપ અને રાષ્ટ્રીય ઉદ્ધારની એક અગત્યની સામુદાયિક પ્રવૃત્તિનાં અગ્રેસરરૂપ મ્હારાં વ્હાલાં ગુજરાતી ભાઇબ્હેનોને માતૃસેવાંના આ યજ્ઞ પ્રસંગે ઉમળકાભર્યો આવકાર આપતાં મ્હારૂં હૃદય હર્ષથી ઉભરાય છે. પરન્તુ એ હર્ષની મ્હારી લાગણી તદ્દન અમિશ્રિત નથી. સામાન્ય રીતે સંસારસુધારા પરિષદ્ રાજકીય પરિષદ્‌ની સાથે ભરવામાં આવે છે. અનેક કારણોને લીધે રાજકીય પરિષદ્ ભરવાના સંબન્ધમાં અનિશ્ચય રહ્યો હતો અને સ્વાભાવિક રીતે તે અનિશ્ચયે સંસારસુધારા પરિષદ્ ભરવાના વિચાર ઉપર અસર કરી હતી. આ વિષમ સ્થિતિમાં આપના આવકાર માટે જોઇએ તેવી તૈયારીઓ થઇ શકી નથી અને તેથી આપને થોડાઘણાએ સંતોષ આપવા અમ્હે સમર્થ થઇ શકીશું કે કેમ એ ચિન્તા મ્હારા હર્ષના ભાવ સાથે મિશ્રિત થયેલી છે. અમ્હારૂં આશ્વાસન એ છે કે અમ્હે ઉદારતાની એવી સદ્ધર પેઢી ઉપર હુંડી લખીએ છિએ કે જ્યાં એ ન સ્વીકારાય એવી ભીતિ નથી. વિશેષ શું? તમ્હારા છિએ-અમને નભાવી લેજો.

આ પરિષદ્ એક રીતે દુઃખદાયક અને બીજી રીતે આશા જનક સ્થિતિમાં ભરવામાં આવી છે. મોંઘવારીની મહા ચિન્તા દરિદ્ર દેશનાં રાંકડાં હૃદયોને ભયંકર ભઠ્ઠીનાં શેકી રહી છે; કેમ જાણે તે કમી હોય તેમ મેઘરાજાએ પણ રૂસણાં લીધાં; અને એ ઉભયનાં ત્રાસને પણ ભુલાવે અને ભલો કહેવડાવે એવો કેર "ઇન્ફલ્યુએન્ઝા" ના વાવડે વર્તાવ્યો, અને ત્રાહ્ય પોકરાવી. ટુંકામાં મોંઘવારી, દુકાળ, રોગ અને ત્રિતાપની જ્વાલાઓ ચારે પાસથી ઘેરી રહેલી છે, અને પરિષદોથી લોકમત કેળવવાના, એકત્ર કરવાના અને જાહેર કરવાના વાર્ષિક કાર્યને ધર્મરૂપ માનનાર ભાવિક દેશભક્તોની શ્રદ્ધા અને ધીરજની કસોટી કરી રહી છે.

પરન્તુ અંગ્રેજીમાં કહેવત છે તેમ "શ્યામમાં શ્યામ અભ્ર પણ શુભ્ર રેખાથી અંકિત હોય છે," અને ઉક્ત દુઃખદાયક સ્થિતિનો અન્ધકાર આશાનાં કિરણોથી અમિશ્રિત નથી. અત્યારે સંસ્કૃતિના સ્તમ્ભોને હચમચાવી નાંખનાર મહાભારત યુદ્ધ શમ્યું છે, અને સત્તોન્માદ તથા આપખુદીનો પરાજય કરી લોકતંત્રનો યુગધર્મ પોતાના વિજયપતાકા ફરકાવી રહ્યો છે, એ પરિવર્તન રાજકીય પ્રદેશમાં થઇને વિરામ પામશે એમ નથી; જગતુના જીવનના સર્વ પ્રદેશોમાં એ પરિવર્તનનો પ્રભાવ પ્રસરશે. પ્રગતિ, સુધારો, સ્વતંત્રતા, ન્યાય આદિ જેમની ભાવનાઓ છે તેઓને એક પાસથી વધારે આશા, ઉલ્લાસ અને પ્રેરણા આપનાર તથા બીજી પાસથી વધારે ગંભીર જવાબદારીઓના ભાર વહેવડાવનાર આવા પ્રસંગો થોડા આવ્યા હશે. ધર્મનાં આમંત્રણોનો ઉત્તર દેવા જે ધન્ય હૃદયો સર્વદા સજ્જ રહે છે તેમને તો માનવ જીવનના ઇતિહાસનો આ પરમ પ્રસંગ

પ્રભુના પ્રસાદ સમાન પ્રિત લાગશે, અને પુનર્વ્યવસ્થાના પ્રશ્નોનાં મહામન્થનો કેવલ કટિબદ્ધજ બનાવશે. બ્હેનો અને ભાઇઓ, આપણે દુઃખદાયક પરિસ્થિતિને પૌરૂષથી પ્હોંચી વળવાનું અને ભગવદ્ગીતા આજ્ઞા કરે છે. "नियतं कुरु कर्म त्वम ત્હારે માટે નક્કી કરેલું કર્મ તું કર."

પરિષદ્ જે સ્થિતિમાં ભરવામાં આવી છે તે વિષે આટલું સૂચન કરી, જે સ્થાનમાં તે ભરવામાં આવી છે તે સ્થાન વિષે હું બે બોલ કહું તો તે આપ અનુચિત નહિ ગણો એવી આશા છે. નડિઆદ એ ગુજરાતમાં પ્રસિદ્ધ નગર છે. નડિઆદ એટલે મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિક, હરિદાસ વિહારીદાસ દેસાઇ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, મણિલાલ નભુભાઇ દ્વિવેદી, બાળાશંકર ઉલ્લાસરામ કંથારીયા, દોલતરામ કૃપારામ પંડયા, છગનલાલ હરિલાલ પંડયા આદિ સુવિખ્યાત ગુર્જર રત્નોના સંસ્કારોનો સંચય. જેમના નામનું હું માનભરી મમતા વિના સ્મરણ કરી શકતો નથી તે ગુજરાતના પનોતા પુત્ર દિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇ નડિયાદને "ગુજરાતની રત્નભુમિ" કહેતા. પરન્તુ એટલું તો કબુલ કરવું પડશે કે નડિઆદના વતનીઓએ જે ખ્યાતિ પ્રાપ્ત કરી છે તે સાહિત્ય અને રાજ્યના પ્રદેશોમાં ત્હેમણે બજાવેલી સગીન સેવાઓથી, સંસાર સુધારાના પ્રદેશમાં આગળ પડીને નહિ. મણિલાલ, ગોવર્ધનરામ, ઝવેરીલાલ, મનસુખરામ વગેરેની સંસાર સુધારાની બાબતમાં લેખનમાં તેમ જીવનમાં મધ્યસ્થ મનોદશા હતી પૂર્વ અને પશ્ચિમ, પ્રાચીન અને અર્વાચીન, સંરક્ષણવાદ અને ઉન્મૂલનવાદ એ બંનેમાંથી સારગ્રહણ એ ત્હેમના આચારવિચારનું

સૂત્ર હતું. પરિણામે કરસનદાસ, મહીપતરામ, નર્મદાશંકર, ભોળાનાથ, લાલશંકર, ગોકલદાસ પારેખ, નરસિંહરાવ, રમણભાઇ, દફતરી જેવાં સંસાર સુધારાના પ્રદેશમાં જાણીતાં નામો નડિઆદે દુનિયાને દફતરે લખાવ્યાં નથી, છતાં નડિઆદ છે તે છે, અને જેવું છે તેવું આપને હોંસથી વધાવે છે અને સત્કારે છે.

ત્રણ સામાન્ય મુદ્દાઓ.

મહેમાનગીરીની મીઠાઇ વ્હેંચતે વ્હેંચતે સ્વાગત મંડલના પ્રમુખે સસાર સુધારાના સંબંધમાં પોતાના વિચારોનું ભોજ્ય પણ સાથે પીરસવું એ શિષ્ટાચાર છે, અને શિષ્ટાચારનો ભંગ સ્વતંત્રતાના વાતાવરણમાં પણ સલામત ન હોવાથી હું તેનું અનુપાલન કરું છું. શિષ્ટાચારની સલામતી સાચવવાની શાણી સાવધતા ઉપરાંત આપના જેવાં મોંઘેરાં મહેમાનોની આગળ નિખાલસ હૃદયકથનનો અનેરો લ્હાવો લેવાનો લોભ પણ મ્હારી પાસે આપના સમક્ષ કાંઇ નૈવેદ્ય ધરાવરાવે છે. સંસાર સુધારાની વાનીઓ તો અનેક છે, પરંતુ હું તો માત્ર ત્રણ સામાન્ય અને ત્રણ વિશેષ પદાર્થો પીરસી સંતોષ માનીશ.

(૧) પ્રથમ સામાન્ય મુદ્દો મ્હારે એ રજુ કરવાનો છે કે દરેક પ્રવૃત્તિ પ્રદેશના માફક સંસાર સુધારાના પ્રદેશમાં પણ સાધ્ય અને સાધનનો કામ ચલાઉ નિર્ણય પ્રથમથી કરવાથી વિચાર, ઉચ્ચાર તથા આચર એ ત્રણેની સ્પષ્ટતા તથા સંબંદ્ધતા વિશેષ સાચવવાનો સંભવ છે. અલબત, સૃષ્ટિની ગતિ મનુષ્યજાતિ કરતાં કોઇ બલવત્તર સત્તાના ઉપર આધાર રાખે છે, અને તેટલે અંશે મનુષ્યકૃત નિર્ણયોમાં પરિસ્થિતિને પ્હોંચી વળવા પુરતા પરિવર્તન માટે અવકાશ

રહેવો જોઇએ જે સાધ્ય નિર્ણયોમાં અથવા સાધન નિર્ણયોમાં સૃષ્ટિ વિકાસને અનુસરવા જેટલી અનુકુળતા નથી હોતી તે નિર્ણયો પરિસ્થિતિમાં પરિવર્તન થયે સંગ્રહસ્થાનને યોગ્ય ઐતિહાસિક અવશેષો બને છે, અને સમર્થમાં સમર્થ સત્તાધીશોનાં આજ્ઞાપત્રો કે પ્રભાવશાલીમાં પ્રભાવશાલી પક્ષવાદીઓની તર્કપરમ્પરાઓ તે નિર્ણયોની નિર્જીવતાને ન્યુન કરી શકતાં નથી. સંક્ષેપમાં, સાધ્યનિર્ણયો તથા સાધનનિર્ણયો પરિસ્થિતિને અનુકુલ હોવા જોઇએ.

સંસાર સુધારાની પ્રવૃત્તિનું સાધ્ય, મ્હારી નમ્ર સમજણ પ્રમાણે વિદ્યમાન હિન્દુસમાજના વ્યવસ્થામાં અર્વાચીન પરિસ્થિતિને અનુસરીને સુધારા સુચવવાનું છે. એ ને એ બાબત બીજી રીતે રજુ કરીએ તો સંસારસુધારાની પ્રવૃત્તિનું પ્રયોજન એ છે કે હિન્દુસમાજની વ્યવસ્થામાં એવા સુધારાએ કરાવવા કે જેથી એ સમાજની વ્યવસ્થા એવી ઉત્તમ થાય કે એક બાજુથી ત્હેની અંગભુત વ્યક્તિઓને પોતાનો સંપૂર્ણ વિકાસ સાધવાની અનુકુલતા મળે અને બીજી બાજુથી અન્ય સમાજોની સાથે તુલના કરતાં હિન્દુસમાજ પાછો ન પડે એટલુંજ નહિ. પરન્તુ શ્રેષ્ઠપદ સંપાદન કરે. આ સાધ્ય સ્વીકારમાંથી બે બાબતોનો સ્વીકાર ફલિત થાય છે. એક તો એ બાબતનો સ્વીકાર ફલિત થાય છે કે હિન્દુસમાજની વ્યવસ્થાને સુધારાના આધારરૂપે લેવી, અને જાણે હિન્દુસમાજ પ્હેલીજ વાર આજ નવેસરથી મૂળાક્ષર માંડતો હોય એવી ઉન્મૂલનવાદની અનૈતિહાસિક દૃષ્ટિનો અંગીકાર ન કરવો. બીજો એ બાબતનો સ્વીકાર ફલિત થાય છે કે વિદ્યમાન વ્યવસ્થામાં ઘટતા સુધારાવધારા કરવા, અને જાણે હિન્દુસમાજ અવિકારી અને નિર્જીવ ઘન પદાર્થ હોય એવી સંરક્ષણ

વાદની અપ્રાગતિક દૃષ્ટિનો અંગીકાર ન કરવો. સંક્ષેપમાં, હિન્દુ-સમાજને ભુતકાલજ ન હોય એવું માની લેવું એ જેમ બરાબર નથી તેમ ત્હેને વર્તમાનકાલ કે ભવિષ્યકાલજ ન હોય એવું ગણવું એ પણ યોગ્ય નથી.

સંસાર સુધારાની પ્રવૃત્તિનાં સાધનો સબંન્ધી હું આ પ્રસંગે કાંઇ ખાસ કહેવા ઇચ્છતો નથી; માત્ર એટલુંજ બસ છે કે પ્રવૃત્તિઓને અસરકારક રીતે પ્રસારવાનાં સર્વ અર્વાચીન શિષ્ટ સાધનો ઉપરાંત હિન્દુસમાજની વિશિષ્ટ પરિસ્થિતિને પૂરતી લક્ષમાં લઇ વિશિષ્ટ સાધનો પણ યોજાવાં જોઇએ. પરંતુ સાધ્યની સિદ્ધિની કાર્યપદ્ધતિને પણ એક સાધનરૂપે ગણીને હુ એક બાબત ઉપર મ્હારા સુધારક-બન્ધુઓનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું. તે બાબત એ છે કે સંસારસુધારાની પ્રવૃત્તિ જેમના કલ્યાણને માટે આદરવામાં આવી છે તે આપણા હિન્દુ બન્ધુઓ પ્રતિના આપણા વર્તનમાં હુંફાળી મમતા એટલી બધી તો અચુક રીતે પ્રતીત થવી જોઇએ કે તેઓને આપણા વિચારો ઠીક ન લાગે ત્યારે પણ આપણે ત્હેમને આપણા પોતાના ગણીએ છીએ અને ત્હેમનું હિત એજ આપણું સાધ્ય છે એ સબન્ધમાં તો ત્હેમને લેશ પણ શંકા ન થાય. મનુષ્યની શ્રદ્ધા અને પ્રીતિ સંપાદન કરવા માટે ઉગરની ખરી મમતા કરતાં વધારે રામબાણ ઉપાય ભાગ્યે હશે.

(૨) બીજી સામાન્ય બાબત મ્હારે એ નિવેદન કરવાની છે કે રાષ્ટ્રીય દૃષ્ટિ એ વર્તમાનકાલની યુગદૃષ્ટિ છે. એ દૃષ્ટિનો સદુપયોગ થતો હશે કે દુરૂપયોગ થતો હશે. પરન્તુ વર્તમાનકાલની સર્વ પ્રવૃત્તિઓની પરીક્ષા કરવામાં એ દૃષ્ટિનો ઉપયોગ કરવામાં આવે છે.

સંસારસુધારાની પ્રવૃત્તિને વ્યક્તિસ્વાતંત્ર્ય અને ન્યાયની સામાન્ય દ્રષ્ટિએ મુખ્યાંશે પ્રેરતી આવી છે. આગળ એ પ્રશ્ન મુખ્યાંશે પૂછાતો અને હજી પણ પૂછાય છે કે "અમુક સામાજીક રૂઢી વ્યક્તિસ્વાતંત્ર્યને બાધક છે કેમ કે અને તે ન્યાય છે કે કેમ ?" દાખલા તરીકે જ્ઞાતિબંધારણ અનિષ્ટ માનવામાં આવતું અને આવે છે. એનું કારણ એ કે જ્ઞાતિના રીતરીવાજો વ્યકિતઓની સ્વતંત્રતા ઉપર તરાપ મારે છે, અને એક જ્ઞાતિની વ્યકિત કેવલ જન્મના અકસ્માતથીજ બીજી જ્ઞાતિની વ્યક્તિ કરતાં વધારે ઉંચી ગણાય અને વધારે હકો ભોગવે એ અન્યાય છે. હવે વધારે ને વધારે એ પ્રશ્ન પૂછાતો જાય છે અને પૂછાતો જશે કે "અમુક રૂઢિ રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય હિતની સાધક છે કે બાધક?" દાખલા તરીકે જ્ઞાતિબંધારણ અનિષ્ટ માનવામાં આવે છે અને આવશે ત્હેનું કારણ એ કે જ્ઞાતિબંધારણ રાષ્ટ્રીય એકતાનું અને રાષ્ટ્રીય હિતનું બાધક છે. સંક્ષેપમાં, સંસારસુધારાના વિષયો માત્ર વ્યક્તિસ્વાતંત્ર્ય અને ન્યાયની સામાન્ય દૃષ્ટિઓથીજ નહિ, પરન્તુ તે ઉપરાંત રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય હિતની વિશિષ્ટ દૃષ્ટિથી પણ જોવાતા જાય છે અને જશે. એથી સંસાર સુધારાની પ્રવૃત્તિને અણધાર્યો વેગ મળતો જાય છે, અને સંસાર સુધારાનાં વિરોધી ગણાય તેવાં પત્રો તથા તેવી સંસ્થાઓ અને વ્યક્તિઓ તરફથી સંસાર સુધારાનાં કાર્યોને પોષણ મળતું જાય છે. દાખલા તરીકે બાસુ બિલ જેવા બિલને 'કેસરી' જેવા પત્ર તરફથી અને અંત્યજોની અસ્પર્શ્યતા દૂર કરવાની હિમાયત કરનાર પરિષદ્‌ને લોકમાન્ય તિલક જેવી વ્યક્તિ તરફથી પુષ્ટિ મળી હતી. હોમરૂલનાં ગંગાજીને ગામડે ગામડે લઇ

જવાનું ભગીરથકાર્ય કરતાં બ્રાહ્મણોને ત્યાં તેમજ અન્યત્ર આર્યનં-પ્રધરહુડ જેવાં જ્ઞાતિભેદોની ઉપેક્ષા કરનાર એક પંક્તિએ લેવાતાં ભોજનો જોઇ મને જેટલું આશ્ચર્ય થયું હતું તેટલોજ રાષ્ટ્રીય દૃષ્ટિથી સંસારસુધારાને મળતી પુષ્ટિ જોઇ ભવિષ્યને માટે આશાનો અનુભવ થયો હતો.

(૩) ત્રીજી સામાન્ય બાબત મ્હારે એ જણાવવાની છે કે સંસાર સુધારાનો વિષયક્રમ પાશ્ચાત્ય પ્રજાઓના પ્રશ્નોના દૃષ્ટાન્ત ઉપરથી વધારે વિશાલ બનાવાતો જાય છે અને જશે. મિલ મજુરોની દુર્દશા અને કારખાનાંને લગતા કાયદાઓ વિષે લગતા ઠરાવોને સંસાર સુધારાના વિષયક્રમમાં સ્થાન મળતું જાય છે અને જશે. કેળવણીનો પ્રશ્ન—ખાસ કરીને સ્ત્રીકેળવણીનો પ્રશ્ન—મૂળથીજ સામાજિક પ્રશ્ન ગણાતો આવ્યો છે, પરન્તુ તે પ્રશ્ન તે સ્વરૂપમાં વધારે ને વધારે આગળ આવશે. આ સંબન્ધમાં માત્ર સાવધતા એટલીજ રાખવાની છે કે વિષયક્રમ વિશાલ કરવા જતાં ન પૂરૂં સામાજિક અનિષ્ટોનું નિરૂપણ થઇ શકે અને ન પુરી નવા વિષયોની ચર્ચા થઇ શકે એવી સ્થિતિ ન થઇ જાય. વિષયક્રમની વિશાલતાની સાથે વિષયોના નિરૂપણની સંપૂર્ણતા પણ સાચવવા જેવી છે.

ત્રણ વિશેષ વિષયો.

ત્રણ સામાન્ય મુદ્દાઓનો સ્પર્શ કરી. અત્યારે આપણું ધ્યાન ખેંચી રહેલા ત્રણ વિશેષ વિષયો વિષે સંક્ષેપમાં બની શકે તેટલી સ્પષ્ટતાથી હું મ્હારા વિચારો હવે રજુ કરૂં છું.

(૧) પ્રથમ વિશેષ વિષય લોકપ્રિયતામાં અને લોકહિતના પક્ષવાદમાં મહાત્મા ગાંધીજી પછી બીજું પદ ભોગવનાર ગુજરાતી

માનનીય શ્રીયુત વિઠ્ઠલભાઇ પટેલે વડી ધારાસભામાં રજુ કરેલું "હિન્દુ લગ્નોની મંજુરી"નું બિલ છે. એ બિલ રજુ કરવાની નામદાર પટેલે રજા માગી હતી તે પ્રસંગે વડી ધારાસભામાં જે ચર્ચા થઇ હતી તે ઉપરથી પ્રતીત થાય છે કે જ્યારે કેટલાક પ્રાગતિક અને ઉદાર વિચારવાળા હિન્દુઓ અને અન્ય કોમવાળાઓ એ બિલના સિદ્ધાન્તનો સ્વીકાર કરે છે ત્યારે કેટલાક રૂઢિરક્ષકો ત્હેની સ્હામે વિરોધ દર્શાવે છે. સરકારનું વલણ હજી સુધી અનિશ્ચિત છે. એ બિલ વિષે વડી ધારાસભામાં ફરીથી ચર્ચા થશે અને તે સંબન્ધી મત લેવામાં આવશે. ત્યારે સરકાર કેવું વલણ લેશે તે સંબન્ધી અન્તિમ પરિણામ શું આવશે તે સંબન્ધી કલ્પનાઓ કરવી અત્યારે અકાલીન છે અત્યારે નામદાર પટેલે પોતે અને હિન્દુસમાજના સુધારાના સર્વ હિતૈષીઓએ જે કર્તવ્ય કરવાનું છે તે એ કે તે બિલનો જે મુખ્ય આશય છે કે "એક હિન્દુ સ્ત્રીનું એક હિન્દુ પુરૂષ સાથે થયેલું લગ્ન તે લગ્ન કરનાર એક જ્ઞાતિનાં નથી એ સબબે ગેરકાયદેસર ગણવામાં ન આવવું જોઇએ" તે આશયનો સ્વીકાર વ્યક્તિરૂપે તથા સમુદાયરૂપે જાહેર કરવો. બેશક એ બિલના આશયનો સ્વીકાર કરનારાઓમાં પણ તે બિલને વધારે સ્પષ્ટ અને સંપૂર્ણ કરવાને અંગેની વિગતોમાં મતભેદ પડશે, પરન્તુ વિગતો વિષેની મારામારીમાં મુખ્ય આશય માર્યો ન જાય અને હિન્દુ સમાજની પ્રગતિના વિરોધીઓ ફાવી ન જાય એ સંભાળ રાખવા જેવી છે. એક પાસથી બને તો સરકાર એ બિલને પુષ્ટિ આપે તેવી પરિસ્થિતિ લોકમત કેળવીને ઉભી કરવા જેવી છે, અને તેટલું નજ બને તેમ હોય તો પ્રાગતિક મત તો

એટલા બુલંદ અને એકત્રિત અવાજે પુકારવા જેવો છે કે સરકાર કમીમાં કમી તટસ્થ રહે.

મ્હારા પોતાના આ બિલ સંબન્ધના વિચારો મ્હેં "સમાલોચક"ના ઑક્ટોબરના અંકમાં તથા "હિન્દુસ્તાન"ના દીવાળીના ખાસ અંકમાં જાહેર કર્યા છે, અને જો મ્હારી તબિયત સારી હોત તો હું એ બાબત વિષે મ્હારાથી બનતો સંશોધન લેખો અને ભાષણો દ્વારા કરવા ચુકત નહિ. મ્હારો પોતાનો તો મજબુત મત છે કે નામદાર પટેલના બિલનો આશય કાયદાની, વ્યક્તિસ્વાતંત્ર્યની, સમાજહિતની અને ધર્મોદ્ધારની દ્દષ્ટિઓથી માત્ર સ્વીકારવા જેવો છે એટલુંજ નહિ, પરન્તુ સત્કારવા જેવો છે. હું તો નિશ્ચયપૂર્વક માનું છું કે હિન્દુ ધર્મને અને હિન્દુ સમાજને જેઓ અર્વાચીનકાલોચિત થયેલા જોવા ઇચ્છે છે અને તે માટે પોતાનાથી બનતો પ્રયાસ કરે છે તેઓ હિન્દુત્વના સાચા મિત્રો છે. ત્હેમના તરફ તેથી જુદે ભાવે જોવું એ ગેરસમજ છે. હું ઇચ્છું છું કે જો શક્ય હોય તો નામદાર પટેલ બિલની ન્યૂનતાઓ દૂર કરી બિલને બને તેટલું સંપૂર્ણ બનાવે, પરન્તુ તેમ કરવા જેટલું મતૈક્ય સંભવિત ન હોય તો પછી આ ને આ સ્વરૂપમાં બિલ પ્રાગતિકો અત્યારે તો સ્વીકારે.

(૨) બીજો વિશેષ વિષય અંત્યજોના ઉદ્ધારનો છે. એ પ્રશ્ને હિન્દના ઇતિહાસની દ્દષ્ટિથી સ્વાભાવિક રીતે, પરન્તુ શોચનીય અંશે રાજકીય સ્વરૂપ લીધું છે, અને તેથી અન્યથા સામાજિક રહેત એવા આ પ્રશ્ન વિષેના વિચારને વેગ મળ્યા વિના બાગે રહેશે. અત્યારે બ્રાહ્મણેતર જ્ઞાતિઓ અને હિન્દુ સમાજના નર્ક ગણાતા

વર્ગો પોતાને માટે ઇલાયદી ચુંટણી કરવાનો હક માગે છે, અને પોતાનો સ્વાર્થ સરતો હશે ત્યાં સુધી અમલદાર વર્ગ હેમને પરોક્ષ ઉત્તેજન આપશે. હિન્દુસમાજે આ પ્રસંગે બને તો સમાજહિતની અને ન્યાયની ઉંચી દૃષ્ટિઓથી પ્રેરાઇને અને કમીમાં કમી વ્યવહારિક શાણપણની તથા સ્વાર્થની દૃષ્ટિઓથી ગણત્રી કરીને પણ એ ઉભય વર્ગો હિન્દુસમાજના અંગરૂપ પોતાને ગણવાને અને હિન્દુઓથી ઇલાયદી માગણીઓ ન કરવાને ઉત્તેજાય તેવી મમતાથી હિન્દુ સમાજે હેમની સાથે વર્તવું જોઇએ અને હેમની ઉન્નતિમાં પોતાની ઉન્નતી માનવી જોઈએ. આ સંબન્ધમાં જે પ્રથમ કર્તવ્ય છે તે એ કે ધંધાને અંગેની અસ્વચ્છતાથી જો અંત્યજોને અસ્પર્શ્ય ગણવામાં આવતાં હોય તો તાત્કાલિક અસ્વચ્છતા માટે સ્થાયી અસ્પર્શ્યતાની શિક્ષા ઘણી વધારે પડતી છે. રાષ્ટ્રીય ઉદ્ધાર માટે આવશ્યક છે કે રાષ્ટ્રની કોઈ પણ વ્યક્તિ કે રાષ્ટ્રનો કોઈ પણ સમુદાય પોતાને સદાને માટે હીન ન માને, તેમજ પોતાનો સંપૂર્ણ વિકાસ કરવાને અનુકુલતા સંપાદન કરી શકે. સંક્ષેપમાં, અંત્યજોના ઉદ્ધારનો પ્રશ્ન પોતાની મેળે તથા બાહ્ય અનુકુલતાઓથી વધારે ને વધારે ધ્યાન ખેંચશે અને હિન્દુસમાજે હેનો સંતોષકારક ઉકેલ વેળાસર કરવો એમાં હેનું હિત છે અને હેની શોભા છે,—તથા હું ઉમેરવાની રજા લઇશ કે એમાં અંત્યજોને ન્યાય છે.

(૩) ત્રીજો વિશેષ પ્રશ્ન સ્ત્રીઓના હિન્દુસમાજમાં સ્થાન વિષેનો છે. એક કરતાં વિશેષ કારણોથી સ્ત્રીઓ તરફના હિન્દુઓના વર્તનમાં પરિવર્તન થતું આવે છે, અને અર્વાચીન દૃષ્ટિથી જેને સ્ત્રી વર્ગની સ્વતંત્રતા કહેવામાં આવે છે તેવી સ્વતંત્રતા ભોગવવાની તકો

હિન્દુ સ્ત્રીઓને વિશેષ ને વિશેષ મળતી જાય છે. ખરૂં છે કે વ્યક્તિજીવનમાં, ગૃહજીવનમાં, સમાજજીવનમાં તથા સાર્વજનિક જીવનમાં હજી હિન્દુસ્ત્રીઓની સ્વતંત્રતા જોઇએ તેટલા અંશમાં સ્વીકારાતી નથી, પરન્તુ એ પણ ખરૂં છે કે તે સંબન્ધમાં ધીમે ધીમે પણ હીંદુઓ આગળ વધતા જાય છે. રાજકીય પ્રદેશમાં પુરૂષોના સમાન હકો ભોગવવાની સ્ત્રી વર્ગની માગણી અને ત્હેનો કોન્ગ્રેસે તથા ત્હેનાં અંગભુત મંડલોએ કરેલો સ્વીકાર એ બન્નેએ સ્ત્રીઓના પ્રશ્નને વેગ આપ્યો છે અને ત્હેને વ્યાવહારિક પ્રશ્નરૂપે વિચારવાની સ્થિતિ ઉભી કરી છે. મ્હારા નમ્ર મત પ્રમાણે તો સ્ત્રીઓ અને પુરૂષોને જીવનના સર્વ પ્રદેશોમાં આત્મોદ્ધારની તથા સમાજ સેવાની સમાન તકો મળવી જોઇએ અને સ્ત્રીત્વ એજ સ્વયમેવ અયોગ્યતા અર્પનારૂં તત્વ ન ગણાવું જોઇએ. ભવભુતિ કહે છે. તેમ **गुणा पूजास्थानं गुणिषु न च लिंग न च वयः ।** ગુણવાનોમાં ગુણ એ માનનો વિષય છે અને નહિ કે જાતિ અથવા વય. પ્રશ્ન અમુક વ્યક્તિ સ્ત્રી છે કે પુરૂષ એ ન હોવો જોઇએ, એ વ્યક્તિ યોગ્ય છે કે નહિ એ હોવો જોઇએ.

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, મ્હેં આપનો સત્કાર કરતે કરતે આપના સમક્ષ ત્રણ સામાન્ય અને ત્રણ વિશેષ મુદ્દાઓ વિષે મ્હારા નમ્ર વિચારો સંક્ષેપમાં રજુ કર્યા છે. આટલા મુદ્દાઓનો પણ જ્યારે હું સ્પર્શ માત્ર કરી શકયો છું ત્યારે સંસારસુધારાના અનેક વિષયો ચર્ચવાનો લોભ મ્હેં રાખ્યો હોત તો મ્હારી શી દશા થાત ? માત્ર આપને એટલુંજ લક્ષમાં રાખવા વિનવું છું કે બીજા વિષયોનો સ્પર્શ મ્હેં નથી કર્યો તે એટલા માટે નહિ કે તે મ્હારી દૃષ્ટિએ

ઓછા ઉપયોગી છે. પરન્તુ જ્યારે મ્હારે પસંદગી કરવી પડે તેમજ હતી ત્યારે અત્યારે વ્યાવહારિક સ્વરૂપ ધારણ કરતા વિષયો પસંદ કરવાનું મ્હને વિશેષ ઉચિત લાગ્યું.

હું મ્હારૂં આ ભાષણ પુરૂં કરૂં તે પૂર્વે એક વિજ્ઞપ્તિ 'સુધારક" સંજ્ઞાથી ઓળખાતા બન્ધુઓને તેમજ ઇતર હિન્દુ બન્ધુઓને કરવાની રજા લઉં છું. તે વિજ્ઞપ્તિ એ છે કે અભિપ્રાયોમાં ગમે તેવો ભેદ હોય અને તે અભિપ્રાયોના પ્રતિપાદનને તથા ત્હેમની વ્યાવહારિક સિદ્ધિને અંગે ગમે તેટલો પરસ્પર વિરોધ આવશ્યક હોય છતાં સર્વે હિન્દુઓએ સ્મરણમાં રાખવા જેવું છે કે હિન્દુઓની એકતા, હિન્દુઓનું હિત, હિન્દુઓનું ગૌરવ અને હિન્દુઓનો ઉદ્ધાર એ ત્હેમનું સર્વેનું વ્યક્તિરૂપે તથા વર્ગરૂપે પરમ લક્ષ્ય હોવું જોઇએ. "સુધારકો"ના અભિપ્રાયો "રૂઢિરક્ષકો" ને ગમે તેટલા હિન્દુત્વનું સત્યાનાશ વાળી નાંખનારા લાગતા હોય અને "રૂઢિરક્ષકો" ના અભિપ્રાયો "સુધારકો"ને ગમે તેટલા આત્મઘાતક અને રાષ્ટ્રવિરોધી જણાતા હોય તો બન્નેએ પોતપોતાનો પ્રયાસ સ્હેજ પણ શિથિલ કર્યા વિના, મ્હોટા દિલથી અને ઉદાર મમતાથી મતાન્તરસહિષ્ણુતા બતાવવી જોઇએ, અને પોત પોતાની રીતે હિન્દુઓના ઉદ્ધારકાર્યમાં પોતાનો નમ્ર હિસ્સો આપવો જોઇએ. "સાથે નહિ તે સ્હામે" એ એ સૂત્રને સ્થાને "સ્હામે તે પણ સાથે" એ ઉદાર સૂત્ર વિવેકપૂર્વક યોજાવું જોઇએ.

અન્તમાં, સંસાર સુધારાની સફલતા હું ઇચ્છું છું. આપનો ફરીથી હૃદયપૂર્વક આભાર કરૂં છું. અને આપના પ્રમુખની ચુંટણી કરવા આપને વિજ્ઞપ્તિ કરૂં છું.

બીજી ગુજરાત સંસારસુધારા પરિષદ્
નડીઆદ.

રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠે પ્રમુખપદેથી કરેલું ભાષણ.

પ્રતિનિધિઓ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,

પ્રચીન બાબિલોનિયન જમાના રજા હમ્મુરાબીએ એવો કાયદો કરેલો કે કોઇ વૈદ્ય ... પણ રદીને નુકસાન થાય તો તે વૈદ્યને સખત સજા કરવી. તેણે ફરમાન કરેલુ કે વૈદ્યની શસ્ત્રક્રિયા પછી દરદીનુ મૃત્યુ થાય કે દરદીની આંખ જાય તો વૈદ્યનાં કાંડાં કાપી નાખવા, વૈદ્યની દવા લીધા પછી ગુલામ મરી જાય તો વૈદ્યે નવો ગુલામ ભરી આપવો, અને ઘાયલ થયેલા બળદને વૈદ્યની દવા કર્યા છતા બળદ મરી જાય તો બળદની કિંમતનો ચતુર્થાંશ વૈદ્યે બળદના માલીકને આપવો. ... બાબિલોનમા વૈદ્યનો ધંધો બંધ પડેલો, અને ... કે માણસ માંદું થાય ત્યારે તે ... ચોકઠામાં લાવીને સુવાડતા અને રસ્તેથી જે જતો હોય તે દરેક ... તે માંદા માણસ પાસે આવીને પુછતો કે તને શું થયું છે; તેના રોગ પુછનારને પોતાને પહેલા થયો હોય કે બીજા કોઇને થયાનુ પુછનારના જાણવામા હોય તો

પુછનાર માંદા માણસને ભલામણ કરતો કે આવા ઉપચારથી આ રોગ મટે છે માટે તું પણ એ ઉપચાર કરજે.

હિંદુ સંસારની હાલની વ્યાધિગ્રસ્ત દશામાં હિંદુ પ્રજાએ પણ આવું કષ્ટ હાથે કરીને વ્હોરી લીધું છે. સમાજશાસ્ત્રની ચિકિત્સા બંધ કરવામાં આવી છે અને પ્રાણરક્ષણનો સમસ્ત પ્રયત્ન ડોશીઓની દંતકથાને આધારે કરવામાં આવે છે. જનસમાજના બંધારણના અને વિકાસના શાસ્ત્રીય વિજ્ઞાનથી ફલિત થતાં ધોરણો પ્રમાણે ઉપાય લીધાથી હાનિ થઇ બેસશે એ બીકથી રૂઢિનું અંધ અનુસરણ કરવામાં આવે છે આવી સ્થિતિ દૂર કરવી, આપણા સંસારની પ્રવર્તમાન ઘટનામાં જ્યાં જ્યાં સડો હોય ત્યાં ત્યાં તે નિર્મૂલ કરવાના ઉપાય લેવા, આપણો સંસાર શુદ્ધ અને સશક્ત થઇ ઉત્કર્ષ પામે એવાં પગલાં ભરવાં, એ સંસાર સુધારાનો પ્રયાસ છે. એ પ્રયાસમાં આપણી સ્થિતિ ભૂતકાળમાં કેવી હતી અને ભવિષ્યકાળમાં તે કેવી કરવી છે એ જોવું એટલુંજ નહિં, પણ, કયાં સામાજિક બળોની અસર ક્યાં ક્યાં થાય છે અને મનુષ્યજાતિનું માનસિક તથા નૈતિક બંધારણ કયા કારણોમાંથી કેવાં કાર્ય ઉત્પન્ન કરવાનું સૂચવે છે એ પણ જોવું પડે છે. જુના સમયથી આપણા સંસારની વ્યવસ્થા કેવી ઘડતી આવી છે, આપણા આદર્શો કેવા હતા અને તે આદર્શોનું અનુસરણ આપણી પ્રજામાં કેવું થયું છે, એ જ્ઞાન આપણાં શાસ્ત્રો, સ્મૃતિઓ અને ઇતિહાસથી મળે છે, અને એ જ્ઞાન સંસાર ચલાવવાની શક્તિનો ભંડાર આપણી પાસે કેટલો છે તે નક્કી કરવા સારૂ જરૂરનું છે. પરંતુ એટલીજ સામગ્રીથી આપણે ઇષ્ટ સિદ્ધિ કરી શકીએ તેમ નથી. આપણું ભવિષ્ય આપણે

કેવું ઘડવું છે તે નક્કી કરવા સારૂ ભૂતકાળના આદર્શોના જ્ઞાન ઉપરાંત વર્તમાનકાળના આદર્શોની પરીક્ષા પણ આવશ્યક છે. વર્તમાનને ટાળી નાખી વર્તમાનથી સ્વતંત્ર એવો ભૂતકાળ આપણે ઉત્પન્ન કરી શકીએ તેમ નથી. બધું 'પાછું હતું તેવું થાય' એ શક્ય પણ નથી અને ઇષ્ટ પણ નથી. કેટલીક વસ્તુઓ પોતાના કાળની સાથેજ ચાલી જાય છે, અને, બાકી રહે છે તે વસ્તુઓ કાળના ફેરફારથી રંગાતી જાય છે, છપાતી જાય છે, ઉકેલાતી જાય છે અને વિંટાતી જાય છે, રૂપાન્તર પામતી જાય છે. આ કારણથી ભૂતકાળને આધારે રચાયેલો વર્તમાનકાળ, અને વર્તમાનકાળથી બદલાયેલો ભૂતકાળ લક્ષમાં લઇને ભવિષ્યકાળ માટે તૈયારી થઇ શકે છે. વર્તમાનકાળમાંથી આપણે આગળ વધવાનું છે, વર્તમાન કાળમાં આપણી પાસે જે જે સામર્થ્ય છે તે તે સામર્થ્યના ઉપયોગથી સર્વ પ્રયાસ કરવાના છે. તેથી વર્તમાનકાળમાં આપણે આપણા દેશમાં અને દુનિયાની વચમાં કેવી સ્થિતિમાં છીએ એ લક્ષમાં લેવાની જરૂર છે. વર્તમાનકાળમાં આપણા સંસારમાં જે જે અનિષ્ટતા છે તેનો પ્રતિકાર આપણા વર્તમાન સામર્થ્યથી અને આપણી વર્તમાન સ્થિતિમાં કરવાનો છે. પ્રાચીન કાળમાં યોગીઓ જંગલમાં જઇ માથા ઉપર કીડીઓના રાફડા ચઢી જાય એવી સમાધિ કરતાં એટલુંજ ચિત્ર નજર આગળ ઉભું કર્યાથી આપણું કાર્ય સરે તેમ નથી. અર્વાચીન કાળમાં શહેરોમાં અને ગામડાઓમાં રહી આત્મબળ પ્રાપ્ત કરનારનું સ્વરૂપ કેવું હોય એ ચિત્ર પણ કલ્પાય નહિં ત્યાં સુધી સિદ્ધિ થઇ શકે તેમ નથી.

આ બધી હકીકત લક્ષમાં લેતાં સંસાર સુધારા સંબંધે શું શું કર્તવ્ય છે, શું શું થાય છે અને શી શી રીતે થાય છે એ વિષયના વિવિધ વિચારો

અને અનુભવો એકઠા કરવા તથા તેમાંથી સાર દોહન કરવા વખતો વખત આપણે સંસાર સુધારા પરિષદ્ ભરીને મળીએ છીએ. અને તેથી આ પ્રસંગે, પ્રસ્તુત વિષયને ઉદ્દેશી, જનસમાજના કેટલાક આદર્શો, સામાજિક બળો અને ધોરણોનું અવલોકન કરીશું તો માર્ગદર્શનમાં સહાયતા થશે.

આદર્શો ભાવનાઓથી બંધાય છે, ભાવનાઓનું મૂર્તિમન્ત સ્વરૂપ ઘડાતાં આદર્શોનાં ચિત્ર ઉદ્‌ભૂત થાય છે, ભાવનાનો ચારિત્ર્યમાં અમલ થતાં માનવ વ્યક્તિનું જે સ્વરૂપ કલ્પાય તેને આદર્શ કહીએ છીએ, માટે, સંસાર સુધારાની મજબૂત ભાવનાઓ તરફ દૃષ્ટિ કરીશું.

સંસાર સુધારાની પ્રથમ ભાવના તે સ્વતંત્રતાની છે. દરેક પુરુષને અને દરેક સ્ત્રીને સ્વતંત્રતાનો અમૂલ્ય અધિકાર છે; જનસમાજની એકંદર સ્વતંત્રતા જળવાય માટે છુટક વ્યક્તિની સ્વતંત્રતાના વ્યવહારના નિયમ થઈ શકે; પણ, અપરાધ સિવાય કોઇ વ્યક્તિની સ્વતંત્રતા છિનવી લેવાય નહિં, અને અપરાધ માટે પણ દંડ પુરતીજ તે લઇ લેવાય. આ મહાન ભાવના રાષ્ટ્રીય જીવન પેઠે સામાજિક જીવનમાં પણ પ્રવર્તવી જોઇએ એ પ્રતીતિથી જાગૃત થઇ આપણે લગ્નના વિષયમાં સ્વાતંત્ર્ય સ્થાપવા પ્રયત્ન કરીએ છીએ. મનુષ્યની જીંદગાનીમાં લગ્ન એ ઘણો મ્હોટો બનાવ છે, મનુષ્યના આખા જીવનમાં સુખ દુઃખનો ઘણો ભાગ લગ્નના આધાર ઉપર રચાય છે, લગ્ન એ હૃદયની રુચિ અને હૃદયના ઉલ્લાસનો વિષય છે, લગ્ન તે પ્રેમનો ઇશ્વરી અંશ અનુભવવાનું અને સાર્થક કરવાનું એક મ્હોટું ક્ષેત્ર છે. માટે લગ્નમાં સ્ત્રી કે પુરૂષની સ્વતંત્રતા કોઇ રીતે કુંઠિત થવી ન જોઇએ. આ

સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે તે પ્હેલાંજ બાળકોને પરણાવી દેવામાં આવવાથી સ્વતંત્રતાની ભાવના ખંડિત થાય છે અને તેથી ઘણાં વિષમ પરિણામ થાય છે એ બાળલગ્ન બંધ કરવાનું એક મ્હોટું કારણ છે. લગ્નની આ સ્વતંત્રતાનો હક પુરૂષ જેટલો જ સ્ત્રીને છે એ સિદ્ધાન્તની હાલના હિંદુ સંસારમાં અવગણના થાય છે તે દૂર કરવાનો પ્રયાસ પણ એટલોજ અગત્યનો છે. સ્વતંત્રતા સર્વદેશી થાય ત્યારેજ ખીલે; છે, અને જે જનસમાજમાં અમુક વ્યક્તિઓને, અમુક વર્ગોને, કે અમુક જાતિઓનેજ સ્વતંત્રતા મળે છે અને બાકીનાને સ્વતંત્રતાથી વિહીન રાખવામાં આવે છે તે જનસમાજની સ્વતંત્રતા અધુરી અને કથળી ગયેલી રહે છે. આમ જનસમાજની સ્વતંત્રતા પરિપુષ્ટ કરવાના દ્રષ્ટિબિન્દુ ઉપરાંત વ્યક્તિની સ્વતંત્રતાનો સિદ્ધાન્ત પણ લગ્નવિષયમાં સ્ત્રી સ્વતંત્રતાની આવશ્યકતા દર્શાવે છે. આપણા સંસારમાં સ્ત્રીને બાલ્યકાલથી મૃત્યુ પર્યંત સ્વતંત્રતાના સ્વપ્નમાં પણ આવવા દેવામાં આવતા નથી. અને એ પદ્ધતિ લગ્નની બાબતમાં પણ પ્રવર્તે છે. જીવનમાં સ્વતંત્રતાનો અરૂણોદય દેખાવા માંડે, પોતાના જીવન સુખના પોતે કેવા ખ્યાલ બાંધવા એ સમજણ ઉત્પન્ન થવાનો વખત આવે તે પ્હેલાં બાળકોઓને પરણાવી દેવા એ સ્વતંત્રતાની પરમ શત્રુતા છે. માબાપનો લ્હાવો, માબાપના ધનલાભ, માબાપની સાંસારિક સગવડ આગળ કન્યાની સ્વતંત્રતાનું, કન્યાના કલ્યાણનું બલિદાન આપી હિંદુ પ્રજા પરતંત્રતાના છોડ ઘેરે ઘેર, ગામે ગામ, દેશે દેશ રોપે છે. બાળલગ્નમાં કન્યાના સુખ અને હર્ષોલ્લાસ સિદ્ધ કરનારા માર્ગ જોવામાં આવતા નથી એટલુંજ નહિ, પણ, તેના સુખનો નાશ કરવાના અને

હૃદયોલ્લાસનો ભંગ કરવાના માર્ગ જાણી જોઇ લેવામાં આવે છે. જ્યાં વરની શારીરિક માનસિક કે નૈતિક ખામી એવી અનિષ્ટ હોય કે વરનું કુટુંબ મંડળ એવું અરૂચિકર હોય કે સમજણી ઉમરની યુવતી તે વર સાથે લગ્નથી જોડાવા કદી કબુલ ન થાય ત્યાં અણુ સમજણી ઉમરની બાળકીને માબાપના સ્વાર્થ ખાતર લગ્નની ગાંઠથી બાંધી દેવામાં આવે છે. લગ્નને બંધનનું સાધન બનાવવામાં આવે છે, ન્હાની ઉમરનાં વરમાં પ્રગટ થતી ખામીઓ બાલકી માટે સ્વીકારી લેવામાં આવે છે એટલુંજ નહિ, પણ વૃદ્ધતાની જામી રહેલી ખામીઓ પણ બાળકીને મંગલ વાદ્ય અને ઉત્સવ સાથે અર્પણ કરવામાં આવે છે. બાળલગ્ન, કન્યાવિક્રય અને કજોડાના રીવાજ એ ગુલામગીરીના વ્યવહાર હોઇ સ્વતંત્રતાની ભાવનાના કટ્ટા દુસ્મન છે, તે છતાં હિંદુસમાજ તેને મમતાથી વળગી રહે છે એ કેવું ગ્લાનિકર છે! રાજતંત્રમાં કોઇ વ્યક્તિને ગેરવાજબી રીતે કેદ કરવામાં આવે છે તો આખા દેશમાં હાહાકાર થાય છે, પણ દસ વર્ષની નિર્દોષ બાળકીને ૫૦ વર્ષના ડોસા કે કમ અક્કલના ગાંડા સાથે પરણાવી દેવામાં આવે છે ત્યારે આપણા જન સમાજમાં કાંઇ પણ ખળભળાટ થતો નથી; અસંમતિ દર્શાવવા સભાઓ ભરાતી નથી તો ખેર, પણ જુલમ કરનાર પાત્રો સાથે કુટુંબમાં, સંસારમાં, વ્યવહારમાં, બહુર જીવનમાં આપણે એવી રીતે વર્તીએ છીએ તે જાણે તેમણે કરેલ અત્યાચારથી આપણી લાગણી દુખાઇજ ન હોય, તેમનું નૃશંસ કાર્ય આપણા રોષને પાત્ર છે એવી આપણી માન્યતાજ ન હોય! તેમના તરફ આપણને અનાદર થયોજ ન હોય! એક તરફથી રાજતંત્રમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના આપણે

પ્રયાસ કરીએ અને બીજી તરફથી આપણા જીવનમાંથી સ્વતંત્રતા છિન્ન કરવાનાં રોજ રોજ આચરણ કરીએ એ કેવી મૂર્ખતા! કેવી દુર્બુદ્ધિ!

વિધવાવિવાહ પણ સ્વતંત્રતાની ભાવનાનો વિષય છે. લગ્ન ખંડિત થયા પછી ભાંગેલું જીવન કેમ સાધવું એ પોતાને માટે પોતાની મેળે નિર્ણય કરવાનો અધિકાર દરેક પુરૂષને અને દરેક સ્ત્રીને હોય એજ એ વિષયમાં સ્વતંત્રતાનો માર્ગ છે. વિવાહિત જીવનમાં એટલા બધા સંકુલ અનુભવોનો સમાવેશ થાય છે કે તેમાં તુટ પડયા પછી કેવું જીવન ગાળવું એ વિશે બધી વ્યક્તિઓને એક સરખી વૃત્તિ થતી નથી. કોઇને વૈરાગ્યની વૃત્તિ થાય છે, કોઇને બાકી રહેલા કુટુમ્બમાં સમસ્ત સ્નેહ પરોવવાની વૃત્તિ થાય છે, કોઇને ધંધામાં મશગુલ થવાની વૃત્તિ થાય છે, કોઇને જનસમાજના કાર્યોમાં મન એકાગ્ર કરવાની વૃત્તિ થાય છે, અને કોઇને ફરી વિવાહિત જીવનમાં પ્રવેશ કરવાની [illegible] થાય છે. વયસ્ટ ઉમર સુધી આ છેલ્લી વૃત્તિ ઘણી સાધારણ હોય છે, અને વયસ્ટ ઉમરથી આગાડી વધ્યા પછીના કાળમાં પણ આ વૃત્તિ અર્થાત્ ફરી લગન કરવાની વૃત્તિ, કેટલાકમાં ઘણી બળવાન [illegible] પડે છે. આવી વિવિધતાની દશામાં સહુ પોતપોતાની રૂચિ અ[illegible] માર્ગ ગ્રહણ કરે તોજ સ્વતંત્રતા રહી શકે; સહુ પાસે એક [illegible] વૃત્તિ ધારણ કરાવવાથી સ્વતંત્રતા નષ્ટ થાય છે. જુદી જુદી સ્થિતિમા જુદા જુદા નિર્ણયની ઓછી વધતી યોગ્યતા કે અયોગ્યતા દર્શાવનારા અંશ હોય છે, અને તેનો સરવાળો સુજ્ઞ જનો કરે તો ભૂલ ભરેલો નથી હોતો. પરંતુ દરેક વ્યક્તિને પોતાની મેળે એ સરવાળો કરવા દેવો અને કેટલાક જનો

ખોટો સરવાળો કરશે અથવા ખરો સરવાળો કર્યા છતાં તદનુસાર આચરણ કરવામાં નિર્બળતા વાપરશે તેવો સંભવ હોવા છતાં સુજ્ઞ જનોની ટીકાને પાત્ર થઇ દરેકને પોતાને લગતું આચરણ પોતાની મેળે સ્વતંત્રતાથી કરવા દેવું એ ઇષ્ટ છે. એકના આચરણથી બીજાની સ્વતંત્રતા જતી હોય તો અટકાવવી એ યોગ્ય છે. વૃદ્ધ પુરૂષ લગ્ન કરવા ઇચ્છે તો તેથી કોઇ બાળકીની સ્વતંત્રતા છીનવી લેવાવી ન જોઇએ. પણ વૃદ્ધ પુરૂષ અને વૃદ્ધ સ્ત્રી બન્ને સ્વતંત્ર ઇચ્છાથી લગ્ન કરે તો તેની યોગ્યાયોગ્યતા પર ટીકા થઇ શકે પણ એવાં લગ્ન જનસમાજના કાયદાથી અટકાવવા એ સ્વતંત્રતાની ભાવનાથી વિરૂદ્ધ છે. વિધુર પુરૂષને કે વિધવા સ્ત્રીને વૈરાગ્યની વૃત્તિ થઇ હોય તો તે છતાં તેને ફરી લગ્ન કરવાની ફરજ પાડવી ન જોઇએ તેજ પ્રમાણે તેને ફરી લગ્ન કરવાની વૃત્તિ થઇ હોય તો તે છતાં તેને વૈરાગ્ય ધારણ કરવાની ફરજ પાડવી ન જોઇએ. વિધવા સ્ત્રીને માટે વૈરાગ્યનો કે જન સમાજની સેવાનો માર્ગ દર્શાવવામાં આવે છે તે વેળા એ વાત ભૂલી જવાય છે કે વૈરાગ્યમાં અને જનસમાજની સેવામાં વિધુર પુરૂષો પણ વિધવાઓની પેઠેજ પ્રવેશ કરી શકે છે. પણ ફરી લગ્ન કરવું કે વૈરાગ્ય ધારણ કરવો કે જનસમાજની સેવામાં પ્રવૃત્ત થવું કે બીજો કોઇ માર્ગ લેવો; એ સર્વની સ્વતંત્રતા પુરૂષોને આપવામાં આવે છે અને સ્ત્રીઓને એવી સ્વતંત્રતા શા માટે ન હોય એનું કશું યોગ્ય કારણ અપાતું નથી. 'યોગ્ય કારણ અપાતું નથી' એમ કહેવાનો હેતુ એ કે જ્યાં કોઇ સમાજમાં વિધવા સ્ત્રીને લગ્નની સ્વતંત્રતા ન આપવાના કારણ દર્શાવવામાં આવે છે ત્યાં તે કારણના મૂળમાં બે અધમ ભાવ રહેલા હોય છે; (૧) પુરૂષ

પોતાને સ્ત્રીનો માલીક સમજે છે અને એમ માને છે કે પુરૂષ એક પછી એક કે સામટી ગમે તેટલી સ્ત્રીઓનો માલીક થાય પણ સ્ત્રી તો એકજ પુરૂષની માલેકીની હોવી જોઇએ; અને (૨) પુરૂષ ગમે તેટલી સ્ત્રીઓનો ભોક્તા થાય પણ સ્ત્રી તો એક પુરૂષની ભોગ્ય હોવી જોઇએ. બીજાં જે કારણ દર્શાવવામાં આવે તેનું પૃથક્કરણ કરતાં પણ આ ભાવ તેમાં અન્તર્ગૂઢ રહેલા નજરે પડે છે. એમ કહેવામાં આવે છે કે વિધવા ફરી લગ્ન કરે તો પ્રેમની ભાવના ખંડિત થાય, કેમકે દંપતી પ્રેમ તો એક વ્યક્તિનો એક વ્યક્તિ માટેજ હોવો જોઇએ અને તેમાંથી એક પાત્રનું મૃત્યુ થાય તો તે પછી પણ તે પાત્ર માટેજ બીજા પાત્રનો પ્રેમ ચાલુ રહેવો જોઇએ. પ્રેમનો આ સિદ્ધાન્ત વિધુર પુરૂષને શા માટે લાગુ પાડવામાં નથી આવતો તેનો ઉત્તર એટલોજ આપવામાં આવે છે કે પુરૂષ ને લાગુ પાડવામાં આવે તો સારૂં ખરૂં. પરન્તુ વિધવા સ્ત્રીઓને ફરી લગ્ન નહિ કરવાની ફરજ પાડનારા અને વિધવા વિવાહની નામે ચઢનારામાંથી કોઇ વિધુર પુરૂષોને ફરી લગ્ન નહિં કરવાની ફરજ પાડવાનો પ્રયાસ કરતા જોવામાં આવ્યા નથી. પુરૂષને એ છુટ હોવી જોઇએ એવી તેમની માન્યતા તેમના વર્તનમાંથી નીકળે છે. હિન્દુ પ્રજામાં પુરૂષો વિધુર થયા પછી ફરી લગ્ન કરી શકે છે અને કરે છે. વિધુરો લગ્ન કર્યાં પછી ફરી વિધુર થતાં ફરી લગ્ન કરે છે. તે છતાં હિન્દુ પ્રજામાં પ્રેમની ભાવના ખંડિત કેમ થઇ નથી એનો ઉત્તર હજુ સુધી અપાયો નથી. પ્રેમની ભાવના બલાત્કારથી જળવાઇ એમ કોઇ દિવસ બન્યું નથી. સ્ત્રી કે પુરૂષ પ્રેમ ખાતર પોતાની સ્વતંત્ર ઇચ્છાથી વૈધવ્ય કે વિધુરત્વ પાળે તોજ પ્રેમની ભાવના જળવાય. વૈધવ્ય

ફરજીયાત રીતે પાળવાના કારણુમાં જેઓ પ્રેમની ભાવના જાળવવાનો ઉદ્દેશ દર્શાવે છે તેમને ઉપર કહેલા માલકી અને ભોગના ભાવ અન્દરથી પ્રેરે છે એમાં શક નથી.

સંયમ એ મૂલ્યવાન વસ્તુ છે અને તે ખાતર વિધવાઓને ફરી લગ્ન કરતાં અટકાવવી જોઇએ એમ પણ કહેવામાં આવે છે. સંયમ એ બેલાશક મૂલ્યવાન વસ્તુ છે. પણ આપણી સંસારઘટનામાં જે સંયમ લક્ષ્ય છે તે ગૃહસ્થાશ્રમનો સંયમ, સંન્યાસનો સંયમ નહિં. સંન્યાસનો સંયમ જો લક્ષ્ય હોય તો તો સંસારના કર્તવ્ય સારૂ ધંધો કરી ધનપ્રાપ્તિ કરવાની પણ ન રહે; આપણાં ઘરબાર લુંટાઇ જતા અટકાવવાનો પ્રયત્ન કરવાનો પણ ન રહે, દેશનો રાજતંત્ર પ્રજાના હાથમાં લેવાનો, રાજવ્યવસ્થાના મ્હોટા હોદ્દાઓ પ્રજાજનોને અપાવવાનો પ્રયાસ કરવાનો પણ ન રહે. સંન્યાસના સંયમથી એ સર્વ ત્યાજ્ય થાય. પરંતુ, સ્ત્રીપુરુષોએ ગૃહસ્થાશ્રમમાં રહેતાં ઇન્દ્રિયોને વશ રાખવી, સુખોપભોગને નિયમમાં રાખવો, એ સંયમ આપણે માટે લક્ષ્ય છે. અને તે છતાં વિધુર પુરુષ માટે ગૃહસ્થાશ્રમીનો સંયમ ઇષ્ટ છે અને વિધવા સ્ત્રી માટે સંન્યાસીનો સંયમ ઇષ્ટ છે એમ કેમ કહી શકાશે! સંન્યાસીનો સંયમ પણ વ્યક્તિની ઇચ્છાથી ઉત્પન્ન થયેલો હોય ત્યારે યથાર્થ હોય છે, બલાત્કારે સંન્યાસી બનાવેલાનો સંયમ નામનોજ હોય છે, તેની કશી કિંમત હોતી નથી. વિધુર પુરૂષને લગ્ન વિષયમાં વૈરાગ્ય-અવૈરાગ્યની પસંદગીની છૂટ હોય છે એટલુંજ નહિં પણ તેને કેશવપન કરાવી શરીરને વિરૂપ કરવું નથી પડતું; વસ્ત્રાભૂષણમાં, આહારમાં અને નિત્યજીવનમાં વૈરાગ્ય લેવો નથી પડતો

આ બધી બાબતમાં વિધુર પુરૂષો માટે સંન્યાસીનો સંયમ ઇષ્ટ નહિં અને વિધવા સ્રી માટે તે ફરજીયાત શા માટે? સ્વતંત્રતા વિરોધી ફરજીયાત સંયમનો આગ્રહ જેઓ વિધવાઓ માટેજ કરે છે તેમના ઉદ્દેશનો ખુલાસો પણ ઉપર કહેલા માલકી અને ભોગના ભાવના પ્રેરક બળથી થાય છે. લગ્ન થયા પછી જે બાલા કૌમાર અવસ્થામાં વિધવા થઇ હોય તેનેજ ફરી લગ્ન કરવા દેવુ એ મતમાં પણ સ્રી એકજ પુરૂષ માટે ભોગ્ય તરીકે જળવાવવી જોઇએ એ અધમ ભાવ રહેલો છે.

વિધવાને ઉપજીવિકાનું સાધન ન હોય તે તેણે પોતાના સગાના કે મરનાર ધણીના પિત્રાઇ કુટુમ્બમાં સેવક થઇ રહેવું, અને ત્યાં રસોઇ કરી; વાસીદાં વાળી, લુગડાં ધોઈ પેટ ભરવું. એ માર્ગનો ઉપદેશ પણ સ્વતંત્રતાની ભાવનાને નષ્ટ કરવા પ્રવર્તે છે, એવી સ્રી ફરી લગ્ન કરી ગૃહિણી તરીકે પોતાના ઘરની માલીક થઇ આયુષ્ય ગાળે એથી સ્વતંત્રતાની ભાવના પુષ્ટ થાય,—સ્વાતંત્ર માટેની માનવ હૃદયની ઉત્કંઠાનો ઉલ્લાસ થાય કે તે બીજાના ઘરમાં દાસી થઈ આયુષ્ય ગાળે તેથી એ પુષ્ટિ અને એ ઉલ્લાસ થાય તેનો નિર્ણય કરવો કઠીન નથી.

વિધવાઓનું સ્વાતંત્ર્ય ખુંચાવી લઇ હિન્દુ સમાજ સ્વતંત્રતાની ભાવના સામેના અપરાધની ભારે શિક્ષાનો ભોગ થઇ પડયો છે. શુદ્ધ સરલ જીવનનાં અનેક સ્થાન નષ્ટ થઇને તે ઠેકાણે દુરાચાર, અનીતિ અને નિર્લજતા પ્રવર્ત્યાં છે. માતાના અગાધ શિશુપ્રેમના અનેક સંભવ કદર્થિત થઇ તેને સ્થળે બાળહત્યા અને કઠોરતા ઉદ્‌ભૂત થયાં છે. ગૃહસ્થાશ્રમના હૃદયવિકાસથી થતા દેશો-

જાતિના અનેક પ્રસંગ દર્શાય છે. તેવા વિકાસની અધિકારિણી નિર્વેદ, નિરાશા અને દુઃખના ખાડામાં પડી છે. જ્યાં સ્વાર્થ, પક્ષપાત અને અન્યાયથી વિધવાઓની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે, જ્યાં વિના અપરાધે વિધવાઓનાં હૃદય કચરી નાખવામાં આવે, જ્યાં વિધવા તરફ દિલસોજી ન હોવાને બદલે તેને શાપિત ગણવામાં આવે, અપશુકન રૂપ ગણવામાં આવે, સાપનો ભારો ગણવામાં આવે; જ્યાં વિધવા માટે કુરૂપતા, કષ્ટ અને દાસત્વ નિર્માણ કરવામાં આવે, જ્યાં વિધવાઓનો વારસો પણ સંકુચિત કરી દેવામાં આવે, જ્યાં મનુષ્યપ્રકૃતિ વિરૂદ્ધ વિધવાઓને પરાણે વૈરાગ્યમાં ઉતારવાના પ્રયત્નથી તેમને અનીતિના અને કલેશના માર્ગમાં રડસેની દેવામાં આવે, ત્યાં પ્રજામાં સ્વતંત્રતાની ભાવનાને પરિપૂર્ણ ઉદય શી રીતે થાય? શું દાસત્વના અને સ્વતંત્રતાના ઘુંટડા વારાફરતી પી શકાય છે? શું ઘરે ગુલામગીરી અને દ્વારે સ્વતંત્રતા એવી વહેંચણી થઈ શકે છે? શું સંસારમાં પરતંત્રતાની ભાવના અને રાજવ્યવહારમાં સ્વતંત્રતાની ભાવના એવો વિભાગ થઈ શકે છે? પ્રજાજીવન જો વિવિધ વિષયના પ્રજાના ભાવો અને ભાવનાઓથી બનતી સમગ્ર વસ્તુ હોય તો સ્વતંત્રતા માટે મથતી પ્રજાના સમાજ બંધારણમાં વિધવાઓની સ્વતંત્રતાનો વિધ્વંસ કરવો એ બરના કયા માનસશાસ્ત્ર, કયા ઇતિહાસ, કયી રાષ્ટ્રનીતિને આધારે ટકશે?

લગ્નના ભાગીદારની પસંદગી પણ સ્વતંત્રતાની ભાવનાને અનુસાર હોવી જોઇએ. પુરૂષ ભાર્યાની અને સ્ત્રી ભર્તારની પસંદગી છૂટથી કરી શકે એવી તેમની ઉમ્મર લગ્ન વખતે હોવી જોઇએ એટલુંજ નહિ પણ અમુક મંડળમાંથી કે અમુક જ્ઞાતિમાંથીજ તે પસંદગી થઈ શકે એવો

બાધ હોવો ન જોઇએ એવો બાધ જ્ઞાતિઓના ન્હાના ન્હાના કકડાઓનીવૃદ્ધિ સાથે હિન્દુ સમાજમાં કેવો હાનિકર અને દુઃખકર થઇ પડ્યો છે તે લગ્ન વિષયની સ્વતંત્રતાના અપહરણનું બીજું પરિણામ દર્શાવે છે. આ માટેનો ઑન મિ. વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલે હિન્દની વડી ધારા સભામાં આ પસંદગીની છુટ સમસ્ત હિન્દુ પ્રજાના ક્ષેત્રમાં સ્થાપવાના કાયદાનો ખરડો રજુ કર્યો છે તે બહુ અભિનન્દનીય છે. એવી યોજનાથી હિન્દુ જનસમાજમાં સુખની વૃદ્ધિ થશે એટલુંજ નહિં પણ સ્વતંત્રતાની વૃદ્ધિ થશે. આ ખરડા વિશે બીજા સબંધમાં વધારે વિવેચન કરીશું.

લગ્ન કરવું કે ન કરવું એ છુટ પુરૂષ પેઠે સ્ત્રીને હિંદુ સંસારમાં ન હોવાથી અને લગ્નના ભાગીદારની પસંદગીનું ક્ષેત્ર સંકુચિત હોવાથી કેટલીકવાર ગુણના કજોડામાં જોડાયેલી સ્ત્રીને મર્મભેદી દુઃખકર જીવન ગાળવું પડે છે; જેને વિવાહિત જીવનની ઇચ્છા ન હોય તેને તેવા જીવનમાં પ્રવેશ કરવો પડે છે. પસંદગી કરવાની શક્તિ આવે તે ઉમર પ્હેલાં છોકરાને કે છોકરીને પરણાવી દેવામાં ન આવે અને તે ઉમ્મરે પહોંચ્યા પછી પણ લગ્ન કરવું કે ન કરવું એ છુટ પણ તેને રહે એ સ્વતંત્રતાનો માર્ગ છે. એકંદરે વિવાહિત જીવન સ્ત્રી તેમજ પુરૂષ માટે હિતકર છે અને સ્વાભાવિક રીતે તે હિત તરફ સ્ત્રીપુરુષો વળે છે, પણ તે હિત તરફની વૃત્તિ સ્વતંત્ર ઇચ્છાથી બંધાવી જોઇએ.

સ્ત્રી કેળવણીમાં પણ સ્વતંત્રતાની ભાવના સમાયેલી છે. મનની કેળવણીનો, બુદ્ધિવિકાસનો અને [illegible] અધિકાર પુરુષ જેટલોજ સ્ત્રીનો છે. એ અધિકાર હિંદુસમાજમાં સ્ત્રીઓ પાસેથી

છીનવી લેવામાં આવ્યો ત્યારથી સ્ત્રીઓની પરતંત્રતા વધારે દૃઢ થઈ છે. વળી, સ્ત્રીકેળવણીના સમર્થનમાં જ્યાં સુધી એટલુંજ કહેવામાં આવે કે સ્ત્રીઓને કેળવણી આપ્યાથી પુરુષો સુખી થશે, પુરુષોને સારી ગૃહિણીઓ મળશે. પુરુષોને ઘરની સગવડમાં વધારો થશે, ત્યાં સુધી જ્ઞાનના અધિકારમાં રહેલી સ્વતંત્રતાની કદર થતી નથી. પુરુષોને લાભ થાય, પુરુષોની ઉપયોગિતા સચવાય એવો સ્ત્રીશિક્ષણનો ક્રમ હોવો જોઇએ એમ જ્યાં સુધી કલ્પવામાં આવે ત્યાં સુધી આ વિષયમાં રહેલી સ્તતંત્રતાની ભાવનાનો સ્વીકાર થતો નથી. જ્ઞાનપ્રાપ્તિ એ જાતેજ લક્ષ્ય છે અને જ્ઞાનપ્રાપ્તિ ખાતર સ્ત્રીઓ જ્ઞાન મેળવવા અધિકારી છે. સ્ત્રીને માટે અજ્ઞાન કે અલ્પજ્ઞાન કે 'ખપ જેટલું જ્ઞાન' નિર્માણ કરવાનો પુરુષને અધિકાર નથી. જ્ઞાનનો માર્ગ પુરુષ માટે અને સ્ત્રી માટે, બ્રાહ્મણ માટે અને શૂદ્ર માટે, સર્વ માટે સરખા રીતે ખુલ્લો હોવો જોઇએ. અને એવો જ્ઞાનનો અધિકાર અમર્યાદિત થાય તે વિના સ્વતંત્રતાની ભાવના વિકાસ પામી શકે નહિ એ લક્ષમાં રાખી કેળવણીના પ્રયાસ કરવા જોઇએ. જ્ઞાન એ અમૂલ્ય વસ્તુ છે, **न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।** તેમ છતાં સ્ત્રીને જ્ઞાનની જરૂર નથી, સ્ત્રીને ઘરસંસાર ચલાવતાં આવડે તો બસ છે, એમ કહી જેઓ સ્ત્રીઓને અજ્ઞાન રાખે છે તેમને જ્ઞાનથી થતા આત્મોત્કર્ષની કિંમત નથી, જ્ઞાનથી ખિલતા સ્વાતંત્ર્યની બુજ નથી. સ્ત્રીને પત્ની થવાનું છે; માતા થવાનું છે; તો પુરુષને પતિ થવાનું છે; પિતા થવાનું છે. સ્ત્રીને ઘર ચલાવવાનું છે તો પુરુષને સંસાર ચલાવવાનો છે. તે છતાં પુરુષને પતિ અને પિતા થવાનું તથા સંસાર ચલાવવાનું ખાસ જુદું શિક્ષણ આપવામાં

આવતું નથી. પુરુષને જે સામાન્ય જ્ઞાન આપવામાં આવે છે તેથી તે પતિ થતાં, પિતા થતાં શિખે છે, તેને સંસાર ચલાવવાનું જ્ઞાન મળી જાય છે, તો સ્ત્રીને પત્ની થવાનું, માતા થવાનું અને ગૃહ ચલાવવાનું ખાસ જુદું શિક્ષણ આપવાનું બહાનું કાઢી તેને સામાન્ય જ્ઞાનથી વિહીન શા માટે રાખવી? એ ખાસ જુદા શિક્ષણની તેને જરૂર હોય તોપણુ તેથી તેને સામાન્ય જ્ઞાન આપવાની જરૂર મટી શાથી જાય છે? પુરૂષોને ધંધાના ખાસ જુદા શિક્ષણુ ઉપરાંત સામાન્ય જ્ઞાન આપવામાં આવે છે, તેથી જનસમાજમાં જ્ઞાનવૃદ્ધિ થાય છે, ભાવનાઓનો ઉદય થાય છે, મનુષ્યોના હક સમજાય છે, શહેરીઓના ધર્મ સમજાય છે. તો સ્ત્રીઓના સબંધમાં એ સર્વનો અભાવ કેમ ઇષ્ટ થયો? સ્ત્રીઓને મનુષ્યજાતિની જ્ઞાન સંપત્તિ અને ભાવ સંપત્તિ વધારવામાં, મનુષ્યોના સંસ્કાર ઉન્નત કરવામાં, પ્રજાકીય જીવન આગળ પાડવામાં, શહેરીઓની ફરજ બજાવવામાં સામીલ શા માટે થવા દેવી નહિ? અલ્પ જ્ઞાન અને 'ખપ જેટલું જ્ઞાન' જે અજ્ઞાનના પર્યાયરૂપ છે, અજ્ઞાન સાથે એકાર્થ છે, તેનો સ્ત્રી માટે શા સારૂ આગ્રહ કરવામાં આવે છે? જ્ઞાન વડે આત્મામાં ભરાતા ભંડારમાં, જ્ઞાનવડે થતા આત્માના ઉલ્લાસમાં 'ખપ જેટલું' એ અવધિ ક્યાં બાંધી શકાશે? સ્ત્રીનો આત્મા શું એ ભંડારનો, એ ઉલ્લાસનો અધિકારી નથી?

આને તો ધર્મજ્ઞાન આપવું તે બસ છે એમ પણુ કહેવામાં આવે છે. આ ધર્મજ્ઞાનના પક્ષનું પૃથક્કરણુ કરીએ તો તેમાં સ્તોત્રોના મુખપાઠ સિવાય બીજા કશાનો સમાવેશ થયેલો નજરે પડતો નથી. પુરૂષો ન્યાય, તત્ત્વદર્શન, ફિલસુફી એ સર્વનો અભ્યાસ કર્યાથી

ધર્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, અને એ સર્વના અભ્યાસ માટે વ્હોળા વાંચન અને વિસ્તારી જ્ઞાનની પુરૂષને જરૂર પડે છે, તો એ બધી સામગ્રીથી સ્ત્રીને દૂર રાખી તેને ધર્મજ્ઞાન શી રીતે આપી શકાય? સ્ત્રીઓ અર્થ સમજ્યા વિના સ્તોત્રો મ્હોડે કરે અને પુરાણીઓની કથા સાંભળે એ શું ધર્મજ્ઞાન? પુરૂષોના આત્માના ઉત્કર્ષ માટે, પુરૂષોના આધ્યાત્મિક શ્રેય માટે બહુ ઉંચા પ્રકારનું ધર્મજ્ઞાન ઇષ્ટ હોય છે તો સ્ત્રીઓ માટે તે ઇષ્ટ નહિં? આ ધર્મજ્ઞાનની હિમાયતમાં પણ 'ખપ જેટલા જ્ઞાન' સરખી અજ્ઞાનનીજ હિમાયત છે.

ઓઝલનું કેદખાનું દૂર કરવાની માગણી પણ સ્વતંત્રતાની ભાવનામાંથી ઉદ્ભવે છે. ઇશ્વરની સર્જેલી વિશાળ દુનિયાનું દર્શન કરવાનો, ઇશ્વરે આપેલાં હવા અજવાળાનો અનુભવ કરવાનો હક પણ સ્ત્રીઓ પાસેથી લઇ લેવો અને સ્ત્રીઓ માટે તો બંધ દીવાલો અને પડદાઓનો સંકુચિત પ્રદેશજ સુખકર છે એમ કહેવું એ ખરાબ રીવાજનો ખરાબ બચાવ છે. પુરૂષોની કુદૃષ્ટિથી સ્ત્રીઓને હાનિ થવાનો સંભવ હોય તો તે પુરૂષોને પડદામાં રાખવાનું કારણ છે. ચોરો છુટા ફરતા ફરે અને ચોરોની બીકથી શાહુકારોને પુરી મુકવામાં આવે એ કયાંનો ન્યાય? વાસ્તવિક સ્થિતિ તો એવી છે કે સ્ત્રીઓની સ્વતંત્ર પદવીને માન આપવામાં આવતું નથી ત્યાં સ્ત્રીઓ તરફ અસભ્યતા, અવિવેક, નિર્લજ્જ વર્તણુંક ઉત્પન્ન થાય છે; સ્ત્રી માત્ર ભોગ્ય વસ્તુજ છે એવી માન્યતા હોય છે ત્યાં સ્ત્રીને વિષયવાસનાથીજ જોવાની ટેવ બંધાય છે. પડદાથી સ્ત્રીની સ્વતંત્ર પદવી તરફ માનવૃત્તિ વધતી નથી, સ્વાતંત્ર્યને યોગ્ય નથી એ વિચાર સ્ત્રી તરફનાં સર્વ અયોગ્ય વર્તન પુષ્ટિ પામે છે. સ્ત્રીની

સ્વતંત્રતાને એકવાર માન આપવામાં આવે, સ્ત્રી પણ ઉંચા મનુષ્યત્વની અધિકારી છે એનો એકવાર સ્વીકાર કરવામાં આવે તો, એમાંજ સ્ત્રી તરફની કુદૃષ્ટિ, સ્ત્રીનું અપમાન દૂર કરવાનો ઉપાય છે. સ્ત્રીને દેવી કહેવાનો ઘોષ કરવો અને તેને ઘરમાં પુરી મુકવાની કે ગજવામાં લઇ ફરવાની પુતળી જેવી ગણવી એ કેવળ વ્યર્થ છે.

પરદેશગમનની છુટ એ પણ સ્વતંત્રતાની ભાવનાનો વિષય છે. મનુષ્ય જ્ઞાન મેળવવા, પરાક્રમ કરવા, વેપાર ખેડવા, પૃથ્વીપર સર્વત્ર ફરી શકે એમાં સ્વતંત્રતા છે, તેમ કરતાં મનુષ્યને અટકાવવો એમાં પરતંત્રતા છે. જ્યારે કોઇ દેશો આપણી પ્રજાઓને પોતાના મુલકમાં પ્રવેશ કરવા દેતા નથી ત્યારે આપણે અન્યાયની, અધિકારના નાશની ફરીઆદ કરીએ છીએ, પણ એ રીતે બહાર જનાર માટે પરદેશનાં દ્વાર ખુલ્લાં કરાવવાની માંગણી સાથે બહાર જનારને આપણે પાછળથી ઘરમાં ખેંચી રાખી નિકળવા દઇએ નહિ—એ ઉપહાસમય નાટક નહિં તો બીજું શું? પરદેશ ગમનના પ્રતિરોધથી હિંદી પ્રજાનો ઉદય કેટલો રોકાયો છે, હિંદુ પ્રજામાં સ્વતંત્રતાની ભાવના કેવી ખંડિત થાય છે એનો ખરેખરો ખ્યાલ થઇ પ્રજાનું અન્તર દાઝશે નહિં ત્યાં સુધી આ પ્રશ્નનો નિકાલ થવાનો નથી. હિંદુસ્તાન દુનિયાની વચમાં છે, હિંદુસ્તાનની પ્રજાનું જીવન દુનિયાની બીજી પ્રજાઓના જીવનની વચમાં ચાલે છે, હિંદુસ્તાન પૃથ્વીના બાકીના દેશોથી અલગ પડી ગયેલો રહે તેમ નથી, હિંદુઓ પૃથ્વી પર, સાગર પર અને હવે વાયુ પર દશે દિશામાં ઘુમી વળતા થાય તે વિના બીજી પ્રજાઓ હિંદુપ્રજાની સ્વતંત્રતાને યથાયોગ્ય માન આપતી થાય તેમ નથી; એ સ્થિતિનો જેમને સાક્ષાત્કાર હોય તેમણે સમુદ્ર-

ગમન કરનાર પર જ્ઞાતિબંધનનાં પુરાણાં હથીઆરો લઇ તુટી પડવા તૈયાર થાય? સમુદ્રગમન કરનારને પ્રાયશ્ચિત કરાવી, તેનો દંડ કરી, અમુક સરતે નાતમાં પાછા દાખલ કરવાનો પ્રયાસ વધવા લાગ્યો છે એથી માત્ર આગળ એક પગલુંજ ભરાયું છે, જ્યાં સુધી સમુદ્રગમન કરનાર પતિત અને ત્યાજ્ય ગણાય છે, જ્યાં સુધી સમુદ્રગમન કરનારને સજા કરવાની જરૂર મનાય છે, ત્યાં સુધી સ્વતંત્રતા વિરૂદ્ધની નાતની બેડીઓ અકબંધ રહે છે, એ બેડીઓ કટાઈ ગઇ છે, એ બેડીઓ ઢીલી પ્હેરાવવામાં આવે છે, પણ જ્યાં સુધી એ બેડીઓ આખી છે, જ્યાં સુધી એ બેડીઓના કકડા કરી ફેંકી દેવામાં આવ્યા નથી ત્યાં સુધી હિંદુપ્રજામાં અસ્વાતંત્ર્ય વિદ્યમાન અને પ્રબળ છે, પૃથ્વી પર પર્યટણ કરવું એ અપરાધ છે, અને ઘરકુકડાં થઈ દેશમાં ભરાઇ રહેવું એ શિષ્ટ માર્ગ છે. સમુદ્રગમનમાં લેશમાત્ર દોષ નથી અને સમુદ્રગમન પછી કોઇ પણ જાતની શુદ્ધિની જરૂર નથી એ સ્વીકાર જ્યાં સુધી થશે નહિં ત્યાં સુધી હિંદુ પ્રજાને પગે ભારે પથરો બાંધેલો રહેશે. એ સ્વીકાર થાય ત્યાં સુધી સમુદ્રગમન વિષયના સંસારસુધારાનો પ્રયાસ દૃઢતાથી ચાલુ રાખવાનો છે.

સંસારસુધારામાં રહેલી બીજી ભાવના તે સમાનતાની છે, અને તે સ્વતંત્રતાની ભાવના સાથે નિકટ અને આવશ્યક સબંધથી જોડાયેલી છે. સમાનતા વિના સ્વતંત્રતા હોઇ શકતી નથી, અને જ્યાં સ્વતંત્રતા હોય ત્યાં સમાનતા હોવીજ જોઇએ. સ્વતંત્રતા સર્વદેશી હોય, સર્વને માટે હોય ત્યારેજ તે યથાર્થ હોય અને તે માટે સ્વતંત્રતા સમાનતાની સાથે પ્રવર્તે છે. અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટસે સ્વતંત્રતા ધારણ કરતી વેળા સ્વતંત્રતાનું સ્થાપન ('Declaration

of Independence') પ્રકટ કરેલું ત્યારે તે ખ્યાપનમાં પ્હેલું વાક્ય એ મુકેલું કે 'All mon are created equal' 'બધા મનુષ્યો સમાન પેદા થાય છે,' અને એ રીતે એ લેખમાં સમાનતામાં સ્વતંત્રતાનો પાયો દર્શાવેલો છે. એજ રીતે મેસેચ્યુસેટ્સના રાજ્યબંધારણ (Constitution) માં પણ ઉલ્લેખ છે કે 'All men aro born free and equal havo certain natural essential and unalienable rights' 'બધા મનુષ્યો સ્વતંત્ર અને સમાન જન્મે છે અન તેમને કેટલાક કુદરતી, આવશ્યક અને ન લેઇ લેવાય એવા હક હોય છે.' અહીં પણ મનુષ્યોની સ્વતત્રતા અને સમાનતાનો સમવાયસંબંધ દર્શાવ્યો છે અને મનુષ્યોના હક એ સ્વતંત્રતા અને સમાનતા સાથે પ્રવર્તના સૂચવ્યા છે.

આ સમાનતાની ભાવના લઈ વર્તમાન હિંદુસમાજ વ્યવસ્થા તરફ વળતાં આપણને કેવો સામો ધક્કો વસમો થઈ વાગે છે! ક્યાં મનુષ્યમાત્રની સમાનત્તા અને ક્યાં હિંદુસ્તાનનો જાતિભેદ! સમાનતાની ભાવના જ્યાં જન્મથી સર્વને સરખા ગણે છે ત્યા જાતિભેની વ્યવસ્થા બ્રાહ્મણને જન્મથી બીજી વર્ણો કરતા ચઢિયાતા ઠરાવે છે, નાગરોને બીજા બ્રાહ્મણો કરતાં ચઢિયાતા ઠરાવે છે, અને વડનગરા નાગરોને બીજા નાગરો કરતાં ચઢિયાતા ઠરાવે છે સમાનતા સર્વના સરખા હક સ્વીકારે છે અને તે કદી લઈ લેવાય નહિં એમ પ્રકટ કરે છે, તો જાતિભેદની વ્યવસ્થા વડે બ્રાહ્મણો પોતાના સિવાય બીજા બધાને જ્ઞાનના અને પવિત્રતાના અધિકારમાંથી બાતલ કરે છે, અને કેટલીક કોમોના મનુષ્યોને એના કુતરના બનાવે છે કે નેગો બ્રાહ્મ-

ણોએ ઠરાવેલી ચઢિયાતી કોમોને છાયાથી પણ અડકી શકે નહિં, એક પાથરણા ઉપર આવી શકે નહિં, એક કુવે પાણી પી શકે નહિં, એક મંદિરે દેવદર્શન કરી શકે નહિં, એક દુકાને ઉભા રહી શકે નહિં, એક ગાડીનાં બેસી શકે નહિં, કેટલેક ઠેકાણે એક ગામમાં પણ રહી શકે નહિં. આ અસમાનતામાં માત્ર અલગપણું નથી, પણ ચઢિયાતા ઉતરતાપણું છે, ઉંચા-નીચાપણું છે, સારા-હલકાપણું છે, માનનીય-અમાનનીયપણું છે, હકદાર-બીનહકદારપણું છે. જે પ્રજા શરીર ઉપર અસમાનતાનો કાળો લેપ હોય તે સ્વતંત્રતાના શ્વેત રંગથી શી રીતે ઝળુકે? જે પ્રજા પોતાનામાંથી લાખો મનુષ્યોના હક છીનવી લે છે તે સમાનતા અને સ્વતંત્રતા સાથે પ્રવર્તતા unalienable rights ને લેઇ લેવાય એવા હકની ભાવના શી રીતે પાળે અને જાળવે? જ્યાં ત્રીસ કરોડની વસતીમાંથી છ કરોડ અસ્પૃશ્ય કોઇ કારણથી પણ સ્પૃશ્ય થવા યોગ્ય નહિં-ત્યાં સમાનતાનું વૃક્ષ શી રીતે ફળે?

અસ્પૃશ્ય ગણાતા અન્ત્યજો સિવાયના હિંદુ સમાજમાં પણ જાતિભેદ ન સંધાય એવા કકડા પાડે છે, સ્વતંત્રતાની ભાવનાને છિન્નભિન્ન કરે છે, પ્રજાબળને સમગ્ર થતું અટકાવી હલકું પાડે છે. જ્યાં એક વર્ણ બીજી વર્ણનું પાણી પીએ તો પોતે પોતાનું શ્રેષ્ઠત્વ ખોઇ બેસે એમ માને, બીજી વર્ણ સાથે ભોજન કરવાથી પોતાનો ભ્રષ્ટ થાય એમ માને, બીજી વર્ણ સાથે લગ્નવ્યવહાર કરવાથી પોતાનું હિંદુપણું નષ્ટ થાય એમ માને, અસમાનતા અને અસંસર્ગ એ ધર્મ મનાય, ત્યાં પ્રજાની સર્વ વ્યક્તિઓની સમાનતા શી રીતે સ્થપાય? સર્વ ઇશ્વરના બાળક છે, સર્વ ઇશ્વરને

સરખાં પ્રિય છે. સર્વ ઇશ્વર પાસેથી સરખો અધિકાર લઇને આવેલાં છે, સર્વનો પ્રજાની સમષ્ટિમાં સરખો એકડો છે, એ પ્રતીતિ જ્યારે હિંદુસમાજમાં ઓતપ્રોત થઇ રહેશે, ત્યારે પ્રજાના શરીરની પ્રત્યેક નસમાં સમાનતાનું લોહી વહેશે અને સ્વતંત્રતાની ભાવના જીરવવાનું મહાબળ પ્રાપ્ત થશે. લાંબા વખતથી ઝેરનું વ્યસન કરનારને જેમ ઝેર પ્રિય થઈ પડે છે અને ઝેર છોડવું ગમતું નથી, તેમ આધુનિક હિંદુ સમાજની રૂઢિના હિમાયતીઓ જાતિભેદને અતિમોહથી વળગી રહે છે, જાતિભેદનો ગમે તે પ્રકારે બચાવ કરવા પ્રયાસ કરે છે. યુરોપની પ્રજાઓમાં પણ જાતિભેદ છે એમ તેઓ નિર્દેશ કરે છે. પણ યુરોપની જાતિઓ ઓળંગી શકાય એવી હોય છે; જન્મથીજ હક મળે અને મૃત્યુ પર્યન્ત તેમાં ફેર પડે નહિં એવી યુરોપની જાતિઓ હોતી નથી. યુરોપની જાતિઓ સમાનતાની ભાવનાનો પરિત્યાગ કરતી નથી. એ સમાનતાની ભાવનાથી પ્રેરાઇને યુરોપની અને અમેરિકાની પ્રજાઓએ પોતાના દેશમાંથી ગુલામગીરી નાબુદ કરી છે એટલુંજ નહિં પણ દુનિયામાંથી ગુલામગીરી નાબુદ કરાવી છે, ગુલામગીરી દૂર કરાવવા તેમણે પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું છે, ભારે વિગ્રહ કર્યા છે, અને તેમનામાં પણ જ્યાં કોઇ સ્થળે સમાનતામાં ન્યૂનતા આવી છે ત્યાં સ્વતંત્રતાની ભાવના પણ ખંડિત થઇ છે.

જાતિભેદનો છેલ્લો બચાવ કરવા એવો પક્ષ રજુ કરવામાં આવે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિઓ પ્રાચીન કાળ પેઠે રાખવી જોઇએ. અસમાનતા તો ચાર હજાર જાતિઓમાં પણ છે અને ચાર જાતિઓમાં પણ છે, પરંતુ તે ઉપરાંત શક્યતાનું દૃષ્ટિબિન્દુ લઇશું તો તરત સમજાશે કે આ

યોજનાનો અમલ થઇ શકે તેમ નથી. શુદ્ર થવાનો દાવો કોઇ જ્ઞાતિ કરે તો તે વિશે કોઇને વાંધો નથી, પણ, અનેક જ્ઞાતિઓના બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્ય થવાના દાવા ચુકવવાનો કોઇને અધિકાર નથી. તપોધનનું બ્રહ્મણત્વ બ્રહ્મણો કબુલ કરતા નથી, મોચી અને ઢેડ પોતાને ક્ષત્રિય કહે છે તે ક્ષત્રિયો કબુલ કરે તેમ નથી, લુહારો એ પોતાને પંચાલ ક્ષત્રિય કહેવડાવ છે તેનો ઝગડો ચાલુ છે, કણબીઓ પોતાને વૈશ્ય કહે છે, વૈશ્યો તેમને શૂદ્ર કહે છે. કેટલીક જ્ઞાતિઓ બે જ્ઞાતિઓના લગ્ન વ્યવહારથી ઉત્પન્ન થયેલી કહેવાય છે તેમને માટે પાંચમી જ્ઞાતિ શી રીતે થઇ શકે? હાલની સર્વ જ્ઞાતિઓનાં મૂળ જડે તોપણ અનેક જ્ઞાતિઓને પાછી તેમનાં મૂળમાં દાબી દઇ પાછી ચાર જ્ઞાતિઓ ઉપજાવવી એ પૃથ્વી પર પથરાએલી મનુષ્ય વસ્તીને માત્ર આદમ અને ઇવનું જોડું રહે ત્યાં સુધી એકઠી દબાવવા જેટલુંજ કઠણ છે. ડાંખળીઓ બીડી દઇ પાછી મૂળ શાખાઓ ઉપજાવવાનો અને શાખાઓ બીડી દઇ પાછું મૂળ થડ ઉપજાવવાનો સંચો હજુ સુધી જડયો નથી અને જડે એમ લાગતું નથી. પરંતુ, જાતિભેદ ગમે તેમ કરીને ઓછા વધતા રૂપમાં પણ જાળવવાની આવી વાંછના શા માટે? શરીરમાં પેઠેલો કાંટો ગમે તેટલા વખતનો જુનો હોય પણ તે ખેંચી કાઢયા વિના ચાલે તેમ નથી. તે ખેંચી કાઢતાં વેદના થાય તેમ હોય, ચામડી ખોતરવી કે કાપવી પડે તેમ હોય, લોહી નિકળે તેમ હોય, પણ તે કાઢયા વિના છુટકો નથી, અને જેમ વ્હેલો કાઢીએ તેમ શરીરની સ્વસ્થતા વ્હેલી થાય. શરીરમાં કાંટો રહે અને સોજો ન રહે, સમાજબંધારણમા જાતિભેદ રહે અને અસમાનતા ન રહે, એ શક્ય નથી

જાતિભેદની આ અસમાનતા આપણા સામાજિક જીવનમાં ખટકે છે એમાં શક નથી. જ્યાં આગળ વધવા જઇએ છીએ ત્યાં કોઇક પાછળથી ખેંચી રાખે છે અને પાછું ફરીને જોઇએ છીએ તો એમ રોકી રાખનાર તે જાતિભેદ છે. બાળલગ્ન કે કજોડાં બંધ કરવા જઇએ છીએ તો કોઇક ઠેકાણે નાતના રીવાજ નડે છે. અને કોઇક ઠેકાણે નાતમાંની કન્યાની કે વરની અછત નડે છે. સ્ત્રી કેળવણી વધારવા જઇએ છીએ તો ન્હાની ઉમ્મરે છોકરીને સાસરે મોકલવાનો નાતમત નડે છે, વિધવા વિવાહની છુટ આપવા જઇએ છીએ તો નાતનો વિરોધ નડે છે. સમુદ્રગમનનો પ્રચાર કરવા જઇએ છીએ તો નાતનો જુલમ નડે છે. લગ્ન મરણના ઉડાઉ ખર્ચ ઓછા કરવા જઇએ છીએ તો નાતનો જાપનો નડે છે. ધંધાઓની બહોળા છુટની કલ્પના કરવા જઇએ છીએ તો નાત આડી આવીને કહે છે કે બ્રાહ્મણનો દીકરો મોચીનો ધંધો શી રીતે કરશે અને હજામ અમલદાર થશે તો તેના હાથ નીચે નોકરી કોણ કરશે? ધારા બાંધનારી અને રાજતંત્ર ચલાવનારી સભાઓમાં ચુંટણી તત્ત્વ દાખલ કરવા જઇએ છીએ તો નાતો એક બીજાપર અવિશ્વાસ દર્શાવે છે અને પ્રત્યેક નાત માટે જુદી ચુંટણીની માગણી થાય છે.

જાતિભેદની અસમાનતાથી થતી વિષમતા સામે બળવા ઉઠયા જાય છે. જાતિભેદે કરેલું ભોજનવ્યવહારનું બન્ધન શિથિલ થઇ ગયું છે પણ તે બન્ધનની ભાવના હજી કાયમ રહી છે. બન્ધનના ભંગ તરફ આંખમિંચામણાં કરી ને બન્ધન પ્રવર્તે છે એમ માની લેવાય છે. કન્યાઓની અછતને લીધે પરન્યાતની કન્યા લાવવામાં આવે છે ત્યારે તે પરનાતની નથી એવું આતા-

સ્તવિકત્વ (fiction) સ્વીકારી લેવામાં આવે છે. સમુદ્રગમન કરી પ્રાયશ્ચિત્ત ન કરનાર સાથે સંસર્ગ રાખનાર સંસર્ગ નથી રાખતા એમ કલ્પી લેવામાં આવે છે. પરંતુ, આવી અવાસ્તવિક કલ્પનાઓથી સત્ય સંકડાય છે, સમાજની ઉચ્ચ નીતિ નીચી પડે છે, અને નાતનું ખોખું ભાગ્યા છતાં ઉભું રહે છે, નાતોના કકડાને લીધે ન્હાની નાતોનાં કુટુંબો ક્ષય પામે છે, કન્યાના અપહરણના અને લગ્નની દગાઇના ગુનાહ વધે છે.

લગ્નસંબંધમાં નડતો જાતિભેદ દૂર કરવા મિ. ભૂપેન્દ્રનાથ બસુએ હિન્દની ધારાસભામાં રજુ કરેલો ખરડો જાતિભેદ માટે રહેલા મોહથી રદ ગયો. એ મોહે એવો આગ્રહ કરાવ્યો કે જાતિભેદથી થતી સંકુચિત મર્યાદા બહાર લગ્ન કરવા સારૂ હિન્દુઓને કાયદા એવી ફરજ પાડે છે કે 'અમે હિન્દુ ધર્મ નથી પાળતા' એવી ખોટી પ્રતિજ્ઞા કરવી તો ભલે એવી ફરજ કાયમ રહે અને વરકન્યાનાં યોગ્ય જોડાં બાંધવા સારૂ નાત તોડી લગ્ન કરનાર ભલે હિન્દુ ન કહેવાય, પણ, હિન્દુઓની જુદી જુદી નાતોમાં હિન્દુ તરીકેનો લગ્ન વ્યવહાર તો કાયદેસર નજ ગણાવવો જોઇએ. પણ આ દુરાગ્રહથી નિરાશ ન થતા ઓન. મિ. વિઠ્ઠલભાઇ પટેલે એજ ધારાસભામાં હાલ એવો ખરડો રજુ કર્યો છે કે હિન્દુઓની જુદી જુદી જાતો વચ્ચેના લગ્ન કોઇ ચાલતી રૂઢિ વિરૂદ્ધ ગણાતાં હોય, કે હિન્દુઓને લાગુ પડતા કોઇ કાયદાનો એવો અર્થ મનાતો હોય કે એવાં લગ્ન ન થઇ શકે, તો પણ હવેથી એવાં લગ્ન કાયદેસર ગણવાં. આ માટે ઓન. મિ. વિઠ્ઠલભાઇને ઘણો ધન્યવાદ ઘટે છે. આ ખરડો આ વેળા મંજુર નહિં થાય તો પણ તે ફરી ફરી રજુ કરવાનો

સંકલ્પ તેમણે દર્શાવ્યો છે, માટે આપણે કૃતજ્ઞ થવું જોઇએ. હિન્દુ સમાજમાં પ્રવર્તી રહેલી અસમાનતા દૂર કરવામાં અને હિન્દુ પ્રજાનું ઐક્ય સાધવામાં આ મહત્ત્વનું પગલું છે, અને, વિવાહિત જીવનના સુખનો અવકાશ વધારવા સારૂ લગ્નની પસંદગીનું ક્ષેત્ર વિસ્તારી કરવાનો આ ઘણો સારો ઉપાય છે. આ ખરડાથી કરવા ધારેલો કાયદો કોઇને પરનાતમાં લગ્ન કરવાની ફરજ પાડવાનો નથી, પણ જેને પરનાતમાં લગ્ન કરવાની ઇચ્છા હોય તેને તેમ કરવાની છુટ આપવાનો છે, હિન્દુઓને તેમની ઇચ્છા વિરૂદ્ધ હિન્દુપણામાંથી દૂર કઢાતા અટકાવવાનો છે. આમ છતાં, જાતિભેદના ચિર કાળના વિષપાનથી થયેલો મોહ હજી એટલો પ્રબલ છે કે આવો કાયદો થશે તો હિન્દુ ધર્મ નષ્ટ થઇ જશે એવો પુકાર ઉઠયો છે. વ્યાસના પિતા બ્રાહ્મણ અને માતા માછણ છતાં વ્યાસ બ્રાહ્મણ રહ્યા, હિન્દુ રહ્યા, ઋષિ થયા. અર્જુન નાગ જાતિની કન્યા ઉલુપી સાથે પરણ્યો; ભીમ રાક્ષસી હિડમ્બા સાથે પરણ્યો, પણ તેઓ ઉત્તમ ક્ષત્રિય રહ્યા, આવાં લગ્નથી તે વેળા હિન્દુ ધર્મ નષ્ટ થયો નહિં તો હવે તે કેમ નષ્ટ થશે? હિન્દુ પ્રજાત્વના ન્હાના ન્હાના કકડા કરી તે સીસીમાં મુકી બુચ મારી મુકવાથી હિન્દુ પ્રજાબળ એકઠું થશે અને હિન્દુપણું જળવાશે? હિન્દુ પ્રજાના ઉત્કર્ષ માટે જેને ઉત્કંઠા હોય તેની તરફથી આ ખરડાને પુષ્ટિ મળવીજ જોઇએ.

આ ખરડા પ્રમાણે કાયદો કરતી વેળા તેમાં કેટલીક બાબતો દાખલ કરવાની જરૂર છે એમ કેટલાક સંસારસુધારકોનું માનવું છે. આ ખરડાની યોજના સાદી છે. અને તેને બહુ સંકુલ કરવામાં લાભ નથી એ ખરું છે, પણ, કેટલીક બીગતો ધ્યાનમાં લીધા વિના

ચાલે તેમ નથી. જુદી જુદી નાતો વચ્ચેનાં લગ્નને લીધે હાલની રૂઢિથી જુદી પડતી જે નવી સ્થિતિઓ ઉત્પન્ન થવાનો સંભવ છે તે માટે આ કાયદામાં ઉપાય યોજવા એ સલાહ ભરેલું છે. આ સંબંધમાં જે વીગતો મેં બીજે પ્રસંગે સૂચવી છે તે અહીં ફરી દર્શાવું છું:—

(અ) આવાં લગ્ન કરનાર સ્ત્રી પુરૂષ જે જુદી જુદી નાતોનાં કે જુદા જુદા પ્રાન્તોનાં હોય તેમાં વારસાનો હિંદુ કાયદો જુદો જુદો હોય તો લગ્ન કરનારમાંથી પુરૂષનો કાયદો એ જોડાને અને તેમની સંતતિને લાગુ કરવો એમ ઠરાવવાની જરૂર છે, કે વારસાની અનિશ્ચિતતા ન રહે.

(બ) આવાં લગ્ન કરનાર સ્ત્રીપુરૂષમાંથી એકની કે બન્નેની જ્ઞાતિમાં એવો રીવાજ હોય કે સ્ત્રીની મરજી ઉપરાંત ધણી તેને ફારગતી આપી શકે અથવા છેડો ફાડી આપી શકે, તો તે રીવાજ આવાં લગ્ન કરનારને લાગુ પડશે નહિં એમ ઠરાવવું જોઇએ. આવાં લગ્નથી સ્ત્રી પોતાની નાતથી અને સગાંથી અલગી થાય ત્યાં તેની મરજી વિરૂદ્ધ આ લગ્ન રદ ન થાય એવા રક્ષણની જરૂર છે.

(ક) આવાં લગ્ન આઠ પ્રકારના હિંદુ લગ્નમાંથી 'બ્રાહ્મ' સંજ્ઞાનાં લગ્ન ગણાવાં જોઇએ. શૂદ્રોનાં અને કન્યાવિક્રયનાં લગ્ન 'બ્રાહ્મ'થી ઉતરતાં હોય છે. એ આઠ લગ્નોમાં સહુથી ઉચ્ચ સ્વરૂપ 'બ્રાહ્મ' લગ્નનું છે અને તે આવાં લગ્નનું ગણાવું જોઇએ.

(ડ) આવાં લગ્ન કરનાર એકાદ કે બન્ને પક્ષની નાતમાં એવો રીવાજ હોય કે એક સ્ત્રી જીવતાં પુરૂષ બીજી સ્ત્રી પરણી

શકે કે એક પુરૂષ જીવતાં સ્ત્રી બીજા પુરૂષ સાથે પરણી શકે તો તે રીવાજ આવાં લગ્ન કરનારને લાગુ પડશે નહિં એમ ઠરાવવું જોઇએ. સને ૧૮૭૨નો બીજો એકટ જે 'સ્પેશીયલ મેરેજ એકટ'ના નામથી ઓળખાય છે તેમાં પણ એક પત્નીત્વ અને એક પતિત્વનાં લગ્નનોજ છુટ છે. અને આવાં લગ્ન સાથે એટલી ઉન્નતિ પ્રાપ્ત થવીજ જોઇએ.

(૪) ઉપર કહેલા એકટની ૨ જી કલમની રકમ (૧), (૨) અને (૩) માં જે સરતો છે તે આવાં લગ્ન માટે પણ દાખલ કરવી જોઇએ, અર્થાત્ એમ ઠરાવવું જોઇએ કે:—

(૧) આવા લગ્ન કરનાર પુરૂષ કુંવારો કે વિધુર હોવો જોઇએ અને સ્ત્રી કુંવારી કે વિધવા હોવી જોઇએ. એકપતિત્વ અને એક પત્નીત્વના નિયમ માટે આ સરતની જરૂર છે.

(૨) આવાં લગ્ન કરનાર પુરૂષની ઉમ્મર ઓછામાં ઓછી ૧૮ વર્ષની અને સ્ત્રીની ઉમ્મર ઓછામાં ઓછી ૧૪ વર્ષની હોવી જોઇએ. આવાં લગ્નમાંથી બાળલગ્નનો અંશ દૂર કરવો જોઇએ. આવા લગ્નની ઉદાર ભાવના સાથે બાળલગ્નની અનુદારતા બધ બેશી શકે નહિં.

(૩) આવાં લગ્ન કરનાર પુરૂષ કે સ્ત્રીની ઉમ્મર ૨૧ વર્ષથી ઓછી હોય તો તેના બાપ કે વાલીની સમતિ હોવી જોઇએ. આવાં લગ્નથી નાતથી જુદા પડવાનુ જે જોખમ છે તે પુખ્ત ઉમ્મર વિના માથે નાંખવું એ ઠીક નથી.

એ કલમની (૪) થી રકમમાં સરત છે કે અમુક સગપણની અંદર જેમનાં લગ્ન ન થઇ શકતાં હોય

તેમનાથી એ એક્ટની રૂએ પરણી શકાશે નહિં. તેવી સરત આ કાયદામાં જરૂરની નથી કેમકે "હિંદુ લૉ"થી જેમનાં લગ્ન (નાતની મર્યાદા સિવાય બીજી રીતે) થઇ શકતાં હશે તેજ આ કાયદાથી પરણી શકશે.

વારસા સબંધના હિંદુ કાયદાથી સ્ત્રીઓને ગેરઇનસાફ થાય છે. એ વિષયમાં તેમને પુરૂષોથી ઘણા ઓછા હક આપ્યાથી તેમની પદવી ઘટે છે એટલુંજ નહિં પણ જે સ્ત્રીઓને ગુજરાનનાં સાધનની જરૂર હોય તેમને તેની ન્યૂનતા રહે છે અને પરિણામે સંકટ વેઠવા પડે છે. કુટુંબપોષણની જવાબદારી પુરૂષોને માથે હોવાથી પુત્રી કરતાં પુત્રને પિતાની સંપત્તિનો વધારે ભાગ મળે તો પણ પુત્ર હોય ત્યાં સુધી પુત્રીને વારસોજ ન મળે, એ યથાયોગ્ય નથી. તેજ પ્રમાણે પતિના અવસાનથી વારસો પ્રાપ્ત કરનાર વિધવા માત્ર પિત્રાઇઓ માટે પોતાના પતિની મીલકતની ચોકી કરે અને ચોકીદારનો પગાર ખાય એ ઉચિત નથી. પુત્ર હોય ત્યાં વિધવાનો ભરણ પોષણ ઉપરાંત કશો હક નહિં એ પણ ઉચિત નથી. પુરૂષના અવસાન પછી તેની મીલકતમાં પુત્રો સાથે તેની પુત્રીઓને અને તેની વિધવાને વધતો ઓછો ભાગ મળવો જોઇએ. તેમજ મરનારની સ્ત્રીને વિધવા તરીકે, પુત્રી તરીકે, માતા તરીકે, બ્હેન તરીકે કે ગમે તે સગપણથી વારસો મળે ત્યાં તે મળેલી મીલકત ઉપર તેનો સંપૂર્ણ હક થાય એવી ઘટના આવશ્યક છે.

વારસાના હક ઉપરાંત એક મ્હોટો હક મેળવવા સ્ત્રીઓ અધિકારી છે, અને, તે શહેરી થવાનો હક છે. દેશનો તંત્ર ચલાવવામાં પુરૂષ પેઠે સ્ત્રીનો પણ એકડો ગણાવો જોઇએ, દેશનાં કામોમાં

સ્ત્રીઓનો પણ મત હોવો જોઇએ. એ પક્ષની ઘણા કાલ સુધી પુરૂષોએ અવગણના કરી છે, અને તે અવગણના લગભગ બધા દેશોમાં અને બધી પ્રજાઓમાં થઇ છે. રાજ ચલાવવાનું જેમના હાથમાં આવ્યું હોય તેઓ બીજાને પોતાની જોડે ભાગીદાર કરવા ખુશી હોય નહિં એ સ્થિતિને લીધે પુરૂષે સ્ત્રીને રાજકાર્યો માટે નાલાયક ઠરાવી છે, પરંતુ, હવે એ લાંબા વખતની સ્થિતિ બદલવા માંડી છે, રાજકાર્યોમાં સામીલ થવાનો સ્ત્રીઓનો હક સ્વીકારવા માંડયો છે, રાજકાર્યોની સભા માટે પ્રતિનિધિ પસંદ કરવામાં મત આપવાના હક ઉપરાંત પ્રતિનિધિ થવાના હકનો પણ સ્ત્રીનો અધિકાર કબુલ થતો જાય છે. ઇંગ્લાંડની પાર્લામેન્ટમાં એ હક સ્વીકારવાનાં પગલાં લેવાય છે. મુંબાઇની ધારાસભાએ હાલમાં ઠરાવ કર્યો છે કે મુંબાઇની મ્યુનીસીપાલીટીમાં સ્ત્રીઓ સભાસદ થઇ શકે એવો કાયદો કરવાની ભલામણ કરવામાં આવે છે. નેશનલ કોન્ગ્રેસે સ્ત્રીઓના આ હકનું સમર્થન કર્યું છે. સ્ત્રીઓની સમાનતાનો ઘણા વખત સુધી ઇનકાર થયા પછી, અને તે વિશે ઘણા વખત સુધી વિવાદ ચાલ્યા પછી આખરે એ સમાનતાનો સ્વીકાર થવાનો અને અમલ થવાનો સમય આવવા લાગ્યો છે. અલબત, સિદ્ધિ સામે હજી વિરોધ થશે, હજી વિલંબ થશે. પરંતુ. જે મહાન વિગ્રહ હમણાજ સુભાગ્યે બંધ થયો છે તે વિગ્રહે અસમાનતા અને પરતંત્રતાના જુના સિદ્ધાન્તોને હંમેશને માટે ઉથલાવી નાંખ્યા છે, અને સમાનતા તથા સ્વતંત્રતાનો વેગ હવે થંભે તેમ નથી. એ વેગ હજારો વર્ષ સુધી થંભાવવામાં આવ્યો હતો, તેથી હવે પણ તે થંભાવી શકાશે એમ ધારવું મિથ્યા છે. રશિયામાં અને જર્મનીમાં સમાનતા

અને સ્વતંત્રતાને સૈકાઓથી દાબી રાખવામાં આવ્યાં હતાં; તે સમાનતા અને સ્વતંત્રતાની સામે વિશાળ અને બળવાન સૈન્યો જમાવવામાં આવ્યાં હતાં; સમાનતા અને સ્વતંત્રતા સ્થાપવાના પ્રયત્ન વારંવાર નિષ્ફળ ગયા હતા. પરંતુ અસમાનતા અને પરતંત્રતાની એ પ્રાચીનતા, એ બલસામગ્રી કામ આવી નહિં અને પલકમાં તે જમીનદોસ્ત થઇ ગયાં છે. અને, હિંદુસ્તાનમાં પણ સ્ત્રીઓની અસમાનતા અને પરતંત્રતા જુના વખતનાં છે, જાતિ ભેદથી થતી અસમાનતા અને અસ્વાતંત્ર્ય જુનાં વખતનાં છે, એથી તે ટકી શકશે. સ્ત્રીઓને હક આપવાનું હજી સુધી બન્યું નથી અને જાતિ ભેદ દૂર કરવાના પ્રયત્નો પ્રથમ થયેલા તે સફળ થયા નથી, માટે હવે પણ સ્ત્રીઓને હક આપવાનું નહિ બને અને જાતિ ભેદ દૂર કરવાના પ્રયત્ન સફળ નહિં થાય, એમ જેઓ આશા રાખે છે તેઓ કાલબળ સામે ખોટી ગણતરી કરે છે. ગંગાનો પ્રવાહ રોકયો રોકાતો નથી, સમાનતા અને સ્વતંત્રતાના ઓઘ ઉલટયા છે તે શમાવી દેવાય તેમ નથી, એ સાક્ષાત્કાર તેમને થતો નથી અને જનસમાજમાં ફુરી વાગતી ભાવનાઓનું સામર્થ્ય તેમની કલ્પનામાં આવતું નથી.

સંસાર સુધારામાં રહેલી ત્રીજી ભાવના તે પ્રજાત્વ nationality) ની છે. હિન્દનું પ્રજાબળ સમગ્ર કરવા માટે હિન્દી પ્રજાનાં સર્વ અંગો સશક્ત અને સંવાદી થઇ પ્રજાત્વની ભાવનાને પ્રફુલ્લ કરે તે માટે, પ્રજાના સામાજિક જીવનમાંના રોગપૂર્ણ અને અસ્વસ્થ અંશો દૂર કરી આરોગ્ય અને સ્વસ્થતાનું પ્રવર્તન કરવું એ ભાવના પણ સંસાર સુધારાને પ્રેરનારી છે. સંતતિ તંદુરસ્ત, બલવાન અને દીર્ઘાયુષી થાય અને એ રીતે પ્રજાબળ પરિપુષ્ટ થાય એ પણ બાળલગ્ન

અને કજોડાં બંધ કરવાના ઉદ્દેશ છે. સ્ત્રીઓ બુદ્ધિમાન થાય સંતુષ્ટ રહે અને સંસારને સુખી કરે અને એ રીતે પ્રજાજીવનમાં સામર્થ્યની સંક્રાન્તિ થાય એ પણ સ્ત્રી કેળવણી અને વિધવા વિવાહની છુટના હેતુ છે. પરદેશગમન કરી હિન્દુઓ પોતાનું પ્રજાત્વ પ્રતિષ્ઠિત કરે એ માટે પણ સમુદ્રગમનની છુટ આવશ્યક છે. પ્રજાની સંપતિ સચવાય, દ્રવ્યના દુર્વ્યયથી પ્રજા નિર્ધનતાની દશા ન ભોગવે, અને, એ રીતે પ્રજાની આર્થિક અવનતિ થતી અટકે એ પણ લગ્ન મરણના રૂઢિ ખર્ચ અટકાવવાના પ્રયાસનું કારણ છે. સ્વચ્છતાના અને વૈદ્યકના નિયમના અજ્ઞાનથી ઘણાં બાળમરણો થાય છે તે ઓછાં થાય, આરોગ્યશાસ્ત્રના અનાદરથી શહેરોમાં અને ગામડામાં રોગ ફેલાય છે તે અટકે, એ સુધારા પણ હિન્દુ પ્રજાને બળવાન કરવા માટે આદરવાના છે. વરકન્યાની પસંદગીનું ક્ષેત્ર વિસ્તારવાળું થાય તેવા પ્રયાસ માટે ઉપર કહેલાં કારણો ઉપરાંત પ્રજામાં સારી સંતતિ થવાની અનુકૂલતા એ પણ કારણભૂત છે. વરકન્યાની પસંદગીના ક્ષેત્રને સંકુચિત કરનાર એક બીજી સ્થિતિ પર અહીં દૃષ્ટિ કરીશું. એક ગોત્રનાં સ્ત્રી પુરૂષ પરણી શકે નહિ. એવો હિંદુશાસ્ત્રનો નિયમ છે અને એ નિયમ વિરૂદ્ધ થયેલાં લગ્ન દીવાની કોર્ટો રદબાતલ ગણે છે. પાસે પાસેનાં સગાં પરણે એ ઉચિત નથી અને એવાં લગ્નથી નબળી સંતતિ થાય છે માટે આ નિયમ સકારણ છે. પરંતુ, બે કુટુંબો એક ગોત્રનાં છતાં તેમના વચ્ચે શું સગપણ હતું અને ક્યારે હતું તે પણ જાણવામાં ન હોય, ગોત્ર તે વંશના મૂળ પુરૂષનું નામ છે એમ માનતાં પણ તેને હજારો વર્ષ થઇ ગયાથી તેનાથી ઉતરેલી પેઢીઓ પણ જાણવામાં

ન હોય, ત્યાં એક ગોત્ર વચ્ચેનાં લગ્નનો પ્રતિબંધ પાળવો એ કેવળ નિરર્થક છે; લગ્નનું ક્ષેત્ર એથી સંકુચિત થાય છે પણ બદલામાં કોઈ પણ લાભ થતો નથી. એનાં એ ગોત્ર જુદી જુદી નાતોમાં પણ હોય છે અને ગોત્ર સાથે કોઈનું પેઢીનામું જોડી શકાતું નથી તે બતાવી આપે છે કે ગોત્ર હમેશ નજીકનું સગપણ દર્શાવતું નથી. અલબત્ત, એક ગોત્રનાં સ્ત્રી પુરુષ નજીકનાં સગાં હોય ત્યાં તેમના વચ્ચે લગ્ન થવું ન જોઈએ. પણ નજીકનું સગપણ એ પ્રતિબંધનું યથાર્થ કારણ છે, ગોત્ર એ તેનું યથાર્થ કારણ નથી. ગોત્રના લગ્નના આ પ્રતિબંધનું શાસ્ત્રવિધાન જોઈશું તો તેથી પણ સ્પષ્ટતા થશે. આ વિષયમાં મુખ્ય આધાર યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનાં આ વચનનો છે:—

अविप्लुतब्रह्मचर्यो लक्षण्यां स्त्रियमुद्वहेत् ।
अनन्यपूर्विकां कान्तामसपिण्डां यवीयसीम् ॥
अरोगिणीं भ्रातृमतीमसमानार्षगोत्रजाम् ।
पञ्चमात्सप्तमादूर्ध्वं मातृतः पितृतस्तथा ॥

'જેનું બ્રહ્મચર્ય ખંડિત થયું ન હોય તેવો પુરુષ સારાં લક્ષણવાળી, પૂર્વે કોઈની નહિ એવી, કમનીય, સપિંડ નહિ એવી, પોતાનાથી ન્હાની, રોગ વગરની, ભાઈવાળી, સમાન પ્રવર અને ગોત્રની નહિ એવી, માથી પાંચ પેઢીએ આઘી અને બાપથી સાત પેઢીએ આઘી એવી સ્ત્રી સાથે લગ્ન કરે.'

હાલની સ્થિતિ જોઈશું તો આમાંથી ગોત્રપ્રવર સિવાયની બીજી સરતો લગ્નના કાયદેસરપણા માટે આવશ્યક ગણાતી બંધ થઈ છે. જેણે બ્રહ્મચર્ય સાચવ્યું ન હોય એવો પુરુષ લગ્ન કરે તો તે લગ્ન 'હિંદુ લૉ' વિરુદ્ધનું અને રદબાતલ ગણાતું નથી. એમ

હોય તો બીજવરોનાં લગ્ન તો થઇ શકેજ નહિં. સ્ત્રી સારાં લક્ષણુ-વાળી ન હોય, અજ્ઞાન હોય કે લઢકણી હોય, તો તેથી લગ્ન રદ ગણાતું નથી. સ્ત્રી કમનીય ન હોય તો તેથી તેનું લગ્ન રદ ગણાતું નથી. સ્ત્રી વિધવા હોય તો તેનું લગ્ન કાયદેસર ગણવાનો કાયદો થયેલો છે.

સ્ત્રીનું પ્હેલાં કોઇ સાથે સગપણ થયું હોય. તોપણ બીજા સાથે તેનું લગ્ન થતાં તે લગ્ન રદબાતલ ગણાતું નથી. સપિણ્ડ નહિં એવી સ્ત્રી એટલે ગોત્રની નહિં એવો અર્થ હોય તો તેમાં કાંઇ વિશેષ નથી; અમુક સગપણની નહિં એવો અર્થ હોય તો કયાં સગપણ તે અનિશ્ચિત છે, વર કરતાં કન્યાની ઉમ્મર મ્હોટી હોય એવાં લગ્ન બધી નાતોમાં થતાં અને હજી પણ કેટલીકવાર થાય છે, પણ એવાં લગ્ન રદ ગણાતાં નથી. રોગવાળી સ્ત્રી પરણે તો તેનું લગ્ન રદ ગણાતું નથી. સ્ત્રીને ભાઇ ન હોય તે છતાં તે પરણે તો તેનું લગ્ન રદ ગણાતું નથી. સ્ત્રી અને પુરૂષ વચ્ચેમાંથી પાંચ કરતાં ઓછી પેઢી હોય અને બાપથી (વચમાં એકાદ ઠેકાણે સ્ત્રી આવતાં ગોત્ર બદલાયું હોય ત્યાં) સાત કરતાં ઓછી પેઢી હોય તો તેટલા પરથી તેમનાં લગ્ન રદ ગણાતાં નથી. ચોથા પાંચમા અને ત્રીજા ચોથા લગ્ન બ્રાહ્મણ જ્ઞાતિઓમાં પણ થાય છે. આ રીતે આ સ્મૃતિ વચનની બીજી બધી સરતો સલાહરૂપની મનાય છે અને તે વિરૂદ્ધનાં લગ્ન 'હિંદુ લૉ' થી ઉલટાં અને રદબાતલ ગણાતાં નથી તો પ્રવર અને ગોત્ર સમાન હોય ત્યાં લગ્ન શા માટે 'હિંદુ લૉ' થી ઉલટા અને રદબાતલ ગણાવાં જોઇએ? જે વેળા ગોત્રનું આરંભ-સ્થાન જાણીતું હતું તે વેળા નજીકનાં સગાં વચ્ચેનાં લગ્નના પ્રતિ-

બંધ માટે એક ગોત્રમાં લગ્ન ન કરવું એટલું હેતું બસ હતું. પણ ગોત્રના આરંભ પછી એવાં સેંકડો જમાના અને હજારો વર્ષ થઈ ગયાં કે જુદા જુદા કુટુંબના, જુદા જુદા ગામના અને જુદી જુદી નાતના માણસોનું એક ગોત્ર શાથી છે તે જણાતું નથી, અમુક ગોત્ર એક ગુરુ પરથી કે એક મૂળ પુરુષ પરથી આવ્યું તે પણ ઘણા પ્રસંગમાં સ્પષ્ટ થતું નથી ત્યાં એક ગોત્રમાં લગ્ન ન કરવું એવા વિસ્તારી પ્રતિબંધથી સુસંતતિશાસ્ત્ર (Euginiso) નો કયો હેતુ સચવાય છે? પ્રવર તો ગોત્રથી પણ વધારે મોઘમ છે, પ્રવર તે વંશમાં થઇ ગયેલા પુરુષોનાં નામ છે કે કુટુમ્બે માન્ય થયેલાં ઋષિઓનાં નામ છે એ જણાતું નથી ત્યાં પ્રવરના પ્રતિબંધની શી સાર્થકતા છે? ગોત્ર ત્યાં પ્રવરના પ્રતિબંધ દૂર કરી અમુક અમુક સગપણમાં આવેલાં સ્ત્રી પુરુષ પરણી શકે નહિં એવી સ્પષ્ટતાવાળો કાયદો કરવો એ સમાજહિતનું અને જરૂરનું છે. અનુકૂળ ગુણ લક્ષણવાળાં લગ્ન થાય એવાં વિશાળ ક્ષેત્ર કરવા માટે આ સુધારાની આવશ્યકતા છે.

આચરણની શુદ્ધતા, સુનીતિ. એ ભાવના પણ સંસાર સુધારામાં રહેલી છે. કજોડાંથી, વિધવાવિવાહના પ્રતિબંધથી પ્રવર્તતી અનીતિ અટકાવવી એ હેતુ પણ એ વિષયના સંસાર સુધારાને પ્રેરે છે. કેફનો નિષેધ, વેશ્યાના નાચનો નિષેધ એ પણ શુદ્ધતા અને સુનીતિના રક્ષણ માટે આવશ્યક હોવાથી સંસાર સમાજના કાર્યક્રમમાં તેનો સમાવેશ થાય છે, પ્રજા જીવનમાં વ્યક્તિની સુનીતિ અને સમષ્ટિની સુનીતિ આવશ્યક છે. કરે, સ્ત્રી પુરુષ શુદ્ધ જીવન ગાળે એ આવશ્યક ગણાતું ન હોય ત્યાં બીજાઓના સુનીતિ માટેના પ્રયાસ

જનસમાજમાં સુનીતિ જળવાય એવા પ્રયાસ બળહીન થાય છે. કેફ કરવાથી, વેશ્યાના નાચ કરાવવાથી, જુગાર રમવાથી વ્યક્તિમાં જે નૈતિક અધોગતિ થાય છે તે ન અટકાવ્યા વિના સમષ્ટિના જીવનમાં સુનીતિ પ્રવર્તાવવાનો યથાર્થ ઉત્સાહ પ્રાપ્ત થતો નથી. કેફથી વ્યક્તિને શારીરિક અને આર્થિક હાની થાય છે, કુટુંબો પાયમાલ થાય છે, એ અનિષ્ટતા અટકાવવી એ પ્રયાસ પણ સંસારને સુધારી પ્રજા-જીવન ઉત્કૃષ્ટ કરવાના કાર્યક્રમમાં આવે છે. સમષ્ટિનું જીવન, પ્રજાનું જીવન પણ સુનીતિમય રહે, અર્થાત્ પ્રજા અનીતિની સંસ્થાઓને ટકવા દે નહિ, વ્યક્તિઓમાં પરસ્પર અન્યાય થવા ન દે અને બાજી પ્રજાઓ સાથેના વ્યવહારમાં સત્ય અને ન્યાય પામે એ પ્રજાના ઉત્કર્ષ માટે આવશ્યક છે.

દયાની ભાવના પણ સંસાર સુધારામાં સમાયેલી છે. સ્ત્રીઓને કુટુમ્બ જીવનમાં પડતાં દુઃખ અટકાવવાં, વિધવાઓને પડતાં સંકટ દૂર કરવાં, નિરાધાર મનુષ્યો અને બાળકોની આપત્તિ દૂર કરવી એ પણ સંસાર સુધારાના હેતુ છે. સ્ત્રીઓના અને હક વારસાના સુધારા, સ્ત્રીઓ કેળવણી લઇ ગુજરાન નિભાવી શકે એવી વ્યવસ્થા, વિધવાઓના પુનર્વિવાહની છુટ, વિધવાઓ માટેનાં વિધવાશ્રમ, સાધનહીન મનુષ્યો અને બાલકો માટેનાં અનાથઆશ્રમ: એ સર્વ સંસારસુધારાના પ્રયાસમાં દયાવૃત્તિ રહેલી છે.

શિષ્ટતાની ભાવના પણ સંસાર સુધારામાં રોપી છે. પ્રજા-જીવન શિષ્ટતાવાળું, સુરતાવાળું, સુપ્રકાશિત બુદ્ધિના વ્યાપારવાળું, ઉંચા ઉદ્દેશોવાળું, ગાંભીર્યવાળું, ઉદાત્ત થાય એ પણ સંસાર સુધારાનો હેતુ છે અને તેથી કેળવણીનો પ્રસાર કરવાના, અનેક સ્ત્રીઓ

પરણવાનો રીવાજ બંધ કરવાના, કુલીનતાનાં અભિમાન કાઢી નાંખવાના, કુલીનતા ખાતર થતા અયોગ્ય સંબંધ અને ધન વ્યય બંધ કરવાના, જાહેર રીતે રોવા કુટવાના રીવાજ બંધ કરવાના, અઘરણીના વરઘોડા અને ખર્ચ બંધ કરવાના પ્રયાસનો સંસાર સુધારામાં સમાવેશ થાય છે.

આ અનેક ભાવનાઓનું અનુસરણ કરવામાં સ્થળે સ્થળે પ્રાચીન આદર્શોની અને પ્રાચીન ઇતિહાસની સહાયતા મળે છે, તેમજ સ્થળે સ્થળે જગતના વર્તમાન જીવનના લક્ષ્યભૂત આદર્શોની પ્રેરણા મળે છે. દુનિયાના દેશોમાં અને દુનિયાની પ્રજાઓમાં જે ઉદાત્ત વૃત્તિ પ્રવર્તે છે તેથી આપણે અલગ રહી શકીએ નહિં અને અલગ રહેવા ઇચ્છવું એ ઉચિત પણ નથી. તેથી પ્રાચીન અને અર્વાચીન ભાવનાઓનો યથાયોગ્ય સમન્વય કરી આપણા આદર્શો ઘડવા. એ આદર્શો આપણી પ્રજામાં પ્રકટ થાય તે માટે સમાજ બળો પ્રવર્તાવવાં, આપણો સમાજ જે સ્થિતિમાં છે તેમાંથી તેને ઉત્કર્ષ માર્ગે લઇ જવામાં સહાયભૂત થાય એવાં સર્વ કારણોને ગતિમાન કરવાં એ માટે સંસાર સુધારાનો પ્રયાસ ચલાવવો જોઇએ. આપણી સર્વ ભાવનાઓની પાછળ આધ્યાત્મિક ભાવના રહેલી છે. આપણા સર્વ આદર્શોની પાછળ પરમાત્માનો આદર્શ રહેલો છે, આપણા સર્વ બળોની પાછળ ધાર્મિક બળ રહેલું છે, એ સ્મૃતિનું સૂચન માત્ર બસ છે. કેમકે સાંસારિક બળો સાથે આ પ્રસંગે આપણે મુખ્ય સંબંધ છે, સાંસારિક બળોને ઘડનાર બળો સાથે અવાન્તર સંબંધ છે. પરંતુ એ છેવટની ભાવના, એ છેવટનો આદર્શ, એ છેવટનું બળ આપણાં લક્ષ્ય દૃઢ કરવા સારૂ સ્મરણમાં રાખવાની આવશ્યકતા છે.

આ આદર્શો, આ ભાવનાઓ, આ બળો, આ લક્ષ્યોથી સજ્જ થઇ આપણે ભાગ્યોદય, આપણું ભવિષ્ય આપણે હાથે ઘડવાનું છે એ મ્હોટી વાત ભુલવી જોઇએ નહિ. પંડિતોનાં વચનો, ઇતિહાસ તથા ફિલસુફીનો સાર આપણને સહાયભૂત થાય છે પરંતુ એમાંના કોઇથી આપણા બળની ક્ષતિ થાય એવું પરિણામ થવા દેવું ન જોઇએ. પંડિતોનાં વચનોથી કે પ્રાચીન ઇતિહાસથી બીજે માર્ગે ગતિ કરવાની જરૂર જણાય તો એ વચનો કે એ ઇતિહાસનો આશ્રય લઇ બેસી રહેવું અને ગતિ કરવાની ના પાડવી એ ડહાપણ નથી, એ ઉન્નતિ–માર્ગ નથી. એ માનવ બુદ્ધિ સાફલ્યનો પ્રકાર નથી. આપણી સ્થિતિ સુસ્થતાને માર્ગે લઈ જવા સારૂ જુના રીવાજ બદલવાની જરૂર હોય, તો જુના રીવાજની પૂજામાં બેસી રહેવું એ દેશોન્નતિનો માર્ગ નથી. આપણા ઉત્કર્ષ માટે રીવાજો ઘડાય, નવી સ્થિતિને પ્હોંચી વળવા સારૂ રૂઢિયો બંધાય ત્યાંજ રીવાજ અને રૂઢિનું સ્થાન છે. રીવાજો અને રૂઢિઓ આપણને બાંધી રાખે તો આપણી બેડીઓ આપણી મેળેજ ત્રડવાની મુખાંતા આપણે કરીએ જે કાર્ય પ્રથમ નવા રીવાજો, નવી રૂઢિઓ અને નવી સ્મૃતિઓથી થતુ તે હવે કાયદાની બારીકાથી થઇ શકતું ન હોય તો કાયદો સુધારતાં, કાયદાની મદદ લેતાં સંકોચ થવો ન જોઇએ. આપણા હિતનો કાયદો આપણે સૂચવીએ અને માગી લઇએ એ આપણુંજ કૃત્ય છે અને એમાં આપણા સ્વબલોપયોગને હાનિ તથા લાભ છે. આપણા સમાજનું શ્રેય એ પ્રથમ લક્ષ્ય છે અને તેના ઉપાયો વખતોવખત બદલવાને આપણે મુખત્યાર છીએ.

આ પરિષદનું પ્રમુખપદ મને આપવામાં આવ્યું છે તે માટે અંતઃકરણથી ઉપકાર માની આ વ્યાખ્યાનની સમાપ્તી કરૂં છું.

પહેલી રેલ્વે કોન્ફરન્સની સન્માનકારીણી સભાના પ્રમુખ મી૦ ગોકળદાશ દ્વારકાદાશ તળાટીનું ભાષણ.

પ્રીય બંધુઓ,

આજરોજ રેલવે કોન્ફરન્સની સ્વાગત મંડળના આમંત્રણને માન આપી આપ સર્વે આ સ્થળે એકત્ર થઇ આ કોન્ફરન્સના કાર્યને સંપૂર્ણ ફતેહ અપાવવા કટિબદ્ધ થયા છો, તે માટે કોન્ફરન્સના સ્વાગત મંડળ તરફથી આપ સર્વેનો ખરા અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. હમારા નાના ગામમાં ગાડીઓ, મોટરો તથા અન્ય ચાલુ જમાનાના તથા મોજશોખના સાધનોના અભાવે અમે આપનું યોગ્ય સ્વાગત કરવાને શક્તિવાન નથી. વિશેષે કરીને આ વર્ષે અનાવૃષ્ટિ થવાને લીધે હમારા જીલ્લામાં દુષ્કાળ તેનું વિકરાળમુખ વિકાસી રહ્યો છે, તેવા પ્રસંગે આપનું સ્વાગત ફક્ત આપ તરફ હમારા હૃદયની ઉપકારની લાગણીથીજ અમે કરીશું, અને હમને સંપૂર્ણ ખાત્રી છે કે આપ અમારી ન્યૂનતાને માટે અમારા તરફ ક્ષમાની દૃષ્ટિથી જોશો.

ગૃહસ્થો, આપણી આ પરિષદને 'રેલ્વે કોન્ફરન્સ' એવું નામ આપવામાંઆવ્યું છે. રેલ્વેઓમાં ખામીઓ હોય તે સુધારવા અથવા જુદી જુદી રેલ્વે સબંધી વિચાર કરવા આ કોન્ફરન્સ છે રેલ્વેઓના પ્રતિનિધીઓની આ કોન્ફરન્સ નથી, પરંતુ જે રેલ્વેઓ આપણી સરકારની ગેરંટીથી ઉભી કરવામાં આવી છે, અને જે તેના અસ્તિત્વનો આધાર આપણા ઉપરજ રહેલો છે, તે રેલ્વેઓ તરફથીજ આપણા ઉપર જે મુસીબતો અને હાડમારીઓ નાંખવામાં આવે છે, તથા આપણા વ્યાજબી હકોની અવગણના કરી આપણે પૈસે પરદેશીઓના લાભ સાચવ

વામાં આવે છે, તથા આપણા દેશમાં આપણનેજ હલકી પંકતી ઉપર ઉતારવામાં આવ્યા છે તે સ્થિતિ સંબંધી વિચાર કરી, આપણા વ્યાજબી હકો મેળવવા માટે હિંદવાસી પ્રતિનિધીઓની ભેગી થયેલી આ કોન્ફરન્સ છે. તે ઉપરાંત આગબોટ વિગેરે બીજાં જાહેર વાહનોમાં પણ હિંદવાસીઓને જે અન્યાય આપવામાં આવે છે તેનો પણ વિચાર આ કોન્ફરન્સનેજ કરવાનો છે.

ગૃહસ્થો, રેલ્વે, સ્ટીમર વિગેરે જાહેર વાહનો લગભગ પચાસ-સાઠ વર્ષથી આપણા દેશમાં અસ્તિત્વ ધરાવે છે. યુરોપ, અમેરિકા આદિ દેશોમાં પણ આપણા દેશ કરતાં ઘણા મોટા પ્રમાણમાં તે અસ્તિત્વ ધરાવે છે. યુરોપાદિ દેશોમાં જાહેર વાહનોના માલીકો ભાડું લઇ માલ તથા મુસાફરોને લઇ જનાર છે એવી તેમની ગણત્રી છે. જાહેર વાહનની સંસ્થાઓ રાજ્યના કાયદાથી ઉભી કરવામાં આવેલી છે, અને તેઓને જે ફરજો તેમને માથે નાંખવામાં આવી છે, તે ફરજો તેઓ પુરેપુરી રીતે અદા કરે છે કે નહિ તેની બારીક તપાસ ત્યાંની સરકારો રાખે છે. એટલુંજ નહિ પણ તેમને માથે સખત જવાબદારીઓ રાખવામાં આવી છે અને જો તેઓ તેમની ફરજ અદા કરે નહિ, અથવા સામાન્ય જનસમૂહને સગવડ આપવામાં ન્યુનતા રાખે તો તેમને ઠેકાણે લાવવાને તેમની કોર્ટો તૈયાર છે. અને જાહેર વાહન ઉપરના ફરીયાદોમાં ત્યાંની કોર્ટો પ્રજાને ન્યાય આપવામાં લગાર પણ પાછી પાની કરતી નથી. ઇંગ્લંડમાં રેલ્વે, સ્ટીમર વિગેરેની જવાબદારી ઇન્સ્યુરર તરીકેની મુકવામાં આવી છે. એટલે કે જે માલ જાહેર વાહનોને સોંપવામાં આવે તેનાં ઓચીંતા કુદરતી અકસ્માતો અગર રાજાના શત્રુથી તેનો

નાશ થાય, તે સિવાય તેમને કોઈ પણ કારણથી તે માલ પાછો સોંપવાની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવતા નથી. કોર્ટનો કાયદો તપાસીશું તોપણ જણાશે કે રેલ્વે કંપનીના કૃત્યથી પાડોશીની જમીનને કે જાનમાલને નુકસાન થાય અને તેની ફરિયાદ કોર્ટમાં જાય તો લોકોને ઇનામ મળતાં પુરેપુરી નુકસાની મળે છે. આવા દેશોમાં જાહેર વાહનોના માલીકોના કૃત્ય સામે જનસમુહને ભેગા થઈ કોન્ફરન્સ ભરવી પડે તે વાત ઘણી નવાઇની લાગે. આપણા દેશમાં પણ કોઈ ગોરા પરદેશી કે જેઓ આપણી સ્થિતિમાં મુકાતા નથી તેને પણ આવી કોન્ફરન્સની જરૂરનો ખ્યાલ આવતો નથી.

ગૃહસ્થો, યુરોપાદિ દેશો અને આપણા દેશમાં ફેર માત્ર એટલોજ છે કે તે દેશોમાં જાહેર વાહનોનો વહિવટ તે દેશના લોકજ કરે છે, અથવા જો કોઇ કંપની અન્ય દેશની થાપણથી ઉભી કરવામાં આવી હોય તોપણ તેના ઉપર અંકુશ તે દેશના લોકોનો હોય છે, એથી ઉલટું હિંદુસ્તાનમાં જે બધી રેલ્વેઓ છે તે રેલ્વેઓની કમાણીનો આધાર હિંદુસ્થાનના લોકો ઉપર છે પણ તે બધાનો વહિવટ અંગ્રેજોના હાથમાં છે અને કાયદાથી સરકારનો તેઓ ઉપર અંકુશ છે તે અંકુશ પણ 'બ્યુરોક્રસી' એટલે અંગ્રેજ અમલદારના હાથમાંજ છે. જે રેલ્વેઓ હાલ હસ્તી ધરાવે છે તેનો ઘણો ભાગ કંપનીઓની માલીકીનો છે, અથવા સ્ટેટની ગેરંટીથી કંપની તેનો વહીવટ કરે છે. ફક્ત ત્રણ રેલ્વેઓ એ સરકારની માલીકીની હોઇ સરકારના વહિવટમાં છે પણ તે વહિવટ પણ અંગ્રેજોના હાથમાં છે. આ બધી રેલ્વેઓની વાર્ષિક ઉપજ ૧૯૧૫-૧૬ની સાલમાં સાઠ કરોડ બેતાળીસ લાખ રૂપીઆ જેટલી થઇ હતી તે

પૈકી ત્રીજા વર્ગ અને ઇંટર વર્ગના ઉતારૂઓની ટીકીટના વેચાણથી લગભગ ત્રીજો ભાગ એટલે કે ઓગણીસ કરોડ સત્તર લાખ રૂપીઆ થઇ હતી ત્યારે પહેલા તથા બીજા વર્ગના ઉતારૂઓની ટીકીટના વેંચાણથી ફક્ત એક કરોડને આઠ લાખ ઉપજ થઇ હતી. આ આંકડા ઉપરથીજ આપની ખાત્રી થશે કે હિંદુસ્તાનની રેલ્વે કંપનીઓનો ખરો આધાર ત્રીજા અને ઇંટર વર્ગના ઉતારૂઓ છે, અને પહેલા અને બીજા વર્ગના ઉતારૂઓની ઉપજ તેમની ઉપજના તેરમા ભાગ જેટલીજ છે

રેલ્વે, સ્ટીમર વિગેરે જાહેર વાહનો ફક્ત વેપારની દૃષ્ટિથી ઉભાં થયેલાં છે, અને તેથી તેઓ માલ તથા મુસાફરોને લાવ લઇ જા કરવાના સાધન તરીકેજ વપરાવવાં જોઇએ. અને તેવાં સાધન તરીકે વપરાતા મુસાફરોને સામાન્ય સગવડ તેઓએ આપવી જોઇએ તથા જે માલ તેમને સોંપવામા આવ્યો હોય તે તેના ઠરાવેલા સ્થાને બરોબર પહોંચાડવો જોઇએ. જાહેર વાહનોના વહીવટદારોએ આટલુંજ લક્ષ્ય બીંદુ રાખી કામ કરવાનું છે અને સરકારની પણ ફરજ છે કે જો જાહેર વાહનોના વહિવટદારો તેમનુ કાર્ય બરોબર કરે નહિ અથવા ઉપર જણાવેલા લક્ષ્ય બીંદુની બહાર જઇ જાહેર પ્રજાને કે તેના કોઇ પણ ભાગને વ્યાપારમા અથવા સ્વમાનમાં નુકશાન થાય એવુ વર્તન કરે તો તેમને તરતજ અટકાવવા જોઇએ. આ લક્ષ્યબીંદુ આપણા ધ્યાનમાં રાખી હવે આપણે તપાસવાનું છે કે આ જાહેર વાહનોના વહિવટદારો પોતાની ફરજ બરોબર બજાવે છે કે નહિ અને આપણી સરકાર તેમના ઉપર અંકુશ રાખી તેમને તેમની સત્તાની બહાર જતા બરોબર અટકાવે છે કે નહિ.

જો એકલી વ્યાપારી દ્રષ્ટિએજ જાહેર વાહનોનો વહિવટ ચાલતો હોય તો આપણે એવી ખાસ આશા રાખીએ કે ત્રીજા ઇંટર વર્ગના ઉતારૂઓ કે જેઓ ઉપર આ કંપનીઓનો મુખ્ય આધાર રહેલો છે તેમની અગવડ સાચવવા ઉપર આપણી રેલ્વેઓ ખાસ ધ્યાન રાખતી હોવી જોઇએ અને પહેલા તથા બીજા વર્ગના ઉતારૂઓની સવડનો વિચાર તેઓના ખ્યાલમાં ગૌણ રહે પણ ખરી હકીકત તેથી ઉલટીજ છે. પહેલા અને બીજા વર્ગનો ઉતારૂ રેલ્વે સ્ટેશન ઉપર જાય કે તેના સુખને માટે વેટીંગ રૂમ ફરનીચર સાથેની તૈયાર હોય છે. રેલવેની ટીકીટ લેતાં તેમને કોઇ જાતની અગવડ પડતી નથી. પોર્ટરો તેમના હુકમનો અમલ કરવા તૈયાર રાખવામાં આવે છે ને મુસાફરી દરમ્યાન તેમની દરેક સગવડ સચવાય છે, ત્રીજા વર્ગમાં મુસાફરી કરવા માટે આપણે સ્ટેશન ઉપર જઇએ તો સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર જવાનો ઝાંપો બંધ રાખેલો માલુમ પડે છે અને મુસાફરખાનાં કે વેહટીંગ રૂમના અભાવે સ્ટેશનના છાપરા નીચે જ્યાં જગા હોય ત્યાં જમીન ઉપર બેસવાનું મળે છે. બેસવાને માટે કોઇ બેન્ચ કે બીજું કોઇ સાધન દેખાતું નથી. ત્યાર બાદ મુસાફરી માટે ટીકીટ લેવા જાય તો તેને માલુમ પડે છે કે ટીકીટ ઓફીસ બંધ હોય છે. આ ઓફીસ, પાસેના સ્ટેશનથી ટ્રેન ઉપડવાનો તાર મળે ત્યારેજ ઉઘાડવામાં આવે છે અને જે દશ પંદર મીનીટનો વખત મળે તેટલા વખતમાં ટીકીટ આપવાનું કામ ચલે છે. આવા ટુંક વખતમાં ઘણા માણસોને ટીકીટ લેવાની હોય તેથી સ્વભાવીક રીતે ટીકીટ ઓફીસ ઉપર ઘસારો થાય છે, અને તેથી પોલીસની દેખરેખ નીચે એક પછી એક માણસની જાણે કે તેઓ કેદી હોય

કે ભીખારી હોય તે પ્રમાણે હાર કરવામાં આવે છે અને એક પછી એક ટીકીટ આપવામા આવે છે જો કોઇ મુસાફર એકલોજ હોય તો તેનો સામાન સ્ટેશન ઉપર પડી રહે અને વખતે ચોરાઇ પણ જાય ટીકીટ લીધા પછી પણ ઘણાખરા મોટાં સ્ટેશન ઉપર બધા મુસાફરોને બહાર રાખવામા આવે છે. અને ટ્રેન આવી ગયા પછી તેના પેસેન્જરો બહાર નીકળી જાય ત્યાર પછીજ દાખલ કરવામા આવે છે. આ પ્રસગે પણ ફકત એક કે બે દરવાજા ઉઘાડા રાખવામાં આવે છે અને ઘણા પેસેન્જરોને એકી વખત જવાનું હોવાથી પ્લેટફોર્મ ઉપર જતાં ઘણી હાડમારી વેઠવી પડે છે. આ ધક્કાધક્કીનો લાભ દરવાજા ઉપરનો માણસ લેવા ચુકતો નથી માલ તોળાવાનું કહી લોકો પાસે પૈસા કઢાવે છે. પ્લેટફોર્મ ઉપર ગયા પછી પણ ત્રેનમાં બેસવા જતા જે હાડમારી ભોગવવી પડે છે તેનો ખ્યાલ આપ સઘળાને હશે મુસાફરો ઘણા હોય, દરેક ખાતાઓમાં ઠેરવેલી હદ કરતાં વધારે મુસાફરો હોય, તે છતાં પણ જોર જુલમથી વધારે મુસાફરો દાખલ કરવામાં આવે છે અને કોઇ કોઇ વખત તો ભાગ્યે બેસવાની પણ જગા હોય છે સુવાની જગાની સવડનો કરવામાં આવતી જ નથી લોકોની ઘણી જાહેર ફરિયાદો થવાથી હાલમાં ત્રેનમા જાજરૂ રાખવામાં આવ્યાં છે પણ જાજરૂની ટાંકીઓમાં પાણી ભરવાનું ઘણી વખત ધ્યાનમાં લેવાતું નથી, અને ત્રેનની આખી મુસાફરીમાં આ જાજરૂ સાફ કરવામાં આવતાંજ નથી. જે સ્ટેશને ઉતારૂઓ ઉતરે ત્યાં રેલ્વે તરફના લાઇસન્સવાળા મજુરો ઉતરૂઓ પાસેથી નીયમ વિરૂદ્ધ પૈસા પડાવે છે. આવી સ્થિતિ હરરોજની છે પણ જો કોઇ જગાએ મેળો

હોય તે વખતે પણ ત્રીજા વર્ગના ઉતારૂઓ માટે ગાડીઓની સવડ થઈ શકતી નથી અને એવા પણ પ્રસંગ આવે છે કે માલ ભરવાની કે ઢોર પુરવાની ગાડીઓમાં ઉતારૂઓને બેસવું પડે છે.

લગભગ ૫૦—૬૦ વર્ષ થયાં ત્યારથી ત્રીજા વર્ગના ઉતારૂની આ ફરિયાદ ચાલતીજ છે. જો રેલ્વે કંપનીઓને ત્રીજા વર્ગના ઉતારૂની લગાર પણ દરકાર હોય તો ઘણું થોડા ખર્ચમાં આ અગવડો દુર થઈ શકે તેવી છે સ્ટેશનો ઉપર મુસાફરખાના કરી તેમાં બેસવાની જોગવાઈ કરી આપવામાં થોડાં મકાનો તથા બેન્ચો સીવાય ખર્ચ નથી. ટીકીટ ઓફીસ ટ્રેન આવતા પહેલાં એક કલાક પહેલાંથી ખુલી રહે અને જે વખતે ઘણા ઉતારૂઓ હોય તે વખતે એક કે બે બીજી ઓફીસ ખોલાય તો ટીકીટ લેવાની કોઈને અગવડ પડે નહિ, અને હાલ જે દેખાવ સ્ટેશનો ઉપર થાય છે તે તરત બંધ થાય. પ્લેટફોર્મ ઉપર જવાને માટે ઘણુ રસ્તાઓ રાખવામા આવે તેજ પ્રમાણે ખુલ્લા રાખવામા આવે તો મુસાફરોને હરકત પડે નહિ. મોટા સ્ટેશનો ઉપર ટ્રેનની બન્ને બાજુ પ્લેટફોર્મની જરૂર છે. તેમ કરવાથી એક બાજુથી ઉતારૂઓ બેસે અને બીજી બાજુઅથી ઉતારૂઓ ઉતરે તો કોઇ તરેહની ગુંચવણ ન થતાં ઉતારૂઓને ઢોરની માફક એક જગાએ પુરી ખોટો દેખાવ કરવાની જરૂર રહે નહિ. ત્રીજા વર્ગમાં વધારે મુસાફરો હોવાથી જાજરૂ વિગેરે ખરાબ થવાનો સંભવ છે પણ જે સ્ટેશને ટ્રેન વધારે ઉભી રહે સ્ટેશનોએ જાજરૂ વિગેરે સાફ કરાવવાં તથા પાણીની સવડ જો કરી આપવામાં આવે તો તે ફરિયાદ સહેલાઇથી દુર થઇ શકે તેમ છે. આ બધુ કરવામાં થોડા કારકુન ને નોકરોનું ખર્ચ થાય તેમ છે. લગભગ ૫૦ વર્ષથી જાહેર

પ્રજાની આ ફરિયાદ છે પણ તે ફરિયાદ ઉપર કંઇ પણ દરકાર કોઇપણ કંપની તરફથી લેવામાં આવતી નથી. પેપરોદ્વારા આ અગવડો ઉપર ઘણી ચર્ચા ચાલે છે પણ તે ઉપર બીલકુલ દુર્લક્ષ અપાય છે. કંપનીઓની બેદરકારી કેટલે સુધી છે તે મુંબઇના શહેરી ગીરજાશંકર દયાશંકર વૈદ્યના કેસથી ચોખ્ખી જણાઇ આવે છે. ગ્રાન્ટરોડના સ્ટેશને ૧૦ માણસના બેસવાની જગાએ ૨૩ માણસો ભરવામાં આવ્યા. મી. વૈદ્ય તે ડબ્બામાં હતા. તેમના ઉપર બે દારૂ પીધેલા પોર્તુગીઝ કેઇસ્ટ ઇંડીઅન પડવા લાગ્યા અને એક સાધુએ તેમના પગ ઉપર પગ મુક્યો અને બીજાએ ગજવામાં હાથ નાંખ્યો. આવી સ્થિતિમાં તેમણે સાંકળ ખેંચી જેથી ટ્રેન ઉભી રહી અને તેમણે ગાર્ડને હાંક મારી પણ એન્જીન ડ્રાઇવર વહેલો આવ્યો અને આ સ્થીતિ સુધારવાને બદલે એકદમ ગુસ્સો કરી મી. વૈદ્યને બહાર ખેંચી કાઢયા. ગાર્ડ સાહેબે પણ આવીને મી૦ વૈદ્યને માર માર્યો આ વાતની નોટીસ રેલ્વે કંપનીને આપવામાં આવી ત્યારે રેલ્વે કંપનીએ પોતાના નોકરોનાં નામ આપવાની પણ આનાકાની કરવા માંડી. કેસ ચાલ્યો, બંન્નેને સજા થઇ તેને પણ લગભગ બે વરસ થઇ ગયાં પણ હજી સુધી લોકોની ફરિયાદ તો ચાલુજ છે.

લોકોની જીંદગીની સલામતી માટે રેલ્વે કંપનીઓ કેટલી દરકાર રાખે છે તેનો દાખલો તો હમારૂં નડીઆદ સ્ટેશનજ પુરો પાડશે. જે નાળે થઇને આપ આ મંડપમાં આવ્યા છો તે નાળું પ્લેટફોર્મ થઇ રહ્યા પછી આવે છે; અને ત્યાર પછી કેટલે દુર એન્જીનને પાણી લેવાનો થાંભલો આવે છે. ઘણી ખરી વખત ગમે તો દિવસ હોય કે રાત્રી હોય તોપણ એન્જીનને પાણી લેવાને માટે તે થાભલા

સુધી લઈ જવામા આવે છે તેથી મુસાફરોને પ્લેટફોર્મ સિવાયના સ્થળે ઉતરવુ પડે છે. આ નાળા અને ડબ્બાના પાટીયા વચ્ચે ઘણી થોડી જગ્યા રહે છે અને નાળાની પુર્વ દિશાએ એક રેલના પાટાનોજ આધાર હોવાથી ઘણી વખત માણસો નીચે પડી ગયાના દાખલા બનેલા હતા. થોડા વખત ઉપર એક ગ્રહસ્થની દીકરી પડી જવાથી રેલ્વે કંપનીને મોટી નુકસાની લેવા નોટીસ મળેલી છે તેથીજ તે નાળાની પુર્વ બાજુની ધાર દુરસ્ત કરવામાં આવી છે. એક બે રેલ્વેના પાટા ચહોંડી નાળાને દુરસ્ત કરવું એટલું પણ રેલ્વે કંપની કરી શકતી નહોતી, અને આપણી જીંદગીનો સવાલ પણ તેમની નજરમા તુચ્છ જેવો લાગ્યો હતો.

ઉતારૂઓના સંબંધમા આપણી આ સ્થિતિ છે ત્યારે હવે માલ રેલ્વેઓમાં આપણે સોંપીએ છીએ ને તરફ નજર કરીશું તો ત્યાં પણ જણાશે કે રેલ્વે કંપનીઓ તદન બેપરવાઇથી વર્તે છે જ્યારે બીજા દેશોમાં જાહેર વાહનના માલીકો ઉપર ઈન્સ્યુરર તરીકેનીજ જવાબદારી નાખવામાં આવી છે ત્યારે હિંદુસ્તાનમાં બેલી તરીકેની જવાબદારી રાખવામાં આવી છે, એટલે કે રેલ્વે કંપની પોતાના માલની સંભાળ રાખે ત્યાં સુધી તે જોખમદાર ગણાતી નથી. આપણે રેલ્વે કંપનીને માલ સોંપીએ, તે માલ સ્ટેશન ઉપર આવે, તેમાંનો માલ તેના નોકરો ચોરી જાય તોપણ તેની નુકસાની મળતાં ઘણી મુશીબત આપણને પડે છે. તેમ છતા પણ એટલાથી સંતોષ ન પામીને રેલ્વે કંપની રીસ્ક નોટ લખાવી લે છે અને તે રીસ્ક નોટ તેમની પાસે આવી એટલે તો તેમના નોકરોને તે માલમાંથી ચોરી કરવાની છુટજ મળે છે. કયા સ્ટેશનોમાં કેટલો માલ

સરેરાશ આવે છે તેની ગણત્રી તો તેમની પાસે હોવી જોઇએ તેનું તડકાથી તથા વરસાદથી રક્ષણ થાય એવા ગોડાઉનો તો થોડાંજ હોય છે સ્ટેશનયાડમાં માલ આવ્યા પછી કેટલાક દિવસો સુધી યાડમાં પડી રહે છે અને ગુડસ ક્લાર્ક વિગેરેના ગજવાં ભરાય ત્યારેજ માલ વેગનોમાં પડે છે. નડીયાદ સ્ટેશન ઉપર જે લોક ફેરીનો વેપાર કરે છે તેઓ સાક્ષી પુરશે કે ફેરીની મોસમમાં દરેક વેગન દીઠ ઓછામાં ઓછા દશ પંદર રૂપીયા આપવા પડે છે. હાલનો લડાઇનો પ્રસંગ બાદ કરતાં સામાન્ય વખતમાં કેટલાં વેગન કયા સ્ટેશને જોઇએ તેની ખબર રેલ્વે કંપનીએ રાખવીજ જોઇએ તેમ ન થાય તો એમજ સમજવાનું કે રેલ્વેના નોકરો યોગ્ય વખતે લોકોને સવડ ન આપતાં મુસ્કેલીમાં લાવી મુકે છે અને આવી રીતે પૈસા ખાવાનું સાધન થાય છે.

ગૃહસ્થો, હવે આપણે એ જોવાનું છે કે જે કરોડો રૂપીઆ આપી આપણે રેલ્વે કંપનીઓને ઉભી રાખીએ છીએ તેનો ઉપયોગ કેવો થાય છે. વ્યાપારી દ્રષ્ટિથી જોઇએ તો કોઇને એમજ લાગે કે આ ઉપયોગ કંપનીના શેર ધારણ કરનારાઓના લાભમાં થતો હશે અને તેથી કંપની આપણા તરફ બેદરકાર રહેતી હશે. આનું ખરૂં રહસ્ય સમજવાનં આપણે એક રેલ્વે એટલે ઇસ્ટ ઇંડીયન રેલ્વેનો દાખલો લઇએ. આ કંપનાની પાસે એકદર ૨૩૧૦ ગાડીઓ છે. જે પૈકી ૨૮૮ ગાડીઓ પહેલા બીજા અને રીઝર્વર્ડ ગાડીઓની છે અને ૧૩૮૭ ગાડીઓ ઇંટર અને ત્રીજા વર્ગની છે. બાકીની ૬૩૫ ગાડીઓ સામાન્ય મુસાફરને લઇ જવાના કામમાં આવતી નથી આ પ્રમાણે દર પાંચ ત્રીજા વર્ગની ગાડીએ એક બીજા કે પહેલા વર્ગની

ગાડી આવે છે. પણ ઇંટર અને ત્રીજા વર્ગના મુસાફરનું પ્રમાણ બીજા કે પહેલા વર્ગના મુસાફરના પ્રમાણુ સાથે સરખાવીએ તો દર ૧૦૦ માણુસે એક માણુસ આવે છે. આ ઉપરથી જણાશે કે જે પૈસા રેલ્વેને ત્રીજા અને ઇંટર કલાસના ગરીબ મુસાફરો પાસેથી મળે છે તે પૈસાનો ઉપયોગ પૈસાદાર પહેલા અને બીજા વર્ગ માટે વધારે થાય છે. રેલ્વે કંપનીઓના સૌથી ઝડપથી દોડતી ગાડીઓ અંગ્રેજ મુસાફરની સવડને ખાતરજ રાખવામાં આવે છે, કોંગ્રેસમાં આવનાર દેશી ગૃહસ્થો ગમે તો બીજા કે પહેલા વર્ગના મુસાફર હોય તેમને માટે ગાડીઓના અભાવે રેલ્વે કંપની સગવડ કરી શકતી નથી એવું કહેવામાં આવે તેજ વખતે રેઇસ સ્પેશીઅલ અથવા ગેમ્બલીંગ સ્પેશીઅલ દોડાવવામાં કંપનીને જોઇએ તેટલી સવડ મળે છે. લડાઇના વખતમાં ગાડીઓની ઘણી તાણ છે અને કેટલીક ટ્રેનો દોડાવતાં બંધ કરવામાં આવી છે તેવે વખતે પણ રેલ્વેના વડા નોકર સાહેબની સેલુન વખતો વખત નજરે દેખીએ છીએ. જો કે તેમને માટે પહેલા કે બીજા વર્ગમાં જગા ખાલી હોય છે. સ્ટેશનો જોઇએ તો જે સ્ટેશને ઘણા અંગ્રેજ ઉતારૂ આવવાનો સંભવ હોય છે તે સ્ટેશને દરેક રીતની સવડ જોવામાં આવે છે, મસ્જીદ બંદરનાં સ્ટેશન ઉપર તેની ઘણી આવક છતાં અને ત્યાં ઘણા મુસાફર આવતા જતા હોવા છતાં પણ પહેલા અને બીજા વર્ગને માટે પણ કંઇ સવડ રાખવામાં આવતી નથી ત્યારે ભાયખલાના સ્ટેશન ઉપર કે જ્યાં બહુ ઉપજ નથી ત્યાં દરેક સવડ રાખવામાં આવી છે. અંગ્રેજ લોકો થોડી સંખ્યામાં જ્યા હોઇ શકે ત્યાં તેમના છોકરાને ભણાવવા માટે સ્કુલો ઉઘાડવામાં આવે છે, અને તેનું ખર્ચ રેલ્વે

અને સરકાર તરફથી આપવામાં આવે છે તેમ યુરોપીયનોને માટે બાજી સ્કુલો પણ ઉઘાડેલી છે જેમાં પુષ્કળ ખર્ચ કરવામાં આવે છે; ત્યારે હિંદીઓને માટે ઘણું થોડુંજ ખર્ચ કરવામાં આવે છે. આ સ્કુલોમાં સરકાર તરફથી જે પૈસા આવે છે તેમાં પણ દરેક હિંદી વિદ્યાર્થી માટે રૂ. ૨) આપવામાં આવે છે ત્યારે દરેક યુરોપીઅન બાળક માટે રૂ. ૨૪) આપવામાં આવે છે. ૧૯૧૫-૧૬નો રેલ્વે રીપોર્ટ જોતાં માલમ પડશે કે યુરોપીઅનોના છોકરાઓની પછાડી રેલ્વે તરફથી પુષ્કળ ખર્ચ કરવામાં આવે છે. માલ લઇ લાવવા જવાના સબંધમાં તો કંપનીઓની વર્તણુક એથી પણ ધીક્કારવા જેવી છે. યુરોપીઅન વેપારીઓ—અંગ્રેજ કે બીજા ગમે તે દેશના હોય તોપણ તેમને ખાસ પસંદગી આપવામાં આવે છે. રાલી બ્રધર્સ અને બીજા યુરોપીયન વેપારીઓને દેશી વેપારીઓના ભોગે રેલ્વે વેગનોની પ્રથમ સવડ આપવામાં આવે છે તથા છાપરાવાળાં વેગન આપવામાં આવે છે તથા તેમનો માલ જલદીથી લઇ જવામાં આવે છે; અને તેમને ૧૨ ટકા જેટલા પૈસા પાછા પણ આપવામાં આવે છે. થોડાક વખત ઉપર કાનપુર સ્ટેશનથી પરદેશી વેપારીઓને ખાસ સવડો આપવામા આવતી હતી તે બાબત તપાસ ચાલી અને તે હકીકત પુરવાર થઇ. જેરીઆ અને બંગાલની કોયલાની ખાણો ઉપર પણ આવી રીતની હોંદી લોકોની ફરીયાદ ચાલુજ છે તે છતા પણ હજુ પુરો ન્યાય દેશી વેપારીઓને મલતો નથી આવી રીતે આપણે આપેલા પૈસાનો ઉપયોગ અંગ્રેજ લોકોની સવડ ખાતર થાય છે, એટલુંજ નહીં પણ બધી રેલ્વેઓમાં અસેં રૂપીઆ ઉપરાંતની જગાઓનો ઘણોખરો ભાગ યુરોપીઅનોને એંગ્લોઇન્ડીયનોને આપવામાં આવે,

છે હિંદુસ્તાનમાં હિંદવાસીઓની વસ્તી ૯૯-૯ ટકા છે અને યુરો-પીઅનોને એંગ્લો ઇંડીયન વસ્તી ફક્ત $\frac{1}{1000}$ જેટલી છે; તે છતાં બસેં રૂપીયા ને તે ઉપરાંતની જગાઓમાં ફક્ત ૧૦ ટકા હિંદીઓને આપી છે અને ૫૦૦ અને તે ઉપરાંતની જગાઓમાં ફક્ત ૭ ટકા આપી છે ત્યારે યુરોપીઅનો ને એંગ્લો ઇંડીયનોને ૯૦ અને ૯૪ ટકા જગા આપવામાં આવી છે. હવે જે પગાર આપ-વામાં આવે છે તે પગાર યુરોપ જેવા તવંગર દેશ કરતાં પણ વધારે મોટા આપવામાં આવે છે. યુરોપમાં પગારની ગણત્રીનો નીયમ એવો છે કે સ્ટેસનના હલકામાં હલકા નોકરને સાધારણ સારો પગાર આપવો અને તે ખાતાના ઉંચામાં ઉંચા અમલદારને તેના કરતાં આઠથી દશ ગણો આપવો. અહીયાં હિંદુસ્તાનમાં કેટલાક ઉંચા અમ-લદારોને હલકા નોકરો કરતાં ૫૦૦ ગણો પગાર મળે છે.

ડેનમાર્ક સ્ટેટ રેલ્વેમાં ઉંચામાં ઉંચા અમલદાર રૂ. ૯૦૦ સ્વીડનમાં રૂ. ૧૩૮૭ નોરવેમાં રૂ. ૪૫૦ જર્મનીમાં રૂ. ૭૫૦ સ્વીટઝરલેંડમાં રૂ. ૭૮૧ બેલજીયમમાં રૂ. ૪૬૯ અને ફ્રાન્સમાં રૂ. ૯૮૯ અપાય છે ત્યારે હિંદુસ્થાનમાં એન. ડબલ્યુ રેલ્વેના મેનેજરને રૂ. ૩૦૦૦ અને આઉધ રોહીલખંડના મેનેજરને રૂ. ૨૫૦૦ અને કેટલીક કંપનીના વહીવટ નીચેની સ્ટેટ રેલ્વેના મેનેજરને રૂ. ૩૫૦૦ પગાર પણ અપાય છે અને તે મુજબ ઉતરતા નોકરોનો પગાર પણ બીજી રેલ્વેઓ કરતાં વધારે હોવો જોઇએ. રેલ્વે કંપનીઓનો પક્ષપાત આટલામાંજ સમાતો નથી પરંતુ સરકાર તરફથી માલ લાવવ લઇ જવા માટે દરની વધારેમાં વધારે અને ઓછામાં ઓછી જે હદ નક્કી કરવામાં આવી છે તેની અંદર

રહી માલના ભાડાના દરની ગોઠવણ એવી રીતે કરી શકે છે કે કોઇ વેપારને નુકસાન થઇ જાય અથવા વેપારનું સ્થળ એક જગાએથી બીજી જગાએ બદલાઇ જાય અથવા પરદેશીઓના લાભમાં સ્વદેશી વેપાર કચડાઇ જાય. ભરૂચ, સુરત, ખંભાત અને ધોળેરા જેવા બન્દરો ઉપર વહાણોથી સસ્તા રીતે માલ લાવવામાં આવે છે તે વેપાર તોડી પાડવાને માટે રેલ્વે કંપની તરફથી વખતો વખત પ્રયત્ન થયાં જાય છે. આપણા માજી કમીશનર સર એફ. એસ, ડી. લેલી તેમના 'સજેસ્ન્સ ફોર બેટર ગવર્નમેન્ટ ફોર ઇન્ડીઆ' નામના પુસ્તકમાં કહે છે કે મુંબઇથી અંકલેશ્વર કોલસો લાવવાનો દર રૂ. ૨–૪–૦ દર મણ દીઠ હતો ત્યારે મુંબઇથી ભરૂચ સુધીનો દર રૂ. ૧–૧૦–૦ રાખવામાં આવ્યો હતો અને આ બંદરેથી માલ લઇ જવાનો હોય ત્યારે ઘણો ભારે દર મુકવામાં આવ્યો છે. આની રીતનું વર્તન દરીયાઇ રસ્તે આવનો માલ અટકાવવાનુંજ છે. પંચ મહાલથી ભરૂચ જગનનું ઇમરતી લાકડું આવતું અને ત્યાંથી કાઠીઆવાડ જતુ. વેપારના આ રસ્તાને ઉત્તેજન આપવાને બદલે રેલ્વે કંપનીએ ગોધરાથી ભરૂચ જે ૧૧૧ માઇલ થાય છે તેના દર રૂ. ૦–૪–૬ રાખ્યો. અને ગોધરાથી મુંબઈ જે ૩૧૮ માઈલ થાય છે તેનો દર રૂ. ૦–૩–૧ રાખ્યો આનો હેતુ એટલોજ હતો કે ભરૂચ બંદરનો વહાણોનો વેપાર બીલકુલ તોડી પાડવો, અને ખરેખર તેમ બન્યું પણ ખરૂં. ભરૂચનો ઇમારતી લાકડાનો દરિયા માર્ગનો વેપાર તુટી ગયો અને તે વલસાડ ચાલ્યો ગયો આથી પણ વધારે નુકસાનકારક પગલુ અમદાવાદના દેશી ઉદ્યોગને માટે લેવામાં આવેલુ ઘણી મુશીબતે અમદાવાદમાં દીવાસળીનું એક કારખાનું ઉભું થયું

અને તે કારખાનામાંથી દેશને એટલો ફાયદો થયો કે દીવાસળીઓની ગ્રોસની કીંમત રૂ. ૦-૧૫-૦ હતી તે રૂ. ૦-૮-૦ આવી ગઇ પરંતુ રેલ્વે કંપની તેની ફતેહને આડે આવી. જાપાનીસ દીવાસળી મુંબઇથી આગ્રા મોકલવામાં આવે તેનો દર સ્વદેશી દીવાસળી અમદાવાદથી આગ્રા જાય તેટલોજ રાખવામાં આવ્યો. કમીશનર તરફથી આ બાબતની સુચના થતાં ટ્રાફીક મેનેજર તરફથી એમ કહેવામાં આવ્યું કે અમદાવાદની દીવાસળીઓ માટે દર ઓછો કરવામાં આવે તો તે બીજી રેલ્વેની સ્પર્ધામાં અમારા લાભની આડે આવે છે. આ કારણથી મુંબઇ સરકાર આ સ્વદેશી ઉદ્યોગને કંઇ મદદ આપી શકી નહિ અને તેના માલીકને એવી સલાહ આપવામાં આવી કે તેણે પાસેના પ્રદેશમાંજ ઉદ્યોગ વધારવો અને દુર દેશ વધારવા યત્ન કરવો નહિ. આ રીતે રેલ્વેની પરસ્પર સ્પર્ધાનું કારણ બતાવી જે સ્વદેશી ઉદ્યોગ ઉભો થાય તેને કચરી નાખવામાં આવે છે. આવી રીતે જન સમુહને રેલવે કરતાં સસ્તી રીતે જવા આવવાનાં સાધનો હોય તેને તોડી પાડી પછીથી લોકો પાસે વધારે પૈસા લેવાનોજ યત્ન કરવામાં આવે છે. રેલવે થવાની શરૂઆતમાં નડીઆદથી, બોરીઆવીથી તથા આણુંદથી ડાકોર સરખે અંતરે હોવાથી લોકો ગાડા મારફતે જઇ શકતા હતા અને તેમાં ત્રણ કે ચાર આના ભાડું બેસતું હતું એટલે રેલવે કંપનીએ નડીઆદ, બોરીઆવી તથા આણુંદ એ ત્રણે સ્થળોએથી સાત આના જવા આવવાનું ભાડું રાખ્યું થોડાક વર્ષ આ દર ચાલુ રાખ્યો એટલે પગ રસ્તે જતા આવતા લોકો બંધ થઈ ગયા. પછીથી થોડાક વર્ષે ફક્ત પુનમના દિવસોએજ ઓછો દર રાખવામાં આવ્યો અને હાલ તે ઓછો દર

કાઢી નાખી પુરૂ દર લેવામાં આવે છે આવા રીતે યુક્તિ વાપરી બીજા સાધનો નાશ કરી પછીથી લોકો પાસેથી મન માનતા પૈસા રેલવે કઢાવી શકે છે. રેલવે કંપનીઓ ઉપર બતાવ્યા પ્રમાણે પહેલા તથા બીજા વર્ગના ઉતારૂને ખાસ સગવડ આપતી હતી તેનો તો કંઇક અંશે પણ બચાવ હતો. તેઓ કહી શકતા કે તે લોકો વધારે ભાડું આપે છે ને તેથી તે લોકોને સગવડ મળવી જોઇએ. પણ એ એંગ્લો ઇંડીયનો તરફનો તેમનો પક્ષપાત હાલમાં તદન ઉઘાડો પડી ગયો છે. થોડા વખતથી દરેક ટ્રેનમાં એંગ્લો ઇંડીયનો તથા યુરોપીઅનો માટે ખાને ખાનાં રાખવામાં આવે છે. રેલવે કાયદાની કલમ ૪૨ પ્રમાણે રેલવે કંપની કોઇપણ માણસને અણઘટતો અથવા ગેરવ્યાજબી લાભ આપી શકતી નથી કાયદાનું આવું ચોખ્ખું ફરમાન છે તે છતાં ગોરા લોકોને માટે જુદા ખાનાં રાખવામાં આવે તેમાં તો તેમનો પક્ષપાત ખુલ્લો દેખાઇ આવે છે. પરિણામ એ આવેછે કે જ્યારે સમસ્ત રેલવે ખાનાઓમા હદ ઉપરાંત ભીડ હોય છે અને લોકોને પુરી બેસવાની પણ સગવડ હોતી નથી ત્યારે આ ખાનાઓમાં ભાગ્યે એક કે બે મુસાફર હોય છે તેઓ ફિરીઓ જેટલાજ પૈસા આપી અયોગ્ય મુસાફરીની સગવડ મેળવી શકે છે. રેલવે કંપનીઓનું આ પગલું આપણા સ્વમાનને અપમાન પહોંચાડનાર હોવાથી ઘણી કડવાશની લાગણી ઉત્પન્ન થયેલી છે અને તે પગલા સામે જાહેર પોકાર ઉઠેલો છે. થોડાક જાહેર હીંમતવાળા પુરૂષોએ રેલવેના આવાં અયોગ્ય પગલાની સામે થઇ પોતાને માટે ફોજદારી જવાબદારી ખેંચી લીધેલી છે પરંતુ હજી સુધી રેલવે કંપનીનું આ કૃત્ય ચાલુજ છે.

ગૃહસ્થો, હવે આપણે તપાસીએ કે આટલા આટલા વર્ષથી રેલવેઓથી થતો અન્યાય અને જુલમ ચાલુ રહ્યા છે તેવે વખતે આપણી સરકારે પ્રજાના રક્ષણ માટે કેટલા ઉપાયો લીધા છે. રેલ્વે એકટની કલમ ૪૨ પ્રમાણે રેલવે કંપની કોઇપણ જાતના માલના સંબંધમાં અથવા કોઇપણ માણસના તરફમાં અયોગ્ય પસંદગી બતાવી શકે નહિ, અથવા અયોગ્ય લાભ આપી શકે નહિ. તેમ અમુક માણસ અથવા અમુક માલને ગેરવ્યાજબી નુકશાન કરી શકે નહિ. તે છતાં પણ પરદેશી વેપારીઓને ખાસ પસંદગી આપવામાં આવે છે અને તેથી કરીને દેશના વેપારીઓને ઘણા નુકશાનમાં ઉતરવું પડે છે તથા ત્રીજા વર્ગના ઉતારૂઓમાં ગોરા લોકને માટે ખાસ સવડ રાખવામાં આવી છે, તથા કે લીક જાતના વેપારને રેલ્વે કંપનીઓ ધોકો પહોચાડી શકી છે. છતા રેલ્વે કંપનીઓને તેમ કરતાં અટકાવવાને કંઇ પગલું ભરવામાં આવ્યું નથી. લોકો જાહેર ફરીયાદ કરે, સરકારમા અરજી કરે ત્યારે તે ઉપર વિચાર કરવા રેલ્વે બોર્ડને મોકલવામા આવે અને રેલવે બોર્ડ અરજદારને ખબર આપે છે કે તેમની અરજી લાગતા વળગતા ટ્રાફીક મેનેજરને સોંપવામાં આવી છે જેના સામે ફરીયાદ, તેના હાથમાંજ સત્તા આપવામાં આવે એટલે ઇન્સાફ હોયજ કયાં?

રેલ્વેઓમા સઘળીજ સારા પગારવાળી જગાઓ અંગ્રેજ લોકોના હાથમાં હતી ને સામે ઇસ્વીસન ૧૮૭૦ ની સાલથી ગવર્નમેંટ ઓફ ઇંડીઆ અને સેક્રેટરી ઓફ સ્ટેટ તરફથી એવું ફરમાન કરવામાં આવ્યું છે કે સ્ટેટ રેલ્વેઓમાં દરેક જગા હિંદીઓ માટે ખુલ્લી રાખવી અને તે જગા હિંદીઓને વધારે પ્રમાણમા આપવામાં આવે

તેવો યત્ન કરવો. સરકારનો આ ઠરાવ ફક્ત કાગળ ઉપર રહ્યો છે અને હજી સુધી તેનો બીલકુલ અમલ થયો નથી તે છતાં સરકાર તેમાં કંઇ કરી શક્તી નથી, ત્રીજા વર્ગના ઉતારૂઓની હાડમારી સંબંધમાં ઘણો પોકાર થયો ત્યારે રેલ્વે બોર્ડનું તે ઉપર ધ્યાન ખેંચાયું. ત્યારે સરકારે ગેઝીટ ઓફ ઇંડીયા નોટીફીકેશન નં૦ ૫૫૨ તા. ૨૩-૧-૧૮ થી રેલ્વેઓના સીનીઅર રેલ્વે ઇન્સપેકટરને ખબર આપી કે ત્રીજા વર્ગના ઉતારૂઓની હાડમારીઓ જેવી કે ખાનામાં ઉતારૂઓની ભીડ, રેલ્વે ગાડીઓની, સ્ટેશનના જાજરૂઓની અને બેસવાની જગાની અસ્વચ્છતા, વિગેરે બાબતો ઉપર રેલ્વે બોર્ડનું ધ્યાન ખેંચાયું છે? રેલ્વે બોર્ડ ક્હે છે કે જો કે રેલ્વેઓએ આ બાબતમાં ઘણું કર્યું છે તોપણ તેમાં સુધારાની જગા છે, તેથી તેમને હુકમ કરવામા આવ્યો કે ત્રીજા વર્ગના ઉતારૂઓની સવડો ઉપર અને ખાસ કરીને તેઓની જવા આવવાની, ટીકીટ લેવાની, અને ટ્રેન આવે ત્યાં સુધી બેસવાની સવડ બાબત, ખોરાકના સાધનો પુરા પાડવા બાબત જાજરૂ અને તેની સ્વચ્છતા બાબત ખાસ કાળજી રાખવી. ગયા જાન્યુઆરી માસમાં આ હુકમ કરવામાં આવ્યા પણ આજ સુધી ત્રીજા વર્ગના ઉતારૂઓની કોઇ પણ સવડોમાં ફેરફાર થયો હોય તેમ જણાતું નથી. જ્યારે ઇગ્લંડ વિગેરે દેશોમાં જ્યાં જુદી જુદી રેલ્વેની સ્પર્ધા છે ત્યાં રેલ્વેઓની તેમને સોંપેલા માલ સંબંધી સખ્ત જવાબદારી રાખવામાં આવી છે ત્યારે હિંદુસ્થાનમાં એક હથ્થુ સત્તાવાળી રેલ્વેઓની જવાબદારી ઘણી ઓછી કરવામાં આવી છે. પરીણામે તે રેલ્વેના ગમે તેવા નાપસંદ નીવડ્યો હોય છતાં તેમનોજ આશ્રય

લેવાની જરૂર પડે છે અને તેઓ ગમે તેટલો જુલમ કરે તે તે સહન કરવો પડે છે. હાલમા લડાઇના સબબથ. જ્યારે સરકારને વેગનોની જરૂર છે તે વખતે તો બધી રેલ્વે ઉપર લુંટજ ચાલી છે, જેઓના હાથમાં વેગન આપવાની સત્તા હોય છે તેઓને ત્યાં એક વરસમાં આખી જીદગીની કમાઇ મળે છે. દુકાળના ભાગમાં માલ મોકલવાનો હોય છે ત્યારે પણ રેલ્વે કંપનીઓ પોતાનો સ્વાર્થ સાધવા-પાછીપાની કરતી નથી કલકત્તાથી ચોખા મંગાવીએ તો આથા રસ્તે માલ ન લાવતાં જ. બલપુર માર્ગે લાવવા ફરજ પાડે છે અને તેમ કરવામાં એક મણ લગભગ છ કે સાત આના વધારે બેસે છે. દુકાળ વખતે આપણા શહેર વાહનો આવી રીતે આપણને મદદ કરે છે.

હાલ જે રેલ્વેઓમાં લુટ ચલે છે તે વાત જગપ્રસીદ્ધ છે. સરકારને કાને પણ પહોંચી હોવા જાઇએ છતા તે સંબંધી કોઈ તપાસજે કરતું નથી. કોઇ થોડા માણુસોને દેખાવ માટે બરતરફ કરીને સતોષ પકડવામાં આવ્યો છે

અહરથો, ઉપરની હકીકતથી આપણે જોઇ શકીએ છીએ કે ન્યાયી બ્રીટીશ રાજ્યમાં એક માલ તથા મુસાફર લઇ જનારૂં ખાતું કેટલી સત્તા ધરાવે છે અને કેટલે દરજ્જે પક્ષપાત કરે છે. સાઠ સાઠ વરસ થયાં તેમના સામે કોઇ કઇ પગલું લઇ શકતું નથી. જ્યાં સુધી રેલ્વે ઉપરનો અંકુશ અંગ્રેજ લોકોના હાથમાં છે ત્યાં સુધી આ બાબતમાં કશ ફેરફાર થવાનો નથી. જો તેમાં કોઇ જાતનો સુધારો કરવો હોય તો હાલની રાજ્યસુધારણા સુધારાની યોજનામાં રેલ્વે એ એક ટ્રાન્સફર્ડ સબજેક્ટ હોવી જોઇએ: અને રેલ્વેઓ

ઉપરનો અંકુશ કોઈ હીંદીના હાથમા રહેવો જોઈએ. હિંદુસ્તાનમાં યુરોપીયન લોકો નવા સુધારાની વિરૂદ્ધ છે તેનું કારણ આપને સ્પષ્ટ સમજાશે, હાલના બ્યુરોક્રસીના અમલમાં તેઓને જે ગેરવાજબી લાભ મળે છે અને હાલમા આપણા પૈસાથી તેઓ જે અયોગ્ય લાભ લેછે તે લાભો તેમના જતા રહેવાનો ભય ઉભો થતાં તેઓ પોકાર કરી રહ્યા છે. જેવી રીતે આયરલન્ડમાં આલ્સ્ટરવાસીઓ તેમના ચાલતા આવેલા હક્કો છોડવા કોઇ દીવસ કબુલ થાય નહી તેજ મુજબ હીંદુસ્તાનમાં અંગ્રેજ લોકોનો સ્વાર્થ ચાલતી ગેરવ્યવસ્થા કાયમ રાખી તેમાંથી પોતાને લાભ મેળવવાનો છે પરંતુ આપણે તો હવે તે ચળવળ ચાલુ રાખવીજ જોઇએ. અને જ્યાં સુધી પરદેશીઓને આવા અયોગ્ય લાભ મળાતા બંધ થાય નહી ત્યાં સુધી આપણે સતત્ પ્રયત્ન કરવો જોઇએ તેમ કરવા માટે આજરોજ આ પ્રથમ રોડવે કોન્ફરન્સ ભરવામાં આવી છે અને મને ખાત્રી છે કે જો આ ચળવળ ચાલુ રહેશે તો મોટર વાહનો તરફની હાડમારીઓનો જલદી અંત આવશે મહાત્મા ગાંધીજીએ આ પ્રશ્ન હાથમાં લીધો છે અને તેમની સહાયથી ફત્તેહ મળ્યા સીવાય રહેવાની નથી.

ગૃહસ્થો, હવે હું આપને વિનંતી કરૂં છું કે આ કોન્ફરન્સ માટે આપ પ્રમુખ ચુંટી કાઢશો."

પ્રથમ રેલ્વે પરિષદના પ્રમુખ મી૦ હોર્નીમેનનું ભાષણ.

પ્રથમ રેલ્વે પરિષદના પ્રતિનિધિઓ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,

હિન્દમાં પહેલીજ વખતે ભરાએલા પ્રથમ રેલ્વે પરીષદના પ્રમુખ તરીકે ચુંટી કાઢી તમે મને જે માન આપ્યું છે તે માટે હું તમારો આભાર માનું છું. હિન્દી પ્રજાને પોતાની રેલ્વેઓની બાબતે.મા શા શા દુઃખો અને શી શી મુશ્કલીઓ છે તેનો વીચાર કરવાને આ પહેલી પરીષદ્ મળી છે અને આથીજ આપણે તેને પ્રથમ રેલ્વે પરીષદ્ કહીયે છીએ. સ્વાગત મંડળના પ્રમુખે આપણને કહ્યું છે તે પ્રમાણે હીંદની પ્રજાના પ્રતિનિધિઓની આ એક પરીષદ્ છે. થોડાએક વરસો થયાં રેલ્વે બોર્ડ અને રેલ્વેના પ્રતિનિધિઓની દર વરસે એક સભા મળે છે અને તેઓ તેને રેલ્વે પરીષદ્ કહે છે. આથી પ્રથમ રેલ્વે પરિષદનું નામ રાખવામાં આપણાં પર કદાચ વાદવિવાદ થાય. ઉપલી પરિષદોમાં ઘણી આશ્ચર્યજનક ચીજોપર વીચાર થાય છે. ભીન્ન ભીન્ન સુધારાઓ ચર્ચાય છે અને કંપનીના શેરહોલ્ડરોની આર્થીક સ્થિતી ઘણી સુધરે છે પરતુ બાનુઓ અને ગૃહસ્થો! હીમાલયની ટેકરીઓમાં ભરાતી આ પરિષદોમાં હીંદી ઉતારૂઓની અનુકૂળતાઓ કે સુખોનો કી વેપારીના લાભોનો કે હીંદના ઉધોગોના ભવિષ્યનો વીચાર ચર્ચા ...ટે આ પરિષદમાં યોગ્ય ગણાયો હોય તોપણ, ઉપલી સર્વ બાબતોના જરા પણ સુધારો થયો

હોય તેમ અને લાગતું નથી, હજુ હીંદી ઉતારૂઓ તરફ અપમાનની દૃષ્ટિથી જોવામાં આવે છે અને હીંદી વ્યાપારીઓના લાભો તરફ મહાન બેદરકારીનીજ નજર રાખે જવાય છે. હીંદીઓએ આ બાબતને પોતાના હાથમાં લેવાનો અને દર વરસે પરિષદ્ ભરી પોતાના હકો જાહેર કરવાનો તથા નફો લેવા ઇચ્છનાર પરદેશીના દૃષ્ટિબીન્દુથી રેલ્વેઓને લગતા સવાલોની ચર્ચા કરવાનો સમય આવી પહોચ્યો છે. પરદેશી શેરહોલ્ડરો, આપખુદી અમલદારો અને નફોજ લેવા ઇચ્છનાર પરદેશીઓ હિન્દી જનસમાજને દુઝણી ગાય તરીકે ગણે છે, અને તેમાંથી તેઓ પોતે પોતાના જીવન-પોષણ માટેનું સત્વ મેળવે જાય છે. તથા જ્યાં સુધી આ દુધ મળે જાય છે ત્યાં સુધી તેઓ ગાય તરફ અપમાન રીતે બેદરકાર રહે છે. અને આથીજ આપણે ધારી શકીયે છીએ કે, દેશની રેલ્વેઓ દેશના લાભો માટે કેવી રીતે હોવી જોઇએ એ ચચવા આ પરિષદ્ મેલાવવાનો હીંદી જાહેર પ્રજાને યોગ્ય હક્ક છે જો કે આ પરિષદ્ પ્રથમ પરિષદ્ છે તોપણ આપણે આશા રાખીયે છીએ કે આ પછી આવી ઘણી બીજી પરિષદો ભરાશે અને આ પરદેશીય મહાન લાભપર જાહેર અંકુશ સંપુર્ણ અને યોગ્ય રીતે મુકવાનો હેતુ સફળ થશે તથા હીંદ માટેજ રેલ્વેઓ છે અને નહીં કે રેલ્વેઓ માટે હીંદ છે એવી જાતનો સિદ્ધાંત હરહમેશના વ્યવહારમાં મુકાશે.

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, જે ઉત્સાહી અને જાહેર જુસ્સાવાળા ગ્રહસ્થોએ આ પરિષદ્ ભરી છે તેમના આપણે ઘણા આભારી છીએ. જાહેર પ્રજાના હકની જાહેરાત અને જાહેર પ્રવૃત્તીઓનો જુસ્સો તેમના આ કાર્યમાં ખાસ જણાઇ આવે છે આ જુસ્સો

હીંદને જાગૃત કરે છે અને તેને સત્ય બનાવે છે કે હીંદવાસીઓને, પૃથ્વીપરના બીજા લોકોની માફક, પોતાના રાજ્યદ્વારી અને આર્થીક લાભોને લગતી બાબતોના નીકાલ લાવવાનો હક્ક છે. ગૃહસ્થો, આમ શા શહેરની હવા માટે તમે ભારતના આતીથ્ય સત્કારની પ્રણાલી અનુસાર માફી માગી છે, પરંતુ હું તમને કહું છું કે આવી માફીની જરૂર નથી. તમારા સ્વાગત માટે હમે તમારા આભારી છીએ. વળી દુષ્કાળની ભયંકર ધમકીના સમયમા તમે અમારો જે સત્કાર કર્યો છે તેની કીમત પણ અમે સંપુર્ણ રીતે સમજીએ છીએ. આવા સમયમાં તમોને અમારા ન આવવાને માટેનું બહાનુ મળ્યુ હોત, પણ નહી મારા ગત અનુભવપરથી હું જાણું છુ કે નડીઆદવાસીઓ પ્રજાકીય પ્રવૃત્તીઓના તત્વમાં કદી પણ કટાળે તેવા નથી અને ગુજરાતના લોકો પ્રમાણે નડીયાદવાસીઓથી દેશના લાભોની ખાતર દેશના વીકાસને માટે તેમની પાસે જે માંગણી કરવામા આવે તે માંગણી સંપુર્ણ રીતે પુરી પાડવામાં પાછું વાળી જાય તેવા નથી.

બાનુઓ અને ગ્રહસ્થો, હુ તમને કહી ગયો છુ તે પ્રમાણે આ પરીષદ લોકોની પરીષદ છે અને લોકોના લાભોના વીકાસ માટે ભરવામાં આવી છે તથા આ લાભો દેશના જ લાભો છે, જે સવાલોની ચર્ચા માટે આપણે અહીં ભેગા છીએ તે સવાલોનુ ટુંકામાં અવલોકન કરતાં હીંદી રેલ્વેઓ વીષેના હીંદી ઉતારૂઓના હંમેશના દુઃખોને હું પહેલા મુકુ છું અને મને આ માટે પુરતા શબ્દો પણ મળતા નથી હીંદી રેલવેની ઉપજમાનો મોટો ભાગ ત્રીજા વર્ગ અને ઇન્ટરમીજીએટ વર્ગના ઉતારૂઓનો છે તે તમે આપેલા આંકડાઓથી જણાઇ આવે છે. બીજા અને પેહલા વર્ગોમાંથી તમને જે મળે છે

તેમાંથી બીજા અને પહેલા વર્ગને પુષ્કળ એશઆરામ મળે છે અને હું ધારૂં છું કે દુનીયાના કોઇપણ ભાગ કરતાં અહીં બીજા અને પહેલા વર્ગને ઘણીજ ઓછી કીંમતે આ સઘળું મળે છે. આ પછી બીજા અને પહેલા વર્ગની ગાડીઓ બાંધવાના સમય તથા બંધારણ તરફ અપાતાં ધ્યાનનો ૧/૧૦ ભાગ ત્રીજા વર્ગની ગાડીઓપર અપાયો હોત તો સ્થીતી ઘણી સારી થતે, કરાંચી લશ્કરી ટ્રેનના લશ્કરો માટે ખાસ કરીને ટ્રેનોની બાંધણી સારી કરવી પડી હતી. તેમણે કહ્યું કે, તેઓ લશ્કરો માટેના અને સુધારા સામે બબડાટ કરતા નથી. પરંતુ ત્રીજા વર્ગમાં પણ આજ પ્રમાણે સુધારો થયો હોત તો એ ઇચ્છવા યોગ્ય હતું, ત્રીજા વર્ગના હીંદી ઉતારૂઓ સાથે ઢોરોની માફક વર્તવામાં આવે છે આ કહેવું કાંઇપણ અતીશયોકતી ભરેલું નથી, સાહેબ, તમે તેમની મુશ્કેલીઓનું સંપુર્ણ વર્ણન થોડાએક શબ્દો માં આપ્યું છે. તમે આ વર્ણન મીઠું મરચું ભભરાવીને કર્યું છે એમ જે કોઇએ હીંદી રેલ્વેઓમાં મુસાફરી કરી હશે તેઓ કહી શકશે નહી. ત્રીજા વર્ગના ઉતારૂ ટ્રેનમાં બેસવાને માટે સ્ટેશનના દરવાજા પાસે આવે છે ત્યારથી તેનાં દુઃખો શરૂ થાય છે. અને જ્યારે ટ્રેન-માંથી પોતાના ઇચ્છીત સ્થળે ઉતરે છે ત્યારે આ દુઃખો પુરાં થાય છે. આ દુઃખોનું વર્ણન થઇ શકે તેમ નથી. રેલ્વેનો વહીવટ અને રેલ્વેના અમલદારો તેના સુખ અને તેની અનુકુળતાઓ તરફ સંપુર્ણ બેદરકારી બતાવે છે. રેલ્વેને જ્યારે અનુકુળ જણાય છે ત્યારે તેને સ્ટેશનમાં આવવા દેવામાં આવે છે અને ત્યાં સુધી તેને બહાર પડયા રહેવું પડે છે. વળી તે કલાકે તેને ટ્રેન મળશે કે નહી અથવા તો તેને ૨૪ કલાક વધુ રોકાવું પડશે તેની દરકાર કરતો

નથી તેની પાસેથી પોતાની ટીકીટ લેવા લડત કરવી પડે છે અને ધક્કા મુકી ખાવા પડે છે. ઢોરોના વાડાઓ જેવા કંપાર્ટમેંટોમા તેને દબાઇને દુઃખ ખમતાં અમુઝાઇ થઇ જતા દીવસો ને દીવસો સુધી બેસવું પડે છે. અને સાફ કરાવનાર નોકરોની બેદરકારીને લઇને આ કંપાર્ટમેંટોમાં દુર્ગંધ પણ આવતી હોય છે તથા સ્વચ્છતાના નીયમ અનુસાર આમા પુરી વ્યવસ્થા પણ હોતી નથી. વળી જો તે પોતાની ટ્રેન ચુકે છે તો વેઇટીંગરૂમની જગ્યાએ તેને એક હોલમાં રાત્રીએ ઘણી વખત ખીચોખીચ ભરાઇ ગએલ હોલમા બોંયપર સુઇ રહેવું પડે છે. તેમને હાંકી કાઢવામા આવે છે, તેમની સાથે અપમાનપુવક વર્તન ચલાવવામાં આવે છે તે તો જુદુંજ. તેનું જીવન નભે ત્યાં સુધી તેને લાતો મારવામાં આવે તો પણ શું ? રક્ષણ કરવા માટે અરજ કરવા સારૂ તેમની પાસે પર્લામેંટનો મેમ્બર નથી. તેને મુસાફરી કરવાની હોય છે અને તેનુ ભાડુ લેવા માટે રેલ્વે બંધાએલી છે, આ સીવાય કોઇપણ વસ્તુ રેલ્વેની દ્રષ્ટીમાં અગત્યની નથી. જેમને આ માટે શંકા ઉપજે તેમણે આપ્મા હીંદમાની મહાત્મા ગાંધીનું સ્વઅલીહાન આપતા દેશાટનનુ વર્ણન વાંચવા હું ભલામણ કરૂં છું. મહાત્મા ગાંધીએ જે જે ખમ્યુ છે તેના કરતાં આ દીવસોમાં ધારવામાં આવેલા સમાનતાના હકો વિષેમાં બીજુ કયું આથી વધારે અમાનુષી, એકદમ શોકજનક અને વૃત્તીને ઉશ્કેરનાર હોઇ શકે ? અરે આથી પણ વધારે જો જાણવું હોય તો જાણનારે પોતેજ અનુભવ લેવો જોઇએ. અને ત્યારે તેને જણાશે કે મહાત્મા ગાંધીએ અથવા તો તમારા સ્વાગત મંડળના પ્રમુખે જે સ્થીતી હાલમા ચાલુ છે તેનુ વર્ણન જરાપણ અતીશયોક્તીપુર્વક કર્યું નથી.

રેલ્વે અમલદારો અને ત્રીજા વર્ગના ઉતારૂઓ.

ન્યાય કોર્ટમાં ક્યારેક એકાદ એવો મુકદમો આવે છે કે જે સરેરાશ રીતે ત્રીજા વર્ગના ઉતારૂઓ તરફની રેલ્વે અમલદારો અને તેમના ઉપરીઓની વર્તણુંકનો જાણીતો દાખલો બનતો આપે છે. આનીજ રીતનો મી. વૈદ્ય નો દાખલો છે. એક કમ્પાર્ટમેન્ટ ૧૦ પુરૂષો માટે હતું તેમાંજ ૩૩ માણસો હતા, અને ખાને પરી-ચરાઇ અને લુટાઇ જવા સામે તેમણે વાંધો લેવાની ખરેખર રીતે હીંમત ધરી. જ્યારે બે દારૂડીઆઓ તેમની ઉપર પડયા અને બીજા બે માણસોએ તેમના ખીસાં લુટી જવાનો પ્રયત્ન કરવા માંડ્યો ત્યારેજ તેમણે ટ્રેન રોકવાની સાંકળ ખેંચી અને તેમની આ બેઅદબ વર્તણુંકનું શું પરીણામ આવ્યું ? ગાર્ડ અને એન્જીન ડ્રાઇવરે તેમનાપર સખત હલ્લો કર્યો અને ગાર્ડ તથા એન્જીન ડ્રાઇવરના ઉપરીઓએ પોતાના હાથ નીચેના નોકરોને છુપાવી રક્ષણ કરવાનો પ્રયત્ન કર્યો, તેમના નામો ન આપવાને ભારે પ્રયત્ન કર્યો પરન્તુ છેવટે આ નામો આપવાની ફરજ પડી. વળી પણ વધારેમાં, ટ્રેન રોકવાની સાંકળનો દુરૂપયોગ થયો એમ સીદ્ધ કરવા તેમણે પ્રયત્ન કર્યો ગાર્ડ અને ડ્રાઇવરને શીક્ષા કરવાનો સંતોષ વૈદ્યને મળ્યો હતો, પરંતુ પોતાને થએલા નુકસાનને માટે જ્યારે વૈદ્ય સીવીલ કોર્ટમાં ગયા ત્યારે તેમને જણાયુ કે જગ્યા માટેનો એક કાયદો રેલ્વે કમ્પનીને મુકત કરે છે, અને આનું પરીણામ એ આવ્યું છે કે જાહેર પ્રજા માટે ફરજ બજાવતા મી. વૈદ્યને મોટી રકમનું બીલ ભરવાનું આવ્યું છે. આ ફરજ બજાવવા માટે જાહેર પ્રજા મી. વૈદ્યનો જેટલો ઉપકાર માને તેટલો થોડો છે. મને આશા છે

કે મી. વૈદ્યને આ બીલ ભરવુ પડશે નહીં. મી. વૈદ્ય એક ગરીબ માણુસ છે અને જાહેર પ્રજા એ બીલના પૈસા એકઠા કરી તેમને આ મુશ્કેલીઓમાંથી મુક્ત કરશે.

રેલ્વે બોર્ડનો અંકુશ.

પરન્તુ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, આ એક વૈદ્ય છે કે જેમણે આવું પગલું લેવાની હીંમત કરી છે, પણ તેમના જેવીજ અમ.. તેમના કરતા વધારે ખરાબ જાતની મુશ્કેલીઓ ચુપકીથી ... કેટલા હજારો છે. મી. વૈદ્યે ટ્રેન અટકાવી માટે ડરાઇવર અને ગાર્ડ તેમને મારવાનું ધાર્યું. આ શા માટે ધરાયું ? આ બે લુચ્ચાઓને ઢાંકી દેવાનું અને મી વૈદ્યના સોલીસીટરોને ધમકીથી ચુપ રાખવાનુ યત્ન કરવનું ટ્રાફીક સપ્રીન્ટેન્ડન્ટે શા માટે ધાર્યું ? આવું ધારવાનુ કારણ શુ ? ત્રીજા વર્ગપરના જુલમમાં રેલ્વે રાજ્યતંત્રે પહેલેથ. તે છેલ્લે સુધી જે મુક્તી ભોગવી છે તેજ આનું કારણ છે, સત્ય વાત તો એ છે કે તેઓ રેલ્વે બોર્ડના અંકુશમાં છે, અને રેલ્વે બોર્ડ તેમના જેટલુંજ બેદરકાર અને બીનજોખમદાર છે અને વળી ઇંગ્લાંડમાં ડાઇરેકટરના બોર્ડો ડીવીડન્ડો તરફજ દ્રષ્ટી ફેંકે છે, લોકના ભલા તરફ નહીં, ત્રીજા વર્ગના ઉતારૂઓ અને જાહેર પ્રજા કાંઇ ચળવળ૮ નહીં કરે તો આ પ્રમાણેની સ્થીતી ચાલુ રહેશે. અખંડીત ચળવળ કરવાની છે અને વર્તમાન સ્થીતીને ફેરવી નાંખી સંપુર્ણ સારી સ્થીતી કરવાની છે તથા હીન્દીઓ માટે રેલ્વે છે એ સીદ્ધાન્તનો અમલ કરવાનો છે. ગૃહસ્થો અને સન્નારીઓ ! બીન જરૂરીઆત રીતે હું હોમરૂલની વચ્ચે નાંખવા માંગતો નથી. પરન્તુ આ સવાલ સવાલ હોમરૂલ અને આત્મ નીશ્ચયનો છે. કારણ કે જ્યાં સુધી આપણી

રેલ્વેનો વહીવટ બીનજોખમદાર આપખુદ સત્તાવાળાઓના અંકુશમાં રહેશે ત્યાં સુધી તેઓ આપણને નફો લણવાના ક્ષેત્ર તરીકે ગણશે. કોઇ પણ દેશની રેલ્વેઓ નફો મેળવવા માટેના સાધનો તરીકેની હોવી જોઇએ નહી. પ્રો મઝમુદારે કહ્યું છે તે પ્રમાણે રેલ્વેઓનું પ્રાથમીક કાર્ય સામાજીક છે અને તેમને નફો મેળવવાના સાધનો તરીકે વાપરવા રાજ્ય અથવા ખાનગી ગૃહસ્થોના હાથ નીચે મુકી શકાય નહી. લોકોના ભલા માટે, તેમની અનુકૂળતાઓ માટે તેમના પર અંકુશ રાખવો જોઇએ અને આવીજ જાતનો અંકુશ રાખવામાં ..નરી તેની ખાત્રી માટે આ અંકુશ લોકોનો પોતાનોજ હોવો જોઇએ. પરન્તુ આપણી ચળવળ કેવા ઉપાયો લેવા માંગ છે તેની ચર્ચા કરતાં આ વિષે હું ફરી બોલીશ.

ડેકપરના ઉતારૂઓના દુઃખો.

આ સવાલની જેવી ચર્ચા કરવી જોઇએ તેવી ચર્ચા કરતાં ઘણો વખત જશે એવો મને ભય છે. તોપણ બાજી બાબતો તરફ વળતાં પહેલાં હુ થોડુંએક ભાર દઇને કહીશ. દેશમાની નદીઓમાંની સ્ટીમ બોટો અને સમુદ્રમાંની સ્ટીમ બોટોમાં મુસાફરીઓ કરતા હાદા ઉતારૂઓની સ્થિતી ઘણી ખરાબ છે. ફક્ત ત્રીજા વર્ગનેજ નહીં, પરન્તુ પહેલા અને બીજા વર્ગને પણ મુશ્કેલીઓ ખમવી પડે છે. ડેકપ ના ઉતારૂઓને કોઇ પણ જાતની સગવડ વગર ડક્કાઓપર સૂર્યના પ્રખર તાપમાં કલાકોને કલાકો સુધી રાહ જોવાની ફરજ પડે છે અને ડેકપર ઉતારૂઓ સખત ગીચોગીચજ હોય છે તથા કમ્પનીના અમલદારોની વર્તણુક આ સર્વ દુઃખોને રેલ્વે ઉતારૂઓના દુઃખો જેવાજ દુઃખજનક બનાવે છે.

વ્યાપાર.

આપણી રેલ્વેઓ મારફત માલની લઇજા લાવવાના સવાલ તરફ હવે હું વળીશ હિન્દમા ઉત્પન્ન થતા માલ અને તેને પરીણામે હિન્દી ઉદ્યોગોને પરદેશી આયાત અને નીકાસ માટે કેટલું ખમવું પડે છે તે હું જણાવીશ. આ સવાલ કેટલો ગુંચવાડાભરેલો છે તે સર્વ વીગતવાર રીતે અને અસરકારક રીતે આપણે ચર્ચામાં ઉતરીશું ત્યારેજ વધારે સારી રીતે જણાશે. આ દુઃખો ઘણાજ જુના છે આ માટે હિન્દી ચેમ્બર ઓફ કોમર્સ અને હિન્દી વ્યાપારીઓએ ગયા સમયમાં ઘણી ચળવળ કરી છે તથા આ સવાલ ફક્ત ભાવોનોજ નથી. હિન્દી પેઢીઓના બળીદાને પરદેશી પેઢીઓના ઘણા મોટા ભાગ તરફ પક્ષપાત થાય છે દાખલા તરીકે રાલી બ્રધર્સજ લ્યો. ત્રણ વરસ પહેલાં હેલી હિન્દી વ્યાપારી કોન્ગ્રેસે આ બાબત માટેનો નીચેનો ઠરાવ પસાર કર્યો હતો.

"રેલ્વેઓની ઘટના અને રેલ્વેઓના દરની સરખામણી તથા તથી દેશમાંના અને દેશ બહારના વ્યાપારપર થતી અસરના સવાલ પર, હિન્દનો માલ હિન્દમા સોંઘે દરે ફરી શકે એવી જાતની દરેક અનુકુળતાઓ આપવાના વિચાર મહીત, એક સંપુર્ણ તપાસ કરવા સરકારને વિનતી કરવી. વેગન-લોડ અને લોગ-લીડનો ઉદ્દેશ હાલમાં દરોના ભાવો કમતી નક્કી કરે છે અને આજ સીદ્ધાન્ત હિન્દી વેપારી ઉદ્યોગોપર અસર કરે છે કે જે ઉદ્યોગો હજુ બચપણમાં છે અને આ વખતે તેઓ આ સ્થિતી સ્વીકારી શકે તેમ નથી. પરદેશી ઉદ્યોગોની સમાનતામાં હિન્દી ઉદ્યોગો પણ આવી જાય તે માટે પરદેશી માલ માટે જે કમતી દરો લેવાય છે તેજ દરો હિન્દમાંજ

ઉપજેલા માલ માટે લેવાવા જોઇએ અને નક્કી કરેલા ધોરણ અનુસાર લોડ કે લીડ ન હોય તોપણ આ દરોજ લેવાવા જોઇએ."

રેલ્વેના ભાડાંનો ગોટાળો.

બાનુઓ અને ગૃહસ્થો, રેલ્વેના ભાડાના ગોટાળાને લગતી બાબતમા જેઓ પ્રવિણતા ધરાવે છે તેવા વેપારીઓ અને બીજાઓએ ઠરાવના ટેકામાં કરેલા ભાષણોથી હિંદી દૃષ્ટિએ જોતા જણાતી ગુચવણભરેલી બીનાઓ જાહેર થઇ છે. રેલ્વે કંપનીઓની દૃષ્ટિએ તે રૂઢી ગુંચવણભરેલી જણાતી નથી. તેઓ પૈસા કમાવવા માગે છે, અને જો તેમણે ઘડી કહાડેલા નીયમો પરદેશીઓની તરફેણ કરનારા હોય અને તેથી દેશના ઉદ્યોગોને અટકાવવા રૂપ હોય તોપણ તેઓની દૃષ્ટિએ તે દોષરૂપ જણાય તેમ નથી, કારણ કે પરદેશી વેપારીઓ અને ઈંગ્લાંડમના શેરહોલ્ડરો જેઓ મોટી વહેંચણી માગે છે તેમના લાભની વાત છે. આ નીયમો હિન્દી દૃષ્ટિબીંદુએ મહાન ગુચવાડા ભરેલા છે, કારણ કે રેલ્વે ગાડીઓ હીંદુસ્તાનના ઉપયોગ માટે છે અને નહીં કે હીંદુસ્તાન રેલ્વે ગાડીઓના લાભ માટે છે સર વીઠ્ઠલદાસ ઠાકરસીના ભાષણમાંથી ટાંકેલા એક બે દાખલા મા આપી હીંદી વેપારીઓ અને હીંદના ઉછરતા ઉદ્યોગો જે મુશ્કેલીઓ ભોગવવી પડે છે તે હું બતાવીશ. તેગન બધ માલ મોકલનારા અને દૂર દેશાવર માલ મોકલનારાઓને લગતા નીયમ છે. જો તમે સંખ્યાબંધ ગાડા ભરીને અમુક દૂર આવેલા મથકોએ માલ મોકલો તો તે માટે ખાસ ઓછો દર ઠરાવેલો છે. અમદાવાદ ખાતે દીવાસળી બનાવવાનું કારખાનું છે. તે ઉદ્યોગ હજુ અચપણમાં છે કે તેવાં કારખાનાં કેવી રીતે ગાડાંઓ ભરીને માલ

હજારો માઇલ દુર મોકલી શકે. તેથી અમદાવાદના દીવાસળીના કારખાનાને, એક પરદેશી કારખાનાવાળો પોતાનો માલ મુંબઇથી કલકત્તા સુધી મોકલવાને જે દર આપવો પડે તે કરતાં અમદાવાદથી મુંબઇ ખાતે દીવાસળી મોકલવાને વધુ દર આપવો પડે છે. બીજું અંબાલા ખાતે કાચનું કારખાનું છે. અંબાલા અલ્હાબાદની વચમાં આવેલું છે અને કલકત્તાથી અલ્હાબાદ માટે રેલ્વેનો દર રૂ. ૧-૯-૦ દર મણે છે ત્યારે અંબાલાથી અલ્હાબાદ માટે રૂ. ૨-૪-૦ પ્રમાણે દર છે. બન્ને વચ્ચેનું અંતર લગભગ સરખું છે તો પણ હીંદી બનાવટના માલને માટે પરદેશી માલ કરતા દોઢગણું નુર આપવું પડે, કારણ કે વહેવારની ગીરદી ઘણી છે. આ બાનું રેલ્વે સત્તાવાળાઓ માત્ર રજુ કરે છે. આ પ્રમાણે તમે પરદેશી માલ સાથે હરીફાઇ કરી શકો તેમ નથી અને તમારા સાહસો હમેશાં સંકોચાયલા રહેશે અને બહોળા પાયા ઉપર ખીલવા વીના પરદેશી આયાત કરનારાઓ સાથે હરીફાઇ કરી શકશે નહી. ભરૂચના બારાનો દાખલો લો. તેનાં બારાંનો વપરાસ, મુંબઇ સરકારે કબુલ કર્યું છે તેમ ચાલાકીભર્યા કારભારથી બંધ પડયો છે. આવાં હીંદી બંદરો એક નહીં પણ ઘણાં છે કે જેનો વહેવાર આવી રીતે બંધ પડયો છે. ખુલ્લી વીગતો જાહેર કરવા છતાં અને ચર્ચા કરવા છતાં અને મુંબઇ સરકારે પણ કેટલાક અજાયબ ભરેલી બીનાઓ કબુલ રાખવા છતાં કઇ સુધારો થયો નથી અને હાલમાં છે તેમજ રેલ્વેઓ રહે અને રેલ્વે બોર્ડ પણ છે તેમજ રહે તો કશું કરી શકશે નહી. રેલ્વેના દર પરદેશી માલને લાભદાયક ચાલુ રહેશે અને તમારા ઊદ્યોગો બચપણમાંજ મરણ પામશે. મેં કહ્યું છે તેમ રેલ્વે કંપનીઓ

વધુમાં વધુ નફો મેળવવા માગે છે એ બીના ખરી છે. બીજા દેશોમાં પણ તેમ બન્યું છે. લંડનમાં પણ ઘણાં વરસ ઉપર આ ધોરણ હોવાથી હોલાંડ અને ડેનમાર્કની ડેરી કંપનીઓ પોતાનો માલ લંડન ખાતે મોકલતી હતી અને તેનો દર લંડનથી થોડા માઇલ દુર આવેલી કેન્ટ અને સસેક્સની ડેરીઓ કરતાં ઓછો દર હતો તે માટે મોટી ચર્ચા ચાલી હતી એમ મને યાદ છે, પણ બીજા દેશોમાં આ ગુંચવાડો લાંબો વખત ચાલતો નથી. ગમે તો રેલ્વેઓ કંપનીઓની માલેકીની હોય કે સરકારની માલેકીની હોય તો પણ પ્રજાકીય વેપારી બોર્ડ અથવા એવું ખાતું રેલ્વેઓ ઉપર કાબુ રાખવા માટે હોય છે.

પણ બાનુઓ અને ગ્રહસ્થો, જો રેલ્વે કંપનીઓ દેશી વેપારીઓ અને દેશી ઉદ્યગોની વીરૂદ્ધમા હોય, અને તેઓ એવી રાજનીતીની તરફેણ કરે કે જેથી પરદેશી અને હરીફાઇને લાભ થાય અને તમારા દેશી વેપાર ઉદ્યગને જાથુકને માટે ઉતરતાં ગણે અને હીંદી વેપારી સાહસો સામે હમેશના અટકાવો નાંખે તો તે સઘળું અટકાવવા કયા પ્રકારનો કાબુ અને કયા પ્રકારનાં સાધનો આ દેશની પ્રજા ધરાવે છે? આપણને વારંવાર કહેવામાં આવે છે કે હીંદી થાપણપર મળે છે. આને માટે કાંઇ વાજબી કારણો નથી? હીંદી થાપણથી ઉભા થયેલા ઉદ્યાગો તરફ રેલ્વેઓની જે રાજનીતી છે તેથી તે નાણાં તેઓ મેળવતા નથી. દુનીયામાં કોઇ પણ થાપણદાર જે સાહસો પરદેશી હરીફાઇની તરફેણ કરે અને દેશી લાભો સામે મુશ્કેલીઓ અને અટકાવ નાંખે તેવા સાહસ માટે પોતાની થાપણ રોકશે? આ સઘળું દેશના રાજદ્વારી અને આર્થીક

યંત્રો પરદેશી એજન્સીઓને ફરતક ચાલે છે તેને લીધેજ છે. હીંદી આપણુ અને હીંદી સાહસ જ્યાં સુધી આ પરદેશી એજન્સીઓ હસ્તી ધરાવે છે ત્યાં સુધી નીરાશ નગી સ્થીતીમાં છે. રેલ્વેઓની તેના દર સબંધી વીચારપુર્વકની ચોકસ નીતી છે જે હીંદી વેપાર અને ઉદયોગના વીરૂદ્ધ છે.

હું એમ પુછીશ કે તે અડચણો દુર કરવાના સાધનો તમારી પાસે કયાં છે? તમારા પાસે એક પણ નથી. હીંદ જેવા આ વીશાળ મુલકમાં રેલ્વેઓ હીંદીઓ માટે બનાવવામાં આવી છે અને નહીં કે તે પરદેશીઓ માટે. પરદેશી માલના જથાઓની તરફેણ માટે છે અને તમે નીરાધાર છો તે દુ:ખ દર કરવાના સાધનો કયા છે? વારૂ, રેલ્વે બોર્ડ છે. તે લાભ ાઇ ખાતું ખરખર રેલ્વેઓની સંભાળ રાખે છે, અને ઇગ્લાંડના શેરહોલ્ડરો, પરદેશી વેપારીઓ અને માલ આયાત કરનારાઓ અને હીંદમાંના સત્તાવાળાઓ તેને આભારી હોવા જોઇએ. કેમ, હું ગઈ રાત્રે નાગપુરથી અત્રે આવતાં મેં એક બનાવ જોયો. જે મેં ઇગ્લાંડમાં કદી જોયો ન તો. ઉતારૂઓ પ્લેટ-ફોર્મ ઉપર જગા મેળવવા માટે ગામ ામ દોડતાં હતા અને આ સઘળું છતાં એક તદ્દ અલગ ગાડી જે મોજશોખથી ભરપુર ભરેલું રસોડાના રૂમની સગવડ વાળું ૧૮૮ વ્યક્તી માટે રીઝર્વ કરવામાં આવેલું હતુ તે વ્યક્તી કામચલાઉ ચાર્જ સુપ્રીન્ટેન્ડન્ટ હતો આ તેના ફક્ત ફાયદા. હું કુનસલ ખુરશી ઉપર બેઠો પણ હું, કુનરેસ અને કાઇ ગરબડ માટે બબડાટ કરતો નથી. માત્ર રેલ્વે બોર્ડ ગાડીઓમા તંગીના વખતનાં ઉતારૂઓની ગરદીના વખતમા પણ અમલદારો માટે ફેન્સીંગ કાળજી રાખે છે તે

જોવાનું છે. જ્યારે રેલ્વે બોર્ડના સભાસદો ઇંગ્લાંડ ખાતે જાય છે ત્યારે શું થાય છે તે અમે જાણીએ છીએ. તેઓને ઇંગ્લાંડમાં જુદી જુદી રેલ્વે બોરડોના ડાયરેકટરોની જેગા મળે છે કે જે રેલ્વેઓની તેમણે પોતાના હોદ્દા દરમ્યાન સભાળ લીધેલી હોય છે તે ગુંચવાડો નથી, તેથી તેમને એમ માનવાને કારણ મળે કે રેલ્વેએ. હીંદીઓ માટે છે અને હીંદ રેલ્વે કંપનીઓ માટે નથી. કારણ કે જ્યારે તે અંત્રથી રીટાયર થઇ દેશમાં જશે ત્યારે તેને માટે ડાયરેકટરનો હોદ્દો મળવાનો છે એ બીના ની આખ આગળ રમી રહેતી હોય છે. હાલમાં ચાલે છે તેવી રેલ્વે બોર્ડને અરજ કરવાથી તમે કંઇ મેળવશો નહીં પણ રેલ્વે બોર્ડ સરકારને જોખમદાર છે અને તે સરકારના કાબુમાં છે. અફસોસ સરકાર પણ પરદેશી એજન્સી જેવી છે અને તેની પાસેથી પણ તમારી મુરાદ પ્રમાણે જોવરાવી શકશો નહી. તમે સરકાર ઉપર ટીકા કરી શકશો. તમને તે કરવા દેવામાં આવે છે, તમે તે માટે ચળવળ કરી શકશો પણ તમે તેનું હૃદય મેળવી શકશો નહી, કારણ કે તે રાજદ્વારી નજરે તે એક નથી. તેને ઓરીસમાથી કહાડી શકાય તેમ નથી અને જે સરકારને ઓરીસમાંથી કાંઢી શકાય તેમ નથી. તે હૃદયની ખરી ઇચ્છાને દૂર કરી શકે ખુલ્લી રીતે અને શરમાયા વગર તે રેલ્વે કંપનીઓની રાજનીતીનો પરદેશીઓ ગમે તો તે ઇંગ્લીશ, ગ્રીક, અથવા જર્મન હોય તો પણ. તેમની તરફેણ કરે છે, તે રાજનીતીને સહાનુભુતી આપે છે. કેટલીક વખત કોઇ સાહસીક સભાસદ સરકારને પોતાની વળણું બદલવાનો સવાલ પુછે છે તો તેને કંઇ વધુ જવાબ મળતો નથ રેલ્વે કંપનીઓ તે વલણ ઢાકતી નથી અને સરકાર તેની તરફ સભ્યતા બતાવે છે.

ઉંચા દરનાં કારણો.

એક લાગવગવાળી રેલ્વે કંપનીને પુછવામાં આવ્યું કે ચોક્કસ રેલ્વે ઉદ્યોગને માટે કેમ ઉંચો દર લેવામાં આવ્યો હતો તેનો સરકારને આપવામાં આવેલો જવાબ સર વીઠુલદાસ ઠાકરસીએ નીચે પ્રમાણે ટાંકયો છે:—

'ચોકસ સ્થાનીક બનાવટનો ઓછો દર લેવાથી મુંબઈથી આવતા માલને ધોકો પહોંચાડે અને તેથી તે રેલ્વેના લાભને નુકશાન કરે છે.'

તેથી તમે જોઇ શકો છો કે ગમે તેમ છતાં રેલ્વે કંપનીઓ માટે હીંદ છે અને નહી કે હીંદના લાભ માટે રેલ્વેઓ છે. આવો રેલ્વે સત્તાવાળાઓનો અભીપ્રાય છે જ્યાં સુધી પરદેશી વેપાર બંધ ન પડે ત્યાં સુધી હીંદી ઉદ્યોગને પસંદગી આપવામાં આવશે નહી. કારણ કે તેથી રેલ્વેઓના લાભની વિરૂદ્ધમાં છે એટલે કે રેલ્વેઓ હીંદની પ્રજાના લભ મટે દોડતી નથી પણ ને કંપનીઓ, પરદેશી થાપણદારો અને પરદેશી વેપારીઓના લાભ માટે દોડે છે, તે વીષે કંઇ ભુલ નથી. હીંદુસ્તાન રેલ્વેના લાભ માટે છે અને રેલ્વે હીંદના લાભ માટે નથી. સને ૧૯૧૫ માં સર વીઠુલદાસે આપેલા ભાષણમાંનો એક વધુ ફકરો ટાંકવા દો. આ શબ્દોનો તેમણે સર ફ્રેડરીક લેલીની "હીંદમા વધારે સારી રીતે રાજ કરવાની સુચના" એ પુસ્તકમાંથી ઉતારો કર્યો છે, અને તે જાણીતા હીંદી સીવીલીઅન કહે છે કે:—"ત્રાફીક મેનેજર પોતાની રેલ્વેના વીસ્તારવાળા મુલકમાં બીનજોખમદાર સત્તા ચલાવે છે જે સત્તા કોઇ પણ માણસ જે પોતાની વિચાર દૃષ્ટિ પ્રમાણે નહી પણ સરકારે ઠરાવેલી ચોકસ

અમુક હદ નીચે પોતાના માલેકના ડીવીડંડના લાભની નજરે જુએ તેમને સોંપવી જોઇએ નહી. દરમાં સહેજ વધારો કરવાથી તે, સ્થાનીક બનાવટના માલને પરદેશી વેપારીઓના લાભ માટે, કચડી નાખે છે. દીવાની કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે તે, જીલ્લાના લોકોને સ્થાનિક માલની જકાતની ચોપડી કરતાં વધારે સારૂ પરીણામ લાવનારા નથી."

બંધ રાખવામાં આવતાં રેલ્વે ક્રોસીંગો.

બાનુઓ અને ગૃહસ્થો, હીંદી વેપાર ઉદ્યોગ માટે રેલ્વેઓના ચાલતા કારોબારની આવી સ્થીતી છે, અને આ બાબતમાં આપણે રેલ્વેઓને ખરી રીતે ચલાવવા માટે એટલે કે હીંદના ઉદ્યોગોની સેવક તરીકે રેલ્વેને બનાવવા, માટે શું કરવું જોઇએ તે હવે આપણે જોવાનું છે, પણ મારે તે માટે હમણા બોલવું જોઇએ નહી. તેમાંના કેટલાક સવાલોનો સમાવેશ હીંદી મુસાફરોની સાથે ચલાવવામાં આવતી રીતભાત—ઉપાહાર માટે પુરતી સગવડનો બંદોબસ્ત અને મુસાફરને બેસવાની સગવડોનો બંદોબસ્ત, સુંદર સુખાકારીવાળી બેઠકો પુરી પાડવા અને હીંદી અંગ્રેજ મુસાફરો માટે અનામત રાખવામાં આવતો ડબો અથવા ખાતાંને લગતા સવાલોમાં થાય છે.

બીજી કેટલીક બાબતો પણ છે જે હાલમાં ઉતારૂઓને હરકત કરતા નથી પણ સામાન્ય રીતે જનસમાજને હરકત કરતા છે. રેલ્વેના લેવલ ક્રોસીંગ ચાલુ બંધ રહેવાની અને રેલ્વે લાઈન ઓળંગવા માટેના પુલોની અછતનો સવાલ છે. યુરોપમાં રેલ્વેના દરવાજા ત્રેન લાઇન ઉપર બંધ રાખવામાં આવે

છે અને જરૂર પડેજ ખોલવામાં આવે છે, જ્યારે હીંદમાં તે દરવાજાઓ રેલ્વે માટે ખુલ્લા રાખવામાં આવે છે અને પ્રજાના વહેવાર માટે બંધ રાખવામા આવે છે યુરપ અને હીંદ વચે આ તફાવત છે. આ બાબતમા રેલ્વ બોરડની સત્તા છે. મને એમ કહેવામાં આવ્યું છે કે એક જજને લેવલ ક્રોસીંગ આગળ અરધો કલાક ઉભા રહેવું પડયું હતુ અને તેણે એવી ધમચકડી મચાવી કે રેલ્વે બોરડને હુકમ કહાડવો પડયો કે રેલ્વે ક્રોસીંગનો દરવાજો દશ મીનીટથી વધુ બધ રહેવો ન જોઇએ. હું જાણુતો નથી કે આવો કાયદો છે કે અને આપણે અંગત અનુભવથી જાણીએ છીએ જો તે હોય તો પણુ રેલ્વેઓ તેનો અમલ કરતી નથી. એક દીવસ હું અને એક બીજા ગ્રહસ્થ એક માંદા માણુસ માટે દવા અને બીજો સામાન લઇ જતા હતા તે વખતે લેવલ ક્રોસીગ આગળ અમને ૩૫ મીનીટ ખોટી થવું પડયું હતુ. તે દરમ્યાન ૮ ટ્રેનો પસાર થઇ ગઇ હી. અને તેમાંની કોઇ બે ટ્રેનો આવતે તે દરમ્યાન દરવાજો ઉઘાડી શકાયો હતે. કેબીનવાળો માણુસ સઘળું કહેવા છતાં મુગો રહ્યો અને તે અરધા કલાક દરમ્યાન માંદો માણુસ મરી પણુ જાય પણુ હૃદય વીનાના એક મોટા આર્થીક ખાતાને તેનું શુ છે? છેવટે રેલ્વેના કામદારોમાં યુરોપીઅનો અને દેશીઓના પગાર વચે રાખવામાં આવતો તફાવત ઉચા હોદ્દે ચડવાના કાનુનો, અને કામે લગાડવાને લગતી બીજી સરતો વચેના તફાવતનો પણુ સવાલ છે. ઉંચા હોદ્દાની જગાઓનો ઇજારો યુરોપીઅનોએ રાખેલો છે એટલુંજ નહીં પણુ બીજી પ્રજા માટે પણ તફાવત રાખેલો છે. જ્યાં અમુક સંખ્યામાં યુરોપીઅન કામદારો હોય છે ત્યાં

તેમના બાળકો માટે શાળાઓ સ્થાપવામાં આવે છે, પણ હીંદી કામદારો માટે તે સગવડ કરવામાં આવતી નથી, બાનુઓ અને ગ્રહસ્થો જો રેલ્વેઓ હીંદને માટે હોય તો તેઓ જે સગવડો કામદારોને આપે તે હીંદીઓ માટે પહેલી અને સૌથી મોખરેની હોવી જોઇએ,

ઉપાયો.

ટુંકામાં આવી સ્થીતિ છે. આપણે તે સુધારવા માટે શું ઉપાયો લેવા? મારા મગજમાં માત્ર એકજ ઉપાય છે. હું ધારૂં છું કે તમે તે અનુમાન કર્યું હશે. હું તમને લાંબા વખત રાહ જોવરાવીશ નહીં. તેના પરીણામોનો અભ્યાસ કરતાં હું એ અનુમાન ઉપર આવ્યો છું જ્યા તે સરકારની માલીકીની હોય અથવા ખાનગી માલીકીની હોય પણ તેઓ ખરી રીતે પ્રજાને જોખમદાર હોવા જોઇએ. રાજ્યની માલેકીની રેલ્વે દેશ અને તેની પ્રજાના સંપુર્ણ લાભ માટે જોઇએ. અને દેશના વેપાર ઉદ્યોગના લાભ માટે તેમજ તેમના સામાજી જરૂરીયાતો માટે સગવડ કરી આપવા માટે જોખમ દાર હોવી જોઇએ, પણ હીંદમાં રેલ્વેઓ સરકારના કાબુ નીચે છે અને કેટલાક દાખલાઓમાં તો સીધી રીતે રાજ્યની માલેકીની છે. ઘણા વરસ ઉપર આ દેશમાં રાજ્ય તરફથી રેલ્વે બાંધવાની સારી રાજ્યનીતી હતી અને તેને લોર્ડ લોરેન્સે આવકાર આપ્યો હતો. જો તે રાજનીતીને વળગી રહેવામાં આવ્યુ હોત તો વધારે સારૂં હતુ. આ દેશના ઉચામાં ઉચા અમલદારો વીરૂદ્ધતા છતાં તે રાજ નીતી બદલી નાંખવામાં આવી હતી, અને તે રાજનીતી હીંદી પ્રધાન લોર્ડ રીપને હુકમ કરી પરદેશી થાપણદારોના લાભ માટે ફેરવી નાંખી

હતી, પણ બાનુઓ અને અહરયો તે રાજનીતી પણ આજે હીંદમાં ચાલત નહી પણ પોતાની મીલકતોનો કારોબાર ચલાવવા માટે પોતાની પ્રજાના મેનેજરો નીમવા માગે છે. હવે આપણે એજ ચળવળ ચલાવવી જોઇએ, અને રેલ્વે અને વહેવારનાં સાધનો ખાતાનો એક પ્રધાન ઉભો કરવાની જરૂર છે. આપણે ગમે તો હીંદી સરકાર ઉપર કાબુ મેળવીએ અથવા આપણે અનામત અથવા ટ્રાન્સફર્ડ વિષયો મેળવી એક નહી પણ આપણે ગોલ જીતવા માટે બે મુદ્દાઓ ધ્યાનમાં રાખવામાં આવવા જોઇએ. પહેલી સરકારની માલેકીની રેલ્વે અને સરકારી કારોબારી અને બીજો રેલ્વે વહેવારનાં સાધનોને લગતો એક પ્રધાન સરકારમાં જોઇએ કે જે પ્રધાન ધારાસભાના ચુંટાયલા પ્રતીનીધીઓને જોખમદાર હોય અને તેને મદદ કરવા માટે રેલ્વે બોર્ડ સ્થાપવી જેમાં પ્રજાના પ્રતીનીધીઓની વધુ સંખ્યા હોય. આ રીતે આપણે હાલની સગવડો દુર કરી શકીશું આ વ્યવસ્થા થવાથી આપણા વેપાર ઉદયોગ, પગારનો અને હીંદી કામદારોની નોકરીની સરતોનો તફાવત વીગેરે દુર કરી શકીશું. રેલ્વેની મુખ્ય સંસ્થાઓને નવેસરથી રચવા દો અને આ પ્રમાણે સગવડ મળવાથી આપણી મુશ્કેલીઓ દુર થશે.



મી. બી. જી. હૉર્નીમેન.

નડીઆદ ખાતે મળેલી પહેલી રેલ્વે કોન્ફરન્સના પ્રમુખ.



મી. ગોકળદાસ દ્વારકાદાસ તળાટી
નડીઆદમાં મળેલી પહેલી રેલ્વે કૉન્ફરન્સના સ્વાગત
મંડળની કમીટીના પ્રમુખ